ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૨૩-૭-૨૦૨૧ શુક્રવાર

AHMEDABAD SINCE-1991

કરન્સી માર્કેટ	
US.ડોલર	૭૪.૮૭
પાઉન્ડ	૧૦૨.૪૦
યુરો	૮૭.૭૪
સઉદી રિયાલ	૧૯.૮૫
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૪૯,૧૧૦
ચાંદી (૧ કિલો)	૬૬,૯૦૦

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com
For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૦ અંક-૩૫૨ ● ૧૨ ઝિલહજ હિજરી ૧૪૪૨ ● 23 JULY- 2021 ● PAGES 12 ●₹ ૫.૦૦

પેગાસસની ખરીદીને ગેરકાયદે તથા ગેરબંધારણીય જાહેર કરવામાં આવે, SIT તપાસની માંગ સાથે સુપ્રીમમાં અરજી

પેગાસસ જાસૂસી વિવાદ હવે સુપ્રીમના દ્વારે

પેગાસસ જાસૂસી દેશના લોકતંત્ર, ન્યાયપાલિકા અને રાષ્ટ્રીય સુરક્ષા સામે મોટું જોખમ અને ગંભીર ચિંતાનો વિષય : વકીલ મનોહરલાલ શર્મા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

પેગાસસ સોફ્ટવેર દ્વારા ભારતમાં વિપક્ષી નેતાઓ અને પત્રકારો સહિતના લોકોની જાસૂસીનો મામલો હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. વરિષ્ઠ વકીલ મનોહરલાલ શર્માએ સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરીને સર્વોચ્ચ અદાલતની દેખરેખ હેઠળ આ કેસમાં SIT તપાસની માગણી કરી છે. સાથે જ ભારતમાં પેગાસસની ખરીદી પર રોક લગાવવાની અપીલ કરવામાં આવી છે. અરજીમાં

કાંડ ઘેરી ચિંતાનો વિષય છે અને આ ભારતીય લોકતંત્ર, ન્યાયપાલિકા અને દેશની સુરક્ષા અંગેનો ગંભીર મુદ્દો છે. વ્યાપક સ્તરે અને કોઈપણ જવાબદારી વિના જાસૂસી કરવી નૈતિક રીતે ખોટું છે. અરજીમાં કહેવાયું કે, પેગાસસનો ઉપયોગ માત્ર વાતચીત સાંભળવા માટે નથી થતો પરંતુ તેનો ઉપયોગ વ્યક્તિના અંગત જીવન અંગેની તમામ ડિજિટલ માહિતી મેળવી શકાય છે અને તેનાથી ફોન ઉપયોગ કરનાર અસહાય થવા ઉપરાંત તેના

શું બંધારણ વડાપ્રધાન અને તેમના મંત્રીઓને તુચ્છ રાજકીય હિતો માટે ભારતના નાગરિકોની જાસૂસી કરવાની મંજૂરી આપે છે ?, જો ખરેખર આવું હોય તો ભારત સરમુખત્યારશાહી દેશોની યાદીમાં સામેલ થયું હોવાનું મનાય

કહેવાયું છે કે, ઈઝરાયેલી સ્પાયવેર પેગાસસના ઉપયોગથી કેન્દ્રીય એજન્સીઓ દ્વારા પત્રકારો, રાજનેતાઓ, કાર્યકરો અને અન્યોની જાસૂસીના અહેવાલમાં એસઆઈટી રચી તેની તપાસ કરવામાં આવે. પેગાસસ મામલે વિપક્ષી નેતાઓ સંસદથી લઈને તમામ મોરચે મોદી સરકારનો વિરોધ કરી રહ્યા છે. સંસદમાં પણ આ અંગે જોરદાર વિરોધ ચાલુ છે. કોંગ્રેસ આ અંગે જેપીસી તપાસની માંગ કરી રહી છે જ્યારે અન્ય વિપક્ષી પાર્ટીઓ સરકાર પાસે સ્પષ્ટતા માંગે છે. જ્યારે સરકાર આ આરોપોને ફગાવી રહી છે. શર્માએ પોતાની અરજીમાં પૂછ્યું છે કે, શું બંધારણ વડાપ્રધાન અને તેમના મંત્રીને તેમના તુચ્છ રાજકીય હિતો માટે ભારતના નાગરિકો પર જાસૂસી કરવાની મંજૂરી આપે છે. વધુમાં ઉલ્લેખ કરાયો કે, પેગાસસ માત્ર જાસૂસી ઉપકરણ નથી પરંતુ એક સાઈબર હથિયાર છે જેને ભારતીય રાજકારણમાં ઉતારાયું છે, તે ભલે શંકાસ્પદ રીતે સત્તાવાર છે પરંતુ પેગાસસના ઉપયોગથી રાષ્ટ્રીય સુરક્ષા સામે જોખમ ઊભું થાય છે. જો ખરેખર પેગાસસનો

પેગાસસથી માત્ર વાતો સંભળાતી નથી પરંતુ ફોનની તમામ ડિજિટલ માહિતી મળે છે, એટલે સુધી કે ફોનના કોન્ટેક્ટ લિસ્ટના લોકો પણ ભોગ બની શકે છે : અરજીમાં દલીલ

ઉપયોગ ભારતમાં થતો હોય તો આપણે સરમુખત્યારશાહી દેશોની યાદીમાં સામેલ થઈ ગયા છીએ તેમ મનાશે.

વકીલ મનોહરલાલ શર્મા દ્વારા દાખલ કરાયેલી અરજીમાં કહેવાયું છે કે, પેગાસસ કોન્ટેક્ટ લિસ્ટમાં સામેલ દરેક વ્યક્તિ અસુરક્ષા અનુભવે છે. અરજીમાં એ વાતનો પણ ઉલ્લેખ કરાયો કે, જાસૂસી સંબંધિત ખુલાસાથી રાષ્ટ્રીય સુરક્ષા પર અત્યંત વધારે અસર થશે કેમ કે, જાસૂસી ટેકનિક વિકેતાઓમાં અચાનક ઉછાળો વૈશ્વિક સુરક્ષા અને માનવ અધિકાર માટે સમસ્યા છે. પીઆઈએલમાં દાવો કરાયો છે કે, એવું કહેવાય છે કે, એનએસઓ ગ્રુપ કંપનીના ગ્રાહકોએ ૨૦૧૬ બાદથી જ આશરે ૫૦,૦૦૦ ફોન નંબરને નિશાના પર લીધા છે. અરજીમાં કહેવાયું છે કે, પેગાસસ માત્ર જાસૂસી ઉપકરણ નથી પરંતુ એક સાઈબર હથિયાર છે જેને ભારતીય તંત્ર વિરુદ્ધ ઉપયોગમાં લેવાય છે. આ સત્તાવાર હોય તેમ છતાં પેગાસસનો ઉપયોગ રાષ્ટ્રીય સુરક્ષા માટે મોટું જોખમ ઊભું કરે છે. અરજીમાં માંગ કરાઈ છે કે, જાસૂસી માટે પેગાસસની ખરીદીને ગેરકાયદે તથા ગેરબંધારણીય જાહેર કરવામાં આવે.

પેગાસસ કેસમાં અંગત નોંધ લેવા સુપ્રીમ કોર્ટને મમતાની અપીલ

શહીદ દિવસ : ૨૦૨૪ પહેલાં ભાજપ વિરુદ્ધ દરેક રાજ્યમાં વિપક્ષી મોરચો રચવા માગતાં મમતા બેનરજી

પેગાસસ વિવાદ મુદ્દે મમતા બેનરજીના કેન્દ્ર પર પ્રહાર, 'જાસૂસ દેશ' વિરુદ્ધ સંગઠિત થવા વિપક્ષોને હાકલ

(એજન્સી) કોલકાતા, તા. ૨૨

પેગાસસની મદદથી કેન્દ્ર સરકાર દ્વારા પોતાનો ફોન પણ ટેપ થયો હોવાનો દાવો કરતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનરજીએ બુધવારે ભાજપને ''સૌથી મોટી વાયરસ પાર્ટી'' ગણાવી હતી. તેઓ દક્ષિણ કોલકાતાના કાલીઘાટ ખાતેના પોતાના નિવાસેથી ટીએમસીના વાર્ષિક શહીદ દિવસે વર્ચ્યુઅલ ભાષણ આપી રહ્યા હતા. મમતા બેનરજીએ સુપ્રીમ કોર્ટને અપીલ કરી હતી કે, તે જજો, મંત્રીઓ, રાજકીય નેતાઓ, પત્રકારો વગેરેની જાસૂસી અથવા ફોન ટેપિંગમાં સામેલ લોકો વિરુદ્ધ અંગત નોંધ લઈ કાર્યવાહી કરે. મમતા બેનરજીએ સુપ્રીમને કહ્યું કે, સર, આ મારી આપને નમ્ર વિનંતી છે કે, કેન્દ્ર વિરુદ્ધ આ બાબતમાં અંગત નોંધ લો કારણ કે, જજોના ફોન પણ ટેપ થયા છે. સાથે જ મમતા બેનરજીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓ પહેલાં દરેક રાજ્યમાં ભાજપ વિરુદ્ધ મોરચો બનાવવા હાકલ કરી હતી. તેમણે આગામીલોકસભા ચૂંટણીઓમાં ભાજપને બહાર કરવા માટે ૧૬મી ઓગસ્ટે 'ખેલા હોબે દિવસ' મનાવવાની જાહેરાત કરી હતી. તેમણે જાસૂસી રાષ્ટ્ર સામે વિપક્ષોને સંગઠિત થવા માટે હાકલ કરી હતી.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓમાં ભાજપને સત્તા પર પરત આવતા રોકવા માટે વિપક્ષી પાર્ટીઓ વચ્ચે એકતાના મહત્વ પર ભાર મુકતા તેમણે કહ્યું કે, ૨૦૨૪માં શું થશે તે મને ખબર નથી પરંતુ આપણે અત્યારથી તેની તૈયારી શરૂ કરી દેવી જોઈએ. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં તેમણે કહ્યું કે, તેઓ આપણા ફોન ટેપ કરી રહ્યા છે. પોતાનો સેલ ફોન બતાવતાં કહ્યું, મેં તેના કેમેરા પર ટેપ મુકી

૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓમાં ભાજપને બહાર કરવા ૧૬મી ઓગસ્ટે 'ખેલા હોબે દિવસ' : મમતા

છે કારણ કે, પેગાસસ ભયાનક છે. હું શરદ પવાર જેવા સિનિયર નેતાઓને વિનંતી કરું છું કે, ૨૭થી ૨૯ જુલાઈ દરમિયાન હું દિલ્હીમાં હોવાથી તેઓ પાટનગરમાં તેઓ વિપક્ષી નેતાઓની એક બેઠક યોજે. મમતાએ કહ્યું કે, આપણે ૨૦૨૪ને ધ્યાને રાખીને સમય બગાડી ના શકીએ અને ભાજપ વિરુદ્ધ હવે કામ કરવાની જરૂર છે. ભાજપ સત્તા પર હોવાથી હવે આઝાદી ખતરામાં છે. હું તેમને કહેવા માગું છું કે, ફરીથી ખેલા થશે. દેશ અને તેના લોકોના હિત માટે આપણે એક થવું પડશે. પીએમ મોદી પર આંગળી ચીંધતા તેમણે કહ્યુ કે, તેમના પદનું હું સંપૂર્ણપણે સન્માન કરૂં છું. પરંતુ કેટલીકવાર મને આશ્ચર્ય થાય છે કે, અમિત શાહ શું કરે છે તેની તેમને જાણ છે કે, નહી અથવા અમિત શાહ કોઈની સાથે ચર્ચા કર્યા વિના જ આ બધું કરે છે. એ શરમજનક વાત છે કે, ગંગા નદીમાં લાશો તરતી હોવા છતાં પીએમ મોદી ઉત્તરપ્રદેશને શ્રેષ્ઠ રાજ્ય ગણાવે છે. આપણે બધા જ જાણીએ છીએ કે, પીએમ મોદીનું ગુજરાત મોડલ શું છે. હું તેને જણાવવા માગતી નથી. ચૂંટણી સમયે બંગાળને અંકુશમાં લેવા માટે તેમણે બધી જ કેન્દ્રીય એજન્સીઓને કામે લગાડી દીધી હતી પરંતુ હું જોરદાર જવાબ આપવા બદલ બંગાળની

આપણા ફોન ટેપ થયા, કોઈની સાથે વાત કરી શકતા નથી : મમતા બેનરજી

જનતાનો આભાર માનું છું. અમિત શાહ અને મોદીજીના કંગાળ શાસનને કારણે આપણો દેશ કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. તેઓ કોરોનાની સ્થિતિ સંભાળવામાં નિષ્ફળ ગયા છે. તેઓ ભાવવધારો કાબૂમાં લેવામાં નિષ્ફળ ગયા છે. તેઓ પેગાસસથી જજોને કાબૂમાં લેવા માગે છે. તેઓ મંત્રીઓને બંધક બનાવવા માગે છે. તેઓ વિપક્ષી નેતાઓને કાબૂમાં લેવા માગે છે. તેઓ મીડિયા હાઉસને કાબૂમાં કરવા માગે છે. તેઓ જાસૂસગીરીથી બધું જ કાબૂ કરવા માગે છે. એ કમનસીબ બાબત છે કે, ભારત જેવા લોકશાહી દેશમાં અમિત શાહ અને મોદી જેવા લોકો જાસૂસીમાં વ્યસ્ત છે. તેથી એક થઈને આપણે દેશને બચાવીએ કારણ કે, આપણી પાસે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે માત્ર અઢી વર્ષ બાકી છે. મને લાગે છે કે, છેક ચૂંટણી પહેલાં ગઠબંધન કામ કરશે નહીં તેથી આપણે ૨૦૨૪ના મિશન માટે અત્યારથી કામ કરવું પડશે. હું એક કાર્યકર્તા તરીકે રહેવા માગું છું અને અને હું તમારા સૂચનો પાળીશ પણ તે પહેલાં કેન્દ્ર ખાતેની ભયાનક સરકાર સામે લડવા માટે આપણે સાથે આવવું પડશે.

આ શહીદ દિવસનો ૨૮મો વર્ષ હતો. ૨૧ જુલાઇ ૧૯૯૩ના દિવસે કોલકાતાના માયો રોડ પર પોલીસ ફાયરિંગમાં ૧૩ કાર્યકરોએ પોતાના જીવ ગુમાવ્યા હતા. ત્યારથી પાર્ટી ૧૩ રાજકીય કાર્યકરોના શહીદ દિવસ તરીકે આ દિવસને મનાવે છે જેમાં ડાબેરી શાસન દરમિયાન અન્ય લોકો પણ શહીદ થયા હતા. મમતાની વર્ચ્યુઅલ ભાષણ ઉત્તરપ્રદેશના વારાણસી, મિરઝાપુર, લખનઉ, બરેલી અને આઝમગઢમાં પણ લાઈવ પ્રસારિત કરાયું હતું. તેમના ભાષણનું ગુજરાત, ત્રિપુરા, દિલ્હી, બિહાર અને તમિલનાડુમાં પણ પ્રસારણ કરાયું હતું.

યેદિયુરપ્પાને મુખ્યમંત્રી પદ પરથી હટાવવા સંઘનું કાવતરૂં : લિંગાયત સંત

સંઘ એક જાતિ આધારિત સંસ્થા છે, તેના નેતાઓ ઉદાર માનસિકતા ધરાવતા નથી, મહારાષ્ટ્રમાં પણ ભાજપને સત્તા પર લાવવા લાખો મરાઠા યુવાઓએ મહેનત કરી અને ત્યારબાદ એક બ્રાહ્મણ નેતા ફડણવીસને મુખ્યમંત્રી બનાવી દેવાયા હતા : લિંગાયત સંત

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૨

કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તનની અટકળો વચ્ચે કોટ્ટુર વિરશાવિયા શિવયોગ મંદિરના લિંગાયત સંત સંગના બાસ્વાસ સ્વામીએ આરોપ લગાવ્યો હતો કે, બીએસ યેદિયુરપ્પાને મુખ્યમંત્રી પદેથી દૂર કરવાનું કાવતરૂં રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ (આરએસએસ) દ્વારા રચવામાં આવ્યું છે. આ ષડયંત્ર પાછળ સંઘની સંડોવણી છે. હોસ્પેટ ખાતે પત્રકારો સાથે વાત કરતાં સ્વામીએ જણાવ્યું હતું કે, સંઘ જાતિ આધારિત સંસ્થા છે. સંઘના નેતાઓ ઉદાર માનસિકતા ધરાવતા નથી. આપણે જાણીએ છે કે, મહારાષ્ટ્રમાં શું થયું હતું. લાખો મરાઠા યુવાઓએ સખત મહેનત કરી ભાજપને સત્તા પર લાવ્યા હતા. પણ સંઘે બ્રાહ્મણ નેતા દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી બનાવી દીધા હતા. ત્યારબાદ ભાજપે મરાઠાઓની લાગણી ગુમાવી દીધી હતી. અને રાજ્યમાં થયેલી ચૂંટણીમાં તેનો પરાજય થયો હતો. હવે એવા અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યાં છે કે, સંઘ યેદિયુરપ્પાને પણ પદ પરથી હટાવવા માગે છે. અને પ્રધાન જોષીને મુખ્યમંત્રી બનાવવા માંગે છે. જેઓ ખાણ બાબતોના કેન્દ્રીય મંત્રી છે. પણ સંઘની આ યોજના સફળ થશે નહીં. જો ભાજપ યેદિયુરપ્પાને પદ પરથી દૂર કરશે તો તે કર્ણાટકમાં પણ અસ્તિત્વ ગુમાવશે. ભાજપનો આ નિર્ણય કોંગ્રેસ અને જેડીએસને લાભ કરશે. દરમ્યાન ઘણાં લિંગાયત સંતો અને અન્ય ધાર્મિક નેતાઓએ તુમકુરમાં સિદ્ધગંગા મઠના સંત સિદ્ધાલિંગા સ્વામીના નેતૃત્વમાં રાજ્યના મુખ્યમંત્રી યેદિયુરપ્પા સાથે તેમના સત્તાવાર નિવાસે મુલાકાત કરી હતી અને તેમને અનુરોધ કર્યો હતો કે, તેઓ મુખ્યમંત્રી તરીકેનો પોતાનો કાર્યકાળ પૂરો કરે. ગઈકાલે પણ રાજ્યના વિવિધ મઠોના સંતો અને કોંગ્રેસના લિંગાયત નેતાઓએ પણ યેદિયુરપ્પાને ટેકો જાહેર કર્યો હતો.

આકોશિત કિસાનોએ સંસદ બહાર વિરોધ પ્રદર્શન કર્યા

ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે જંતર મંતર પર 'કિસાન સંસદ' યોજાઈ

કિસાનોની સંસદમાં જે સાંસદો ખેડૂતોનો મુદ્દો નહીં ઉઠાવે તેમની ટીકા કરવામાં આવશે : રાકેશ ટિકૈત

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૨

સંસદનું ચોમાસુ સત્ર શરૂ થયું હોવાથી કેન્દ્ર સરકારના ત્રણ વિવાદાસ્પદ કૃષિ કાયદા વિરૂદ્ધ પ્રદર્શનો કરવા માટે ગુરૂવારે ૨૦૦ ખેડૂતોનું જૂથ જંતર મંતર પર પહોંચ્યું હતું. સેન્ટ્રલ દિલ્હીમાં પોલીસે આકરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી છે અને વાહનોની અવર જવર પર ચાંપતી નજર રખાય છે. એક તરફ સંસદનું સત્ર શરૂ થયું ત્યારે બીજી તરફ કિસાનોએ વિરોધ પ્રદર્શન દરમિયાન કિસાન સંસદ પણ યોજી હતી.

આ અંગે ૧૦ મહત્વના મુદ્દા

૧. કેન્દ્રના ત્રણ વિવાદિત કૃષિ કાયદાઓ વિરૂદ્ધ ૨૦૦થી વધુ કિસાનોએ જંતર મંતર પર પ્રદર્શન કર્યા હતા. તેઓ સિંઘુ બોર્ડર પરથી બસો અને એસયુવી કારોમાં આવતા પોલીસે તેમને કોર્ડન કરીને ધરણા સ્થળે લઈ ગઈ હતી.
૨. સંયુક્ત કિસાન મોરચાએ નિવેદનમાં કહ્યું કે, અનેક સાંસદો કિસાન સંસદની મુલાકાતે આવ્યા હતા જોકે, તેમને સ્ટેજ પર આવવાકે નિવેદન આપવા દીધા ન હતા.
૩. ભારતીય કિસાન યુનિયનના નેતા રાકેશ ટિકૈતે કહ્યું કે, આઠ મહિના પહેલાં તેઓ અમને ખેડૂત માનવા પણ તૈયાર ન હતા. સરકાર માત્ર શરતી મંત્રણામાં જ ભાગ લેતી હતી.
૪. દિલ્હી સરકારે કિસાનોને ૯ ઓગસ્ટ સુધી સવારે ૧૧થી સાંજે પાંચ વાગ્યા સુધી જ

કિસાનોના વિરોધ પ્રદર્શનથી ગભરાયેલી સરકારે આકરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી, ૨૦૦થી વધુ કિસાનોને પોલીસ કોર્ડન કરીને સંખ્યા ગણવા માટે પહેલાં રિસોર્ટમાં લઈ ગઈ

વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી આપી છે. તેમને ડિઝાસ્ટર મેનેજમેન્ટ તથા કોરોનાના નિયમો પાળવાનું કહેવાયું છે.
૫. સામાન્ય ઘર્ષણ બાદ સવારે પોલીસ કિસાનોની સંખ્યા ગણવા માટે તેમને રિસોર્ટમાં લઈ ગઈ હતી. નિયમો પ્રમાણે દરરોજ માત્ર ૨૦૬ કિસાનોને મંજૂરી અપાઈ છે.
૬. કિસાનો એક સ્પીકર, એક ડેપ્યુટી સ્પીકર, ટી બ્રેક સહિતના સંસદના નિયમો પાળી રહ્યા છે. રાજકીય કાર્યકર્તા યોગેન્દ્ર યાદવે કહ્યું કે, સંસદ કેવી રીતે ચાલે છે તે અમે દેખાડીશું.
૭. જોકે, સંસદ કૃષિ કાયદાઓ સિવાયની અન્ય અનેક બાબતો માટે ઘણીવાર મોકૂફ રખાઈ હતી. કેટલાક કોંગ્રેસી સાંસદોએ કહ્યું કે, જ્યાં સુધી મુદ્દો ઉકેલાય નહીં ત્યાં સુધી ગૃહને ચાલવા દેશે નહીં. તેમણે સંસદ બહાર વિરોધ પ્રદર્શન કર્યા હતા. શિરોમણી અકાલી દળે પણ ચર્ચાની માગ કરી હતી.
૮. કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું કે, નવાકૃષિ કાયદા ફાયદાકારક છે. જો ખેડૂતો મુદ્દો ઉઠાવે તો કાયદાઓની મુદ્દાવાર ચર્ચા થઈ શકે.
૯. પોલીસે ૨૬ જાન્યુઆરીની હિંસાનું પુનરાવર્તન ટાળવા માટે આકરી સુરક્ષા ગોઠવી છે. તેમણે દિલ્હીના સાત મેટ્રો સ્ટેશન પર ચાંપતી નજર રાખવા કહ્યું છે.
૧૦. કિસાનોના આંદોલનને લઈ દિલ્હીના અનેક માર્ગો પર ટ્રાફિકની સમસ્યા પણ જોવા મળી હતી.

છેલ્લા ૨૪ કલાકમાં ૪૧ હજારથી વધુ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા

ભારતમાં ત્રીજી લહેરના ભણકારા : ૧૩ રાજ્યોમાં ખતરાની ઘંટડી

વધુ ૫૦૭ લોકોનાં મોત નિપજ્યા, એક્ટિવ કેસોમાં વધારો : કેરળ - આંધ્ર અને પૂર્વોત્તર સહિત ૧૩ રાજ્યોમાં વધતા સક્રિય કેસે વધારી ચિંતા

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૨

ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના ગઈકાલે નોંધાયેલા કેસ કરતા સામાન્ય ઘટાડો નોંધાયો છે. જ્યારે મૃત્યુઆંક ઘટીને ફરી એકવાર ૫૦૦ની નજીક પહોંચી ગયા છે. ગઈકાલે દેશમાં કોરોનાથી થયેલા દૈનિક મૃત્યુનો આંક ૩,૯૯૮ સાથે ૪૦૦૦ની એકદમ નજીક પહોંચી ગયો હતો. જો કે, આજે પણ કોરોનાના નવા કેસ કરતા સાજા થયેલા દર્દીઓની સંખ્યા નીચી નોંધાઈ છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના નવા ૪૧,૩૮૩ કેસ નોંધાયા છે, જ્યારે વધુ ૫૦૭ દર્દીઓના કોરોનાથી મોત થયા છે. નવા કેસની સામે સાજા થનારા દર્દીઓની ઘટવાથી એક્ટિવ કેસ ધીમી ગતિએ વધી રહ્યા છે. ગઈકાલે એક્ટિવ કેસની સંખ્યા ૪,૦૩,૧૭૦ હતી જે વધીને આજે ૪,૦૯,૩૯૪ થઈ છે.

પાછલા ૨૪ કલાકમાં દેશમાં ૩૮,૬૬૨ દર્દીઓએ કોરોનાને હરાવ્યો છે, જ્યારે કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૩,૦૪,૨૯,૩૩૯ પર પહોંચી ગઈ છે. ભારતમાં કોરોનાના કુલ સંક્રમણની સંખ્યા વધીને ૩,૧૨,૫૭,૩૨૦ થઈ ગઈ છે. વધુ ૫૦૭ દર્દીઓના મોત સાથે કુલ મૃત્યુઆંક ૪,૧૮,૯૮૭ થયો છે. ભારતમાં કોરોનાના રસી અભિયાનને ગતિથી આગળ વધારવાના પ્રયાસ થઈ રહ્યા છે. જેમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે કુલ વેક્સિનેશન ૪૧,૭૮,૫૧,૧૫૧ પર પહોંચ્યું છે. આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૨૧ જુલાઈ સુધીમાં કુલ ૪૫,૦૯,૧૧,૭૧૨ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે વધુ ૧૭,૧૮,૪૩૯ સેમ્પલ લેવામાં આવ્યા હતા. દેશમાં હવે એક્ટિવ કેસ ૪,૦૯,૩૯૪ છે અને મોતનો આંકડો વધીને ૪,૧૮,૯૮૭ પર પહોચી ગયો છે. કુલ વેક્સીનેશનનો આંકડો ૪૧,૭૮,૫૧,૧૫૧ થઈ ગયો છે.

ઉત્તરાખંડમાં ૩૭ નવા કોરોનાના કેસ અને ૧૪ રિકવરી દર્જ કરવામાં આવી છે. કોવિડથી એક પણ મોત થયુ નથી. સ્વાસ્થ્ય વિભાગ અનુસાર મધ્ય પ્રદેશમાં ૧૫ નવા કોરોનાના કેસ અને ૨૦ રિકવરી દર્જ કરવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮,૧૫૯ નવા કોરોનાના કેસ દર્જ કરવામાં આવ્યા છે, બીજી તરફ ૭,૮૩૯ ડિસ્ચાર્જ અને ૧૬૫ મોત દર્જ કરવામાં આવ્યા છે.

ખેલા હોબે : પેગાસસ જાસૂસી કાંડ વચ્ચે મમતા બેનરજીએ કેમ પોતાના મોબાઈલ ફોનના કેમેરાને પ્લાસ્ટર કર્યો, જાણો

(એજન્સી) તા.૨૨

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ પેગાસસ ફોન હેકિંગ વિવાદ અંગે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. મમતાએ બુધવારે કહ્યું કે તેમણે પોતાના ફોનના કેમેરાને પ્લાસ્ટર કરી દીધો છે જેથી તેને હેક કરી તેમની જાસૂસી ન કરવામાં આવી શકે. ઉલ્લેખનીય છે કે મમતા બેનરજીએ શહીદ દિવસ પર વર્ચ્યુઅલ સભાને સંબોધતાં કહ્યું કે પીએમ મોદી અને કેન્દ્રીયગૃહમંત્રી અમિત શાહ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેની સાથે જ મમતા બેનરજીએ પેગાસસ જાસૂસી કાંડના આરોપો અંગે સુપ્રીમકોર્ટને જાતે આ મામલે ધ્યાન આપવાની અપીલ કરી હતી. મમતાએ કહ્યું કે કેન્દ્ર સરકારે ઈઝરાયેલી સ્પાયવેરની મદદથી લોકોની જાસૂસી કરાવવાનું કામ કર્યું છે. મમતાએ પોતાના ફોનને પ્લાસ્ટર કરવાની વાત કરતા બતાવ્યું પણ કે મારો ફોન પણ પ્લાસ્ટર કરી દીધો છે. તેમણે કહ્યું કે મારા ફોનના કેમેરાને મેં પ્લાસ્ટર કરી દીધો છે કેમ કે તે દરેક વસ્તુ પર નજર રાખે છે. ભલે તે વીડિયો હોય કે પછી ઓડિયો. આટલું જ નહીં મમતાએ દાવો કર્યો કે તે ફોન પર પોતાના સમકક્ષો સાથે વાતચીત પણ કરી શકતા નથી. મમતાએ કહ્યું કે ભલે દિલ્હીના મુખ્યમંત્રી હોય કે પછી ઓડિશાના મુખ્યમંત્રી તે કોઈની સાથે વાત કરી શકતા નથી. પેગાસસ ખતરનાક છે તે લોકોનું ઉત્પીડન કરે છે. અનેકવાર હું કોઈની સાથે વાત કરી શકતી નથી.

ગરીબ નવાઝ (રહે.)ની દરગાહથી પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.)ના કાયદાની માંગ કરવામાં આવી

(એજન્સી) અજમેર,તા.૨૨

રઝા એકેડેમીની તહફ્ફુઝ-એ નામુસ રિસાલ અભિયાન અંતર્ગત મંગળવારે ખ્વાજા ગરીબ નવાઝ (રહે.)ની દરગાહ ખાતે પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.)ના કાયદાની માગણી કરવામાં આવી હતી. વાસ્તવમાં રઝા એકેડેમીના એક પ્રતિનિધિ મંડળે દરગાહ શરીફની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન સર્કિટ હાઉસમાં રઝા એકેડેમીના પ્રમુખ અલ્હાજ મોહમ્મદ સઈદ નુરી, હઝરત મૌલાના સૈયદ મોઈનુદ્દીન અશરફી અલ જીલાની અને અંજુમન સેક્રેટરી અબ્દુલ વાહીદ ચિશ્તીએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી તહફ્ફુઝ-એ નામુસ-એ રિસાલત માટે રાજસ્થાન સરકાર તેમજ કેન્દ્ર સરકાર પાસે પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.)ના કાયદાને લાગુ કરવાની માગણી કરી હતી. આ પ્રેસ કોન્ફરન્સને સંબોધિત કરતા અલ્હાજ મોહમ્મદ નૂરીએ કહ્યું હતું કે, દેશભરમાં ઈસ્લામ અને પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.)ને લક્ષ્યાંક બનાવવામાં આવી રહ્યા છે. જેના લીધે મુસ્લિમ સમુદાયમાં આક્રોશ છે થોડા દિવસ પહેલા નેશનલ મીડિયામાં પણ ખ્વાજા ગરીબ નવાઝની શાનમાં ગુસ્તાખી કરવામાં આવી હતી. જ્યારે દરબારે ગરીબ નવાઝમાંથી હંમેશા શાંતિ અને સલામતીનો સંદેશ આપવામાં આવ છે. સોશિયલ મીડિયામાં પણ અનેકવાર દરગાહ શરીફને લક્ષ્યાંક બનાવવામાં આવી છે. આવા સંજોગોમાં પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.)ના કાયદાને લાગુ કરવો જોઈએ. હઝરત મૌલાના સૈયદ મોઈનુદ્દીન અશરફી અલ જીલાનીએ કહ્યું હતું કે રાજસ્થાનની ભૂમિ સાંપ્રદાયિક સંવાદિતતા અને ભાઈચારાની સાક્ષી રહી છે. આ ભૂમિ પર દરેક ધર્મના સુફી-સંતોએ શાંતિ અને ભાઈચારાનો સંદેશ આપ્યો છે. પરંતુ આજે કેટલાક અસામાજિક તત્ત્વો પોતાના રાજકારણને પગલે આ ભાઈચારાને ડહોળવામાં લાગ્યા છે. આથી રાજ્ય સરકારે પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.)ના કાયદાને લાવી રાજસ્થાનની ગંગા-જમુની સંસ્કૃતિને સંરક્ષિત કરવી જોઈએ.

ઓક્સિજનની અછતને કારણે એક પણ મોત નહીં થયાના કેન્દ્રીય મંત્રીના નિવેદન બાદ કોંગ્રેસની વિશેષાધિકારની નોટિસની તૈયારી

કોરોનાની બીજી લહેર પીક પર હતી ત્યારે ઓક્સિજનની અછતને કારણે વિવિધ રાજ્યોમાં મોટી સંખ્યામાં લોકોના થયેલાં મોતની ઘટનાઓનો આખો દેશ સાક્ષી છે : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

સંસદમાં ખોટી માહિતી આપી ગૃહને ગેરમાર્ગે દોરવાનો કેન્દ્રના રાજ્યકક્ષાના મંત્રી ભારતી પ્રવિણ પવાર પર વિપક્ષ કોંગ્રેસે આરોપ લગાવી જાહેરાત કરી હતી કે, તેમની સામે વિશેષાધિકારની નોટિસ લાવવામાં આવશે. કોરોનાની બીજી લહેર વખતે હોસ્પિટલોમાં ઓક્સિજનની અછતને કારણે થયેલા મોત અંગે પવારને સંસદમાં પ્રશ્ન કરવામાં આવ્યો હતો, જેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, હોસ્પિટલોમાં ઓક્સિજનની અછતને કારણે એક પણ મોત થયું નથી. તેમણે લેખિતમાં ઉક્ત ઉત્તર આપ્યો હતો. તેમણે પોતાના જવાબમાં જણાવ્યું હતું કે, રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશોમાં એવો એક પણ કેસ નોંધાયો નથી જેમાં એવું જાણવા મળ્યું હોય કે, ઓક્સિજનની અછતને કારણે દર્દીનું મોત થયું હોય. તેમણે જણાવ્યું હતું કે, આરોગ્ય મંત્રાલયમાં નોંધાયેલા તમામ કેસો સામાન્ય હતા. કોંગ્રેસના નેતાઓએ પવારના આ જવાબની ભારે ટીકા કરી હતી. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ટ્વિટ કરી જણાવ્યું હતું કે, હોસ્પિટલોમાં માત્ર ઓક્સિજનની અછત નહીં પણ તીવ્ર અછત હતી. સત્ય એ છે કે, તે સમયે પણ આવી જ સ્થિતિ જ હતી અને હાલ પણ આવી જ સ્થિતિ છે. દેશના પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર પાસે દરેક આફતને દબાવી દેવાની અદ્‌ભૂતકળા છે. પહેલાં રસીની અછત નથી, તેવું કેન્દ્ર સરકાર કહેતી હતી પણ ગઈકાલે જ મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં રસીની અછત સર્જાઈ હતી. દેશના મોટા ભાગના રસીકરણ કેન્દ્રો ખાતે આ જ પ્રકારની જ અછત છે. કે.સી. વેણુગોપાલે ઘોષણા કરી હતી કે, તેઓ પવાર સામે વિશેષાધિકારની નોટિસ લાવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશના દરેક નાગરિકે જોયું છે કે, ઘણા રાજ્યોમાં કેવી રીતે ઓક્સિજનની અછતને કારણે લોકોનાં મોત થયા છે, જેમાં દેશની રાજધાની દિલ્હીનો પણ સમાવેશ થાય છે. હકીકતમાં મંત્રીએ સંસદને ગેરમાર્ગે દોરવાનું કામ કર્યું છે, જેથી તેમની સામે ચોક્કસપણે આ નોટિસ લાવવામાં આવશે, તેમણે ગૃહમાં ખોટી માહિતી આપી છે.

કોંગ્રેસ અને આપ કોરોનાથી થયેલાં મોત અંગે રાજકારણ રમી રહ્યા છે : ભાજપ

ઓક્સિજનની અછતને કારણે મોત નહીં થયાના ભાજપના મંત્રીના દાવા બાદ વિપક્ષે સરકારના આ નિવેદનને જૂઠું ગણાવી ટીકા કરતાં કેન્દ્રએ પત્રકાર પરિષદ યોજી વિપક્ષ પર જ આરોપો લગાવ્યા

દેશમાં કોરોનાની બીજી લહેર વખતે ઓક્સિજનની અછતને કારણે એકપણ વ્યક્તિનું મૃત્યુ નહીં થયા હોવાના સંસદમાં ભાજપના મંત્રીના જવાબ બાદ કેન્દ્ર સરકાર વિપક્ષોના નિશાના પર છે. ત્યારે ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ પત્રકાર પરિષદ યોજી જણાવ્યું હતું કે, કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી કોરોનાથી થયેલા મોત મામલે રાજકારણ રમી રહ્યા છે. પાત્રાએ જણાવ્યું હતું કે, કોઈપણ રાજ્યએ એવા આંકાડા મોકલ્યા નથી જેમાં એવું જણાવાયું હોય કે, ઓક્સિજનની અછતને કારણે દર્દીનું મોત થયું હોય. કોઈપણ રાજ્યમાં આવી ઘટના નહીં બની હોવાનો પાત્રાએ પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો. પાત્રાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી આ સંવેદનશીલ મુદ્દે મુંઝવણ પેદા કરી રહ્યા છે. સંસદમાં ખોટી માહિતી આપી ગૃહને ગેરમાર્ગે દોરવાનો કેન્દ્રના રાજ્યકક્ષાના મંત્રી ભારતી પ્રવિણ પવાર પર વિપક્ષ કોંગ્રેસે આરોપ લગાવી જાહેરાત કરી હતી કે, તેમની સામે વિશેષાધિકારની નોટિસ લાવવામાં આવશે. કોરોનાની બીજી લહેર વખતે હોસ્પિટલોમાં ઓક્સિજનની અછતને કારણે થયેલા મોત અંગે પવારને સંસદમાં પ્રશ્ન કરવામાં આવ્યો હતો. જેના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે, હોસ્પિટલોમાં ઓક્સિજનની અછતને કારણે એકપણ મોત થયું નથી. તેમણે લેખિતમાં ઉક્ત ઉત્તર આપ્યો હતો. તેમણે પોતાના જવાબમાં જણાવ્યું હતું કે, રાજ્યો કે કેન્દ્રશાસિત પ્રદેશોમાં એવો એકપણ કેસ નોંધાયો નથી જેમાં એવું જાણવા મળ્યું હોય કે, ઓક્સિજનની અછતને કારણે દર્દીનું મોત થયું હોય.

નવા IT નિયમોને પડકારતી અરજી સંદર્ભે દિલ્હી હાઈકોર્ટે કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ITના નવા કાયદાને પડકારતી નવેસરથી અરજી દિલ્હી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવી છે. અરજદાર વકીલ ઉદય બેદીએ રજૂઆત કરી હતી કે, નવા કાયદા હેઠળ સોશિયલ મીડિયા વ્હોટસએપ, ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટરના માલિકોને અમર્યાદ અધિકારો આપવામાં આવ્યા છે જે અમારા અમુક મૂળભૂત અધિકારોનો ભંગ કરનાર છે. અરજદારે IT રૂલ્સના નિયમ ૩ અને ૪ને પડકાર્યો છે જે હેઠળ સોશિયલ મીડિયાના માલિકોને કોઈપણ વ્યક્તિની ફરિયાદ થતાં સોશિયલ મીડિયામાંથી એ સામગ્રી સ્વેચ્છાથી દૂર કરવાના અબાધિત અધિકારો અપાયા છે. આ નિયમો અમને બંધારણના અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૨૧ હેઠળ મૂળભૂત અધિકારોનો ભંગ છે. અરજદારે કહ્યું કે ,આ નિયમો અમલમાં આવતા અમને કોઈ પણ પ્રાયવસી મળી શકશે નહીં. અમારી બધી વાતચીત તેઓ જોઈ શકશે અને જો એમને અયોગ્ય લાગશે તો અમને પૂછ્યા વિના એ દૂર કરી શકશે. આ પ્રકારનો મનસ્વી નિર્ણય લેવાની સત્તા એમને અપાઈ છે જે તદ્દન અયોગ્ય છે. નવા નિયમો દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મને ફરિયાદના પગલે સામગ્રી દૂર કરવાની સત્તા છે. પણ એ ફરિયાદ બાબત નિર્ણય લેવાનો અધિકાર પણ એમને અપાયો છે. આ જોગવાઈ સુપ્રીમ કોર્ટના શ્રેયા સિંઘલના ચુકાદાની વિરૂદ્ધ છે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, સોશિયલ મીડિયાના માલિકોને કોઈ પણ વિનંતી અથવા ફરિયાદ બાબત નિર્ણય કરવાના અધિકારો આપી શકાય નહીં. કઈ ફરિયાદ કાયદા મુજબ યોગ્ય છે અને કઈ નથી એનો નિર્ણય તેઓ કરી શકે નહીં. અરજીમાં જણાવાયું છે કે, એમને આવા અધિકારો આપવાનો અર્થ એ છે કે, તેઓ ૨૪ કલાક અમારી ઉપર નિગરાની રાખી શકશે. જે બંધારણ દ્વારા આપવામાં આવેલ પ્રાયવસીના અધિકારનો ભંગ છે.

પેગાસસ જાસૂસી કૌભાંડ : રાજ્યસભામાં હોબાળો થતાં કાર્યવાહી સ્થગિત

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

મોન્સૂન સત્ર દરમિયાન સાંસદનાં બંને સત્રોમાં હોબાળો યથાવત્ છે. ગુરુવારે વિપક્ષી સાંસદોએ પેગાસસ જાસૂસીકાંડ સહિત બીજા ઘણા મુદ્દાઓ સામે વિરોધપ્રદર્શન કર્યું. પેગાસસ કેસ અંગે રાજ્યસભામાં હોબાળો થતાં IT મંત્રી અશ્વિની વૈષ્ણવ પોતાની વાત પૂરી કરી શક્યા નહીં અને તેમને ભાષણ ટૂંકાવવું પડ્યું હતું. આટલું જ નહીં, પરંતુ આ મુદ્દો લેટર ઝૂંટવી લેવા સુધી પહોંચી ગયો હતો. આઈટી મંત્રી પેગાસસ મુદ્દે પોતાની વાત રજૂ કરવા ઊભા થયા તો મમતા બેનર્જીની પાર્ટી તૃણમૂલના સંસદ શાંતનુ સેને આઈટી મંત્રીના હાથમાંથી સ્ટેટમેન્ટ શીટ ઝૂંટવીને ફાડી દીધી હતી અને તેના ટુકડા હવામાં ઉછાળ્યા હતા. આ દરમિયાન હોબાળા વચ્ચે જ આઈટી મંત્રીએ બોલવાનું ચાલુ રાખ્યું હતું, પરંતુ પોતાની વાત રજૂ કરી શક્યા નહોતા. ત્યાર પછી BJP અને તૃણમૂલના સંસદો વચ્ચે બોલાચાલી થઈ હતી અને મામલો થાળે પાડવા માટે માર્શલને બોલાવવા પડ્યા હતા. ત્યાર પછી રાજ્યસભાની કાર્યવાહી આવતીકાલ સુધી મુલતવી રાખવામાં આવી હતી. આ ત્રીજી વખત ગૃહની કાર્યવાહીને સ્થગિત રાખવામાં આવી છે. વહેલી સવારે જ્યારે કાર્યવાહી શરૂ થઈ ત્યારે હંગામો થતાં તે બપોરે ૧૨ વાગ્યા સુધી અને પછી ૨ વાગ્યા સુધી સ્થગિત રાખવી પડી હતી. બીજી તરફ લોકસભાની કાર્યવાહી પણ આજે સાંજે ૪ વાગ્યા સુધી સ્થગિત રાખવામાં આવી છે. તૃણમૂલ સાંસદની વર્તણૂક પર ભાજપ સાસંદ દાસગુપ્તાએ મીડિયા સાથે વાત કરતાં કહ્યું હતું કે 'સદનમાં અસભ્ય વ્યવહાર થયો છે.' મંત્રીના નિવેદન દરમિયાન તમને સવાલ કરવાનો હક છે, પરંતુ ડિબેટની જગ્યાએ ગૃહમાં જે થયું એ શું એક પ્રકારનો ઉપદ્રવ છે? આ તમામ નિયમો વિરુદ્ધ છે. આની નિંદા થવી જોઇએ. રાજ્યસભામાં બનેલી ઘટના અંગે આરજેડીના સાંસદ મનોજ ઝા કહે છે કે હોબાળા વચ્ચે જે રીતે IT મંત્રીએ નિવેદન આપ્યું છે એના પરથી એવું લાગે છે કે સરકાર ફક્ત મુદ્દાઓની મજાક ઉડાવવા માગે છે. પ્રધાનનું આ વલણ દુર્ભાગ્યપૂર્ણ હતું.

રાજ કુંદ્રા વ્યવસાય વેચવા મુદ્દે ખોટું બોલ્યો પોર્ન ક્લિપ ચોરી રોકવા વકીલો રોક્યા : પોલીસ

(એજન્સી) તા.૨૨

તાજેતરમાં રાજ કુંદ્રા સાથે સંકળાયેલ પોર્નોગ્રાફી રેકેટની ચાલી રહેલ તપાસમાં એ નવી માહિતી જાણવા મળી કે ઉદ્યોગપતિ આ કથિત પોર્નોગ્રાફી વીડિયો કલીપ રેકેટમાં ઘણા સક્રિય હતા એમ મુંબઈ ક્રાઈમ બ્રાંચે પોલીસે સીએનએન-ન્યૂઝ૧૮ને જણાવ્યું. જો કે રાજ કુંદ્રા આ મુદ્દે દાવો કરતા કહે છે કે, તેણે તેનો વ્યવસાય યુકે સ્થિત તેના સાળાને વેચી દીધો છે, પરંતુ પ્રોપર્ટી સેલના અધિકારીઓના ધ્યાનમાં આવ્યું છે કે કુંદ્રા તદ્દન ખોટું બોલી રહ્યા છે. પોર્નોગ્રાફી રેકેટની પ્રતિદિન આગળ વધી રહેલ તપાસમાં સામે આવ્યું છે કે રાજ કુંદ્રા આ રેકેટમાં મહત્વનો ભાગ ભજવે છે. કુંદ્રાએ હોટશોટ્સ પર દર્શાવવામાં આવનાર કન્ટેન્ટ પોર્નોગ્રાફી પાયરસી રોકવા મજબૂત કાનૂની ટીમ બનાવી છે. જેઓએ ભારત અને વિદેશમાંના કોપી રાઈટ્સ અંગેની બાબતો વિષે તપાસ કરી હતી. કુંદ્રા કે જે એચએસ એકાઉન્ટના એડમિન હતા તેવા વ્હોટએપ્પ ગ્રુપની પ્રારંભિક સ્તરે તપાસ થઈ રહી છે. પોલીસ આ સિવાય કુંદ્રાના જપ્ત કરેલ ફોનમાંથી મળી આવેલ અન્ય બે ગ્રુપ વિષે તપાસ કરી રહી છે. એચએસ એકાઉન્ટમાં ફક્ત આવક અને વેચાણ અંગે વાત કરવામાં આવતી હતી. હાલમાં એચએસ ટેક ડાઉન નામનું બીજું વ્હોટસએપ ગ્રુપ ધ્યાનમાં આવ્યું છે અને તેમાં પણ કુંદ્રા એડમિન હોવાનું સામે આવ્યું છે. પોલીસે રાજ કુંદ્રાના ઘરેથી સર્વર શોધ્યું જેમાં તેના પૂર્વ પીએએ ૭૦ પોર્ન ફિલ્મો શૂટ કરી હતી. રાજકુંદ્રાને પોર્ન એપ હોટ હિટ તરફથી નિયમિતપણે ૯.૬૫ લાખની ચૂકવણી કરવામાં આવતી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે એચએસ ટેક ડાઉન ગ્રુપમાં કુંદ્રાના લીગલ ટીમના સભ્યો પણ સામેલ છે. જેઓનો ઉદેશ્ય અન્ય વેબ પોર્ટલો અને એપ્લિકેશન પર શૃંગારિક વીડિયો અથવા સોફ્ટ પોર્નનું મોનિટર કરવાનો હતો, જેથી એ સુનિશ્ચિત થઈ શકે તેઓએ કુંદ્રાની કંપનીમાંથી તેની ચોરી કરી નથી. કાયદાકીય ટીમને પોર્ટલ પર ધ્યાન રાખવાની સાથે પોર્ટલ પર ગુનાહિત માનહાનિ મુદ્દે નોટિસ મોકલી વળતરની માંગણી અંગેનું કાર્ય સોંપવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં આ લીગલ ટીમની પૂછપરછ કરવામાં આવી શકે. ત્રીજું વ્હોટસએપ્પ ગ્રુપ એચએસ ટેક ઓપરેશન નામનું હતું જેમાં અભિનેતા, કલાકારો, એડિટિંગ કરનાર, લોકેશન, ક્રૂ મેમ્બર અને તેમને લગતી નાણાંકીય બાબતો અંગે ચર્ચા કરવામાં આવતી હતી. મુંબઈ પોલીસે જણાવ્યું કે તેઓ ફક્ત આ વોટ્સએપ ચેટ્સ પર આધાર ના રાખી અન્ય લોકોની પણ પૂછપરછ કરશે જેઓ આ ગ્રુપના સભ્ય હોય અને જેના વિશે આ ગ્રુપમાં ચર્ચા કરવામાં આવી હોય. તેઓ વધુમાં કહે છે કે આ એચએસ ટેક ડાઉન ગ્રુપ વધુ મહત્ત્વનું સાબિત થશે કેમ કે તેના પરથી અમને ચોક્કસ સ્થિતિ વિશે જાણકારી મળી શકશે.

સરકારના જવાબના બીજા દિવસે કોરોનાથી મોત માટે લખનૌના પરિવારે ઓક્સિજનની અછતનો આરોપ મૂક્યો

(એજન્સી) લખનૌ, તા.૨૨

કેન્દ્ર સરકારે સંસદમાં જણાવ્યું હતું કે, કોરોનાને કારણે મૃત્યુ પામેલા લોકોની માહિતી રાજ્ય સરકારો આપે છે અને ઓક્સિજનની અછતને કારણે એક પણ મોત થયું નથી તેના બીજા જ દિવસે લખનૌના એક પરિવારે દાવો કર્યો છે કે, તેમના પરિવારના સભ્યનું મોત મહામારીની બીજી લહેર દરમિયાન ઓક્સિજન ગેસની કટોકટીને કારણે થયું હતું. પરિવારે કહ્યું કે, તેમના પ્રિયજનને ગુમાવ્યનો હજુ પણ દુઃખ છે જે ઓક્સિજનની અછતને કારણે મોતને ભેટ્યો હતો. લખનૌના સુભાષ માર્ગના રહેવાસી ૧૭ વર્ષના આરૂષ રસ્તોગીએ કહ્યું કે, કોરોનાની બીજી લહેર દરમિયાન પોતાની માતાને ગુમાવવા અંગેના કારણોને સમજી શકતો નથી. તેણે કહ્યું કે, તેની માતા ઓક્સિજનની અછતને કારણે મોતને ભેટી હતી. તેણે કહ્યું કે, માતા ૧૭મી એપ્રિલે કોરોનાગ્રસ્ત બની, તે હોમ આઈસોલેશનમાં હતા ત્યારે ઓક્સિજન લેવલ નીચું ગયું હતું. ખાનગી હોસ્પિટલોએ ઓક્સિજનની અછતને કારણે તેમને દાખલ કરવાનો ઈન્કાર કરી દીધો હતો. આરૂષ નાપિતા રાજેશ રસ્તોગીએ જણાવ્યું કે, મેડિકલ કિટ અને ઓક્જિસન સિલિન્ડર માટે તેમણે બધી જ જગ્યાએ ફાંફાં માર્યા. તેઓ માને છે કે, તેમની પત્ની સુધા ઓક્સિજનની અછત ના હોત તો બચી ગઈ હોત. બીજી તરફ લખનૌના કેટલાક લોકોએ કહ્યું છે કે, તેમના પરિવારના સાત સભ્યો ઓક્સિજનની અછતને કારણે મોતને ભેટ્યા હતા. સીમા નામની મહિલાએ આરોપ લગાવ્યો છે કે, તેમના પતિનું મોત ઓક્સિજનની અછતને કારણે જ થયું છે.

ન્યાયતંત્ર રાજકીય દબાણથી મુક્ત હોવું જ જોઈએ, બેવડી સિસ્ટમો નહીં હોવી જોઈએ : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ભારતમાં ન્યાયતંત્રમાં બેવડા સિસ્ટમો નહીં હોવા જોઈએ, એક ધનિકો માટે અને એક ગરીબો માટે, ન્યાયતંત્ર બધા માટે સમાન હોવો જોઈએ. કોર્ટે મધ્યપ્રદેશ સરકારની સખ્ત ટીકા કરતા કહ્યું કે, પોલીસ આરોપી ગોવિંદસિંઘને બચાવવા પ્રયાસો કરી રહી છે. ગોવિંદસિંઘ બી.એસ.પી.ના ધારાસભ્યના પતિ છે એમની ઉપર કોંગ્રેસ નેતા દેવેન્દ્ર ચૌરસિયાની હત્યાના આરોપો છે. સુપ્રીમ કોર્ટની બેન્ચના જજ ડી.વાય. ચંદ્રચૂડે કહ્યું, ન્યાયતંત્ર રાજકીય દબાણ અને પ્રભાવથી મુક્ત હોવો જોઈએ. સુપ્રીમ કોર્ટે સિંઘના જામીન રદ કર્યા હતા. કોર્ટે નોંધ્યું કે, પોલીસે જાણીબૂજી તપાસ કરવામાં વિલંબ કરી હતી જેની પાછળ એમનો ચોક્કસ ઉદ્દેશ્ય હતો. કોર્ટ આ હકીકતની ગંભીર નોંધ લીધી હતી કે, જેમાં પોલીસ અધિકારીઓએ આરોપીને રક્ષણ આપવા માટે ટ્રાયલ કોર્ટના જજ ઉપર દબાણો લાવવા પ્રયાસો કર્યા હતા. પોલીસ પોતે આરોપીની ધરપકડ ટાળી રહી હતી. એના માટે કોર્ટે ડી.જી.પી.ની પણ ટીકા કરી હતી. મૃત્યુ પામનાર કોંગ્રેસ નેતાના પુત્રએ રજૂઆત કરી હતી કે, ટ્રાયલ કોર્ટના જજ ઉપર બી.એસ.પી. ધારાસભ્યે દબાણો કર્યા હતા. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ન્યાયતંત્રની સ્વતંત્રતા બધા જજોની સ્વતંત્રતા સાથે સંકળાયેલ છે. સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ પોલીસને આરોપીની ધરપકડ માટે ૫મી એપ્રિલ સુધી સમય આપ્યો હતો, એ પછી સિંઘની ધરપકડ ૨૮મી મેના રોજ કરાઈ હતી.

જે લોકો ભારતીય વિરૂદ્ધ ઊભા થશે તેમને એન્કાઉન્ટરમાં ઠાર મરાશે : UPના મંત્રી આનંદ સ્વરૂપ શુકલાએ ઝેર ઓક્યું

(એજન્સી) તા.૨૨

જાણીતા શાયર મુનવ્વર રાણાના એક નિવેદન બાદ યોગી સરકારના મંત્રી આનંદ સ્વરૂપ શુકલાએ એક વિવાદાસ્પદ ટિપ્પણી કરતા કહ્યું કે, જે પણ લોકો ભારતીયોની વિરૂદ્ધ ઊભા થશે તેમને એન્કાઉન્ટર્સમાં મારી દેવામાં આવશે. મુનવ્વર રાણાએ કહ્યું હતું કે, જો યોગી આદિત્યનાથ ફરીવાર યુપીના સીએમ બનશે તો તેઓ પ્રદેશ છોડી દેશે. આનંદ સ્વરૂપ શુકલાએ મુનવ્વર રાણાના આ નિવેદનનો જવાબ આપતા કહ્યું છે કે, કેટલાક લોકો ૧૯૪૭માં ભારતના ભાગલા બાદ દેશને ફરી વહેંચવાના ષડ્યંત્રથી અહીં રોકાયા હતા, મુનવ્વર રાણા તેમાંથી એક છે. વિવાદાસ્પદ નિવેદન આપતા મંત્રી આનંદ સ્વરૂપ શુકલાએ કહ્યું, '૧૯૪૭માં જે મુસલમાન ષડ્યંત્ર હેઠળ ભારતમાં રોકાયા હતા તેઓ ભારતના ટૂકડા કરશે. મુનવ્વર રાણા તેમાંથી એક છે. એ તમામ લોકો જે ભારતીયોની વિરૂદ્ધ ઊભા થશે, એન્કાઉન્ટરમાં મારી દેવામાં આવશે. જે લોકો એ વાત કહી રહ્યા છે કે તેઓ યુપી છોડી દેશે, તેઓ સમજી લે કે આનો સમય આવી ચૂક્યો છે.' ઉલ્લેખનીય છે કે, છેલ્લા અનેક દિવસથી મુનવ્વર રાણા પ્રદેશમાં કાયદા વ્યવસ્થા સહિત તમામ મુદ્દાઓ પર યોગી સરકારની ટીકા કરી રહ્યા છે. હાલમાં જ મુનવ્વર રાણાના દીકરા તબરેજ રાણા પર પ્લાન્ડ રીતે ખુદ પર હુમલો કરવાનું જૂઠું ષડ્યંત્ર રચવાનો અને પોતાના સંબંધીઓને ફસાવવાના પ્રયત્નનો આરોપ લાગ્યો છે. આ મામલે ગત રાત્રે રાણાના ઘરે પોલીસ પણ પહોંચી હતી, જેને લઈને ઘણો વિવાદ થયો હતો. રાણાએ તમામ ઘટનાક્રમો વચ્ચે કહ્યું હતું કે, જો યોગી આદિત્યનાથ ફરીવાર યુપીના સીએમ બનશે તો તેઓ પ્રદેશ છોડી દેશે. તેમણે એ પણ કહ્યું હતું કે, આવું થવા પર તેઓ માની લેશે કે યુપી હવે મુસલમાનોના રહેવા લાયક પ્રદેશ નથી રહ્યો.

મીડિયા ગ્રુપ દૈનિક ભાસ્કર અને ઉત્તરપ્રદેશની એક ચેનલ પર ઈન્કમટેક્સના દરોડા

(એજન્સી) તા.૨૨

આજે સવારે મીડિયા જૂથ દૈનિક ભાસ્કર અને ઉત્તરપ્રદેશ સ્થિત એક ન્યૂઝ ચેનલની ઓફિસો પર ઈન્કમટેક્સના દરોડા પાડવામાં આવ્યા હતા. દૈનિક ભાસ્કર જૂથ પર કરચોરીનો આરોપ મૂકવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. લગભગ ૧૦૦ ઈન્કમટેક્સ અધિકારીઓએ દિલ્હી, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને મહારાષ્ટ્રમાં દૈનિક ભાસ્કરના લગભગ ૩૦ સ્થળોએ તપાસ શરૂ કરી હતી. આ જૂથના પ્રમોટરોના ઘરો અને કચેરીઓ પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. દૈનિક ભાસ્કરના વરિષ્ઠ સંપાદકે એનડીટીવીને જણાવ્યું હતું કે, આ જૂથની જયપુર, અમદાવાદ, ભોપાલ અને ઈન્દોરની કચેરીઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ઉત્તરપ્રદેશની એક ટેલિવિઝન ચેનલ, ભારત સમાચાર પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર કરવેરાના દસ્તાવેજોની તપાસ માટે આવકવેરાની એક ટીમે તેની લખનઉ ઓફિસ અને સંપાદકના ઘરની પણ તલાશી લીધી હતી. સૂત્રોએ દાવો કર્યો હતો કે, આ દરોડા ચેનલ દ્વારા ''કરચોરીના નિર્ણાયક પુરાવા'' પર આધારિત હતા. ઉલ્લેખનિય છે કે, ભારત સમાચારના તાજેતરના અહેવાલમાં યુપી સરકારની ટીકા કરવામાં આવી છે. વિપક્ષે સરકાર પર એવો આરોપ લગાવ્યો છે કે, આ દરોડા સરકાર દ્વારા કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન કરવામાં આવેલા ''ગેરવહીવટ'' અંગેના અહેવાલો સાથે જોડાયેલા છે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ આ પગલાને લોકશાહીને દબાવવાનો ક્રૂર પ્રયાસ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, હું આ કૃત્યની કડક નિંદા કરૂં છું અને આ સત્ય બહાર લાવતા અવાજોને દબાવવા માટે કરવામાં આવ્યું છે. આ એક ગંભીર ઉલ્લંઘન છે, જે લોકશાહીના સિદ્ધાંતોને નબળા પાડે છે. મીડિયામાં કામ કરતા દરેક લોકોએ મક્કમતા સાથે સામનો કરવો જોઈએ અને આપણે સાથે મળીને ક્યારેય પણ આ નિરંકુશ દળોને સફળ થવા દઈશું નહીં ! કોંગ્રેસના નેતા જયરામ રમેશે ટ્વિટ કર્યું હતું કે, ''રિપોર્ટિંગ દ્વારા દૈનિક ભાસ્કરે મોદી શાસનની કોવિડ-૧૯ રોગચાળાને લગતી ગેરરીતિનો પર્દાફાશ કર્યો છે. હવે તેઓ તેની કિંમત ચૂકવી રહ્યા છે. અરૂણશૌરીએ પણ કહ્યું છે કે, આ એક અનિયંત્રિત કટોકટી છે.'' રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે આ ઘટનાને મીડિયાના અવાજને દબાવવાનો પ્રયાસ ગણાવ્યો હતો. દૈનિકભાસ્કર અખબાર અને ભારત સમાચાર ન્યૂઝ ચેનલ પર આવકવેરાના દરોડાએ મીડિયાના અવાજને દબાવવાનો પ્રયાસ છે. મોદી સરકાર તેની આલોચના પણ સહન કરી શકતી નથી. પોતાની ફાશીવાદી માનસિકતાને લીધે, ભાજપ સત્ય અને લોકશાહી જોવા માંગતી નથી. દેશના સૌથી મોટા અખબાર જૂથો પૈકી એક, દૈનિક ભાસ્કર એપ્રિલ-મેમાં કોવિડની બીજી તરંગમાં વિનાશના સ્કેલના અહેવાલ આપવામાં મોખરે હતો. દૈનિક ભાસ્કરે આ રોગચાળામાં સરકારની નિષ્ક્રિયતા અને નિષ્ફળતા અંગેના શ્રેણીબદ્ધ અહેવાલો રજૂ કર્યા હતા. જેમાં રોગચાળા દરમિયાન રોગચાળાને નાથવાના નિષ્ફળ પ્રયાસોને કારણે સત્તાવાર દાવાઓની આલોચના કરવામાં આવી હતી. કારણ કે, લોકો ઓક્સિજન, હોસ્પિટલમાં જગ્યા અને રસીની તંગીને લીધે પરેશાન થયા હતા. એક અહેવાલમાં કોવિડ પીડિતોનાં મૃતદેહોની ગંગા નદીમાં તરતા હતા અને ઉત્તરપ્રદેશ અને બિહારના નગરોના કાંઠે મૃતદેહોનું ભયંકર દૃશ્ય જોવામાં આવ્યું હતું, સંભવત અંતિમ સંસ્કાર માટેના સાધનોના અભાવે આવું થયું હતું. આ અહેવાલોમાં યુપીમાં નદીના છીછરા પાણી અને કિનારા પર દફનાવવામાં આવેલા મૃતદેહો બહાર આવી ગયા હતાં. એક મહિના પહેલાં, ન્યુ યોર્ક ટાઈમ્સે, દૈનિક ભાસ્કરના સંપાદક ઓમ ગૌરની ભારતમાં કોવિડના મૃત્યુ અંગેનો લેખ પ્રકાશિત કર્યો હતો, જેનું શીર્ષક હતુંઃ ''ગંગા ઈઝ રીટર્નિંગ ધ ડેડ. ઈટ ઈઝ નોટ લાઇ''. સરકારના કોરોના વાયરસને નિયંત્રિત કરવા અંગે અભિપ્રાયનો આ લેખ ખૂબ જ ટીકાત્મક હતો. તેમણે લખ્યું હતું કે, ભારતની નદીઓ એ પવિત્ર નદીઓ કરતાં હવે ''મોદી પ્રશાસનની નિષ્ફળતાઓ અને કપટ માટેનું પ્રદર્શન'' બની ગઈ હતી.

હિંદીના અગ્રણી સમાચારપત્રોએ પત્રકારો, નેતાઓ તેમજ અન્ય ભારતીયોની જાસૂસીના સમાચારને મહત્ત્વ ન આપ્યું

પરંતુ ભાસ્કર જૂથે પ્રથમ પાને આ સમાચારને લીડ બનાવી સમગ્ર પ્રકરણ વિશે વિસ્તૃત માહિતી આપી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

પત્રકારો, મંત્રીઓ, વિપક્ષી નેતાઓ, ન્યાયતંત્ર સાથે સંકળાયેલા લોકો, ઉદ્યોગપતિઓ, સરકારી અધિકારીઓ અને કર્મશીલો સહિત ૩૦૦થી વધુ ભારતીયોની ઈઝરાયેલમાં નિર્મિત પ્રણાલી વડે જાસૂસી કરવાના સમાચારોને ધ વાયર અને અન્ય ૧૬ સહયોગી મીડિયા સંસ્થાઓએ રવિવારે એક સાથે પ્રકાશિત કર્યા હતા. પરંતુ હિંદીના કેટલાક અગ્રણી સમાચારપત્રોએ આ સમાચારને પ્રકાશિત કર્યા ન હતા અથવા તો તેમને મહત્ત્વ આપ્યું ન હતું. મોટાભાગના હિંદી સમાચારપત્રોએ આ સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું ન હતું, તો કેટલાકે અંદરના પાનાઓ પર તેમને દબાવી દીધા હતા. પરંતુ કોવિડ-૧૯ની બીજી લહેર પછી સરકારી તેમજ વહીવટી અવ્યવસ્થાઓનું રિપોર્ટિંગ કરવા મુદ્દે ખૂબ જ ચર્ચિત બનેલા દૈનિક ભાસ્કરે આ સમગ્ર જાસૂસીકાંડને પ્રથમ પાને અગ્રિમતા આપી હતી. ભાસ્કરે આ સમાચારને લીડ બનાવવાની સાથે-સાથે આ સમગ્ર પ્રકરણ વિશે વિગતવાર માહિતી પણ આપી હતી. ભાસ્કરે આ સમજાવવાનો પણ પ્રયત્ન કર્યો હતો કે, પેગાસસ સોફ્ટવેર કેવી રીતે કામ કરે છે.

સરકારનો કોવિડ-૧૯ના કારણે ''સૌથી ઓછો મૃત્યુદર'' હોવાનો રિપોર્ટ : ભ્રામક

(એજન્સી) તા.૨૨

તાજેતરમાં મીડિયો રિપોર્ટમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો કે ચાલી રહેલ પેનેડેમિક દરમિયાન ભારતમાં કોવિડ-૧૯ના કારણે લાખોની સંખ્યામાં મૃત્યુ થયા હોવા છતાં સરકાર આંકડા છુપાવતા એવું નિવેદન આપી રહી છે કે કોવિડ-૧૯ના કારણે સૌથી ઓછી સંખ્યામાં મૃત્યુ થયા છે. નવી દિલ્હીં ભારતમાં કોવિડ-૧૦ના કારણે થયેલ મૃત્યુની સંખ્યા ''મોટા પ્રમાણમાં ઓછી ગણતરી'' દર્શાવવાના સંદર્ભમાં મીડિયા દ્વારા કરવામાં આક્ષેપને નકારતા સરકારે ગુરૂવારે જણાવ્યું કે એમ માની લેવું કે કોવિડ-૧૦ મૃત્યુદરના આંકડા છુપાવાવમાં આવી રહ્યા છે તે ખોટું છે કેમકે તે તથ્યો પર આધારિત નથી કેમકે સિસ્ટમમાં ક્યાંક ભૂલ થઈ હોય પરંતુ મોટાપાયે થયેલ મૃત્યુના આંકડામાં ફેરબદલ થઈ શકે નહિ. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે ભારતમાં મજબૂત અને કાયદા આધારિત મૃત્યુ નોંધણીને ધ્યાનમાં રાખતા કેટલાક છૂટા છવાયા કિસ્સાઓને બાદ કરતા કેમ કે તેમાં કોવિડ-૧૯ના આધારે મૃત્યુ અથવા તો પહેલેથી કોઈ બીમારી હોવાના કારણે મૃત્યુ થવાની સંભાવનાને નકારી શકાય નહિ. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે કેટલાક તાજેતરના મીડિયા અહેવાલમાં એવા આક્ષેપ કરવામાં આવ્યા છે કે આ ભયંકર રોગચાળા દરમિયાન ભારતમાં કોરોના કારણે થયેલ મૃત્યુની સંખ્યા લાખોમાં હોઈ શકે છે, આ અહેવાલ મુજબ સત્તાવાર રીતે કોવિડ-૧૯ની મૃત્યુ ગણતરીને ''મોટા પ્રમાણમાં ઓછી ગણતરી'' દર્શાવી છે. આ સમાચારમાં કેટલાક તાજેતરના અભ્યાસના તારણોને ટાંકીને અમેરિકા અને યુરોપિયન દેશોના વય-વિશિષ્ટ સંક્રમણ દરનો ઉપયોગ ભારતમાં સેરો-પોઝિટિવિટીના આધારે વધુ મૃત્યુની ગણના કરવાના કહેવામાં આવ્યું છે. અહેવાલના આધારે કરેલ નિવેદન મુજબ મૃત્યુદરના તમામ આંકડા કોવિડ-૧૯ મૃત્યુના જ છે જે તથ્યો આધારિત નથી અને સંપૂર્ણપણે ભ્રામક છે. અધિક મૃત્યુદર એ એક શબ્દ છે જે એ દર્શાવવા માટે કરવામાં આવેલ છે આ જ મૃત્યુ કોવિડ-૧૯ના કારણે થયા છે જે ભ્રામકતા દર્શાવે છે. ભારત પાસે સંપૂર્ણ વ્યૂહ રચના છે. તે તમામ પ્રાથમિક સ્તરે લક્ષણો નજરે પડે ત્યારે કોવિડ-૧૯ ટેસ્ટ ચકાસવામાં આવેલ છે. લક્ષણો નજરે પડતા ફક્ત રેપિડ ટેસ્ટના આધારે તપાસ ના કરી આરટી-પીસીઆર દ્વારા કોવિડ-૧૯ની ધારાધોરણ મુજબ સત્યતાનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. ઉપરાંત દેશોમાં ૨૭૦૦ કરતાં વધુ પ્રયોગશાળાઓની મોટાપાયે ઉપલબ્ધતા છે જ્યાં કોઈપણ સરળતાથી પરીક્ષણ કરાવી શકે છે. આ સિવાય લક્ષણો અંગેની જાણકારી અને પ્રાથમિક ચિકિત્સા બાબતે અભિયાન ચલાવવામાં આવ્યું હતું જેથી એ સુનિશ્ચિત કરવામાં સરળતા રહે કોવિડ-૧૯ છે કે પછી અન્ય કોઈ અન્ય બીમારી છે. જો કોવિડ-૧૯ હોય અને તેને હોસ્પિટલમાં લઈ જવાની જરૂરિયાત જણાતા તે સુવિધા મળે તેનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. ભારતમાં મજબૂત અને કાનૂન આધારિત મૃત્યુ નોંધણી થતી હોવાથી કોરાના કે અન્ય કોઈ બીમારીના લીધે મૃત્યુ બાબતે ગેરરીતિ થવાની આશંકા નહિવત છે. મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું કે મૃત્યુદર બાબતે એવું જોવા મળ્યા મુજબ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં તે ૧.૪૫ ટકા હતો અને એપ્રિલ-મે ૨૦૨૧ની બીજી લહેરમાં તેમાં અણધાર્યો વધારો થયા બાદ આજે મૃત્યુદર ૧.૩૪ ટકા જેટલો છે. ભારતમાં જન્મ અને મૃત્યુની યોગ્ય રીતે નોંધણી કરવામાં આવે છે. દેશમાં તમામ સ્થળ પર થયેલા જન્મ અને મૃત્યુની નોંધણી અવશ્યપણે થતી હોવાથી કોવિડ-૧૯ ના કારણે થયેલ મૃત્યુદરના આંકડા છુપાવી શકાય નહિ.

કોવિડ નિયમોના ભંગ બદલ ધરપકડ કરાયેલ વ્યક્તિને કોર્ટે દિલ્હી રમખાણ કેસમાં ૧૦ મહિના પછી નિર્દોષ ઠરાવી છોડી મૂકી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ગયા વર્ષે કોવિડના લીધે લાગુ કરાયેલ લોકડાઉન દરમિયાન ઘરેથી બહાર નીકળી મિત્રો સાથે મળવા બદલ સુરેશને ૧૦ મહિના સુધી જેલમાં રહેવું પડ્યું હતું જેના લીધે એમનું કુટુંબ ઘણી જ મુશ્કેલીઓમાં મૂકાઈ ગયું હતું. છેવટે દિલ્હીની કોર્ટે એમણે નિર્દોષ ઠરાવી છોડી મૂકવા હુકમ કર્યો હતો. એમની ધરપકડ ૭મી એપ્રિલ ૨૦૨૦માં થઈ હતી અને એમને ૨૫મી ફેબ્રુઆરીએ જામીન મળ્યા હતા. સુરેશની બહેન રેનુએ જણાવ્યું કે, માસ્ક નહીં પહેરવા બદલ પોલીસે એમની ધરપકડ કરી હતી. ધરપકડ પછી એમને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. જ્યારે બીજા દિવસે અમે પોલીસ સ્ટેશને ગયા ત્યારે પોલીસે અમને ધમકાવ્યા અને માસ્કનું મહત્ત્વ સમજાવ્યું. બીજા દિવસે અમે ગયા તો ખબર પડી કે એમને તિહારની જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. બે મહિના પછી અમને ચાર્જશીટ મળી હતી અમને આશ્ચર્ય થયું કે, એમની ઉપર દિલ્હી રમખાણોમાં લૂંટના આક્ષેપો મૂકાયા હતા. સુરેશ ઘરમાં કમાનાર વ્યક્તિ હતો એમના પિતા ઈ-રિક્ષા ચલાવે છે અને એમની માતા ઘર નોકરાણી તરીકે કામ કરે છે. રેનુએ કહ્યું કે, અમારી પાસે જામીન આપવાના ૧૫ હજાર રૂપિયા પણ ન હતા. પોલીસે આ પહેલાં જણાવ્યું હતું કે, સુરેશ તોફાની ટોળામાં સામેલ હતો. જે ટોળાએ દુકાન તોડી લૂંટી હતી. એમની સામે રમખાણો સંદર્ભિત આક્ષેપો મૂક્યા હતા. જો કે, કોર્ટે સુરેશને પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મૂકવા આદેશ કર્યો હતો.

પેગાસસ પ્રોજેક્ટ : ધ વાયર દ્વારા અત્યાર સુધીમાં જાસૂસી સૂચિના ૧૧૫ નામો જાહેર કરવામાં આવ્યા

(એજન્સી) તા.૨૨

છેલ્લા કેટલાક દિવસોમાં, ધ વાયર અને ૧૬ અન્ય મીડિયા સંગઠનોએ સાથે મળીને એવા લોકોના નામ જાહેર કર્યા છે કે જેઓ જાસૂસીના લિસ્ટમાં હતા અથવા ફોરેન્સલી એનએસઓ ગ્રુપના પેગાસસ સ્પાયવેરના ગ્રાહકો દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા. આ યાદીમાં રાજ્યના વડાઓ, રાજકીય વ્યક્તિઓ, કાર્યકરો, વિદ્યાર્થીઓ, વકીલો અને પત્રકારો અને અન્ય લોકોનો સમાવેશ થાય છે. ફ્રાન્સ સ્થિત મીડિયા બિન-નફાકારક સંસ્થા ફોરબિડન સ્ટોરીઝે ૫૦,૦૦૦ નંબરોના લીક થયેલ ડેટાબેસને એક્સેસ કર્યો હતો, જેને એનએસઓ ગ્રુપના ગ્રાહકો દ્વારા સર્વેલન્સ માટે નિશાન બનાવવામાં આવી શકે છે. ઈઝરાયેલની કંપની કહે છે કે આ અદ્યતન સ્પાયવેર ફક્ત ‘‘વિશ્વસનીય સરકારો’’ને જ વેચવામાં આવે છે, તેથી તે માનવું યોગ્ય છે કે આ વ્યક્તિઓ સરકાર અથવા લશ્કરી એજન્સીઓના લક્ષ્યાંક અથવા સંભવિત લક્ષ્યો હતા. પેગાસસ પ્રોજેક્ટ પર કામ કરતી ન્યૂઝ સંસ્થાઓએ ઓછામાં ઓછા ૧૦ દેશોમાં ૧,૫૦૦થી વધુ સંખ્યાના માલિકોને ઓળખવામાં સ્વતંત્ર રીતે સક્ષમ હતી. પેગાસસના નિશાન શોધવા માટે આ ફોનના ક્રોસ-સેક્શનની ફોરેન્સિકલી તપાસ કરવામાં આવી હતી. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ, ધ વાયર સાથે મળીને, ૧૦ ભારતીયોના ફોન ફોરેન્સિકલી તપાસ કરી શક્યું હતું, આ બધાનો કાં તો હેક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અથવા તેમાં સફળ સંકેતો દર્શાવવામાં આવ્યા હતા. આ ડેટાબેઝમાં નંબરો એ સૂચવતા નથી કે આ વ્યક્તિના ઉપકરણને સફળતાપૂર્વક લક્ષ્ય કરવામાં આવ્યું હતું. જ્યાં સુધી ફોરેન્સિક પરીક્ષણ દ્વારા પુરાવા ન મળે ત્યાં સુધી તે કહેવું અશક્ય છે કે કોઈ સફળ પ્રયાસ થયો છે. તેથી, સૂચિમાં દેખાતા નામોને અલગ પાડવું મહત્વપૂર્ણ છે. સંભવિત લક્ષ્ય એ છે કે જેની સૂચિમાં નંબર આવે છે, પરંતુ જેના ઉપકરણનું એમ્નેસ્ટી દ્વારા ફોરેન્સિક વિશ્લેષણ કરવામાં આવ્યું નથી. કોઈ વ્યક્તિને સફળ લક્ષ્ય તરીકે ત્યારે જ વર્ગીકૃત કરવામાં આવે છે, જો તેમના ફોનમાં સફળ હેકના પુરાવા દેખાય છે. હમણાં સુધી, ધ વાયર દ્વારા એનએસઓ જૂથના ગ્રાહકો દ્વારા દેખરેખ રાખવા માટેના લક્ષ્યો અથવા સંભવિત લક્ષ્યો હતા તેવા ૧૧૫ લોકોનાં નામ જાહેર થયા છે. તે બધા નીચે સૂચિબદ્ધ છે.

પત્રકારો

એમ.કે. વેણુ : ધ વાયરના સ્થાપક અને સંપાદક. તેમના ફોનનું ફોરેન્સિકલી પણ વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને તેમાં પેગાસસના ચિહ્ન મળી આવ્યા હતા. ઉપરાંત ઈન્ડિયન એક્સ્પ્રેસના સુશાંત સિંઘ, ધ વાયરના સ્થાપક સંપાદક, સિધાર્થ વર્દરાજન, પ્રંજોય ગુહા, એસ.એન.એમ. આબેદી, વિનિતા સિંઘ. સ્મિતા શર્મા. રોહિણી સિંઘ, દેવીરૂપા મિત્રા, પ્રશાંત ઝા, પ્રેમ શંકર ઝા, સ્વાતિ ચતુર્વેદી, રાહુલ સિંઘ, ઔરંગઝેબ નક્શબંદી, રીતિકા ચોપરા, મુઝમ્મિલ જલીલ, સંદીપ, મનોજ ગુપ્તા, જે. ગોપીકૃષ્ણ, સૈકેત દત્તા, ઈફ્તેખાર ગિલાની, મનોરંજન ગુપ્તા, સંજય શ્યામ, જશપાલ સિંઘ, રૂપેશ કુમાર, દીપક ગિડવાની સામેલ છે.

રાજકારણીઓ અને રાજકારણ સાથે સંકળાયેલા લોકો : રાહુલ ગાંધી, અલંકાર સવાઈ, સચિન રાવ, પ્રશાંત કિશોર, અભિષેક બેનરજી, અશ્વિની વૈષ્ણવ, પ્રહલાદસિંહ પટેલ, પ્રવીણ તોગડિયા, પ્રદીપ અવસ્થી, સંજય કચરુ, જી. પરમેશ્વરમ, સતિશ, વૈંક્ટેશ, મંજુનાથ સામેલ છે.

બંધારણીય અધિકારીઓ : ચૂંટણી પંચના ભૂતપૂર્વ કમિશ્નર, અશોક લેવાસા,

કાર્યકરો, વકીલો અને શિક્ષણવિદો : હની બાબુ, રોના વિલ્સન, આનંદ તેલતુંબડે, શોમા સેન, ગૌતમ નવલખા, અરુણ ફેરારિયા, સુધા ભારદ્વાજ, વેરનોન ગુંઝલ્વે, કે પવન, મિનલ ગડલિંગ, નિહાલસિંઘ રાઠોડ, જગદીશ, મારુતિ કુર્વકર, શૈલાની ગેરા, અંકિત અગ્રવાલ, જૈસન કુપર, રૂપાલી જાદવ, લાસુ નાગોટી, સોની સુરી, લિંગારામ, પ્રસાદ ચૌહાણ, રાકેશ રંજન, અશોક ભારતી, ઉમર ખાલિદ, અનિર્બન ભટ્ટાચાર્ય, બંજ્યોત્સના લહિરી (જે.એન.યુ.ના વિદ્યાર્થીઓ), બેલા ભાટિયા, શિવ ગોપાલ મિશ્રા, અંજની કુમાર, આલોક શુક્લા, સરોજ ગિરિ, શુભ્રાંશુ ચૌધરી, સંદીપકુમાર રાય, ખાલિદ ખાન, એસ.એ.આર. ગિલાની, જી, હરગોપાલ, વસંતા કુમારી, રાકેશ રાજન, જગદીપ છોકર

સામેલ છે.

અન્ય નાગરિકોમાં

સુપ્રીમ કોર્ટની એક ભૂતપૂર્વ કર્મચારી : આ મહિલાએ તે સમયે ભારતના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ પર જાતીય સતામણીનો આરોપ લગાવ્યો હતો. તેના પરિવારના કેટલાંક સભ્યો પણ સર્વેલન્સ માટેના સંભવિત લક્ષ્યાંક હતા.

ઉત્તરપૂર્વ ભારતના કેટલાક લોકોમાં સમજુ ભટ્ટાચાર્ય, અનુપ ચેટિયા, મલેમ નિંગથૌજા સામેલ છે. જેમાં નાગાલેન્ડના અમુક નેતાઓના નામ પણ સામેલ છે.

વૈજ્ઞાનિકો અથવા આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો : ગગનદીપ કાંગ, હારી મેનન,

વિશ્વના અન્ય નેતાઓમાં મેક્સિકોના પ્રમુખ, એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોર, ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન, પાકિસ્તાનનાં પ્રધાનમંત્રી ઈમરાનખાન, ઈજિપ્તના પ્રધાનમંત્રી મુસ્તુફા, મોરક્કોના પ્રધાનમંત્રી, સાદ-એડ્ડિન અલ ઓસમાની, ઈરાકના પ્રમુખ, બરામ સલીહ, દક્ષિણ આફ્રિકાના પ્રમુખ, સિરિલ રામાફોસા, મોહમ્મદ ચોથા, મોરોક્કોના રાજા, સાદ હરિરીઃ લેબનોનના પૂર્વ વડા પ્રધાન, રુહાકાન રૂગુંડાઃ યુગાન્ડાના પૂર્વ વડા પ્રધાન, નૌરડ્ડિન બેદુઈઃ અલ્જેરિયાના પૂર્વ વડા પ્રધાન, ચાર્લ્સ મિશેલઃ બેલ્જિયમના ભૂતપૂર્વ વડા પ્રધાન, જે હાલમાં યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ છે. પનાહુ સિનોવઃ અઝરબૈજાનના ભૂતપૂર્વ વડા પ્રધાન, ફેલિપ કેલ્ડેરોનઃ મેક્સીકનનાં પૂર્વ રાષ્ટ્રપતિ.

જમાલ ખાશોગી સાથે સંકળાયેલા લોકો

જમાલ ખાશોગી સઉદી સરકારના વિરોધી હતા જે વૉશિંગ્ટન પોસ્ટમાં લખતા હતા. તુર્કીમાં સઉદી દૂતાવાસમાં તેમની હત્યા કરવામાં આવી હતી અને હત્યારાઓને સઉદી સરકાર દ્વારા મોકલવામાં આવ્યા હતા. કેટલાક એવા લોકો કે જે તેમની સાથે સંકળાયેલા હતા અથવા તેમની મૃત્યુની તપાસના સંભવિત લક્ષ્યો હતા.

૧. હેટિસકેન્ગીઝ : ટર્કીશ ડોક્ટરેટ વિદ્યાર્થી જેની જમાલ ખાશોગી સાથે હતા અને તેના ફોનનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. **હનાન લેટરઃ** તેણીના લગ્ન ખાશોગગી સાથે થયા હતા. તેના ફોનનું ફોરેન્સિક વિશ્લેષણ પણ કરવામાં આવ્યું હતું. **વદાહ ખાનફર :** અલ જઝીરા ટેલિવિઝન નેટવર્કના પૂર્વ ડાયરેક્ટર જનરલ. તેમના ફોનનું ફોરેન્સિક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. **તુરનકિસ્લાકી :** એક તુર્કી પત્રકાર છે અને ઈરફાન ફિદાન જે ખાશોગીની હત્યાની તપાસનો હવાલો સંભાળતા તુર્કીના મુખ્ય ફરિયાદી છે.

દુબઈના શાસક સાથે જોડાયેલા વ્યક્તિઓ

૧. શેખ લતીફાઃ દુબઈના રાજવી પરિવારની સભ્ય અને યુએઈના વડા પ્રધાન શેખ મોહમ્મદ બિન રશીદ અલ-મકદૂમની પુત્રી. જ્યારે તેણીએ તેના પિતાની અટકાયતમાંથી ભાગી જવાનો પ્રયાસ કર્યો અથો ત્યારે તેને ગોવા નજીક ભારતીય દળોએ પકડી પાડીને દુબઈ પરત મોકલી હતી. અને **હયા બિન્ત હુસેનઃ** શેખ મોહમ્મદ બિન રાશિદ અલ-મકદૂમની પત્ની.

(સૌ. : ધ વાયર.ઈન)

અંતરિક્ષ પર્યટનના વિકાસ સાથે પર્યાવરણીય નુકસાન : રોકેટ સામાન્ય ફ્લાઈટ્સ કરતા પ્રતિ યાત્રી ૧૦૦ ગણું વધુ CO2 (કાર્બન ડાયોક્સાઈડ)નું ઉત્સર્જન કરે છે !

(એજન્સી) તા.૨૨

વર્જિન ગ્રુપના સ્થાપક સર રિચાર્ડ બ્રાન્સન અને એમેઝોનના ભૂતપૂર્વ સીઈઓ જેફ બેઝોસ વચ્ચે પ્રવાસીઓને અવકાશમાં સહેલ કરાવવા માટેની વ્યાવસાયિક દોડ શરૂ થઈ ગઈ છે. ૧૧ જુલાઈ રવિવારે, બ્રાન્સન તેના પાઈલટ વર્જિન ગેલેક્ટીક વીએસએસ યુનિટી સ્પેસ પ્લેનમાં અવકાશની ધાર સુધી પહોંચવા માટે ૮૦ કિ.મી. સુધી ગયા હતા અને એપોલો ૧૧ ચંદ્ર ઉતરાણની વર્ષગાંઠ નિમિત્તે બેઝોસનું સ્વાયત બ્લુ ઓરિજિન રોકેટ ૨૦ જુલાઈના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. આ પ્રક્ષેપણ ખૂબ જ શ્રીમંત પ્રવાસીઓ માટે એક સરસ ઓફર છે, ખરેખર બાહ્ય અવકાશમાં પહોંચવાની એક સોનેરી તક છે. બંને ટૂર પેકેજ મુસાફરોને શૂન્ય ગુરૂત્વાકર્ષણમાં લઈ જાય છે અને અવકાશથી પૃથ્વીની ઝલક જોવા માટે દસ મિનિટ જેવો ટૂંકો ગાળો આપે છે. એલોન મસ્કનું સ્પેસએક્સ તેના ક્રુ ડ્રેગન કેપ્સ્યુલ સાથે ૨૦૨૧માં ચારથી પાંચ દિવસની ભ્રમણકક્ષામાં લોકોને લઈ જશે.

આ અંતરિક્ષ પર્યટન ઉદ્યોગના પર્યાવરણીય પરિણામો શું હોઈ શકે છે ?

બ્લુ એન્જિન ૩ (બીઈ-૩) પ્રવાહી હાઈડ્રોજન અને પ્રવાહી ઓક્સિજન પ્રોપેલેન્ટ્સનો ઉપયોગ કરે છે. વીએસએસ યુનિટીએ નક્કર કાર્બન-આધારિત બળતણ, હાઈડ્રોક્સિલ-ટર્મિનેટેડ પોલિબ્યુટાડીન (એચટીપીબી) અને પ્રવાહી ઓક્સિડેન્ટ, નાઈટ્રસ ઓક્સાઈડનો સમાવેશ કરતાં એક વર્ણસંકર પ્રોપેલન્ટનો ઉપયોગ કર્યો હતો. ફરીથી વાપરી શકાય તેવા રોકેટની સ્પેસએક્સ ફાલ્કન શ્રેણી, પ્રવાહી કેરોસીન અને પ્રવાહી ઓક્સિજનનો ઉપયોગ કરીને ક્રૂ ડ્રેગનને ભ્રમણકક્ષામાં આગળ લઈ જશે. આ પ્રોપેલેન્ટ્સ બળતા ગ્રીનહાઉસ વાયુઓ અને હવાના પ્રદૂષકો પેદા કરે છે અને અવકાશમાં રોકેટ લોંચ કરવા માટે જરૂરી ઉર્જા પ્રદાન કરે છે. બીઈ-૩ પ્રોપેલન્ટમાં મોટી માત્રામાં પાણીની વરાળ ઉત્પન્ન થાય છે, જ્યારે વીએસએસ યુનિટી અને ફાલ્કન ઈંધણ બંનેના કમ્બશનથી કાર્બન ડાયોક્સાઈડ અને પાણીની વરાળ ઉત્પન્ન થાય છે. વીએસએસ યુનિટી દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા નાઈટ્રોજન આધારિત ઓક્સિડેન્ટ, નાઈટ્રોજન ઓક્સાઈડ, સંયોજનો પણ ઉત્પન્ન કરે છે જે પૃથ્વીની નજીકના વાતાવરણમાં વાયુ પ્રદૂષણ વધારે છે. આશરે બે તૃતિયાંશ પ્રોપેલન્ટ એક્ઝોસ્ટ સ્ટ્રેટોસ્ફિયર (૧૨ કિ.મી. -૫૦ કિ.મી.) અને મેસોસ્ફિયર (૫૦ કિ.મી.-૮૫ કિ.મી.)માં બહાર નીકળે છે, આ વાયુઓ આ વિસ્તારમાં ઓછામાં ઓછા બેથી ત્રણ વર્ષ સુધી રહી શકે છે. પ્રક્ષેપણ દરમિયાન અને પૃથ્વીના વાતાવરણમાં ફરીથી પ્રવેશ દરમિયાન ખૂબ ઉચ્ચ તાપમાન ધરાવે છે અને તે હવામાં સ્થિર નાઈટ્રોજનને પ્રતિક્રિયાશીલ નાઈટ્રોજન ઓક્સાઈડમાં ફેરવે છે. આ બધા વાયુઓ અને કણોની વાતાવરણ પર ઘણી નકારાત્મક અસર પડે છે. સ્ટ્રેટોસ્ફિયરમાં, નાઈટ્રોજન ઓક્સાઈડ અને અન્ય રસાયણો, જળની વરાળમાંથી ઓઝોન ૫ડમાંથી ઓક્સિજનમાં રૂપાંતરિત કરે છે, જે ઓઝોનના સ્તરને ઘટાડે છે, ઓઝોન સ્તર એ હાનિકારક UV



કિરણોત્સર્ગ સામે પૃથ્વી પર જીવનની રક્ષા કરે છે. જળ બાષ્પ (વરાળ) પણ આ વિસ્તારોમાં અવ્યવસ્થિત વાદળો ઉત્પન્ન કરે છે. વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ વધે તો ગરમીના ઉત્સર્જન સાથે, ગ્લોબલ વોર્મિંગમાં ફાળો આપે છે. વાતાવરણમાં ઠંડક પણ વધી શકે છે. કારણ કે, ઉત્સર્જિત જળ વરાળમાંથી નીકળેલા વાદળો જમીન પર આવતા સૂર્યપ્રકાશને અવકાશમાં પાછા પ્રતિબિંબિત કરે છે. ઓઝોનનું સ્તર ઓછું થતાં સૂર્યપ્રકાશ ઓછો શોષાય છે અને તેથી આ સ્તરના ક્ષેત્રફળને ઓછું ગરમ કરશે. વાતાવરણીય સ્તર પર રોકેટ પ્રક્ષેપણ કરવા માટે અને તેની એકંદર અસરને ઓછી કરવા માટે વિશિષ્ટ મોડેલિંગની જરૂર પડશે, જેથી આ જટિલ પ્રક્રિયાઓ અને પૃથ્વીના ઉપલા વાતાવરણમાં આ પ્રદૂષકોની સાંદ્રતા વધે નહીં તેનું ધ્યાન રાખી શકાય. આ અંતરિક્ષ પર્યટન ઉદ્યોગ વધુ વિકસિત થશે તેની સાથે પર્યાવરણની સ્પષ્ટ સમજ પણ એટલી જ મહત્ત્વપૂર્ણ છે. વર્જિન ગેલેક્ટીક એવી અપેક્ષા રાખે છે કે, તે દર વર્ષે ૪૦ જેટલી સ્પેસ ફલાઈટ ઓફર કરશે. બ્લુ ઓરિજિન અને સ્પેસ એક્સે હજી તેમની યોજનાઓની ઘોષણા કરી નથી. પરંતુ વૈશ્વિક સ્તરે, રોકેટ પ્રક્ષેપણોને ઓઝોન-ડિપ્લેટીંગ ક્લોરોફ્લોરોકાર્બન (સીએફસી) અને વિમાનમાંથી કાર્બન ડાયોક્સાઈડ જેવા અન્ય સ્રોતો સાથે સરખામણી કરવામાં આવે તો પર્યાવરણ પરની હાનિકારક અસરોમાં દર વર્ષે ૧૦૦ ગણો વધુ વધારો થશે. આ રોકેટ લોન્ચિંગ દરમિયાન, આ રોકેટ એ જ સમયગાળા દરમિયાન યુકેના સૌથી મોટા થર્મલ પાવર પ્લાન્ટ, ડ્રેક્સ કરતા ચાર અને દસ ગણું વધુ નાઈટ્રોજન ઓક્સાઈડ ઉત્સર્જન કરી શકે છે. લાંબા અંતરની ફ્લાઈટ કરતાં આ રોકેટો મુસાફરો દીઠ ૫૦થી ૧૦૦ ગણું વધારે કાર્બન ડાયોક્સાઈડનું ઉત્સર્જન કરશે. માટે આંતરરાષ્ટ્રીય નિયમનકારોએ આ નવીન ઉદ્યોગ શરૂ કરવા સાથે તેના પ્રદૂષણને યોગ્ય રીતે નિયંત્રિત કરવા માટે વિચારવું પડશે. વૈજ્ઞાનિકોને આ અબજોપતિ અવકાશયાત્રીઓની મુસાફરીની આપણા ગ્રહ પૃથ્વીના વાતાવરણ પર કેવી અસર પડશે તેની વધુ સારી સમજ મેળવવાની જરૂર છે.

નિર્દોષ હોવા છતાં UAPA હેઠળ ૪ વર્ષ જેલમાં રહેનાર ત્રિપુરાના મુસ્લિમની વ્યથા : ‘‘મારો વીતી ગયેલો સમય કોણ પરત આપશે ?’’

(એજન્સી) તા.૨૨

માર્ચ ૨૦૧૭માં ૩૭ વર્ષીય રિક્ષાચાલક અને ત્રિપુરાના અગરતલાના રહેવાસી હબીબ મિયાં માટે એક શુક્રવાર અપશુકનયાળ બની ગયો હતો. જ્યારે તે કામ માટે તૈયાર થઈ રહ્યો હતો, ત્યારે તેને સ્થાનિક પોલીસ મથકથી ફોન આવ્યો કે ઓળખ કાર્ડ સાથે પોલીસ સ્ટેશનમાં હાજર થાવ. આ કોલથી ચિંતિત, હબીબે પોલીસ સ્ટેશન જવાનું નક્કી કર્યું પરંતુ હબીબને ખબર ન હતી કે તેઓને પાછા આવતા ૪ વર્ષથી વધુ સમય લાગશે. ૨૮ ડિસેમ્બર, ૨૦૦૫ના રોજ યોજાયેલા ભારતીય વિજ્ઞાન સંસ્થા (આઈઆઈએસસી)ના કેમ્પસ બેંગલોર પરના હુમલાના કેસમાં હબીબની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટના બની એ પછી ૧૨ વર્ષ પછી તેની ધરપકડ કરવામાં આવી હતી. હબીબ પર કલમ ૧૨૦બી (ગુનાહિત ષડયંત્ર), ૧૨૧ (ભારત સરકાર વિરૂદ્ધ અભિયાન ચલાવવા અથવા ચલાવવાનો પ્રયાસ), ૧૨૧ એ (કલમ ૧૨૧ હેઠળ ગુનાઓનું કાવતરૂં), ૧૨૨ (હથિયારો એકત્રિત કરવા), ૩૦૭ (ખૂનનો પ્રયાસ) અને ૩૦૨ (ખૂન), ભારતીય આર્મ્સ એક્ટ, વિસ્ફોટક પદાર્થ અધિનિયમ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓની જોગવાઈઓ (નિવારણ) અધિનિયમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. બેંગલુરૂની જેલમાં ૪ વર્ષથી વધુ સમય સુધી રહ્યા બાદ, રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ)ની વિશેષ અદાલતે જૂન ૨૦૨૧માં હબીબને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યો હતો. એનઆઈએ કોર્ટે તારણ કાઢ્યું હતું કે આ કેસમાં આરોપી વિરૂદ્ધ પુરાવાના અભાવ છે, જેના લીધે હબીબને મુક્ત કરવામાં આવે છે. ૨૦૦૭માં તેની ધરપકડના સમયે હબીબના ઘરે તેની પત્ની, માતાપિતા અને ૪ વર્ષનો પુત્ર હતો. તેમના કુટુંબના કહેવા મુજબ, હબીબના બીમાર પિતા તેમના પુત્રને મળવાની રાહ જોતા જ હતાશામાં ગુજરી ગયા હતા. હબીબને તેના વકીલ દ્વારા તેના પિતાના અવસાન વિશે માહિતી આપવામાં આવી હતી. તેણે કહ્યું કે ‘‘આ સમાચાર સાંભળીને હું લાચાર હતો. તેમના માટે રડવું અને પ્રાર્થના કરવા સિવાય હું કંઇ કરી શક્યો નહીં,’’ પરિવારે કહ્યું કે ચાર વર્ષના કેદ દરમિયાન પરિવાર હબીબ માટે તેમની ખરાબ આર્થિક સ્થિતિને કારણે કઈ કરી શક્યો નહીં. હબીબ તેના ઘરથી ત્રણ હજાર કિલોમીટર દૂર બેંગ્લોરની જેલમાં કેદ હતો. ટુ સર્કલ.નેટ સાથે વાત કરતા, હબીબના ભાઈ ઈદ્રીસે કહ્યું કે, "હબીબની કેદને કારણે હબીબનો પરિવાર ભયાનક પરિસ્થિતિમાં આવી ગયો હતો. જો કે, અમે જાણતા હતા કે તે નિર્દોષ છે અને અમે ક્યારેય વિશ્વાસ ગુમાવ્યો નથી." ઈદ્રીસે કહ્યું કે તેઓ મુક્ત થતાં અમે રાહત અનુભવી રહ્યા છીએ પરંતુ તેના ભવિષ્ય વિશે ચિંતા થાય છે અને તે હજી પણ આઘાતમાં છે. બેંગલુરૂ સ્થિત વકીલ, જે હબીબનો કેસ લડી રહ્યા હતા, એવા એડ્વોકેટ તાહરે કહ્યું કે, "ભારતના ઈતિહાસમાં આ પહેલો એવો ઉચ્ચ કેસ છે જેમાં આરોપીને મુક્ત કરવામાં આવેલ છે, કારણ કે હબીબ વિરુદ્ધ પોલીસ દસ્તાવેજોમાં કોઈ આરોપો મળ્યા નથી." એડવોકેટ તાહરે કહ્યું કે આ એવો એકમાત્ર કેસ નથી જ્યાં સુનાવણીમાં વિલંબ થતાં આરોપીને જેલમાં સમય પસાર કરવો પડ્યો છે. આવા ઘણા કિસ્સા છે." એડવોકેટ તાહરે કહ્યું કે

તેમણે એક જાહેર હિતની અરજી (પીઆઈએલ) દાખલ કરી છે, જેમાં કોર્ટે એનઆઈએની વિશેષ અદાલતને નિર્દેશો આપ્યા છે કે આવા કિસ્સાઓમાં કલમ ૯૦૯ હેઠળ રોજ સુનાવણી થવી જોઈએ. હબીબ જે યાતનાઓ માંથી પસાર થયો છે તેના વિશે તે વાત કરવા અથવા વિચારવા માંગતો નથી. હબીબ એક દૈનિક વેતન કામ કરનાર હતો, હબીબના કહેવા પ્રમાણે, તેને હંમેશા કહેવામાં આવતું હતું કે તેનો કેસ ચાલે છે. તેમણે ગુસ્સામાં કહ્યું કે, ‘‘મારા જીવનના ચાર વર્ષ કિંમતી નષ્ટ થઈ ગયાં છે’’ અને કહ્યું, ‘‘હું કાંઈ જ કામ કરી શકતો નથી.’’ હબીબ તે સમયને યાદ કરે છે જ્યારે તેને બેંગ્લોરની જેલમાં લઈ જવામાં આવ્યો હતો. "મેં તેમને મને શા માટે લઈ જવામાં આવી રહ્યો છે એ પૂછ્યું હતું પરંતુ મને કોઈ જવાબ આપવામાં આવ્યો ન હતો." પોતાની ચિંતાઓ જણાવતાં હબીબે કહ્યું કે, ‘‘મારે મારા પરિવાર માટે આજીવિકા કમાવવાની છે. મારા પુત્રનો અભ્યાસ આગળ વધારવાનો છે. મારૂં ઘર ખરાબ હાલતમાં છે. મારો વીતી ગયેલો સમય કોણ પરત આપશે?’’ હબીબ તેની બિમાર માતા વિશે પણ ચિંતિત છે અને તે કામ કરવા માંગે છે જેથી તેણીની સંભાળ લઈ શકે. હબીબે કહ્યું કે તે ક્યારેય જામીન પર બહાર આવવા માંગતો ન હતો અને માત્ર નિર્દોષ સાબિત થયા પછી જ જેલની બહાર આવવા માંગતો હતો. તેણે કહ્યું કે ‘‘મેં ક્યારેય વિશ્વાસ ગુમાવ્યો ન હતો. હું હંમેશા જાણતો હતો કે હું એક દિવસ નિર્દોષ મુક્ત થઈશ.’’ હબીબે કહ્યું કે આ કેદને કારણે તેને અને તેના પરિવારજનોએ જે માનસિક આઘાતનો સામનો કર્યો હતો તે શબ્દોમાં વર્ણવી શકાય નહીં. ભારતીય મુસ્લિમો પર આતંકવાદના આરોપો હેઠળ ખોટી રીતે કેસ નોંધાયેલા કેસો વિશે વાત કરતા, જમિઅતે ઉલેમા એ હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદનીએ કહ્યું કે "મુસ્લિમો પ્રત્યે મીડિયાનું પક્ષપાતી વલણ ચિંતાજનક છે. તેમની ધરપકડના સમાચારોનો સર્વત્ર પ્રચાર કરવામાં આવી રહ્યો છે જ્યારે તેમના નિર્દોષ જાહેર થવાના સમાચારને મીડિયામાં સ્થાન આપવામાં આવતું નથી."

બહુચર્ચિત પેગાસસ સ્પાયવેર વિશે જાણવા જેવી મહત્ત્વપૂર્ણ માહિતી : એ તમારા મોબાઈલમાં ઈન્સ્ટોલ કરવામાં આવ્યો છે તે કેવી રીતે જાણી શકાય

પેગાસસ સ્પાયવેર એ ફોનમાં રહેલ એપ્લિકેશન્સ અને ટૂલ્સની નબળાઈઓનો ઉપયોગ કરીને તમારા ફોન પર ગુપ્ત રીતે ઈન્સ્ટોલ થઈ શકે છે, આ રીતે એ તમારી જાસૂસી કરવા માટે તમારા પોતાના ફોનનો ઉપયોગ કરે છે. આજે વૈશ્વિક સ્તરે તેની ચર્ચા કરવામાં આવી રહી છે. તે વ્યક્તિઓની આઝાદી અને લોકશાહી અધિકારને હાનિ પહોંચાડે છે. આ સ્પાયવેર શું છે તેના વિશે અહી જાણકારી આપવામાં આવી છે.



પેગાસસ સ્પાયવેર શું છે ?

પેગાસસ એક સ્પાયવેર (દૂષિત સૉફ્ટવેર) છે જે વપરાશકર્તાને તેના વિશે જાણ્યા વગર તેના મોબાઈલ ફોન પર ઈન્સ્ટોલ કરી શકાય છે તે એપલ આઈઓએસ અને એન્ડ્રોઈડ ડિવાઈસેસને લક્ષ્ય બનાવી શકે છે, અને આઈઓએસ ૧૪.૬ સહિત નવીનતમ આઈઓએસ સંસ્કરણોને પણ ભેદી શકે છે. આ સ્પાયવેર તમારા ફોનના કેમેરાનો ઉપયોગ કરી શકે છે, અને તમારા સંદેશાઓની કોપી કરીને આગળ મોકલી શકે છે.

આ સ્પાયવેર શું કરી શકે ?

તે ઈમેઈલ્સ, ટેક્સ્ટ સંદેશાઓ અને તમે કરેલી વેબ શોધ સહિત તમારા ફોનનાં તમામ સંદેશાઓને મોનિટર કરી શકે છે. તે તમારા સ્થાનની ઓળખ કરીને વપરાશકર્તાને ટ્રેક કરવામાં મદદ કરી શકે છે અને તમારા કોલ્સને પણ ટ્રેક કરી શકે છે. તમારા ફોનનો ઉપયોગ તમારી જાસૂસી કરવા માટે કરવામાં આવે છે, કારણ કે ફોનના કેમેરા અને માઈક્રોફોનનો ઉપયોગ સર્વેલન્સ માટે થાય છે.

આ સ્પાયવેર આઈફોનને કેવી રીતે ઈન્ફેક્ટ કરે છે ?

તે આઈફોન પર ડાઉનલોડ કરેલી એપ્લિકેશનોની નકલ કરે છે. એ પછી તે એપલ સર્વર્સનો ઉપયોગ કરીને પુશ સૂચનાઓ દ્વારા આગળ વધે છે. સ્પાયવેર ફોટો એપ્લિકેશન, એપલ મ્યુઝિક એપ્લિકેશન અથવા ઝીરો-ક્લિક iMessage દ્વારા પણ તમારા ફોનમાં આવી શકે છે. iMessage એ એક એપલ ઈન્ક દ્વારા વિકસાવવામાં આવેલ ઈન્સ્ટન્ટ મેસેજિંગ સર્વિસ છે જે આઈપેડ, ઓએસ, મેકોઝ, આઈઓએસ જેવા એપલ પ્લેટફોર્મ્સ પર કામ કરવા માટે ૨૦૧૧માં શરૂ કરવામાં આવી હતી.

પેગાસસ સ્પાયવેર કોણે બનાવ્યું છે ?

એક ઈઝરાયેલી કંપની એનએસઓ જૂથ દ્વારા પેગાસસ સ્પાયવેર બનાવવામાં આવ્યું છે. આ કંપનીને ક્યૂ સાયબર ટેકનોલોજી તરીકે પણ ઓળખવામાં આવે છે. તેના વિકાસકર્તાઓ દ્વારા પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ આતંકવાદી સંગઠનો અને ગુનેગારોને નિશાન બનાવવા માટે ન્યાયી ઠેરવવામાં આવ્યો હતો, પરંતુ હવે તે અનેક સરકારો દ્વારા તેમના વિરોધીઓ તેમજ પત્રકારોની જાસૂસી કરવા માટે પણ સરમુખત્યારવાદી નેતાઓ દ્વારા વાપરવામાં આવે છે. માનવાધિકાર જૂથ એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે આ મહિનામાં આ માહિતી સામે લાવવામાં મદદ કરી હતી કે રાજકીય વિરોધીઓ, ટીકાકારો અને પત્રકારોને લોકશાહી સિદ્ધાંતોના ઉલ્લંઘન સાથે નિશાન બનાવવા માટે આ સ્પાયવેરનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે.

તમારા ફોનમાં પેગાસસ સ્પાયવેર છે કે નહીં તે કેવી રીતે શોધી શકો છો ?

જો પેગાસસ સ્પાયવેર તેમાં ઈન્સ્ટોલ થયેલ હોય તો તમારો ફોન સામાન્ય કરતા ધીમો ચાલે છે. તેની કામગીરીમાં નોંધપાત્ર ઘટાડો દેખાય છે અને એપ્લિકેશન્સનો ઉપયોગ કરતી વખતે ફોન ક્રેશ થવાની સંભાવના પણ હોય છે.

પેગાસસ સ્પાયવેર કેવી રીતે શોધી શકાય છે ?

મોબાઈલ વેરિફિકેશન ટૂલકિટ (એમવીટી) નામનું એક સાધન પેગાસસ સ્પાયવેરને શોધી શકે છે. તે તમને તે જાણવામાં સહાય કરી શકે છે કે પેગાસસ સ્પાયવેર તમારા ફોન પર જાતે ઈન્સ્ટોલ થયું છે અથવા નહીં. ઈઝરાયેલના એનએસઓ ગ્રુપે તેને ૨૦૧૬માં વિકસિત કર્યું હતું. સૌ પ્રથમ તેની જાણ ૨૦૧૮માં થઈ હતી જ્યારે ઈઝરાયેલમાં માનવાધિકાર કાર્યકર્તાનો ફોન પેગાસસ સ્પાયવેર દ્વારા લક્ષ્યાંક કરવામાં આવ્યો હતો. વ્યક્તિઓ અને સંગઠનોને લક્ષ્યાંક બનાવીને તેમના પર દેખરેખ રાખવાની પેગાસસ સ્પાયવેરની ક્ષમતાઓને કારણે તેની લોકપ્રિયતામાં વધારો થયો છે. ઓગસ્ટ ૨૦૨૦માં, એનએસઓ ગ્રુપે, શાસન વિરોધી તત્વો અને બિન-મૈત્રીપૂર્ણ રાષ્ટ્રો પર દેખરેખ જાળવવામાં મદદ માટે યુનાઈટેડ આરબ અમીરાતને આ સ્પાયવેર વેચી દીધાના અહેવાલ છે. આ શક્તિશાળી સ્પાયવેર ઓછામાં ઓછા બે સરળ રીતે તમારા ફોનમાં આવી શકે છે. જ્યારે કોઈ ટેક-દૂષિત લિંક્સ પર ક્લિક કરવા માટે કહેવામાં આવે છે જે નકારી શકાય છે - પરંતુ હવે પેગાસસ ચેપ ‘‘ઝીરોક્લીક’’ હુમલા દ્વારા થઈ શકે છે, જેમાં કોઈપણ વપરાશકર્તાની ક્રિયાપ્રતિક્રિયાની જરૂર નથી. આ ઝીરો-ક્લિક સુરક્ષા ભંગ મેઈલ એપ્લિકેશન્સ, P2P ડિવાઈસ પ્રોટોકોલ્સ, વ્હોટ્સએપ અથવા ગ્રાફિક્સ લાઈબ્રેરી દ્વારા થઈ શકે છે. એક સરળ અનુત્તરિત વોટ્સએપ કોલ દ્વારા પણ તમારા ડિવાઈસ પર પેગાસસ સ્પાયવેર ઈન્સ્ટોલ કરવામાં આવી શકે છે. આવા સાઈબર હુમલાઓ ઘણી વાર ‘‘ઝીરોડે’’ તરીકે ઓળખાતી ઉપકરણની અન્ય નબળાઈઓ પર આધાર રાખે છે, જે મોબાઈલ ઓપરેટિંગ સિસ્ટમની છટકબારી છે જેના વિશે ફોનના ઉત્પાદક જાણતા હોતા નથી.

(સૌ. : ન્યુ ઈન્ડિયન એક્સપ્રેસ)

DMKના ધારાસભ્ય નવો ચીલો ચાતરે છે : તેમણે શાળાની દીવાલ પરથી પોતાના જન્મદિનના પોસ્ટરો ઉતરાવી લીધા

(એજન્સી) તા.૨૨

જ્યારે આજના યુગમાં રાજકારણીઓ ખુશામતખોરી અને પોતાના વખાણથી ખુશ થાય છે ત્યારે ડીએમકેના એક ધારાસભ્ય એવા છે કે જેમણે શાળાની બહારની દીવાલ પર પોતાના જન્મદિનના લાગેલા પોસ્ટરો હટાવડાવી લીધાં હતાં. કુલ્ટીહલાઈ મતક્ષેત્રના ડીએમકેના ધારાસભ્ય આર મનીકમ તામિલનાડુના આ શહેરમાં પોતાના ૬૨માં જન્મદિનની ઉજવણી કરતાં પોસ્ટરો જોઈને એટલા રોષે ભરાયાં હતાં કે તેમણે કારમાંથી નીચે ઉતરીને ઉપર ઊભા રહીને પોતાના પોસ્ટરો હટાવડાવી લીધા હતા. તેમણે પૂછ્યું હતું કે આ પોસ્ટરો કોણે લગાવ્યાં છે ? મને આ પસંદ નથી. જ્યાં સુધી શાળાની દીવાલો પરના તમામ પોસ્ટરો હટાવી નહીં લેવાય ત્યાં સુધી હું અહીં જ રહીશ. તેઓ એક કલાક ઊભા રહ્યાં હતાં અને તમામ પોસ્ટરો હટાવી લીધાં હતાં. તેમણે ડીએમકેના સ્થાનિક કાર્યકરને બોલાવીને આ પ્રકારના પોસ્ટરો લગાવવા બદલ તેમને ખખડાવ્યાં હતાં. તેમણે શાળાની દીવાલને નવેસરથી કલર કરવાનો પણ આદેશ કર્યો હતો. મનીકમે જણાવ્યું હતું કે હું મારો જન્મદિવસ ક્યારેય મોટા તાયફા સાથે ઉજવતો નથી. જન્મદિવસની ઉજવણી એ અંગત મામલો હોય છે. જ્યારે મને ખબર પડી કે કેટલાક લોકોએ ટ્રાફિક

અવરોધાય એ રીતે ફ્લેક્સ બનેરો લગાવ્યાં છે ત્યારે મેં સ્થાનિક પોલીસને બોલાવીને આ બેનર્સ દૂર કરાવ્યાં હતાં. જ્યારે કેટલાક ટેકેદારો તેમને જન્મદિવસની શુભેચ્છાઓ આપવા તેમના કાર્યાલય પર ગયા ત્યારે મનીકમે તેમને કેટલાક છોડ આપીને તેમના ઘરે વૃક્ષારોપણ કરવા સલાહ આપી હતી.

રાજ્યભરમાં ઈદ-ઉલ-અઝહાની આન-બાન-શાન સાથે ઉજવણી

ભાવનગર : ભાવનગર શહેર જિલ્લામાં ઈદ-ઉલ-અઝહાનો તહેવાર ઊજવવામાં આવ્યો હતો.

ભાવનગર શહેરના નવાપરા વિસ્તારમાં આવેલ ઈદગાહમાં ૮થી ૧૦ મુસ્લિમ બિરાદરોએ ઈદની ખાસ નમાઝ અદા કરી હતી તેજ રીતે શહેર જિલ્લાના તમામ મુસ્લિમ બિરાદરોએ વહેલી સવારે ઈદની નમાઝ અદા કરી એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી. આજે ઈદના દિવસે હિન્દુ બિરાદરોએ પણ મુસ્લિમ બિરાદરોને ઈદની મુબારકબાદી પાઠવતા કોમી એકતા અને ભાઈચારાના દર્શન થયા હતા. તમામ મસ્જિદો તેમજ મુસ્લિમ બિરાદરોમાં પોલીસ બંદોબસ્ત અને પોલીસ પેટ્રોલિંગ પણ વહેલી સવારથી ગોઠવાયું હતું. ભાવનગર શહેરના મુસ્લિમ સમાજના આગેવાનો કરબા પ્રમુખ મહેબુબભાઈ શેખ, ઈકબાલભાઈ આરબ, કાળુભાઈ બેલીમ સહિતનાઓએ તમામ બિરાદરોને ઈદની મુબારકબાદી પાઠવી હતી.

ડભોઇ : ડભોઈમાં વસતા મુસ્લિમ બિરાદરોએ સરકારની ગાઈડલાઈન મુજબ ઈદગાહમાં મૌલાના અબ્દુલ્લા ભરૂચી દ્વારા ઈદની નમાઝ પઢવામાં આવી હતી, જુમ્મા મસ્જિદ ખાતે મૌલાના અનવર અશરફીએ ઈદ-ઉલ-અઝહાની નમાઝ અદા કરાવી હતી. નમાજ બાદ સમગ્ર દેશમાં કોરોના વાયરસ દૂર થાય તેમજ પહેલાની જેમ લોકો પોતાનું હશી ખુશીથી જીવન જીવી શકે તેમજ પરસ્પર પ્રેમ સહદયતા અને દેશ પ્રેમ વધારો થાય તે માટે ખાસ દુઆ કરવામાં આવી હતી સાથે સાથે મૌલાના દ્વારા દીન દુનિયાની સેવા કરવા પણ અનુરોધ કર્યો હતો નમાઝ અદા કર્યા પછી મુસ્લિમ બિરાદરો એકબીજાને મુબારકબાદી પાઠવી હતી. જિલ્લા પોલીસવડા સુધીરકુમાર દેસાઈના માર્ગદર્શન હેઠળ ડીવાય.એસ.પી કે.વી.સોલંકીની સૂચના મુજબ ડભોઈ પીઆઇ જે.એમ.વાઘેલાએ ડભોઈમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો શાંતિપૂર્ણ રીતે ઈદની ઉજવણી સંપન્ન થઈ હતી.

ટંકારીઆ : ટંકારીઆ નગરમાં બકરી ઈદની ઉજવણી કોમી એખલાસ સાથે શાંતિપૂર્વક કરવામાં આવી હતી. મુસ્લિમ બિરાદરોએ સવારે ઈદની નમાજ વહેલી સવારે અદા કરી હતી. તેમજ સરકારના કોરોના મહામારીના બહાર પડેલા જાહેરનામા અનુસાર સોશ્યિલ ડિસ્ટન્સ જાળવી એકબીજાને ઈદની મુબારકબાદીઓ પાઠવી હતી. પાલેજ મથકના પી.એસ.આઈ. રજીયાએ કોઈ અનિચ્છનીય બનાવ ના બને તે માટે સવારથી જ ગામમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આમ ટંકારીઆ તથા ગ્રામ્ય વિસ્તારોમાં ઈદની ધામધૂમથી શાંતિભર્યા વાતાવરણમાં ઉજવણી કરી હતી.

ડીસા : સરકારી ગાઈડલાઈન અનુસાર શહેરની મસ્જિદોમાં નમાઝ અદા કરાઈ હતી આ પ્રસંગે સૈયદ હઝરત મોહંમદઅલી બાવા તથા હઝરત હસનઅલી બાવાએ ઉપસ્થિત લોકોને ઈદ-ઉલ-અઝહાની ઉજવણી સાદગીથી કરવા તથા હઝરત મોહંમદ પયગમ્બર(સ.અ.વ) સાહેબે બતાવેલા ગુણો જીવનમાં ઉતારી ગરીબ ગુરબા આડોસી પાડોશી યતીમોને સાચવી અરસપરસ ની મોહબ્તો એકબીજાના દિલમાં ઉતારી ઈદની ઉજવણી કરવા જણાવ્યું હતું આ પ્રસંગે હિન્દુ ભાઈઓએ મુસ્લિમ ભાઈઓને ઈદ મુબારક પાઠવી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા. જયારે મક્કા મસ્જિદ ખાતે મૌલાના શૌકતઅલી અકબરીએ દેશમાં ફેલાયેલી કોરોના જેવી મહામારીની બીમારી મુક્ત ભારત થાય તેવી તથા દેશમાં અમન ભાઈચારો જળવાઈ રહે તે માટે ખાસ દુઆ ગુજારવામાં આવી હતી નમાઝ બાદ મુસ્લિમ ભાઈઓએ કબ્રસ્તાન જઈ પોતાના પૂર્વજનોને યાદ કરી એકબીજાને અરસપરસ ઈદ મુબારક પાઠવી હતી.

સુરેન્દ્રનગર : સુરેન્દ્રનગર જિલ્લામાં ઈદ-ઉલ-અઝહાની આન-બાન-શાન સાથે ઉજવણી કરવામાં આવી હતી. વઢવાણ, પાટડી, ધ્રાંગધ્રા, દસાડા, જૈનાબાદ, લીંબડી, લખતર, ચોટીલા સહિતના ગામોમાં શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી. સુરેન્દ્રનગર શહેરમાં કોમી એકતાના રાહબર હાજી સૈયદ બાપુના નિવાસસ્થાને મુસ્લિમો તથા હિન્દુઓ મુબારક બાદી આપવા ઊમટી પડ્યા હતા. મસ્જિદોમાં સોશિયલ ડિસ્ટન્સ સાથે નમાઝ અદા કરવામાં આવી હતી. શહેરની જુમ્મા મસ્જિદ ખાતે પેશઈમામ હાજી હનીફ બાપુએ ઈદની નમાઝ પઢાવી હતી. આમ સુરેન્દ્રનગર જિલ્લામાં ઈદ-ઉલ-અઝહાની આનંદ ઉલ્લાસના માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી.

વીરપુર : વીરપુર નગરનાં મુસ્લિમ સમાજ દ્વારા ઈદ-ઉલ અઝહાની હર્ષોલ્લાસ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી વહેલી સવારે મુસ્લિમ બિરાદરોએ નગરની મસ્જિદો ઈદની ખાસ નમાજ અદા કરી હતી નમાજ બાદ મુસ્લિમ બિરાદરોએ એક-બીજાને ગળે લગાડી ઈદ-ઉલ અઝહાની મુબારકબાદી પાઠવી હતી તેમજ કબ્રસ્તાનમાં જઈ મર્હુમોની કબરો પર ફૂલ ચડાવી, ફાતીહા પઢી ખાસ દુઆઓ કરવામાં આવી હતી ઈદના પર્વને લઈ સવારથી જ મુસ્લિમ વિસ્તારોમાં રોનક જોવા મળી હતી જ્યારે ઈદનો તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાઈ તે માટે પોલીસ તંત્ર દ્વારા જુદી-જુદી મસ્જિદો અને મુસ્લિમ રહેણાંકવાળા વિસ્તારોમાં સતત પોલીસ પેટ્રોલીંગ અને બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

વડોદરા શહેર- જિલ્લા ખાતે "ઈદ ઉલ અઝહા"ના તહેવારની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની નમાઝ અદા કરવામાં આવી હતી. શહેરના ગીચ એવા માંડવી વિસ્તારમાં મુસ્લિમ બિરાદરો એકઠા થઈ સોશ્યિલ ડિસ્ટન્સ જાળવી નમાઝ અદા કરી હતી. દરવર્ષે ફતેગંજ નરહરી સર્કલ ખાતે સામૂહિક ઈદની નમાઝનું આયોજન કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે કોરોનાની મહામારીને ધ્યાને લઈ સરકાર દ્વારા જે ગાઈડલાઈન આપવમાં આવી છે તેને અનુલક્ષીને આ વર્ષની ઈદની નમાઝ નરહરી સર્કલ ખાતેના ઈદગાહ મેદાનમાં મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત કોરોના મહામારીના વાતાવરણ વચ્ચે મુસ્લિમ વિસ્તારોમાં સુરક્ષિત રીતે ઈદની ઉજવણી કરવામાં આવી હતી. મુસ્લિમ વિસ્તારોમાં ઈદ મેળાનું આયોજન કરવામાં ટાળ્યું હતું. તેમજ સાદાઈથી કુરબાની કરી શ્રદ્ધાપૂર્વક બકરી ઈદની ઉજવણી કરવામાં આવી હતી.

હિંમતનગર : સાબરકાંઠા જિલ્લામાં મુસ્લિમ બિરાદરોએ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરી ઉજવણી કરી હતી. સૌ કોઈ મુસ્લિમ બિરાદરોએ દિવસ દરમિયાન પોતાના ઘરમાં જ ઈદ-ઉલ-અઝહાની નમાઝ અદા કરી પ્રાર્થના કરી હતી. હિંમતનગર શહેરમાં અલીફ મસ્જિદ, ખજુરી મસ્જિદ, મદીના મસ્જિદ સહિતની મસ્જિદોમાં ખાસ નમાજ અદા કરવામાં આવી હતી. આ ઉપરાંત ઇડર, પ્રાંતિજ, તલોદ સહિત હિંમતનગર તાલુકાના વિરપુર, પરબડા, સવગઢ, સતનગર, લાલપુર, ગઢા, કિશોરગઢ, કેશરપુરા, માનગઢ, ઈલોલ સહિતના ગામોમાં મુસ્લિમ બિરાદરોએ નમાજ અદા કરી બકરી ઈદની ઉજવણી કરી હતી.

જે.બી.સી.એલ. અને કેમીનોવા એફ.એમ.સી. કંપની દ્વારા

અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલને લાખોના સાધનોની સહાય

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર જે. બી. કેમિકલ એન્ડ ફાર્માકિયુટીકલ્સ દ્વારા રૂ.૨૩ લાખના ખર્ચે એક ચેલેન્જર્સ મેઈક સી-આર્મ મશીન અર્પણ કરવામાં આવ્યું હતું તથા કેમીનોવા એફ.એમ.સી. કંપની દ્વારા રૂ. ૬૦ લાખના ખર્ચે જર્મન મેઈક સર્જીકલ માઈક્રોસ્કોપ શ્રીમતી જયાબેન મોદી હોસ્પિટલને અર્પણ કરવામાં આવ્યા હતા. જે પ્રસંગે જે. બી. કેમિકલના સીઈઓ ચોપડા, વા. પ્રેસિડેંટ ભરત ઘાનાની તથા કેમીનોવા એફ.એમ.સી.ના સીઈઓ મનોજ ખન્ના અને તેમના સભ્યો જૂથ યોગેશ ત્રિવેદી તથા અજય ભાંરબેની ઉપસ્થિતિમાં શ્રીમતી જયાબેન મોદી હોસ્પીટલના દર્દીઓની ઘનિષ્ઠ સરવાર માટે મશીનો અર્પણ કરવામાં આવ્યા હતા.

(તસ્વીર- અયાઝ શેખ, અંકલેશ્વર)

પોતાના મત વિસ્તારની શાળાઓ મર્જ નહીં કરવા ભાજપના ધારાસભ્યની શિક્ષણ મંત્રીને રજૂઆત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૨

વડોદરાના સાવલીના ભાજપના ધારાસભ્ય કેતન ઈમાનદારે શિક્ષણમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં તેમને પોતાના મત વિસ્તારમાં આવેલ શાળાઓ મર્જ નહીં કરવા જણાવ્યું છે. તેમણે આ રજૂઆત કરતાં પત્રમાં જણાવ્યું હતું કે જો શાળા મર્જ કરવામાં આવશે તો વિદ્યાર્થીઓનો ડ્રોપઆઉટ રેશિયો વધી શકે છે. આ મુદ્દે પ્રાપ્ત વિગતો અનુસાર સાવલીના ભાજપના ધારાસભ્ય કેતન ઈમાનદારે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને પત્ર લખ્યો છે. જેમાં તેમણે રજૂઆત કરતાં જણાવ્યું છે કે, હાલ સરકાર દ્વારા ઓછા બાળક હોય તેવી શાળાઓ મર્જ કરવાની છે. પરંતુ શાળાઓ મર્જ થાય તો બાળકને એક ગામથી બીજા ગામે જવું પડે એમ છે. મારો મત વિસ્તાર ભૌગોલિક દૃષ્ટિએ ખૂબ મોટો છે. જેમાં ૧૧૪ ગ્રામ પંચાયત છે. એક ગામથી બીજા ગામનું અંતર પણ ખૂબ વધારે છે. જેથી ગામની બહાર બાળકોને શિક્ષણ માટે મોકલવા શક્ય નથી.

વધુમાં તેમણે પત્રમાં જણાવ્યું હતું કે, વાલીઓ બાળકને શિક્ષણ માટે બીજા ગામે મોકલી શકે તેમ નથી. આ અંગે વાલીઓ દ્વારા અનેક વખત રજૂઆત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે શાળાઓમાં અત્યારે ડ્રોપ આઉટ રેશિયો પણ વધી રહ્યો છે. તમામ બાબતોને જોતા શાળાઓ મર્જ ના કરવી જોઈએ. તેમજ શિક્ષણનું સ્તર સુધારવા માટે શાળાઓમાં વધુ શિક્ષકો મૂકવા જોઈએ.

આ અંગે મિડિયા સાથે વાત કરતાં ધારાસભ્ય કેતન ઈમાનદારે જણાવ્યું હતું કે, મારા મત વિસ્તારમાં ૨૫૨ સ્કૂલો આવેલી છે. જો શાળાઓ મર્જ કરવામાં આવશે તો બાળકોનો ડ્રોપ રેશિયો હજુ વધશે. શાળાઓ મર્જ કરવામાં આવે તો શાળાઓના બિલ્ડિંગ પણ એમ જ રહેશે જેથી શાળાઓ મર્જ કર્યા વિના વધારાના શિક્ષકોને શાળાઓમાં મૂકવા જોઈએ. જેથી શિક્ષણનું સ્તર સુધરશે. ઉપરાંત શિક્ષકોને સારો પગાર આપવામાં આવે છે તો શિક્ષક પાસેથી બાળકોનું સારું પરિણામ મેળવવું જોઈએ તે માટે શિક્ષકો અને શાળાઓનું મોનીટરીંગ થવું જોઈએ તેવી તેઓએ સરકાર સમક્ષ માંગણી કરી હતી.

ચકચારી સ્વિટી પટેલ લાપતા પ્રકરણમાં

જ્યાંથી હાડકાં મળ્યા હતા તે અટાલી ગામે કાઈમ બ્રાન્ચે તપાસ કરી પંચનામું કર્યું

પીઆઈ દેસાઈના કરજણ સહિત નિવાસસ્થાનની મુલાકાત લીધી

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૨

રાજ્યભરમાં ચકચાર મચાવી રહેલા સ્વિટી પટેલ કેસની તપાસ હવે અમદાવાદ કાઈમ બ્રાન્ચ કરી રહી છે. અમદાવાદ કાઈમ બ્રાન્ચના એ.સી.પી સહિતની ટીમ તપાસ અર્થે વડોદરા આવી પહોંચી હતી. જેમાં પી.આઈ અજય દેસાઈના કરજણ સ્થિત નિવાસ સ્થાન અને દહેજના અટાલી ગામ, જ્યાંથી માનવ હાળકા મળી આવ્યાં હતા, તે બન્ને સ્થળ તપાસ કરવામાં આવી હતી. તદઉપરાંત આ મામલે તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહીં છે. સ્વિટી પટેલ ગુમ મામલાની તપાસ કરી રહેલા અમદાવાદા કાઈમ બ્રાન્ચના ACP ડી.પી ચુડાસમાએ જણાવ્યું હતુ કે, આ કેસની તપાસ અમે હાથમાં લઈ શરૂ કરી છે. જેના અનુસંધાને આજ રોજ કરજણ સ્થિત સ્વિટી પટેલ અને અજય દેસાઈના નિવાસ સ્થાને તપાસ હાથ ધરવામાં આવી હતી. વધુમાં તેઓએ જણાવ્યું કે, જે સ્થળેથી (દહેજના અટાલી ગામે) હાડકા મળી આવ્યાં હતા. તે સ્થળની પણ તપાસ કરી પંચનામુ કરવામાં આવ્યું છે. આવતીકાલે ફોરેન્સિક રિપોર્ટ અંગે તપાસ કરવામાં આવશે. આ કેસના તમામ જરૂરી પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહીં છે.

ઉલ્લેખનીય છે કે, સ્વિટી પટેલ ગુમ થયા મામલે પોલીસે પતિ અજય દેસાઈનો પોલીગ્રાફી ટેસ્ટ અને નાર્કોટિસ્ટ કરાવ્યો હતો. જેના રિપોર્ટ પર સૌ કોઈની નજર છે. તેમજ આ કેસમાં દહેજ સ્થિત અટાલી ગામેથી મળેલા હાડકાની પુષ્ટી કરવા માટે DNA તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યાં છે. જોકે આ તમામ ફોરેન્સિક રિપોર્ટ આ કેસમાં મહત્વ સાબીત થશે.

અમરેલી : બાયોડીઝલનો ૨૭૦૦ લિટરનો ગેરકાયદેસર જથ્થો ઝડપાયો : ત્રણ પકડાયા

અમરેલી, તા.૨૨

અમરેલીના લાઠી રોડ ઉપર બાયો ડીઝલની ગેરકાયદેર હેરાફેરી કરી વેપલો કરતા હોવાની બાતમીના આધારે એલસીબીએ રેઈડ બાયો ડીઝલ લીટર ૨૭૦૦ કિંમત ૧.૮૯ લાખ તેમજ બે વાહનો અને ટાંકા સાથે ત્રણ શખ્સોને કુલ ૧૧.૬૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલીના લાઠી રોડ ઉપર જાનકી ઓઈલ મિલ સામે આવેલ જગ્યામાં બે વાહનોમાં પરમિશન કે લાયસન્સ વગર ગેરકાયદેસર બાયો ડીઝલનું વેચાણ અને હેરફેર થઈ રહયાની બાતમીના આધારે અમરેલી એલસીબી પીઆઈ આર.કે કરમટા તેમજ સ્ટાફે રેડ કરતા રેડ દરમ્યાન ગેરકાયદે બાયો ડીઝલ ભરેલ બે ટાંકા સહિતના વાહનો આઈસર અને ટાટા વાહનો સાથે હાજર ત્રણ ઈસમોને પકડી પાડેલ જેમાં દેવશી માયાભાઈ વાંકિયા, મિતેષ શંભુભાઈ જોગાણી અને મુકેશ રામજીભાઈ વાધેલા રહે ત્રણેય અમરેલી વાળાની ધરપકડ કરી ડીઝલ લીટર ૨૭૦૦ કિંમત રૂા.૧.૮૯ લાખ તેમજ બે વાહનો અને ટાંકા સહીત ૧૧.૬૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પકડાયેલ ઈસમોએ આ બાયો ડીઝલ ચાંદગઢ ગામના જીલુભાઈ પાસેથી લીધું હતું અને તેમણે રંઘોળા ચોકડી પાસેથી રામજીભાઈ નામના શખ્સ પાસેથી લીધેલ હોવાનું પોલીસ પૂછપરછમાં ખુલ્યું હતું.

સુરેન્દ્રનગરના ધોળી ધજા ડેમમાં વધુ એક યુવક ડૂબતા ચકચાર

સુરેન્દ્રનગર, તા.૨૨

વહેલી સવારે સુરેન્દ્રનગર જિલ્લાના બારેમાસ પાણીથી ભરપૂર રહેતા ધોળી ધજા ડેમમાં ૨૦ વર્ષના યુવક નાહવા ગયો હોય અને ડેમમાં ખાબક્યો હોય તેવા સમાચાર સુરેન્દ્રનગર ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આપવામાં આવ્યા છે ત્યારે હાલમાં સુરેન્દ્રનગર ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ છે અને તાત્કાલિક પણ આ યુવકની ધોળી ધજા ડેમમાંથી શોધખોળ શરૂ કરવામાં આવી છે ત્યારે પ્રાથમિક તપાસમાં મળતી વિગત અનુસાર પુષ્પરાજ સિંહ ઝાલા નામનો યુવક ડેમમાં નાહવા પડ્યો હતો અને જણાયા હોવાનું ફાયર બ્રિગેડની ટીમ દ્વારા જણાવવામાં આવ્યું છે.

હજાર કરોડના બેંક લોન કૌભાંડમાં

સાંડેસરા બંધુઓની સ્ટર્લિંગ બાયોટેકની સંપત્તિની ઓનલાઈન હરાજી કરાશે

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૨

વડોદરામાં એક સમયે જાણીતું નામ એવા નિતીન સાંડેસરા અને ચેતન સાંડેસરા દ્વારા સ્ટર્લિંગ બાયોટેક લી. શરૂ કરવામાં આવી હતી. જો કે, થોડાક સમય બાદ સાંડેસરા બંધુઓનું હજારો કરોડનું બેંક લોન કૌભાંડ સામે આવ્યું હતું. અને હાલ કંપની સામે ફડચાની કાર્યવાહી એનસીએલટી (NCLT)માં ચાલી રહી છે. ત્યારે હવે ફડચા અધિકારી એડવોકેટ મમતા બિનાનીની દેખરેખ હેઠળ કંપનીની રૂ. ૫૪૮ કરોડની સંપત્તિની ઓનલાઈન હરાજી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અંગે આજરોજ પબ્લિક નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

સ્ટર્લિંગ બાયોટેક લી.ના નિતીન સાંડેસરા અને ચેતન સાંડેસરાનું વડોદરા નહિ સમગ્ર રાજ્ય અને મુંબઈ તથા દિલ્હી સુધી દબદબો હતો. વડોદરામાં જાણીતા ગરબાનું આયોજન દર વર્ષો સાંડેસરા બંધુઓ દ્વારા કરવામાં આવતું હતું અને બિઝનેસ વર્તુળોમાં તેમની ભારે પકડ હતી. જો કે, સાંડેસરા બંધુઓનો દબદબો અને સ્ટર્લિંગ જુથની ખ્યાતી ઝાઝો સમય લાંબી ટકી ન હતી. સ્ટર્લિંગ બાયોટેક લી.ના સંચાલકો નિતીન સાંડેસરા અને ચેતન સાંડેસરા તથા સ્ટર્લિંગ જૂથની અન્ય કંપનીઓની મળીને હજારો કરોડ રૂપિયાનું બેંક લોન કૌભાંડ સામે આવ્યું હતું. જેમાં પ્રથમ સીબીઆઈ અને ત્યારબાદ દેશની અગ્રણી તપાસ સંસ્થાઓ તપાસાર્થે જોડાઈ હતી. હાલ સાંડેસરા બંધુઓ સહપરિવાર દેશની બહાર છે અને સરકારની પકડથી દૂર છે. વર્ષ ૨૦૧૯માં સ્ટર્લિંગ બાયોટેક લિ. સામે ફડચા અધિકારીની નિમણૂંક કરી દેવામાં આવી હતી. હાલ ફડચા અધિકારી તરીકે એડવોકેટ મમતા બિનાની છે. કંપની સામે એનસીએલટીમાં ફડચાની કાર્યવાહી ચાલી રહી છે. ત્યારે આજરોજ પ્રચાર માધ્યમોમાં પબ્લીક નોટીસ ઈશ્યુ કરવામાં આવી હતી. નોટીસ પ્રમાણે સ્ટર્લિંગ બાયોટેક લી.ની રૂા. ૫૪૮ કરોડની સંપત્તીનું ઓનલાઈન ઓક્સન એટલેકે ઓનલાઈન હરાજી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૯ સપ્ટેમ્બરના રોજ ઓનલાઈન હરાજી યોજાશે. ઓનલાઈન હરાજીમાં ભાગ લેવા માટે ઈચ્છતા લોકો ફડચા અધિકારીનો સંપર્ક કરી શકે છે.

વડોદરા રિક્ષા યુનિયન દ્વારા કલે.ને આવેદન

રીક્ષા અને અન્ય વાહનોમાં સીએનજી કિટની વ્યવસ્થા તથા સમય મર્યાદા વધારવા માંગ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨૨

ગુજરાત સરકારે રીક્ષા તેમજ અન્ય વાહનોમાં ફીટ કરેલી સીએનજી કીટનું ટેસ્ટિંગ કરવા માટેનો નવો નિયમ લાગુ કર્યો છે ત્યારે વડોદરા શહેરમાં ટેસ્ટિંગ માટે માત્ર ચાર પંપો છે જેથી અપૂરતી વ્યવસ્થા છે તે વધારવા તેમજ અને સમયમર્યાદા વધારવાની માંગણી સાથે વડોદરા ઓટોરિક્ષા પ્રગતિ યુનિયન દ્વારા દેખાવો અને સૂત્રોચ્ચાર યોજી જિલ્લા કલેકટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું.

ઓટો રીક્ષા પ્રગતિ યુનિયનના આગેવાન અશોક કહારે આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે વડોદરામાં ૩૦ હજારથી વધુ રીક્ષાઓ દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો રોજગારી મેળવી રહ્યા છે તે સમયે તાજેતરમાં હરિયાણામાં થયેલા ગમખ્વાર અકસ્માતને ધ્યાનમાં રાખી ગુજરાત સરકારે એક પરિપત્ર જાહેર કર્યો છે જેમાં રીક્ષા તેમજ અન્ય વાહનોમાં લગાવવામાં આવેલી સીએનજી કીટનું ટેસ્ટિંગ માટેનું જાહેરનામું બહાર પાડ્યું છે આ જાહેરનામાની સમયમર્યાદા વધારવામાં આવે તે જરૂરી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વડોદરામાં ટેસ્ટિંગ માટેના ચાર પમ્પ આવેલા છે. તેમાં રોજના સો વાહનોની ટેસ્ટિંગ કીટનું ચેકિંગ થાય છે જેથી અપૂરતી વ્યવસ્થા છે તેને કારણે રિક્ષાચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે ગુજરાત સરકારે વધુ ચાર મહિનાની મુદત વધારવી જોઈએ જેથી રિક્ષાચાલકને રાહત થશે.

મેઘરજ : ભેમાપુર ગામે

બે પુત્રો વચ્ચેના ઝઘડામાં વચ્ચે પડેલ માતાનું એક પુત્રએ ઢીમ ઢાળ્યું

મેઘરજ, તા.૨૨

મેઘરજ તાલુકાના ભેમાપુર ગામે એક મહિલાના બે પુત્રો અંદર-અંદર ઝઘડો કરતા હોવાની સાથે ભાઈઓની બબાલે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા પુત્રોના ઝઘડાઓ અટકાવવા વચ્ચે પડેલ માતાને ક્રોધમાં અંધ બનેલ પુત્રએ લાકડીના ઘા ઝીંકતા માતા ઢળી પડતા તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડી સારવાર કરાવી ઘરે લાવતા હતા ત્યારે અચાનક માતાનું મોત નિપજતાં ભારે ચકચાર મચી હતી.

ભેમાપુર ગામે પ્રતાપ રૂપાભાઈ કટારા અને ભરત રૂપાભાઈ કટારા નામના બંને ભાઈઓ અંદર અંદર ઝઘડો કરતા હોવાથી ઘરમાં રહેલ માતા મોંઘી બહેને બંને ભાઈઓ વચ્ચે ઝગડો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે પહેલા બંને ભાઈઓને અંદર-અંદર શું કામ બબાલ કરો છો શાંતિથી કેમ રહેતા નથી બને ભાઈઓના ઝગડો અટકાવવા વચ્ચે પડતા મોંઘીબેન કટારાના હાથે પ્રતાપ નામના પુત્રએ લાકડીના ફટકા મારતા વૃદ્ધ માતા ઈજાગ્રસ્ત થતા તાબડતોડ ભરતભાઈ અને અન્ય લોકો સારવાર કરાવવા દવાખાને ખસેડ્યા હતા સારવાર કરાવ્યા પછી અચાનક મહિલાનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી બે પુત્રોના ઝગડામાં મહિલા ઈજાગ્રસ્ત થતા મોતને ભેટી હોવાની જાણ મેઘરજ પોલીસને થતા તાબડતોડ ભેમાપુર ગામે પહોંચી મૃતક મહિલાની લાશને પીએમ ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

ડીસામાં ચોરીની ચાર બાઈક સાથે ત્રણ બાઈકચોર ઝડપાયા

ડીસા, તા.૨૨

ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશનના જવાનો શહેરમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન એસ.સી.ડબલ્યું. ચાર રસ્તા પાસેથી એક શંકાસ્પદ નંબર પ્લેટ વગરના બાઈક સાથે બે ઈસમો પકડી લીધા હતા. જેઓની પુછપરછ કરતા તેઓએ અલગ અલગ સમયે અલગ અલગ સ્થળેથી કુલ ચાર (૪) બાઈકની ચોરી કરી થરાદ મુકામે સહ આરોપીના ઘરે સંતાડી રાખેલ હોવાની કબૂલાત કરેલ. જે બાઈક પણ સી.આર.પી.સી કલમ ૧૦૨ મુજબ કબજે કરવામાં આવેલ અને ત્રણેય આરોપીઓને જેલ હવાલે કરી તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ.

ઝડપાયેલા આરોપી

(૧) હિતેશકુમાર સોનારામ ગેલોત (માળી) ઉ.વ-૨૨ રહે.આશાપુરા સોસાયટી, ભોયણ તા.ડીસા

(૨) અરવિંદભાઈ વિહાભાઈ રાવળ ઉ.વ. ૨૦ રહે.મોટી આખોલ પ્રાથમિક શાળાની પાછળ તા.ડીસા

(૩) હાર્દિક ઉર્ફે લાલો રાજુભાઈ ધોબી ઉ.વ. ૧૯ રહે. ચામુંડાનગર, થરાદ તા.થરાદ.

ધાર્મિક કાર્યક્રમ

નરસંડા દરગાહ પર સંદલ પેશ કરવાનો કાર્યક્રમ યોજાયો

નડિયાદ તાલુકાના નરસંડામાં આવેલ હઝરત સુલતાન શહીદ(ર.અ.)બાબાની દરગાહ પર સંદલ પેશ કરવાનો ધાર્મિક કાર્યક્રમ ઉજવાયો હતો.

આ કાર્યક્રમમાં ખલીફ એ શેખુલ ઈસ્લામ મોલાના સૈયદ તોફીક અલી, મૌલાના જેનું દિન, વોહરા અબ્દુલ કય્યુમ, મસ્જિદના મુત્વલી શેખ મેબુબ મિયા, સબ્બીર મિંયા સિકંદર મિયા મલેક, મૌલાના અનવર સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. (તસવીર : આરીફ મલેક, નડિયાદ)

સ્કૂલ બોર્ડની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર સામે મુસ્લિમ-દલિત કોર્પોરેટરોમાં રોષ

એએમસીમાં કોંગ્રેસના ૨૪ કાઉન્સિલરોમાંથી ૧૨ મુસ્લિમ અને ૬થી વધુ દલિત છે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૨

અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના ચેરમેન સહિત ૧૩ સભ્યોની વરણી માટે આગામી ૫ ઓગસ્ટના રોજ યોજાનારી ચૂંટણી માટે ભાજપના ૧૧ સભ્યોના અને કોંગ્રેસ તથા એઆઈએમઆઈએમના એક-એક સભ્યોએ ફોર્મ ભર્યા છે. એક બેઠકની અનુસૂચિત જાતિ અને જનજાતિની કેટગરી માટે ૧ ફોર્મ મેટ્રીકયુલન અથવા ઉચ્ચ શૈક્ષણિક લાયકાતની ત્રણ બેઠકો માટે ત્રણ ફોર્મ ભરાયા છે. જયારે સામાન્ય કેટેગરીમાં ૮ બેઠકો માટે ૯ ઉમેદવારી ફોર્મ ભરાતા ચૂંટણી યોજવાની નોબત આવી હતી. કોંગ્રેસના ઉમેદવાર જાહેર કરાયા બાદ લઘુમતી અને દલિત ઉમેદવારોમાં અંદરખાને નારાજગી જોવા મળી છે. એક તો મુસ્લિમ અને દલિત કાઉન્સિલરોની બહુમતી હોવા છતાં મુસ્લિમ સભ્યની બાદબાકી કરવામાં આવી છે. જયારે સ્કૂલ બોર્ડ જેવી શૈક્ષણિક સંસ્થામાં મ્યુનિસિપલ કાઉન્સિલર શરીફખાન પઠાણ (દૂધવાલા)ને મેદાનમાં ઉતાર્યા છે. જેઓ બી.એ., એલ.એલ.બી. છે. એઆઈએમઆઈએમએ ખૂબ ગણતરી સાથે સ્કૂલ બોર્ડમાં ઉમેદવારી નોંધાવી હતી. જૂની પરંતુ ભાજપે અંધી રાજરમત રમી એક અનામત બેઠક અને રાજય સરકાર દ્વારા નોમિનેટ ત્રણ બેઠકને ૧૨ સભ્યોની સંખ્યામાંથી બાદ કરી ૮ બેઠક પ્રમાણે ગણી ૧૯૨ કોર્પોરેટરોને ૮ વડે ભાગાકાર કરતા ગણતરી મુજબ કુલ મ્યુનિસિપલ કાઉન્સિલર ૧૯૨ને સ્કૂલ બોર્ડમાં લેવાની સભ્ય સંખ્યા ૧૨ સાથે ભાગવામાં આવે તો એક સભ્યને જીતવા ૧૬ કોર્પોરેટરના મત જોઈએ જે નિયમ વર્ષોથી ચાલતો હતો. વિરોધપક્ષ તરીકે ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર મૂકવા જોઈએ તેના બદલે ધોરણ ૧૨ પાસ કિરણકુમાર ઓઝાની પસંદગી કરાતા અન્ય સભ્યોમાં પણ નારાજગી જોવા મળી હતી. જયારે એઆઈએમઆઈએમએ પૂર્વ સભ્યને જીતવા ૨૪ મત જોઈએ. આ કૃત્યને એ આઈએ મઆઈએ મએ ગેરબંધારણીય ગણાવ્યું છે. આથી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સાબીર કાબલીવાલા કાયદાકીય સલાહ લઈ હાઈકોર્ટમાં પડકારે તેવી શકયતા છે.

અત્રે નોંધનીય છે કે એ આઈએ મઆઈએ મની ગણતરી એવી હતી કે કોંગ્રેસમાં હાલ વિપક્ષના નેતા મુદ્દે ભારે અસંતોષ છે. આ તકનો લાભ લઈ કોંગ્રેસ ૨૪ પૈકી પોતાના ઉમેદવારને ૧૬ મત આપે અને બાકીના ૮ દલિત મુસ્લિમ કોર્પોરેટરોના મત એઆઈએમઆઈએમ ઉમેદવારને આપે તો એક અપક્ષ મળી ૯ મત તથા એ આઈએ મઆઈએ મના પોતાના ૭ મત સાથે ૧૬ મત મેળવી એઆઈએમઆઈએમના ઉમેદવારને પણ જીતની શકયતા હતી પરંતુ અંતિમ સમયે ભાજપે આંકડાકિય માયાજાળ રચી આખું ગણિત બદલી નાખ્યુ હતું.

AIMIMએ પણ સ્કૂલ બોર્ડમાં ઉમેદવાર મૂકતા ચૂંટણી યોજવી પડશે જો કે ભાજપે નિયમ બદલતા AIMIM હાઈકોર્ટમાં જશે

ગરીબોની જીવાદોરી વી.એસ. હોસ્પિટલનું રૂા.૧૦૦ કરોડના ખર્ચે નવીનીકરણ કરાશે

જૂની વી.એસ.માં જે સારવાર થતી હતી તે તમામ આ નવી હોસ્પિટલમાં મળશે

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં જૂની વી.એસ. હોસ્પિટલને રૂા.૧૦૦ કરોડથી વધુના ખર્ચે નવી બનાવવાનું કામ મંજૂર કરવામાં આવ્યું હતું. જો કે, વી.એસ. હોસ્પિટલના ટ્રસ્ટીઓને જાણ કર્યા વિના સ્ટેન્ડિંગમાં આ કામ મૂકવામાં આવતા વિવાદ થવાની શકયતા છે. જો કે, નવું રૂપ ધારણ કર્યા બાદ વી.એસ. હોસ્પિટલમાં જૂની હોસ્પિટલમાં મળતી તમામ સારવાર મળશે તેવી ખાતરી આપવામાં આવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીમાં જૂની વીએસ હોસ્પિટલનું નવીનીકરણ કરવાનું કામ મંજૂર કરવામાં આવ્યું હતું. આખી વીએસ હોસ્પિટલને રૂા.૧૦૦ કરોડથી વધુના ખર્ચે નવી બનાવવામાં આવશે. જૂની ફજી હોસ્પિટલમાં જે સારવાર થતી હતી તે તમામ સારવાર આ નવી હોસ્પિટલમાં મળશે. સ્ટેન્ડીગ કમિટિ ચેરમેન હિતેશ બારોટે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં વીએસ હોસ્પિટલના નવીનીકરણ માટે રૂ. ૧૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. જેથી આજે સ્ટેન્ડિંગ કમિટિના સભ્યો દ્વારા આ મામલે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. જેની ચર્ચા થઈ હતી. વીએસ હોસ્પિટલના નવીનીકરણના કામને બોર્ડમાં લાવવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કમિશ્નરે વર્ષ

૨૦૨૧-૨૨ નું ૭૪૭૫ કરોડનું બજેટ રજૂ કર્યું હતું. જેમા વીએસ હોસ્પિટલના નવીનીકરણ માટે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરાઈ હતી. જયારે ૧૧૫ કરોડ રૂપિયા એલજી હોસ્પિટલના નવીનીકરણ માટે ફાળવવામાં આવ્યા હતા. અને ૯૫ કરોડ શારદા હોસ્પિટલના નવીનીકરણ માટે ફાળવવામાં આવ્યા હતા. મ્યુનિ. કમિશનરે રજૂ કરેલા અંદાજપત્રમાં ૧૧ નવા અર્બન હેલ્થ સેન્ટર બનાવવાનું આયોજન કરી રૂપિયા ૩૪૫ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. વીએસ હોસ્પિટલનું બજેટ રજૂ કરતાં પહેલા ટ્રસ્ટ પાસેથી ખર્ચ સહિતની વિગતો મંગાવાતી હોય છે. ટ્રસ્ટ દ્વારા પાસ થતું બજેટ સીધું સ્ટેન્ડિંગમાં અને ત્યાંથી સુધારા અને મંજૂરી બોર્ડ સમક્ષ મુકાયું હતું. પરંતુ આ વખતે કમિશનરે પોતાની રીતે ૧૦૦ કરોડની જોગવાઇ કરી છે.

રાજયમાં કોરોનાના કેસ ઘટવા છતાં ત્રીજી લહેરને લઈ સરકાર સાવધાન !

આગામી મહિનામાં આવતા તહેવારોમાં મેળાઓને મંજૂરી નહીં મળે તેવા સંકેત

આગામી ટૂંક સમયમાં સરકાર દ્વારા નિર્ણય લેવાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

રાજયમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડાને પગલે રોજના કેસો બહુ જ ઓછા થઈ જવા પામ્યા હોઈ લોકોની સાથે સરકારી તંત્ર પણ રાહત અનુભવી રહ્યું છે. જો કે સરકાર હજુ સાવધાની રાખી હોય તેમ આગામી સમયમાં રાજયમાં યોજાનાર જાહેર મેળાઓને આ વખતે પણ સરકાર દ્વારા મંજૂરી અપાશે નહીં તેવા સંકેતો પ્રાપ્ત થઈ રહ્યા છે. રાજયના મુખ્યમંત્રીના જ નિવેદન પરથી મેળાઓની મંજૂરી સામે હલ પ્રશ્નાર્થ ઊભો થવા પામ્યો હોય તેમ જણાય છે.

કેન્દ્ર સરકારે હાલમાં જ કહ્યું હતું કે, ઓક્સિજનની અછતથી દેશમાં કોઈનું મૃત્યુ થયું નથી ત્યારબાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ ગુજરાતમાં ઓક્સિજનની અછતથી એકપણ મૃત્યુ ના થયું હોવાનો દાવો કર્યો હતો. કોરોના સંદર્ભે રાજયના મુખ્યમંત્રી રૂપાણીએ કહ્યું કે, કોરોના હજી ગયો નથી અને ત્રીજી લહેરની સંભાવના છે ત્યારે આગામી મહિનાઓમાં આવતા તહેવારોમાં યોજાતા મેળાને કદાચ મંજૂરી ન પણ મળે. વિપક્ષ દ્વારા વિવિધ મુદ્દે ખોટા આક્ષેપો થતો હોવાનું પણ સીએમ રૂપાણીએ કહ્યું છે.

કોરોનાની બીજી લહેર દરમિયાન ગુજરાતમાં ઓક્સિજન ના પહોંચ્યો હોય અને દર્દીઓ મૃત્યુ પામ્યા હોય તેવો એકપણ બનાવ ના બન્યો ન હોવાનું સીએમ રૂપાણીએ જણાવ્યું છે. વિપક્ષ લોકોને ભ્રમિત કરવા ખોટી વાતો ફેલાવે છે અને વ્યવસ્થા પૂરતી હતી, તેમ રૂપાણીએ ઉમેર્યું. આપણે ઈચ્છીએ કે, કોરોનાની ત્રીજી લહેર ના આવે અને ભીડ એકત્ર ના થાય તે બાબત સરકારની પ્રાથમિકતા છે. તેથી આગામી સમયમાં યોજાનારા મેળાને મંજૂરી નહીં મળે તેવા સંકેત રૂપાણીએ આપ્યા હતા. જન્માષ્ટમી સહિતના મેળાઓ ઓગસ્ટ મહિનાથી શરૂ થતાં હોવાથી આ મુદ્દે આગામી સમયમાં નિર્ણય લેવાશે. મુખ્યમંત્રી રૂપાણીએ જૂનાગઢની મુલાકાત વેળાએ આપેલા નિવેદનમાં આ પ્રકારનો ઈશારો સ્પષ્ટ થઈ રહ્યો હોત. તેમણે જૂનાગઢના જાણીતા સ્થળોને સમગ્ર સૌરાષ્ટ્રના ટૂરિઝમ વિકાસ અને સર્કિટને જોડવા અને પર્યટકો માટે સુવિધા વધારવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું. પ્રવાસન નિગમ દ્વારા હાલ ૪૫.૯૧ કરોડના ખર્ચે ઉપરકોટના કન્ઝર્વેશન અને રિસ્ટોરેશનના પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું છે.

ધોરણ ૧૦ની ઓરિજિનલ માર્કશીટ ૨૪ જુલાઈએ મળશે

અમદાવાદ, તા.૨૨

રાજયમાં કોરોના કાળમાં ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓને માસ પ્રમોશન અપાયા બાદ ધોરણ-૧૦નું અને ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ પણ આપી દેવાયું છે. ત્યારે હવે આગામી ૨૪ જુલાઈએ ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને ઓરિજિનલ માર્કશીટ આપવામાં આવશે.

ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને ૨૪ જુલાઈએ ઓરિજિનલ માર્કશીટ આપવામાં આવશે. અને વિદ્યાર્થીઓને શાળાઓમાંથી સવારે ૯ વાગ્યા બાદ માર્કશીટ મળશે. કોરોના કાળમાં આખરે લાંબી રાહ જોયા બાદ ગુજરાત સેકન્ડરી એજયુકેશન બોર્ડનું ૧૦માં ધોરણનું પરિણામ ૨૯ જૂને જાહેર થયું હતું. રાત્રે બોર્ડની સત્તાવાર વેબસાઇટ પર પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જોકે આ પરિણામ માત્ર શાળાઓ જ જોઇ શકતી હતી. વિદ્યાર્થીઓને પરિણામ પહોંચાડવાની જવાબદારી શાળાઓને આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ધોરણ-૧૦માં ૮,૫૭,૨૦૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જેમા ૧૭,૧૮૬ વિદ્યાર્થીઓને A૧ ગ્રેડ મળ્યો છે. ત્યાં જ ૫૭,૩૬૨ વિદ્યાર્થીઓને A૨ ગ્રેડ મળ્યો છે. ૧,૦૦,૯૭૩ વિદ્યાર્થીઓને B૧ ગ્રેડ મળ્યો છે.

રાજ્યમાં અનેક સ્થળોએ આગામી ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી

➤ છેલ્લા ૨૪ કલાકમાં ૬૭ તાલુકાઓમાં વરસાદ નોંધાયો ➤ કપરાડામાં પાંચ ઈંચ વરસાદ ખાબક્યો

અમદાવાદ, તા.૨૨

રાજયમાં છેલ્લા કેટલાય દિવસોથી વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. જો કે, આગાહી મુજબ ક્યાંય ભારેથી અતિભારે વરસાદ નથી ત્યારે ૨૩મી જુલાઈથી રાજયમાં અનેક સ્થળોએ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. જયારે ગત ૨૪ કલાકમાં રાજયના ૬૭ તાલુકાઓમાં સામાન્યથી પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જેમાં કપરાડામાં પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૨૩મી જુલાઈથી સતત ત્રણ દિવસ રાજયમાં ભારે વરસાદ થઈ શકે છે. દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ અને ડાંગમાં ભારે વરસાદ થઈ શકે છે. આ સિવાય આણંદ, બનાસકાંઠા, દાહોદ, ખેડા, મહેસાણા, પંચમહાલ, અમરેલી, ભાવનગર, રાજકોટ અને કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૭ તાલુકામાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કપરાડામાં ૫ ઈંચ વરસાદ પડ્યો છે, જ્યારે ડાંગ અને ધરમપુરમાં ૨-૨ ઈંચ વરસાદ પડ્યો છે. રાજ્યમાં વરસાદના કારણે ૧૧ રસ્તા બંધ થયા હોવાના પણ અહેવાલ છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી પાંચ દિવસ સુરત, નવસારી, વલસાડ અને ડાંગમાં ભારે વરસાદની શક્યતા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સીઝનનો કુલ ૨૦૪.૯૪ મિમી એટલે સરેરાશ ૨૪.૬૪ ટકા વરસાદ નોંધાયો છે. બીજી બાજુ, મંગળવારે ૨૧ જિલ્લાના ૬૯ તાલુકામાં વરસાદ નોંધાયો હતો, જેમાં વડોદરામાં ૨ કલાકમાં ૨ અને બોડેલીમાં અઢી ઈંચ વરસાદ નોંધાયો છે. ગુજરાતભરમાં વરસાદની આગાહીને લઈ એનડીઆરએફની ટીમો તૈનાત કરાઈ છે. હવામાન વિભાગની આગાહીના પગલે એનડીઆરએફની ટીમો એલર્ટ પણ મુકવામાં આવી છે. રાજ્યમાં અલગ અલગ ૮ જિલ્લામાં ૮ ટીમો તૈનાત કરાઈ છે, જેમાં વલસાડ, નવસારી, સુરતમાં ૧-૧ ટીમ રહેશે. રાજકોટ, ગીર સોમનાથ, જૂનાગઢમાં પણ ટીમ તૈનાત રહેશે. મોરબી અને કચ્છમાં એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં છેલ્લા એક સપ્તાહથી ભારેથી હળવો વરસાદ વરસી રહ્યો છે. જોકે હજુ આગામી પાંચ દિવસ દરમિયાન વલસાડ, નવસારી, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે. આ સિવાય સૌરાષ્ટ્રના જામનગર, દ્વારકા, મોરબી તેમજ સુરત, તાપી, વડોદરા, ભરૂચ, ખેડા, આણંદ તથા કચ્છમાં પણ ભારે વરસાદ પડવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. મહત્વની વાત એ છે કે, અમદાવાદ શહેરમાં સતત ચાર દિવસથી વાદળો ઘેરાયા છે, પણ વરસાદ હાથતાળી આપી રહ્યો છે. શહેરમાં ક્યાંક ક્યાંક ઝરમર છાંટા પડી રહ્યાં છે. આગાહી મુજબ, ગુરૂવારે નવસારી, વલસાડ, દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદ પડશે. શુક્રવારના રોજ નવસારી, વલસાડ, દમણમાં ભારેથી અતિભાર તેમજ દાહોદ, સુરત અને તાપીમાં ભારે વરસાદની આગાહી કરી છે. દક્ષિણ ગુજરાતના સુરત અને નવસારી, તાપી જિલ્લાને બાદ કરતાં વલસાડ અને તાપીમાં પાંચમા દિવસે પણ મેઘાએ બેટિંગ ચાલુ રાખી છે.

કોરોના મહામારીના માર વચ્ચે

રાજ્યમાં ચોમાસું મોડું પડતાં છત્રીના વેપાર પર વિપરીત અસર

વરસાદ નથી અને શાળા-કોલેજો બંધ રહેતા છત્રીના વેચાણમાં ભારે ઘટાડો

અમદાવાદ, તા.૨૨

કોરોના મહામારીને કારણે રાજ્યમાં છત્રીના ઉત્પાદકો અને વિક્રેતાઓએ મોટું નુકસાન ઉઠાવવું પડ્યું છે. સતત બીજા વર્ષે કોરોના મહામારીને કારણે આ ક્ષેત્રના વેપારીઓએ નુકસાન વેઠવું પડી રહ્યું છે. છત્રીના ઉત્પાદકો અને વિક્રેતાઓનું કહેવું છે કે, કોરોનાની સાથે સાથે રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં ચોમાસુ પાછું ઠેલાયું હોવાને કારણે છત્રીનું વેચાણ ઘણું પ્રભાવિત થયું છે. રાજ્યમાં ૨૦થી ૨૫ છત્રી ઉત્પાદકો છે જેમનો કોરોના મહામારી પહેલા સામુહિક ટર્નઓવર ૨૫ કરોડ રુપિયા હતો. અમદાવાદના એક ૪૭ વર્ષીય છત્રી ઉત્પાદકે જણાવ્યું કે, ગયા વર્ષે છત્રીનું ઉત્પાદન લગભગ નહિવત્ત હતુ, આ વર્ષે પણ છત્રીઓનું માત્ર ૩૦ ટકા જ ઉત્પાદન થયું છે. શાળાઓ અને કોલેજો બંધ છે અને લોકો પોતાના ઘરેથી કામ કરી રહ્યા છે. વધુમાં આ વર્ષે ચોમાસુ પાછુ ઠેલાયુ છે. આ તમામ પરિબળોને કારણે છત્રીનું વેચાણ મોટા પ્રમાણમાં પ્રભાવિત થયું છે. ઉલ્લેખનીય છે કે મોટા ભાગના વેપારીઓ માર્ચ અને જૂન દરમિયાન ઉત્પાદકો પાસેથી છત્રી ખરીદતા હોય છે. જયેશ ડબગરનો પરિવાર દશકાઓથી છત્રીના વેપાર સાથે સંકળાયેલો છે. તેઓ જણાવે છે કે, રીટેલ માર્કેટમાં છત્રીનું વેચાણ લગભગ ઝીરો છે. ગયા વર્ષે પણ આખી સીઝન નિષ્ફળ રહી હતી. સામાન્યપણે જે સમયગાળા દરમિયાન વેપારીઓ ઉત્પાદકો પાસેથી છત્રીનો માલ ખરીદતા હોય છે તે સમયે કોરોનાની બીજી લહેર ચાલી રહી હતી. અધુરામાં પુરુ ચોમાસુ પાછુ ઠેલવાયુ હોવાને કારણે સ્ટોક પણ નથી વેચાઈ રહ્યો.

રાજ્ય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થતાં વિવિધ આયોજનમાં સરકાર વ્યસ્ત !

ઓગસ્ટમાં નવ દિવસ સુધી ઉજવણી કરાશે : સેવાઓ વધુ સઘન બનાવાશે

વિવિધ ફ્લેગશીપ યોજનાઓનો વ્યાપ પણ વધારાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતમાં મુખ્યમંત્રી રૂપાણીની સરકારને પાંચ વર્ષ પૂર્ણ થવા આવી રહ્યા હોઈ સરકાર દ્વારા ઓગસ્ટ મહિનામાં નવ દિવસ સુધી તેની ઉજવણી કરવાનું આયોજન કરાયું છે. આ અંગે મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં નિર્ણય લેવાતા ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ સત્તાવાર જાણકારી આપી હતી. ગૃહમંત્રી જાડેજાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીને ઓગસ્ટ માસમાં પાંચ વર્ષ પૂર્ણ થવાના છે. આ સરકારના આ પાંચ વરસ આપણી સરકાર સૌના સાથ અને સૌનો વિકાસના ભાગરૂપે પાંચ વર્ષની ઉજવણી નહીં પરંતુ લોકોની જનભાગીદારીથી ઉપયોગી કાર્યો, સેવાઓ વધુ સઘન બનાવીને ગુજરાતના વિકાસની પ્રક્રિયાને આગળ લઈ જવા માટે ૧લી ઓગસ્ટથી ૯ ઓગસ્ટ સુધી વિવિધ કાર્યક્રમો રાજ્યના જુદા જુદા જિલ્લા તાલુકા અને જુદા જુદા વિસ્તારોમાં કાર્યક્રમો કરવામાં આવશે.

રાજ્યની સંયુક્ત સરકાર દ્વારાપાંચ વર્ષના શાસનમાં કરેલી યોજનાઓ અને વિકાસની પ્રક્રિયાને આગળ લઈ જવા માટે પાંચ વર્ષની ઉજવણી નહીં પણ વિકાસની કામગીરીને આગળ લઈ જવા માટે કાર્યક્રમો ઉજવાશે. આ દરમિયાન કોરોનાની ગાઈડલાઈન અને સંખ્યાને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમો કરવામાં આવશે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી રાજ્યના મંત્રીઓ અને ચેરમેનો સંસદ સભ્યો ધારાસભ્યો અને સમાજના આગેવાનોને જોડાશે.

૧ ઓગસ્ટ જ્ઞાનશક્તિ સંદર્ભનો કાર્યક્રમ છે,૨ ઓગસ્ટ સંવેદના દિવસ તરીકે ઉજવાશે સેવા સેતુ ના માધ્યમથી ઉજવાશે,૩ ઓગસ્ટના રોજ કેબિનેટ બેઠક હોવાથી એ દિવસે કોઈ કાર્યક્રમ રાખ્યો નથી,૪ ઓગસ્ટે મહિલાઓ નારી ગૌરવ દિવસ તરીકે ઉજવાશે,૫ ઓગસ્ટે કિસાન સમ્માન દિવસ તરીકે ઉજવાશે કિસાન સૂર્યોદય સાત પગલાં આકાશમાં યોજનાઓના સંકલન કરીને ઉજવાશે,૬ ઓગસ્ટે યુવાનો જ નવા મૂડી રોકાણમાં આવે છે રોજગારી નો વ્યાપ વધ્યો છે આ યુવાનો સુધી લાભ પહોંચે,૭ ઓગસ્ટે વિકાસ દિવસ તરીકે ઉજવાશે કરેલા કામો અને કરવાના કામો ઉજવાશે,૮ ઓગસ્ટે ૫૦% નગરપાલિકા મહાનગરપાલિકામાં વસે છે. તેથી જનસુખાકારી દિવસ તરીકે ઉજવાશે,૯ ઓગસ્ટે વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવાય છે, જેમાં આદિવાસી વિસ્તારોમાં વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમ કરવામાં આવશે.

કાર્ગો ડિલીવરી કંપનીના કર્મી તરીકે ઓળખ આપી

યુરોપથી ગિફ્ટ આવી છે તેમ કહીં મહિલા સાથે રૂા.૧.૩૫ લાખની ઠગાઈ

સોલા વિસ્તારમાં રહેતી મહિલાએ પોલીસમાં નોંધાવી ફરિયાદ

અમદાવાદ, તા.૨૨

સોલા વિસ્તારમાં રહેતી ૪૯ વર્ષીય મહિલા ફોડનો શિકાર બની છે. તેણે ૧.૩૫ લાખ રુપિયા ગુમાવ્યા હતા. વાત એમ છે કે, ભોગ બનનારી મહિલાને અન્ય મહિલાનો ફોન આવ્યો હતો, જેણે પોતાની ઓળખાણ યુકે સ્થિત કાર્ગો ડિલિવરી કંપનીની કર્મચારી તરીકે આપી હતી. તેણે મને કહ્યું હતું કે, તે ગિફ્ટની ડિલિવરી કરી શકે તે માટે પહેલા મારે તેને ૩૦ હજાર રુપિયા આપવા પડશે. રકમ ચૂકવવા માટે મેં જયારે તેની પાસેથી એક દિવસનો સમય માગ્યો તો તેણે મને કહ્યું હતું કે, આમ કરવા પર મારે લેટ ફીના ૧૦,૪૦૦ રૂપિયા આપવા પડશે. એક દિવસ બાદ, પ્રિયંકા સિંહે દેવાંગના પટેલને નોંધાવી હતી.

તેણે પોલીસને જણાવ્યું હતું કે, ૧૦ જૂન, ૨૦૨૧ના રોજ મને એક મહિલાનો ફોન આવ્યો હતો. જેણે પોતાની ઓળખાણ યુરોપિયન કાર્ગો કંપનીની કર્મચારી પ્રિયંકા સિંહ તરીકે આપી હતી. તેણે મને કહ્યું હતું કે, તે ગિફ્ટની ડિલિવરી કરી શકે તે માટે પહેલા મારે તેને ૩૦ હજાર રુપિયા આપવા પડશે. રકમ ચૂકવવા માટે મેં જયારે તેની પાસેથી એક દિવસનો સમય માગ્યો તો તેણે મને કહ્યું હતું કે, આમ કરવા પર મારે લેટ ફીના ૧૦,૪૦૦ રૂપિયા આપવા પડશે. એક દિવસ બાદ, પ્રિયંકા સિંહે દેવાંગના પટેલને ફોન કર્યો હતો અને દાવો કર્યો હતો કે, ગિફ્ટ પાર્સલમાં $૩૦,૦૦૦ છે અને ગિફ્ટ ક્લેઈમ કરવા માટે તેણે વધારે ૯૫ હજાર રૂપિયા આપવા પડશે. દેવાંગના પટેલ તૈયાર થઈ જતાં તેણે મહિલાએ આપેલા બેંક અકાઉન્ટ નંબરમાં ૧.૩૫ લાખ રૂપિયા ભર્યા હતા. બાદમાં, દેવાંગનાને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થઈ હતી અને પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. બાદમાં તેણે, આ મામલે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપી સામે આઈટી એક્ટની કલમ હેઠળ પણ ગુનો નોંધ્યો હતો.

કોરોના કાબૂમાં આવ્યો હોય તેમ કેસોમાં ઘટાડા બાદ ફરી વધારો ચિંતાજનક

રાજ્યમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડા બાદ ફરીથી વધારો નોંધાયો

કોરોનામાંથી વધુ ૫૩ સાજા થતાં રિકવરી રેટ વધીને ૯૮.૭૩ ટકાએ પહોંચ્યો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ઘટી રહેલા કોરોનાનાં કેસથી લોકો રાહત અનુભવી રહ્યા હતાં પરંતુ હવે ફરી કેસમાં વૃધ્ધી થતી જોવા મળી છે. રાજયમાં આજે કોરોનાના નવા ૩૪ કેસ નોંધાયા છે. જો કે આજે કોરોનાને કારણે એક પણ દર્દીનું મોત થયું નથી, દરમિયાન ૫૩ દર્દીઓને રજા આપવામાં આવી છે. ૮,૧૪,૧૬૨ દર્દીઓએ અત્યાર સુધીમાં કોરોનાને હરાવ્યો છે.

રાજયમાં હાલ કુલ ૩૭૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ દર્દી વેન્ટીલેટર પર છે. ૩૬૫ દર્દીઓની હાલત સ્ટેબલ છે. અત્યાર સુધીમાં ૧૦૦૭૬ દર્દીઓનાં મોત નિપજી ચુક્યાં છે. રાજયનો રિકવરી રેટ ૯૮.૭૩ ટકા છે.

રાજયનાં વિવિધ જિલ્લાઓ અને શહેરોમાં આજે નોંધાયેલા કોરોનાનાં કેસની વિગતમાં વડોદરા શહેરમાં ૭, અમદાવાદ શહેરમાં ૫, સુરત શહેરમાં ૫, અમરેલી ૬, ગીર સોમનાથ, જામનગર કોર્પોરેશન, જુનાગઢ, જુનાગઢ કોર્પોરેશન, ૧-૧ કેસ નોંધાયા છે. જયારે અમદાવાદ (ગ્રામ્ય), આણંદ, અરવલ્લી, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટા ઉદેપુર, દાહોદ, ડાંગ, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, ગાંધીનગર કોર્પોરેશન, જામનગર, ખેડા, કચ્છ, મહિસાગર, મહેસાણા, મોરબી, નવસારી, પંચમહાલ, પાટણ, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા અને તાપીમાં એક પણ કેસ નોંધાયો નથી.

રાજયમાં ચાલી રહેલા રસીકરણ અભિયાન હેઠળ આજે હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈતી ૩૩૪ લોકોને રસીનો પ્રથમ ડોઝ અને ૧૮૮૩૩ વર્કર્સને રસીનો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉમરના ૮૯૩૨૬ લોકોને રસીનો ૧૨૩૭૧૬ લોકોની રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષનાં ૨૬૭૨૯૭ લોકોને રસીનો પ્રથમ અને ૯૦૭૦ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. આ પ્રકારે આજનાં દિવસમાં કુલ ૫,૦૮,૫૭૬ લોકોનું આજના દિવસમાં રસીકરણ થઈ ચુક્યું છે. અત્યાર સુધીમાં ૩,૦૬,૫૫,૭૭૨ નું રસીકરણ કરવામાં આવી ચુક્યું છે.

દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઘટી મોટી દુર્ઘટના, ટેક્સી-વે પર અથડાયા બે વિમાન

રિયાધ,તા.૨૨

દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગુરુવારે સવારે એક ભયાનક અકસ્માત ટળી ગયો હતો. જણાવીએ કે, અહીંયા બે પેસેન્જર જેટ એકબીજા સાથે ટકરાયા હતા. તેમાંથી એક બહરીનથી ગલ્ફ એરની ફ્લાઈટ હતી અને બીજી ફ્લાઈટ દુબઈની હતી. જો કે, આ ઘટનામાં હજી સુધી કોઈ નુકસાનના સમાચાર સામે આવ્યા નથી. આ દુર્ઘટનાને કારણે વિશ્વનું સૌથી વ્યસ્ત એરપોર્ટનો રનવે બે કલાક બંધ રહ્યો હતો. જોકે, આ કામમાં કોઈ અવરોધ ઉભો થયો નહીં. ફ્લાય દુબઈએ જણાવ્યું હતું કે તેની બોઈંગ ૭૩૭-૮૦૦ માંની એક કિર્ગિઝસ્તાન જઈ રહી હતી જ્યારે તે એક નાનો અકસ્માત સર્જાયો હતો. આને કારણે મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને ૬ કલાક પછી તેઓને બીજી ફ્લાઈટ દ્વારા રવાના કરવામાં આવ્યા હતા. એરલાઈને જણાવ્યું હતું "ફ્લાય દુબઈ અકસ્માતની તપાસ માટે ટ્રિબ્યુનલ્સ સાથે મળીને કામ કરશે," તેમાં એવુ પણ કહેવામાં આવ્યું છે કે, અકસ્માતમાં

વિમાનની પાંખને નુકસાન થયું છે. ગલ્ફ એયર મુસાફરોને દુબઈ આંતરરાષ્ટ્રીય હવાઈમથકથી મનામાના બહરીન આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર તેના હબ પર લઈ જાય છે. દુબઈ એરપોર્ટે જણાવ્યું હતું કે ૨૨ જુલાઈની સવારે ડીએક્સબીમાં બે પેસેન્જર વિમાન સાથે સંકળાયેલી એક ઘટના બની હતી. એરપોર્ટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આને કારણે એક રનવે અસ્થાયી ધોરણે બંધ કરવામાં આવ્યો હતો જેથી આ ઘટના પર ઝડપથી કાર્યવાહી કરી શકાય. ડીએક્સબીમાં કામગીરીને અસર થઈ ન હતી અને બે કલાક પછી રનવે ફરીથી ખોલવામાં આવ્યો હતો. ગલ્ફ એયરએ ૫ જુલાઈથી સુનિશ્ચિત ફ્લાઈટ કામગીરી સાથે અબુધાબી અને દુબઈની સીધી ફ્લાઈટ્સ ફરી શરૂ કરી હતી. એરલાઈન્સ ૧૯૫૪ થી બહરીન અને સંયુક્ત અરબ અમીરાત વચ્ચે સીધી ફ્લાઈટ્સ ચલાવી રહી છે.

સઉદીએ પ્રથમવાર હજ દરમિયાન મહિલા ગાર્ડ તૈનાત કર્યા

(એજન્સી) મક્કા, તા.૨૨

પોતાના મર્હૂમ પિતાની કારકિર્દીથી પ્રેરણા લીધા પછી મોના ઈસ્લામના સૌથી પવિત્ર સ્થળ પર તૈનાત સઉદીની મહિલા સૈનિકોની ટુકડીમાં જોડાઈ ગયા અને હવે તે હજયાત્રીઓને સુરક્ષા પૂરી પાડી રહ્યા છે. એપ્રિલથી અનેક મહિલા સૈનિકોને ઈસ્લામના સૌથી પવિત્ર બે શહેરો મક્કા અને મદીનામાં તૈનાત સૈન્ય ટુકડીઓમાં સામેલ કરવામાં આવી છે. સૈનિકના ડ્રેસમાં સજ્જ થયેલા મોના ગ્રાન્ડ મસ્જિદમાં ફરજ બજાવે છે. મોનાએ જણાવ્યું હતું કે, હું મારા મર્હૂમ પિતાનું અનુકરણ કરી રહી છું. આથી હું અહીં ગ્રાન્ડ મસ્જિદમાં ઊભી છું. હજયાત્રીઓની સેવા એ એક ખૂબ જ ઉમદા અને સન્માનિય કામ છે. ઉલ્લેખનીય છે કે, સઉદીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન તેમના રૂઢિચુસ્ત દેશને આધુનિક બનાવવા તેમજ વિદેશી રોકાણને આકર્ષવા માટે અનેક સામાજિક અને આર્થિક સુધારાઓ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. વિઝન ૨૦૩૦ તરીકે ઓળખાતી તેમની મહત્ત્વકાંક્ષી યોજના અંતર્ગત ક્રાઉન પ્રિન્સે મહિલાઓ માટે ડ્રાઈવિંગ પર મૂકવામાં આવેલા પ્રતિબંધને દૂર કર્યા હતા તેમજ પુખ્ત મહિલાઓને પુરૂષ વાલી વગર મુસાફરી કરવાની પરવાનગી આપી હતી. મોના ઉપરાંત સમર નામની એક અન્ય મહિલા પણ પવિત્ર કાબાશરીફ નજીક હજયાત્રીઓની દેખરેખ રાખી રહ્યા છે. સમરે મનોવિજ્ઞાનનું અભ્યાસ પૂર્ણ કર્યું ત્યારબાદ તેમના પરિવારે તેમને સૈન્યમાં જોડાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

તાલિબાન હિંસાએ અફઘાનિસ્તાનમાં હજારો પરિવારોને વિસ્થાપિત કર્યા

(એજન્સી) તા.૨૨

અફઘાનિસ્તાનમાં નાગરિકો અને સુરક્ષા દળોની વિરુદ્ધ તાલિબાનોના હુમલા વચ્ચે હિંસામાં વધારો થતાં હજારો પરિવારો વિસ્થાપિત થઈ ગયા છે. ટોલો ન્યૂઝના રિપોર્ટ અનુસાર સંઘર્ષને કારણે કેટલીય વિસ્થાપિત વ્યક્તિઓ વિશાળ પરિવાર સહાયતા નેટવર્કથી વિખૂટા પડી ગયાં છે અને આશ્રય તેમજ અન્ય પાયાની જરુરિયાતો પૂરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યાં છે જેમ કે એક ઉદાહરણ જોઈએ તો કાબૂલમાં એક ઘરમાં ઓછામાં ઓછા પાંચ પરિવારો રહે છે. આ તમામ ઉત્તર પ્રાંતમાં ચાલી રહેલા સંઘર્ષના કારણે કુંદૂજથી વિસ્થાપિત થયા છે. પરિવારોએ જણાવ્યું છે કે તેમના માનવીય સહાયતાની સખત જરુર છે. ટોલો ન્યૂઝના રિપોર્ટ અનુસાર કુંદૂજમાં રહેતી જીબાએ જણાવ્યું હતું કે તેમણે તાજેતરના વર્ષોમાં કુંદૂજમાં ચાલી રહેલ સંઘર્ષમાં પોતાના કેટલાય બાળકોને ગુમાવ્યાં છે અને તેઓ ચોથી વખત સંઘર્ષના કારણે વિસ્થાપિત થયાં છે. જીબાએ જણાવ્યું હતું કે અમને એક પણ દિવસ ખુશીનો જોવા મળ્યો નથી. અમે હંમેશા અથડામણ જોઈ છે. એક અન્ય વિસ્થાપિત વ્યક્તિ મોહંમદ હસને જણાવ્યું હતું કે તાલિબાન અને સરકારી દળો વચ્ચેની અથડામણમાં તેમના ઘરોનો નાશ થઈ ગયો છે. ટોલો ન્યૂઝના રિપોર્ટ અનુસાર સૌથી પ્રભાવિત વિસ્થાપિત બાળકો છે જેઓ આ વર્ષે ઈદ પણ નહીં મનાવે. સોના નામના એક વિસ્થાપિતે જણાવ્યું છે કે જો શાંતિ નહીં સ્થપાય તો અમારુ ભવિષ્ય શું હશે ? તમામ માટે આ એક પ્રશ્ન છે અમારૂં ભવિષ્ય શું હશે ? શિક્ષિત હશો તો કંઈક મેળવી શકશો બાકી ભણેલા ગણેલા નહીં હો તો શું કરશો ? વિસ્થાપતિ વ્યક્તિ મહફુજાએ જણાવ્યું હતું કે અમને ખબર નથી કે ઈદ ક્યારે છે અને ક્યારે સામાન્ય દિવસ છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના આંકડા પરથી એવો નિર્દેશ મળે છે કે તાજેતરના મહિનાઓમાં હિંસા વધુ વકરી છે અને ત્યાર બાદ ૨૭૦૦૦૦થી વધુ પરિવારો વિસ્થાપિત થયાં છે.

પાકિસ્તાની પત્રકારનો દાવો

તાલિબાને લાંબા અંતરની બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું

કાબૂલ,તા.૨૨

વિદેશી સૈનિકો તરફથી દાયકાઓ સુધી તાલીમ લેવા છતાં અફઘાનિસ્તાનની સેના આજે તાલિબાન સમક્ષ નબળી પડી રહી હોય એવું લાગી રહ્યું છે. તાલિબાને દેશના ૮૫ ટકા ભાગ પર કબજો કર્યો હોવાનો દાવો કર્યો છે. તાલિબાનની નજર હવે રાજધાની કાબુલ પર છે, જ્યાં લોકો પોતાનો જીવ બચાવવા ભાગી રહ્યા છે. દરમિયાન પાકિસ્તાની પત્રકાર મોહિબુલ્લાહ ખાને દાવો કર્યો હતો કે તાલિબાને લાંબા અંતરની બેલિસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું છે. પત્રકારે એનાં પરીક્ષણનો વીડિયો પણ શેર કર્યો હતો. આ વીડિયોમાં મિસાઈલનું પરીક્ષણ જોઈ શકાય છે. મોહિબુલ્લા ખાને પોતાના ટ્વીટની કેપ્શનમાં આ મિસાઈલનું નામ પણ આપ્યું હતું. તેમણે લખ્યું હતું કે 'તાલિબાને લાંબા અંતરની નવી બેલિસ્ટિક મિસાઈલ અલ-ફતાહનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું છે.' જોકે મિસાઈલ તાલિબાન સુધી કેવી રીતે પહોંચી અને કયા દેશે તેની મદદ કરી છે એ અંગે ખાસ કંઈ જાણકારી આપવામાં આવી નથી, પરંતુ એનું સફળ પરીક્ષણ અફઘાનિસ્તાન સરકાર માટે મોટી સમસ્યાથી ઓછું નથી. તાલિબાન વિશ્વભરમાં પોતાની તાકાત બતાવવાનો પ્રયત્ન કરી રહ્યું છે અને આજકાલ મિસાઈલ-રોકેટનો આશરો લઈ રહ્યું હોય તેવું લાગે છે. બે દિવસ પહેલાં

અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ નિવાસસ્થાન નજીક રોકેટદ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. મંગળવારે જ્યારે રાષ્ટ્રપતિ ઈદની નમાજ અદા કરી રહ્યા હતા ત્યારે લગભગ ત્રણ રોકેટ ત્યાં છોડવામાં આવ્યાં હતાં. આંતરિક મંત્રીના પ્રવક્તાએ આ કેસમાં જણાવ્યું હતું કે કોઈ જાનહાનિના અહેવાલો નથી અને રોકેટ નિવાસસ્થાનની બહાર આવીને પડ્યાં હતાં. સંગઠને અમાક ન્યૂઝ ચેનલ પર હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

ઈઝરાયેલના વડાપ્રધાને બેન એન્ડ જેરીના નિર્ણયના પગલે યુનિલીવરને ગંભીર પરિણામોની ચેતવણી આપી

(એજન્સી) તા.૨૨

ઈઝરાયેલે ઉપભોગની વસ્તુઓના માંધાતા યુનિલીવરને એમની પેટા કંપની બેન એન્ડ જેરીના નિર્ણય બદલ ગંભીર પરિણામોની ધમકી આપી હતી. બેન એન્ડ જેરીએ નિર્ણય કર્યો હતો કે તેઓ ઈઝરાયેલના કબજે કરાયેલ વિસ્તારોમાં આઈસક્રીમ વેચાશે નહીં. આના લીધે ઈઝરાયેલી વડાપ્રધાને અમેરિકાને બહિષ્કાર વિરુદ્ધના કાયદાઓ હેઠળ કંપની સામે પગલા લેવા વિનંતી કરી છે. પેલેસ્ટીની સમર્થકોના દબાણના લીધે કંપનીએ ઈઝરાયેલ અને વેસ્ટબેંકમાં આવેલ યહૂદ્દી વસાહતોમાં ધંધો નહિ કરવા નિર્ણય લીધો હતો. બેન એન્ડ જેરીના ભાગીદાર ૧૯૮૭થી લાયસન્સ હેઠળ વેપાર કરે છે. બેન એન્ડ જેરીએ કહ્યું કે અમે આવતા વર્ષે પૂર્ણ થનાર લાયસન્સ રિન્યુ નહીં કરીએ. એમણે કહ્યું કે અમે ઈઝરાયેલમાં હાજર રહીશું પણ અન્ય પ્રકારે વહીવટ કરીશું. અમે વેસ્ટ બેંક અને પેલેસ્ટીનના અન્ય વિસ્તારોમાં વેચાણ નહી કરીએ. ઈઝરાયેલના

વડાપ્રધાને ઈઝરાયેલ વિરુદ્ધ રાખવામાં આવતા વલણ માટે ફરિયાદ કરી છે. એમણે કહ્યું છે કે આ કૃત્યના ગંભીર પરિણામો આવશે. વિશ્વના મોટા ભાગની મહાસત્તાઓનું માનવું છે કે ઈઝરાયેલની વસાહતો ગેરકાયદેસર છે. પણ ઈઝરાયેલ ઈતિહાસ અને સંસ્કૃતિનો હવાલો આપી પોતાનો બચાવ કરે છે. અને પોતાના કબજાને યોગ્ય ઠરાવે છે.બેન એન્ડ જેરીના આ નિર્ણયનું પેલેસ્ટીને સ્વાગત કર્યું છે. તેઓ વેસ્ટબેંક, પૂર્વ જેરૂસલેમ અને ગાઝા પટ્ટીને પોતાના દેશમાં સમાવિષ્ટ કરવા માંગે છે.

ઈસ્લામિક રાષ્ટ્રોએ પશ્ચિમી શક્તિઓની દખલ અને અનિષ્ટનો પ્રતિકાર કરવો જ જોઈએ : ખામેનાઈ

હજ સાથે સંકળાયેલ સુખ અને આધ્યાત્મિકતાની ઋતુ જુદાઈ અને અફસોસની મોસમમાં ફેરવાઈ છે. રોગચાળો અને કદાચ પવિત્ર કાબા શરીફ ઉપર પ્રભુત્વ ધરાવનારી નીતિઓએ ઈસ્લામિક રાષ્ટ્રોની એકતા, મહાનતા અને આધ્યાત્મિકતાના પ્રતીકને જોનાર આતુર વિશ્વાસીઓની આંખોથી વંચિત કરી દીધું છે

૨૦૨૧ની હજ યાત્રા માટે આપેલા સંદેશમાં ઈસ્લામિક ક્રાંતિના નેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે છેલ્લા ૧૫૦ વર્ષોથી મુસ્લિમ રાષ્ટ્રો મોટે ભાગે આક્રમક પશ્ચિમી દેશોના લોભ, દખલ અને અત્યાચારને આધિન રહ્યા છે. ઈમામ ખામેનાઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈસ્લામિક રાષ્ટ્રોએ આવા આક્રમણ સામે "પ્રતિકાર" કરવો પડશે. ૨૦૨૧ના હજ પ્રસંગે ઈમામ ખામેનાઈનો સંપૂર્ણ સંદેશ નીચે આપેલ છે.

અલ્લાહના નામે, જે પરમ કૃપાળુ, દયાળુ છે

અલ્લાહની પ્રશંસામાં, જે વિશ્વનો સ્વામી છે, અને હઝરત મોહમ્મદ(સ.અ.વ), તેમના પવિત્ર વંશજો, તેમના પસંદ કરેલા સાથીઓ અને જેઓ કયામતના દિવસ સુધી તેમની પેરવી કરે છે તેમના પર શાંતિ અને મુબારકબાદ.

વિશ્વભરના પ્રિય મુસ્લિમ ભાઈઓ અને બહેનો,

આ વર્ષે પણ ઈસ્લામિક રાષ્ટ્રો હજના મહાન આશીર્વાદથી વંચિત રહી ગયા છે. આમ, ઉદાસી અને દુઃખથી ભરેલા આતુર દિલને અલ્લાહના પવિત્ર ઘરની યજમાનીથી વંચિત રાખવામાં આવ્યા, જે જ્ઞાની અને દયાળુ છે, જેણે લોકો માટે આ ઘર બનાવેલ છે. આ બીજું વર્ષ છે કે હજ સાથે સંકળાયેલ સુખ અને આધ્યાત્મિકતાની ઋતુ જુદાઈ અને અફસોસની મોસમમાં ફેરવાઈ છે. રોગચાળો અને કદાચ પવિત્ર કાબા ઉપર પ્રભુત્વ ધરાવનારી નીતિઓએ ઈસ્લામિક રાષ્ટ્રોની એકતા, મહાનતા અને આધ્યાત્મિકતાના પ્રતીકને જોનાર આતુર વિશ્વાસીઓની આંખોથી વંચિત કરી દીધું છે. આમ, આ ભવ્ય, સન્માનીય મેળાપ વાદળો અને ધૂળથી ઢંકાઈ ગયું છે. આ એક બીજી કસોટી છે, જે ઈસ્લામિક રાષ્ટ્રના ઈતિહાસમાં પસાર થનારા અન્ય પરીક્ષણોની જેમ ઉજ્જવળ ભવિષ્ય માટે પસાર થઈ જશે. મહત્વની વાત એ છે કે હજ તેના સાચા સારમાં મુસ્લિમોના હૃદય અને આત્મામાં જીવંત રહે, જો કે હવે તેનું ભૌતિક સ્વરૂપ અસ્થાયીરૂપે દુર્ગમ છે, પણ તેનો ઉત્તમ સંદેશ ખતમ થવો જોઈએ નહીં.

આ વર્ષે, અલ્લાહના મહાન ઘરમાં હજની ધાર્મિક વિધિ શક્ય નથી, પરંતુ અલ્લાહના આ ઘર તરફ ધ્યાન આપવું, તેને યાદ કરવું, તેની સમક્ષ નમ્રતા રાખવી, તેને વિનંતી કરવી અને તેની ક્ષમા માંગવી શક્ય છે. અરાફાહમાં હાજર રહેવું એ આપણી પહોંચની અંદર નથી, પણ આધ્યાત્મિકતાથી ભરેલી નમાઝ છે. મીનામાં શેતાનને પથ્થર મારવો શક્ય નથી, પરંતુ સત્તા-વાંછુક શેતાનોને નકારી કાઢવા સર્વત્ર શક્ય છે. કાબા શરીફની આજુબાજુ લોકોનો સુમેળભર્યો મેળાપ શક્ય નથી, પરંતુ પવિત્ર કુર્આનની પ્રકાશિત આયતોની આસપાસ દિલનો સુમેળભર્યો મેળાપ અને અલ્લાહે આપેલા દોરડાને પકડી રાખવું (કુર્આન,:૩:૧૦૩)એ આપણી કાયમી ફરજ છે. છેલ્લા ૧૫૦ વર્ષોમાં, મુસ્લિમ રાષ્ટ્રોએ તેમના દેશો અને તેમની સરકારોનું ભાવિ નક્કી કરવામાં કોઈ ભૂમિકા નિભાવી નથી. થોડા અપવાદો બાદ કરતાં, તેઓ લોભ, દખલ અને દુષ્કર્મને આધીન રહીને, પશ્ચિમી સરકારોને તાબે થઈને નેતૃત્વ અને શાસન કર્યું છે. ઘણા દેશોમાં વૈજ્ઞાનિક પછાતપણું અને રાજકીય અવલંબન એ નિષ્ક્રિયતા અને અક્ષમતાનું પરિણામ છે.

આજે, આપણા રાષ્ટ્રો, આપણા યુવાનો, આપણા વૈજ્ઞાનિકો, આપણા ધાર્મિક વિદ્વાનો, આપણા બૌદ્ધિક લોકો, આપણા રાજકારણીઓ, આપણા રાજકીય પક્ષો અને આપણા લોકોએ અપ્રમાણિક, શરમજનક ભૂતકાળની ભરપાઈ કરવી જોઈએ. તેઓએ મક્કમતાથી ઉભા રહેવું જોઈએ અને પશ્ચિમી શક્તિઓની આક્રમકતા, દખલ અને દુષ્ટતાનો "પ્રતિકાર" કરવો જોઈએ.

સ્વાભાવિક રીતે, અમેરિકા અને તેનો સમૂહ "પ્રતિકાર" શબ્દ વિશે સંવેદનશીલ છે અને "ઈસ્લામિક પ્રતિકાર મોરચા" પ્રત્યે તમામ પ્રકારની દુશ્મનાવટ બતાવવાનું નક્કી કર્યું છે. કેટલીક પ્રાદેશિક સરકારોનો તેમની સાથે સહયોગ એ એક કડવી વાસ્તવિકતા છે જે તેમના દૂષિત કૃત્યોને પણ મજબૂત બનાવે છે.

ઈસ્લામિક ક્ષેત્રમાં વાસ્તવિકતાઓનું સત્ય આ આશાને પ્રોત્સાહન આપે છે અને આ નિશ્ચયને વધારે છે. ઈસ્લામિક વિશ્વની સમસ્યાઓ આપણને એક મહાન ફરજ અને અવિરત પ્રયાસ તરફ દોરી જાય છે. કબજે કરાયેલું પેલેસ્ટાઈન આપણને સહાય માટે હાકલ કરી રહ્યું છે. નિર્દોષ, લોહિયાળ યમન દરેક દિલને હચમચાવે છે. અફઘાનિસ્તાનની દુર્દશા માટે દરેકને ચિંતા છે. ઈરાક, સીરિયા, લેબેનોન અને કેટલાક અન્ય દેશોની કડવી ઘટનાઓ - જ્યાં યુ.એસ. અને તેના સાથીઓનો દખલ, દ્વેષપૂર્ણ હાથ સંપૂર્ણ રીતે દેખાય છે - તે તમામ યુવાનોના ઉત્સાહ અને નિશ્ચયને ઉત્તેજીત કરે છે.અજ્ઞાનતાને કારણે અફઘાનિસ્તાનમાં અમેરિકાનું અપમાન થયું. ૨૦ વર્ષ પહેલા આક્રમણ કર્યા પછી અને અસહાય લોકો અને નાગરિકો સામે શસ્ત્રો અને બોમ્બનો ઉપયોગ કર્યા પછી, તે તેમાં અટવાઈ ગયો અને આખરે તે દેશમાંથી તેની સેના પાછી ખેંચી લેવી પડી. અલબત્ત, જાગૃત અફઘાન રાષ્ટ્રએ અમેરિકાના ગુપ્તચર સાધનો અને તેના સોફ્ટ-યુદ્ધના શસ્ત્રો એકત્રિત કરવાના સાધનો અંગે સાવચેત રહેવું જોઈએ, અને તેઓએ તકેદારી રાખવી જોઈએ.

પ્રાદેશિક રાષ્ટ્રોએ બતાવ્યું છે કે તેઓ જાગૃત અને સજાગ છે અને યુ.એસ.ને ખુશ રાખવા માટે પેલેસ્ટીની મહત્ત્વપૂર્ણ બાબતોને પડતી મૂકવા માટે તૈયાર હોય તેવી સરકારોના માર્ગથી તેમનો માર્ગ અલગ છે. આ એવી સરકારો છે કે જેઓએ હુમલાખોર ઝાયોનીસ્ટ શાસન સાથે સ્પષ્ટ અને છૂપી રીતે મિત્રતાનાં સંબંધો બનાવ્યા છે. બીજા શબ્દોમાં કહીએ તો, તેઓ પેલેસ્ટીની રાષ્ટ્રની તેમની ઐતિહાસિક ભૂમિના હકને નકારે છે. આ પેલેસ્ટીની સંપત્તિ ચોરવાનું એક કૃત્ય છે. તેઓ હવે પેલેસ્ટિનિયન રાષ્ટ્રના સંસાધનોની લૂંટ ચલાવી રહ્યા છે.

ભાઈઓ અને બહેનો,

આપણાં ક્ષેત્રમાં ચાલતી વિવિધ ઘટનાઓ એક પ્રદર્શન છે જે આપણને પાઠ અને ઉદાહરણો બતાવે છે. એક તરફ, આપણે પ્રતિકારનો ઉપયોગ કરીને શક્તિ પ્રાપ્ત કરવાનો અને અપરાધ કરનારા આક્રમણકારો સામે લડવાનો પાઠ શીખી શકીએ છીએ. બીજી બાજુ, આપણે શીખી શકીએ છીએ કે તેઓને આધીન થવાથી અને નબળાઈ બતાવવાથી, તે અપમાનમાં પરિણમે છે. અલ્લાહના રસ્તે આ સંઘર્ષનું પ્રાથમિક પરિણામ અમેરિકા અને અન્ય આંતરરાષ્ટ્રીય આક્રમણકારોને ઈસ્લામી દેશોની બાબતોમાં દખલ કરતા અટકાવવાનું હશે, અલ્લાહની મરજીથી.

હું મુસ્લિમ રાષ્ટ્રોને મદદ કરવા અલ્લાહ, જે સર્વશ્રેષ્ઠ છે, પાસે દુઆ માંગું છું, હું આ યુગના ઈમામને મુબારકબાદી પાઠવું છું (આપણી આત્માઓ તેમના માટે બલિદાન આપી શકે), અને હું અલ્લાહ પાસે ઈમામ ખોમેનાઈ અને આપણા પ્રખ્યાત શહીદોનો દરજ્જો ઉન્નત કરવાની દુઆ માંગું છું.

અલ્લાહના સત્ય-પંથી સેવકોને મુબારકબાદ.

આયતુલ્લાહ અલી ખામેનાઈ.

(સૌ. : મુસ્લિમમિરર)

ઉત્તર ઈરાકમાં થયેલ હુમલામાં ૨ સૈનિકોનાં મૃત્યુ; ૩ને ઈજા

(એજન્સી) તા.૨૨

ઈરાકના ઉત્તરીય ભાગમાં આવેલ સલાહુદ્દીન પ્રાંતમાં કરાયેલ હુમલામાં ૨ બે ઈરાકી સૈનિકોનાં મૃત્યુ થયા છે અને ત્રણ ઘવાયા છે. એક પોલીસ અધિકારીએ માહિતી આપી હતી. દાએશ ત્રાસવાદી સંગઠન સાથે જોડાયેલ વણઓળખાયેલ બંદૂકધારીઓએ ઈરાકના ઉત્તરીય પ્રાંતમાં મુતીબીજા વિસ્તારમાં આવેલ ૬૬મી આર્મી બ્રિગેડના વડા મથક ઉપર હુમલો કર્યો હતો. પોલીસ અધિકારીએ નામ નહિ આપવાની શરતે જણાવ્યું હતું કારણ કે એમને મીડિયા સાથે વાતચીત કરવાની મનાઈ છે. હાલના મહિનાઓમાં ઈરાકમાં શંકાસ્પદ દાએશ ત્રાસવાદીઓના હુમલાઓ વધી ગયા છે. ખાસ કરીને ઉત્તરીય કિરકુક, સલાહુદ્દીન અને દિયાલા પ્રાંતોમાં હુમલાઓ વધ્યા છે. ત્રાસવાદી સંગઠને સોમવારે બગદાદમાં કરાયેલ હુમલાની પણ જવાબદારી સ્વીકારી છે જેમાં ૩૦ લોકોનાં મૃત્યું થયા હતા અને ૬૦ લોકો ઘવાયા હતા. ૨૦૧૭ના વર્ષમાં

ઈરાકે જાહેરાત કરી હતી કે એમણે દાએશો ઉપર વિજય મેળવી લીધો છે અને એમના કબજામાંથી ઈરાકના વિસ્તારો પરત લઈ લીધા છે જે એમણે ૨૦૧૪ના વર્ષથી કબજે કર્યા હતા. ત્રાસવાદી સંગઠનઓ જો કે હજુ સક્રિય છે અને નાગરિકો, સૈન્ય અને માળખાકીય સુવિધાઓ ઉપર અવારનવાર હુમલાઓ કરતા રહે છે. ઈરાકી સૈન્ય પણ ત્રાસવાદીઓને નાથવા એમની સામે ઓપરેશનો કરે છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે
શુક્રવાર ૨૩ જુલાઈ ૨૦૨૧
૧૨ ઝિલહજ હિજરી ૧૪૪૨
અષાઢ સુદ ચૌદસ સંવત ૨૦૭૭

પેગાસસ જાસૂસી કાંડના પડઘા

દુનિયાભરની ઘણી જટિલ સમસ્યાઓના મૂળમાં રહેલા અમાન્ય દેશ ઈઝરાયેલના જાસૂસી સોફ્ટવેર પેગાસસે હાલ દુનિયાભરમાં ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. ગમે તે દેશના ટોચના લોકો પછી તે નેતા-શાસકો હોય કે પત્રકારો એ સૌના ફોનની જાસૂસી કરવામાં આવી છે. ભારતમાં આ જાસૂસી પ્રકરણે હાલ ભારે હોબાળો મચાવ્યો છે કારણ કે ભારતમાં ઈઝરાયેલના મિત્ર ભાજપનું રાજ છે અને હાલના વડાપ્રધાન મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી ''ચોક્કસ કારણોસર'' ઈઝરાયેલ સાથે ''ઘરોબો'' ધરાવે છે.....હવે જ્યારે દેશ પર તેમનું રાજ છે ત્યારે સ્વાભાવિક છે કે ઈઝરાયેલ માટે ભારતમાં બે વેંત અધ્ધર ચાલવાનો આ સમય છે અને થઈ પણ એવું જ રહ્યું છે અગાઉ ક્યારેય ઈઝરાયેલના ન હતા એટલા સારા સંબંધ હાલ ભારત સાથે છે. અગાઉ ભારતની વિદેશ નીતિ પેલેસ્ટીન સમર્થક હતી પણ મોદીના PM બન્યા બાદ તે ઈઝરાયેલ સમર્થક થઈ ગઈ છે. એટલે ભાજપ સરકારની મદદ ઈઝરાયેલ કરે છે અને ઈઝરાયેલ સરકારની મદદ ભાજપની સરકાર કરે છે. હવે જ્યારે ભાજપની સરકારને એમ લાગે છે કે વિરોધ પક્ષોના નેતાઓ અથવા તો કેટલાક અધિકારીઓ કે પત્રકારો કે અન્યો તેની ટીકા કરી રહ્યા છે અથવા તો વાસ્તવિકતા લોકોની સામે લાવી રહ્યા છે તો તેમની પર નજર રાખવા માટે તેણે ઈઝરાયેલની મદદ લઈને પોતાના ટીકાકારોની જાસૂસી કરાવ્યાના સજ્જડ આરોપો થઈ રહ્યા છે. ભારત સરકાર દ્વારા વિપક્ષી નેતાઓ સહિત સંખ્યાબંધ ટીકાકારોના ફોન ટેપ કરાઈ રહ્યા હોવાના સમાચારો બહાર આવ્યા છે. ખુદ આંતરરાષ્ટ્રીય મીડિયા સંગઠનના રહસ્યસ્ફોટ મુજબ ઈઝરાયેલી પેગાસસ દ્વારા ભારતમાં ૩૦૦થી વધુ લોકોના મોબાઈલ નંબર હેક કરી તેમની દરેક ગતિવિધિની જાસૂસી કરવામાં આવી છે.....અને એવું પણ કહેવાય છે કે આ તો હજી હિમશીલાનું ટોચકું જ બહાર આવ્યું છે જ્યારે વાસ્તવિક તો હજી ઘણી મોટી બહાર આવવાની બાકી છે.

દેશની લોકશાહીને ભ્રષ્ટ કરી નાખતા આ ખુલાસાથી સ્વાભાવિકપણે જ દેશ હચમચી ગયો છે અને જ્યારથી આ વિગતો બહાર આવી છે ત્યારથી સંસદના બન્ને ગૃહોનું કામકાજ ઠપ થઈ ગયું છે. વિરોધ પક્ષોએ સંસદની બહાર અને અંદર ભારે હોબાળો મચાવ્યો છે. બીજી તરફ હવે આ સમગ્ર મામલો દેશની સર્વોચ્ચ અદાલતના દરવાજે પણ પહોંચી ગયો છે. દેશના મોટા વિરોધ પક્ષ કોંગ્રેસે પણ સંયુક્ત સંસદીય સમિતિ (જેપીપી)ની તપાસ કરાવવાની માગ કરી દીધી છે. જો કે મોદી સરકાર આ બાબતે સાવ નામુકર ગઈ છે અને કહી રહી છે કે આવું કંઈ નથી પરંતુ તેનો આ ખુલાસો ઘણાયને ગળે ઊતરી રહ્યો નથી.

ઉલ્લેખનીય છે કે પેગાસસ કાંડ એ ગંભીર ચિંતાનો વિષય છે કેમ કે આ જાસૂસી એપ દ્વારા દેશની લોકશાહી, ન્યાયતંત્ર અને સુરક્ષા પર મોટા હુમલા સમાન ગણી શકાય..... દેશના હિત માટે જાસૂસી કરાય તો એ સ્વીકાર્ય જ હોય પરંતુ પોતાની સરકારના કે પોતાના રાજકીય સ્વાર્થ માટે કોઈની પણ જાસૂસી કરવી એ નૈતિકરૂપે પણ ખોટું જ છે અને એય પાછી આટલા વ્યાપક પ્રમાણમાં જાસૂસી કરાય તેને કઈ રીતે ચલાવી શકાય તેવા સવાલો પણ કરાઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે એક દાવા મુજબ ભારતમાં ૨૦૧૬ બાદથી આશરે પચાસ હજારથી વધુ ફોન નંબરોને નિશાન બનાવાયા છે...!! આ પેગાસસ એપનો દુરૂપયોગ ફક્ત વાતચીત સાંભળવા માટે જ નથી થતો પરંતુ તેના દ્વારા જે-તે વ્યક્તિના જીવનની તમામ ડિજિટલ માહિતી પ્રાપ્ત કરી લેવાય છે. કોઈપણ વ્યક્તિની પ્રાઈવેસી (નિજતા)માં આટલી મોટી દખલ કોઈ આપખુદશાહી શાસનમાં પણ સ્વીકાર્ય ન હોય ત્યારે ભારત જેવા લોકશાહી દેશમાં તો હરગીઝ સ્વીકાર્ય ન જ હોય.... ત્યારે ભારત સરકાર સામે થઈ રહેલા જાસૂસીના આક્ષેપોમાં જો તસુભાર પણ તથ્ય હોય તો તેની તલસ્પર્શી તપાસ થવી જોઈએ અને પેગાસસ જેવા એપને ગેરકાનૂની ઘોષિત કરી કાયદેસરના પગલાં લેવાવા જોઈએ.

મ્યાનમારને બીજું અફઘાનિસ્તાન બનતા રોકવાની જવાબદારી સમગ્ર વિશ્વની

(ભાગ-૧)

આપણા જ પડોશી દેશમાં મ્યાનમારના લશ્કરી શાસનની કેટલીય હિંસક ઘટનાઓની ભયાનક ગાથાઓ બહાર આવી રહી છે, પરંતુ ભારતનો મુખ્યપ્રવાહ અને તેના પ્રસારમાધ્યમો તેના પર ધ્યાન જ આપી રહ્યા નથી. સમગ્ર વિશ્વને અને પશ્ચિમને જાણે તેની કોઈપણ પ્રકારની ચિંતા નથી.

શું તેઓ આ સમગ્ર બાબત અવિરત ચાલતા ગૃહયુદ્ધ તરફ દોરી જાય ત્યાં સુધી જોયા કરશે, તેના પછી તેની સ્થિતિ પૂર્વવત્ કરવી સરળ નહીં હોય. મ્યાનમારને બીજું અફઘાનિસ્તાન બનતા રોકવા માટે શું કરવું જોઈએ તેના પર કોઈ વિચાર કરતું નથી.

ગોરીલા યુદ્ધ એકદમ કપરૂં હોય છે, તેમા પર્વતીય વિસ્તારો હો છે. વંશીય લઘુમતી ધરાવતા બળવાખોરો લશ્કર સામે અવિરત અંતવિહીન યુદ્ધ લડી રહ્યા છે અને અગાઉના લોકશાહીજન્ય મુખ્ય જમીન પરના તંત્રની આગેવાની બામાર્સના પ્રભુત્ત્વતાસભર સમાજની હતી. લોકશાહી સરકારને પહેલી ફેબ્રુઆરીના રોજ જનરલ ઓંગ હલાંગની આગેવાની હેઠળ જુંટાના શાસને ઉથલાવી નાખી હતી.

આ બળવાની સાથે વિરોધ પ્રદર્શન કરી રહેલા નાગરિકો અને યુવા દેખાવકારોની આયોજિત ધોરણે હત્યા થવા લાગી. તેઓને ટોર્ચર કરાઈ રહ્યા છે અને નિર્દોષોને જેલમાં નાખવામાં આવી રહ્યા છે. સમગ્ર બર્મામાં ડર અને ભયનું વાતાવરણ છે. બધા જ પ્રકારના માનવ અને મૂળભૂત અધિકારો પર રીતસરનો પ્રતિબંધ લાગી ગયો છે. લોકશાહીની પરિકલ્પનાને ખતમ કરી દેવાઈ છે. છૂટાછવાયા વંશીય જૂથો બળવો કરી રહ્યા છે. મોટા શહેરો અને રંગૂન તથા મંડલયના શહેરોમાં ગોરિલા યુદ્ધ જારી છે. જ્યારે કેટલાય સ્થળોએ શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે.

આ બધા જ પ્રકારના ગાંડપણ અને નરસંહાર વચ્ચે કોરોનાની ત્રીજી લહેરે મ્યાનમાર અને તેના પડોશી દેશ ભારતને પણ ખડેપગે રાખ્યું છે. આમ મ્યાનમારની સ્થિતિ ઘણી ખરાબ છે. આજે મ્યાનમાર હતાશા અને નિરાશામાં ગરકાવ છે.અહીં લશ્કરી શાસન સામે શાંતિપૂર્ણ અને સશસ્ત્ર બંને પ્રકારના વિરોધ થઈ રહ્યા છે.

આ બળવાના વિરોધમાં જોઈએ તો હોસ્પિટલોમાં હિંમતવાન ડોક્ટરો અને નર્સો તથા હેલ્થ વર્કરોએ રોગચાળાની સ્થિતિમાં જુંટાના શાસનમાં કામ કરવાનો ઈન્કાર કરી દીધો હતો તે આ બળવા સામેનો સૌપ્રથમ પ્રતિકાર હતો. તેઓ હોસ્પિટલોની બહાર ખુલ્લામાં એકત્રિત થતા હતા અને શાસન સામે સૂત્રોચ્ચાર કરતા હતા. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય મીડિયામાં તેના ફોટોગ્રાફ પણ પ્રકાશિત થયા હતા. તેમા આંગ સાન સુકીના નેજા હેઠળ તાત્કાલિક લોકશાહી સ્થાપવાની માંગ કરવામાં આવી હતી. તે મ્યાનમારની સુપ્રીમ અને લોકપ્રિય નેતા છે. હાલમાં નવા સરમુખત્યારો ડોક્ટરો અને હેલ્થ વર્કરો સાથે આ રોગચાળાની સ્થિતિમાં શું કરી રહ્યા છે, જે સમગ્ર દેશમાં વાવાઝોડાની જેમ ફેલાઈ રહ્યો છે, કદાચ કોઈ માની નહી શકે પરંતુ તે હકીકત છે

આંતરરાષ્ટ્રીય પ્રવાહો

- અમિત સેનગુપ્તા

કે મ્યાનમારમાં હાલમાં ડોક્ટરો, નર્સો અને હેલ્થ વર્કરો પર જુંટાના શાસને ધડબડાટી બોલાવી છે અને રીતસરના તેના પર ત્રાટક્યા છે. તેઓ મેડિકલ અને હેલ્થ સર્વિસ પ્રોફેશનલ્સને સીધા ઉઠાવીને જેલમાં નાખી રહ્યા છે. તેઓ ડોક્ટરોની અંડરગ્રાઉન્ડ ક્લિનિક અને નાગરિકો માટેના સીક્રેટ કોવિડ કેર સેન્ટર પર દરોડા પાડી રહ્યા છે. તેઓએ ડોક્ટરો અને નર્સોને સર્વેલન્સ એટલે કે નિરીક્ષણ હેઠળ મૂક્યુ છે, જ્યારે જોખમી વાઈરસમાં જબરજસ્ત ઉછાળો જોવા મળ્યો છે. તેમા પણ ગૌરિલા, સિવિલિયન્સ અને લશ્કરના સંઘર્ષના ઝોનમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે. સમગ્ર હેલ્થ ઈન્ડસ્ટ્રી લશ્કરી શાસન હેઠળ છે, તેમાં રાજ્યની હેલ્થ સર્વિસનો સમાવેશ થાય છે. આ સંઘર્ષના લીધે અત્યાર સુધીમાં એક લાખ લોકો વિસ્થાપિત થઈ ગયા છે

મ્યાનમારની ક્રાંતિનું રિપોર્ટિંગ કરવા માટે યુવા પત્રકારો પોતાના જીવને જોખમમાં મૂકી રહ્યા છે. ડોક્ટરો ઘવાયેલાઓ માટે સિક્રેટ ક્લિનિક ચલાવી રહ્યા છે. શહેરોમાં લશ્કર પર હુમલા કરતાં શહેરી ગોરીલાઓની નવી જમાત આવી છે. યુવાનો સશસ્ત્ર ગેરીલા આર્મીમાં જોડાઈ રહ્યા છે. આ સંજોગોમાં ભારત અને સમગ્ર વિશ્વ શા માટે મ્યાનમારના આ ઘટનાક્રમની અવગણના કરી રહ્યું છે તે સમજણની બહાર છે

તેમ યુએનના આંકડા કહે છે અને શાસન રીતસરનું પડી ભાંગવાના આરે છે.

ગાર્ડિયને રિપોર્ટ કર્યો હતો કે દેશના કોવિડ વેક્સિનેશન અભિયાનના ભૂતપૂર્વ વડા ડો. હતાર ઉતાર લિનની ધરપકડ થઈ છે. તેમના પર ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. તેમા દેશદ્રોહના આરોપનો પણ સમાવેશ થાય છે. તેની પાછળનું કારણ એ છે કે તેઓ લોકશાહી તરફી રાજકારણીઓ માટે કામ કરતા હતા. કેટલાય ડોક્ટરોને તેમના લીધે ઉત્તેજન મળ્યું હતું.

મ્યાનમારના ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડ ક્રોસ એન્ડ રેડ ક્રેસેન્ટ સોસાયટીઝ ડેલિગેશનના હેડ જોય સિંઘલે ગાર્ડિયનને જણાવ્યું હતું કે વાઈરસ અત્યંત ઝડપથી ફેલાઈ રહ્યો છે, તે અત્યંત ચેપી છે અને દેશના વિવિધ ભાગમાં તેના વિવિધ વેરિયન્ટ્સ ઓળખી કાઢવામાં આવ્યા છે. હોસ્પિટલો અને સમગ્ર હેલ્થ સિસ્ટમ પડી ભાંગી છે અને અમને સારવાર, ટેસ્ટિંગ અને રોગ અટકાવવા માટેના પગલા તાકીદે ભરવાની જરૂર છે, આ પગલાં ભરવામાં આવ્યા તો જ સાઉથ એશિયાના આ ભાગમાં મોટી કરૂણાંતિકા બનતી અટકાવી શકાશે.

આમ વિશ્વના શક્તિશાળી દેશો, તેમા પણ ખાસ કરીને પશ્ચિમી લોકશાહીઓ અને સંયુક્ત રાષ્ટ્રસંઘ અને દક્ષિણી એશિયાના દેશો જાણે આ દેશમાં સામૂહિક કરૂણાંતિકા બનવાની રાહ જોઈ રહ્યા છે. આટલું ઓછું હોય તેમ મ્યાનમારમાં કેટલાય સ્થળો જાણે સંઘર્ષમય ઝોન બની ગયા છે, અહીં સતત સશસ્ત્ર સંઘર્ષ ચાલી રહ્યો છે. શું કોઈને પણ આ સુંદર દેશની જરા પણ ચિંતા છે. આ દેશ થાઈલેન્ડ, ભારત, બાંગ્લાદેશ અને ચીન સાથે સરહદ ધરાવે છે. હાલમાં આ દેશ હતાશા, અશાંતિ અને પીડાજનક સ્થિતિમાં ગરકાવ છે તો પછી પાડોશી દેશો અને બાકીના વિશ્વની તેના પ્રત્યે કોઈપણ પ્રકારની ફરજ બનતી નથી? **(ક્રમશ :)**

નહેરૂના શબ્દો : ભૂતકાળમાંથી શીખો, તેમાં જીવશો નહીં

'આજે આપણા અંતરાત્માને પાળનારા પુરૂષો, સંકુચિત અને ધર્માંધ છે અને તેઓ ખાલી સ્વરૂપો અને વિધિઓ સિવાય કંઈપણ જાણતા નથી ... આધુનિક વિશ્વમાં ધર્માંધો માટે કોઈ જગ્યા નથી'

આગળનો ઈતિહાસ એ હકીકતથી સ્પષ્ટ થાય છે કે શિક્ષણની સંસદીય સ્થાયી સમિતિએ 'શાળાના પાઠય પુસ્તકોની સામગ્રી અને રચનામાં સુધારા'ની તપાસ 'બિન-ઐતિહાસિક તથ્યોના સંદર્ભોને દૂર કરવા પર કેન્દ્રિત' રાખી છે અને 'ભારતીય ઈતિહાસના તમામ સમયગાળાના સમાન અથવા પ્રમાણસર સંદર્ભોની ખાતરી' માટે દેશભરના વિવિધ હિસ્સેદારોને ૧૫મી જુલાઈ સુધી તેમના સૂચનો મોકલવા કહ્યું છે.

ઘણા ઈતિહાસકારો માને છે કે આ સંભવતઃ અન્ય બાબતોની સાથે, ઈતિહાસને ફરીથી લખવાનો બીજો પ્રયાસ છે, જે પ્રાચીન 'હિન્દુ' ભૂતકાળને મહિમા આપશે અને મધ્યયુગીન સમયગાળાને 'ઈસ્લામિક' તરીકે બદનામ કરવાનો પ્રયાસ કરશે. ખરેખર વ્યંગાત્મક વાત છે કે ઈતિહાસનો સાંપ્રદાયિક દૃષ્ટિકોણ રજૂ કરવાના આ પ્રયાસની લગભગ ૯૦ વર્ષ પહેલાં જેલમાં લખાયેલા લેખમાં જવાહરલાલ નહેરુ દ્વારા ટીકા કરવામાં આવી હતી.

''જેટલું હું જૂના આર્યનો વિશે વાંચું છું તેટલી જ હું તેમની ઘણી બાજુની શ્રેષ્ઠતા પર આશ્ચર્ય કરું છું. મધ્ય એશિયામાંથી થઈને તેઓ ભારત આવ્યા અને પશ્ચિમ એશિયા અને યુરોપ તરફ ફેલાઈ ગયા. તેઓ જીવનના આનંદથી ભરેલા હતા, અને વિશ્વનો ભાર તેમના પર ઘણો ઓછો હતો. તે ખરેખર સત્યયુગ હતો, ઈતિહાસનો પ્રારંભ હતો, અને પાપ અને દુઃખનો લાંબો યુગ હજી બાકી હતો. યોદ્ધાઓ યુદ્ધમાં જીત્યા અને તેમ છતાં જ્ઞાન અને પુણ્ય માટે નમન કર્યું. તેઓ લડવાનું અને જીતવાનું પસંદ કરતા હતા પરંતુ તેમના માટે સૌથી મોટી શોધ એ જ્ઞાનની શોધ હતી.

''તેઓ સ્વતંત્રતા અને સન્માનને ચાહતા હતા અને આર્યન નામના અવમૂલ્યનને બદલે મૃત્યુને પસંદ કરતા હતા. 'કોઈ આર્યન ક્યારેય ગુલામીનો ભોગ બનશે નહીં' એમ તેમની ગૌરવભરી સનદ હતી. અને તેથી તેઓ પોતાનામાં વિશ્વાસ રાખીને ઉચ્ચ દેવતાઓની પ્રશંસામાં ગીતો ગાતા ભારત આવ્યા એવી માન્યતામાં કે સ્વર્ગ તેમને તેમના દૈવી ધ્યેયમાં માર્ગદર્શન આપી રહ્યું છે.

''ભૂતકાળનો વિચાર કરવો અને પ્રાચીન મહાપુરૂષોનાં ઉદાહરણોથી તાકાત અને હિંમત એકત્રિત કરવી સારી છે. પરંતુ તે ખતરનાક પણ છે અને ભારતમાં આપણે ખાસ કરીને આ ભય માટે જવાબદાર છીએ. આપણે તેના વિશે ખૂબ વિચારીએ છીએ અને સૂર્યની નીચે રહેલા દરેક પુણ્ય સાથે પ્રાચીન લોકોને જોડવાનું વલણ રાખીએ છીએ. તેમનું અનુકરણ કરવાની અને ઉદ્દેશ્ય માટે કમર કસવાની કોઈપણ ઈચ્છાને બદલે, આપણે ઉદાસીનતામાં ડૂબી જઈએ છીએ અને આપણી દુઃખી સ્થિતિને શોક આપીએ છીએ.

''ભૂતકાળના વૈભવ અને સુવર્ણ યુગના આપણી પાસે ધૂંધળા

વિચારો છે જ્યારે જમીન પર દૂધ અને મધ વહેતું હતું, અને દુઃખ અને વેદનાઓ માણસોથી દૂર હતા. આપણે ભૂતકાળની મહાનતાના ઝરણાઓનું વિશ્લેષણ કરતા નથી અથવા આપણા પૂર્વજો પાસે હતા એવા કયા ગુણો આપણામાં નથી તે શોધવાનો પ્રયત્ન કરતા નથી. મને લાગે છે કે આપણે તેમની પાસેથી મોટી બાબત શીખી શકીએ છીએ; આપણે યાદ રાખવું જોઈએ કે છેલ્લા કેટલાક હજાર વર્ષો દરમિયાન વિશ્વ સ્થિર રહ્યું નથી.

''દુનિયામાં જ્ઞાન અને સંસ્કૃતિમાં પ્રગતિ થાય છે, જો કે ત્યાં પ્રસંગોપાત ક્ષતિઓ અને પ્રત્યાવર્તન પણ છે. તમામ ઈતિહાસ આપણને સામાન્ય પ્રગતિનો આ પાઠ શીખવે છે, અને દુનિયામાં

ફ્લેશ બેક

- મૃદુલા મુખર્જી

વસ્તુઓનો ક્રમ ધીરે ધીરે વિકસી રહ્યો છે તેવું માનીએ નહિ તો, જીવન વહન કરવું મુશ્કેલ બનશે. તે ક્રમમાં આપણી પ્રાચીન સંસ્કૃતિ મોટામાં મોટો ફાળો આપી શકે છે, પરંતુ માત્ર જો આપણે તેની આવશ્યકતાઓ સમજીએ અને તેના પ્રમાણે જીવીએ, નહીં કે મૂળ અને સારને ભૂલીને, ખાલી સ્વરૂપો અને પ્રતીકોના જંગલમાં પોતાને ગુમાવી દઈએ.

''હું તે પ્રાચીન સંસ્કૃતિની આવશ્યકતાની ગણતરી કરવાનું સાહસ કરીશ નહીં. હું તે કરવા માટે સક્ષમ નથી. પરંતુ હું કેટલાક સ્પષ્ટ મુદ્દાઓ ટૂંકમાં દર્શાવીશ. મને લાગે છે કે જૂના આર્ય લોકો ખૂબ જ 'સકારાત્મક' લોકો હતા. તેઓ સક્રિય અને જિજ્ઞાસુ અને સ્વીકાર્ય હતા. તેઓ સ્વતંત્રતાને ચાહતા હતા અને તેમની શારીરિક અથવા માનસિક સ્વતંત્રતા પર કોઈ નિયંત્રણોનો ભોગ બનતા ન હતા.

તેઓ 'નરકના ખાડામાં નજર નાખવાથી' ગભરાતા ન હતા, જો જરૂરી હોય તો નવા અને નિષ્કર્ષભર્યા તારણોથી ડરતા નહોતા. તેઓ વિચારના ક્ષેત્રમાં, તેમજ પૃથ્વીના દેશો તરફ નવી પ્રગતિઓ અને જીત માટે આગળ જોતા હતા, તેમની પાસે સાહસની ભાવના હતી અને જીવન તેમના માટે એક અદ્‌ભુત રમત હતી, તેઓ આ વિશ્વ અને પછીના જ્ઞાનની શોધમાં હતા.

''અને આપણે, તેમના શિષ્ટ વંશજો, આપણા ઉચ્ચ વંશ પર ગર્વ કરીએ છીએ, આપણે શું છીએ? સ્વતંત્રતા અથવા સન્માનના વિચારને ભૂલનારી નિષ્ક્રિય, આળસુ અને અસ્પષ્ટ જાતિ. જીવનમાં આપણા માર્ગદર્શક સિદ્ધાંતો પર સંખ્યાબંધ પ્રતિબંધો છે. એક-બીજાની સાથે ખાવું કે પીવું નહીં, અમુક પ્રકારના લોકોને સ્પર્શ કરવો નહીં, સમુદ્ર પાર કરવો નહીં વગેરે,વગેરે.

''જૂની બાબતોનો એક મોટો પ્રતિબંધ આપણે ભૂલી ગયા છીએ: 'આપણે ગુલામીનો ભોગ બનવું નહીં.' આપણે આપણી રસોઈ અને આપણી અન્ય ઔપચારિક પ્રથામાં એટલા વ્યસ્ત હોઈએ છીએ કે આપણને તેના વિશે વિચાર કરવાનો સમય નથી. દેડકાની જેમ આપણે સ્થિર સ્થિતિમાં બેઠા રહીએ છીએ અને કલ્પના કરીએ છીએ કે આ બ્રહ્માંડનું કેન્દ્ર છે અને તમામ જ્ઞાન અને પુણ્ય આપણામાં છે અને પામવાનું કે શોધવાનું બીજું કંઈ નથી. અને પ્રકૃતિનો બદલો આપણા પર રહ્યો છે.

''દુનિયાએ અંધશ્રદ્ધાઓ અને પાલનમાં ડૂબતા રાખીને, આપણને પાછળ છોડી દીધા છે, જેને આપણે સમજી પણ નથી શકતા. આપણા જૂના આર્કિટેક્ચરની જેમ, આપણી શ્રદ્ધાએ તેની પ્રાચીન શુદ્ધતા અને સરળતા ગુમાવી દીધી છે અને મોટા પ્રમાણમાં અપશબ્દો, જડ પ્રતીકો અને અભિગમનું આવરણ છવાઈ ગયું છે.

''આજે આપણા અંતરાત્માને પાળનારા પુરુષો, સંકુચિત અને ધર્માંધ છે અને તેઓ ખાલી સ્વરૂપો અને વિધિઓ સિવાય કંઈપણ જાણતા નથી. ગોએથે કહ્યું કે, આથી વધુ ભયાનક કંઈ નથી, જ્યારે વિદ્વાનો જેટલું જણાવવા માંગે છે, શિક્ષક એટલું જ જાણે છે, પરંતુ અહીં શિક્ષક વિદ્વાન કરતા વધુ અજાણ છે.

''આપણે આ જડતા અને કઠોરતામાંથી છૂટકારો મેળવવો જોઈએ અને વિચાર અને ગતિની સ્થિતિસ્થાપકતાને પુનઃ પ્રાપ્ત કરવી જોઈએ. આપણે કારણને વધુ માન આપવું જોઈએ અને તે કારણના પ્રકાશ દ્વારા દરેક વસ્તુનું પરીક્ષણ કરવું જોઈએ, જો કે તે ગમે તેટલું નબળું હોય. આધુનિક વિશ્વમાં ધર્માંધ માટે કોઈ જગ્યા નથી. આપણે તપાસની ભાવના કેળવવી જોઈએ અને તમામ પ્રકારના જ્ઞાનને આવકારવું જોઈએ ભલે પછી તેની ઉત્પત્તિ પૂર્વની હોય કે પશ્ચિમની. સૌથી વધુ આપણે આપણી અંદર ઘૂસી ગયેલી ગંદકીથી છૂટકારો મેળવવો જોઈએ જે આપણી આખી સિસ્ટમને ઝેરી બનાવે છે. જો આપણે આપણી આ નબળાઈઓ પર જીત મેળવીશું નહીં, તો આપણે આ કાદવમાં ઊંડાને ઊંડા ગરકાવ થઈ જઈશું અને નાશ પામીશું.''

(લેખક, જેએનયુમાં ઈતિહાસના ભૂતપૂર્વ અધ્યાપક અને નહેરૂ મેમોરિયલ મ્યુઝિયમ અને લાઈબ્રેરીના ભૂતપૂર્વ નિર્દેશક દ્વારા પસંદ કરેલ અને સંપાદિત) (સૌ. : નેશનલ હેરાલ્ડ)

ભારતીય શાસ્ત્રીય સંગીતના વાયોલીનવાદક એલ.સુબ્રમણ્યમ



એલ.સુબ્રમણ્યમ એક પ્રભાવશાળી ભારતીય વાયોલીન વાદક, સંગીતકાર અને દક્ષિણ ભારતીય તેમજ પશ્ચિમી શાસ્ત્રીય સંગીતના કર્ણાટક સંગીતની સાગે કુશળ સંયોજક કરનારા પ્રતિભાશાળી કલાકાર છે. એમના દ્વારા સંયોજિત સંગીતની ધૂનો પોતાનામાં અનોખી છે. એ માત્ર એક વાયાલીન વાદક જ નહીં પણ એમને સંગીતના ક્ષેત્રમાં ટેકનિક અને નવા પ્રયોગોને ક્રાંતિકારી પરિવર્તનકર્તા રૂપે ઓળખવામાં આવે છે. એલ.સુબ્રમણ્યમનો જન્મ ૨૩ જુલાઈ ૧૯૪૭એ ચેન્નાઈ (મદ્રાસ, તામિલનાડુ)માં પ્રતિષ્ઠિત સંગીતકાર પરિવારમાં થયો હતો. એમનો સંબંધ એક દક્ષિણ ભારતીય તામિલ પરિવારથી છે. એમણે માત્ર છ વરસની નાની ઉંમરમાં જ સંગીતનું પોતાના પ્રથમ સાર્વજનિક કાર્યક્રમનું રંગમંચ પર પ્રદર્શન કર્યું હતું. સંગીત બાળપણથી જ તેમની રગ-રગમાં ભરેલું હતું. જે તેમની માતા સીતાલક્ષ્મી અને પિતા વી.લક્ષ્મીનારાયણથી વરદાન રૂપે મળ્યું હતું. કેમ કે તે બંને પ્રસિદ્ધ સંગીતકાર હતા. સંગીત સિવાય સુબ્રમણ્યમે કોલેજના દિવસોમાં ચિકિત્સા વિજ્ઞાનનો પણ અભ્યાસ કર્યો હતો. તેમણે મદ્રાસ મેડિકલ કોલેજથી એમ.બી.બી.એસ.નીડિગ્રી મેળવી હતી. તેમનો ડોક્ટર રૂપે કાર્યકાળ થોડાક સમયનો જ રહ્યો અને થોડાક દિવસો બાદ તેમણે સંગીતનો અભ્યાસ ફરીથી શરૂ કરી દીધો. વસ્તુતઃ તેઓએ ચિકિત્સા ક્ષેત્રમાં પોતાનો અભ્યાસ કરીને ડોક્ટરની ડિગ્રી મેળવી હતી. છતાં પણ તેમણે એક વાયોલિનવાદક રૂપે સંગીતને પોતાના વ્યવસાય તરીકે અપનાવ્યો. એમના પ્રશંસકો તેઓને પ્રેમથી 'મણિ' કહીને બોલાવે છે. એલ.સુબ્રમણ્યમનું યોગદાન ભારતીય સંગીત ક્ષેત્રમાં ઘણું પ્રભાવશાળી રહ્યું છે. એમણે સંગીતનું લાઈવ પ્રદર્શન પોતાના સમયના ભારતીય કર્ણાટક સંગીતશૈલીના સુપ્રસિદ્ધ સંગીતકારો સાથે કર્યું છે.એલ.સુબ્રમણ્યમના ગૌરવમયી સંગીત કેરિયરમાં તેઓને ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર મળ્યા છે. ૧૯૬૩માં ઓલ ઈન્ડિયા રેડિયો પર સૌથી સારા વાયોલીન વાદક માટે રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યો. ૧૯૮૮માં પદ્મશ્રી સંગીત માટે લોટસ ફેસ્ટિવલ, ૧૯૯૭માં સંગીત માટે વિશેષ મેડલ, ૨૦૦૧માં પદ્મભૂષણ, ૨૦૦૩માં ડોક્ટરેટની ઉપાધિ, ૨૦૦૪માં ચેન્નાઈમાં સંગીત કલારત્ન, બેંગ્લોરમાં સંગીત કલા શિરોમણી, બેંગ્લોરમાં પરકુસ્સિવ આર્ટસ સેન્ટર ૨૦૦૯માં કામકોટી પીઠ દ્વારા તંત્રી નાદ મણિ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા. આ વરસે તેઓને ઈસ્કોન મંદિર બેંગ્લોર દ્વારા આસ્થાન વિદ્વાનની ઉપાધિથી વિભૂષિત કરવામાં આવ્યા હતા.

પૂરું નામ : એલ.સુબ્રમણ્યમ
જન્મ : ૨૩ જુલાઈ, ૧૯૪૭
ચેન્નાઈ (મદ્રાસ, તામિલનાડુ)
રાષ્ટ્રીયતા : ભારતીય
કાર્યક્ષેત્ર : વાયોલીનવાદક
પુરસ્કાર : ૧૯૬૪-રાષ્ટ્રપતિ પુરસ્કાર, ૧૯૮૧ ગ્રેમી પુરસ્કાર, ૧૯૮૮-પદ્મશ્રી, ૧૯૮૮ લોટસ ફેસ્ટિવલ, ૧૯૯૭-વિશેષ મેડલ, ૨૦૦૧-પદ્મભૂષણ, ૨૦૦૩-ડોક્ટરેટ ઉપાધિ, ૨૦૦૪-સંગીત કલારત્ન પુરસ્કાર, બેંગ્લોર ગાયન સમાજ દ્વારા સંગીત કલા શિરોમણી અને બેંગ્લોર દ્વારા પરકુસ્સિવ આર્ટસ સેન્ટર પુરસ્કાર, ૨૦૦૯-કાંચી કામ કોટી દ્વારા તંત્રીનાદ મણિ પુરસ્કાર, ઈસ્કોન મંદિર દ્વારા આસ્થાના વિદ્વાન ઉપાધિથી વિભૂષિત કરવામાં આવ્યા.

સાદગીપૂર્વકના ઉદ્‌ઘાટન સમારોહમાં જાપાનના સૌંદર્યની ઝલક જોવા મળશે

કોરોનાના ભય વચ્ચે ટોક્યો ઓલિમ્પિકનો આજથી પ્રારંભ

જાપાનના રાજા નારૂ હિતોના હસ્તે આજે ઓલિમ્પિકનો પ્રારંભ થશે : ૧૫ દેશના નેતાઓ હાજર રહે તેવી સંભાવના

ટોક્યો,તા.૨૨

અમુક વર્ષો પહેલા ઓલિમ્પિક રમતોત્સવનો શુભારંભ જોરશોરથી કરવામાં આવતો હતો અને તેને એક ઉત્સવની જેમ ઉજવવામાં આવતો હતો. હજારોની સંખ્યામાં કલાકારો મહિના અગાઉ પ્રેકટીશ શરૂ કરી દેતા હતા. ખેલગાંવને રોશનીની ઝગમગાટથી ઝળહળી ઉઠતો હતો. પરંતુ આ વખતે કોરોનાની મહામારીના લીધે ટોકયો ઓલિમ્પિકનો ઉદઘાટન સમારોહ ખુબ જ સાદગીપુર્વક કરવામાં આવશે.ગત વર્ષે જ ટોકયોમાં ઓલિમ્પિકનું આયોજન થવાનું હતુ. પરંતુ મહામારીના પગલે એક વર્ષ પાછુ એટલે કે આ વર્ષે આયોજન થયું છે.

આજથી ઓલિમ્પિકનો ઉદઘાટન સમારોહ છે ત્યારે ઓપનીંગ સેરેમની પાછળ ૪.૮૪ અરબ રૂપિયાનો ખર્ચ થશે. ૧૦ હજારથી વધુ એથ્લેટ પરેડમાં ભાગ લેવાના છે. ભારતના ૬ ખેલાડીઓ ભાગ લેવાના છે. જેમાં બોકસર મેરીકોમ અને હોકી ટીમના કેપ્ટન હરમનપ્રિતસિંહ ધ્વજારોહક બનશે.

ટોકયો ઓલિમ્પિકનો પ્રારંભ જાપાનના રાજા નારૂ હિતોના હસ્તે થનાર છે. નારૂહિતો જાપાનના ૧૨૬મા રાજા છે. જેઓએ ૨૦૧૯માં રાજગાદી સંભાળી હતી.

અમેરીકી રાષ્ટ્રપતિ જો બાઈડનના પત્નિ પણ ઓપનીંગ સેરેમનીમાં ભાગ લઈ શકે છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મૈકરોન પણ હાજરી આપશે કારણ કે ૨૦૨૪માં ફ્રાન્સમાં ઓલિમ્પિક યજમાન કરી રહયું છે.

પ્રથમ વખત તમામ દેશોના દળની ઓપનીંગ સેરેમનીમાં એન્ટ્રી જાપાનની ભાષામાં હશે એવુ પ્રથમ વખત બનશે કે ઓલિમ્પિકમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવામાં આવશે નહિ. આ સમારોહ કોરોના વોરીયર્સને સમર્પિત કરવામાં આવશે.

આયોજકનું કહેવુ છે, ઓપનીંગ સેરેમનીનું આયોજન જાપાની સંસ્કૃતિથી કરવામાં આવશે. ટોકયો ઓલિમ્પિક રમતોત્સવ એકઝીકયુટીવ પ્રોડયુસર માર્કો બાલીચનું કહેવુ છે કે કોરોનાના કહેર વચ્ચે સમારોહ એકદમ સાદગીપૂર્વક યોજાશે. જેમાં જાપાનના સૌંદર્યની ઝલક જોવા મળશે.

દરેક ઓલિમ્પિકમાં યજમાન દેશના ત્રણ લોકો, એક ખેલાડી, એક કોચ અને એક જજ તમામ સ્પર્ધાઓ વતી શપથ લેતા હોય છે. પરંતુ આ વખતે માત્ર ૬ લોકો જ હાજર રહેશે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા આ વખતે બદલાવ કરવામાં આવ્યો છે.

કોરોનાની મહામારીથી પ્રભાવિત ટોક્યો ગેમ્સના આજથી થનારા ઉદઘાટન સમારંભમાં લગભગ ૧૫ દેશના નેતાઓ હાજર રહે તેવી સંભાવના છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમાનુએલ મેક્રોન, મંગોલિયાના લુવસાનામસરાઈ ઓયુન એર્ડેન તથા અમેરિકાના ફર્સ્ટ લેડી જિલ બાઈડેન સહિત વિશ્વના કેટલાક નેતાઓ હાજરી આપશે.

ઓલિમ્પિક વિલેજમાં બે એથ્લિટ્સ કોરોના પોઝિટિવ

વધુ ૧૨ નવા કોરોના કેસ ઓલિમ્પિકમાં નોંધાયા, કુલ કેસની સંખ્યા ૮૭ થઈ

ટોક્યો, તા.૨૨

ટોકિયો ઓલિમ્પિક ઓર્ગેનાઈઝન દ્વારા ગુરુવારે જણાવવામાં આવ્યું છે કે બે ખેલાડીઓ ઓલિમ્પિક વિલેજમાં કોરોના પોઝિટિવ આવ્યા છે. ઓલિમ્પિકમાં કોરોનાના પ્રસરે તે માટે પાછલા વર્ષે ઈવેન્ટ રદ કરવામાં આવી હતી જોકે, આ વર્ષે રસીકરણના લીધે સ્થિતિ કાબૂમાં આવતા ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ટોકિયો ઓલિમ્પિકમાં કુલ કોરોના પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૮૭ પર પહોંચી ગઈ છે. જેમાં વધુ ૧૨ નવા કેસ ઉમેરાયા છે, જેમાં બે એથલિટનો પણ સમાવેશ થાય છે. જાપાનમાં ફરી કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે, જેમાં પાછલા ૬ મહિનાના સૌથી વધુ ૧,૮૩૨ કેસ નવા કેસ નોંધાયા છે. હવે રમત શરુ થવાના માત્ર બે દિવસ બાકી છે ત્યારે કોરોનાના કેસ વધવાના કારણે ખેલાડીઓ સહિત આયોજકોની પણ ચિંતા વધી છે. ઓલિમ્પિક વિલેજમાં કોરોના પ્રસરે નહીં તે માટે ખાસ કાળજી રાખવામાં આવી રહી છે આમ છતાં જાપાનમાં વધતા કેસની અસર ઓલિમ્પિકમાં પણ જોવા મળી રહી છે. જાપાનમાં ચાર રાજયોમાં ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે જેમાં ટોકિયોનો પણ સમાવેશ થાય છે. જે ૨૨ ઓગસ્ટ સુધી રહેશે. નોંધનીય છે કે શુક્રવારે ઓલિમ્પિકનો પ્રારંભ થઈ રહ્યો છે અને તે ૮ ઓગસ્ટ સુધી ચાલશે.

ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ટેસ્ટ સિરીઝ પહેલાં ભારતીય ટીમને મોટો ઝટકો, ૩ ખેલાડીઓ થયા બહાર

લંડન, તા.૨૨

ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સિરીઝ ૪ ઓગસ્ટથી શરૂ થવાની છે, પરંતુ તે પહેલા ભારતીય ક્રિકેટ ટીમના ત્રણ ખેલાડીઓ પ્રવાસની બહાર થઈ ચૂક્યા છે. શુભમન ગિલ અને આવેશ ખાન ઈજાગ્રસ્ત થયા બાદ હવે વોશિંગ્ટન સુંદર પણ ઈજાગ્રસ્ત થયો છે અને તે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝ રમી શકશે નહીં. વોશિંગ્ટન સુંદર અને આવેશ ખાન બંને ડરહામમાં પ્રેક્ટિસ મેચ રમી રહ્યા હતા. આ બંને ખેલાડીઓને કાઉન્ટી સિલેકટ ઈલેવનની પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યા હતા, પરંતુ હવે સુંદર અને આવેશ ખાન બંનેને આંગળીમાં ઈજા થવાને કારણે ઈંગ્લેન્ડ પ્રવાસમાંથી બહાર થઈ ગયો છે. વોશિંગ્ટન સુંદરનું ઈંગ્લેન્ડ પ્રવાસમાંથી બહાર થવુ એ મોટો ફટકો છે. વોશિંગ્ટન સુંદર એક સારો બોલર છે સાથે સાથે સારી ટેકનીકનો બેટ્સમેન પણ છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ગાબા ટેસ્ટની પ્રથમ ઈનિંગ્સમાં ૬૨ રન બનાવીને તેણે ટીમ ઈન્ડિયાની જીતમાં મહત્વનું યોગદાન આપ્યું હતું.

શુભમન ગિલ બે અઠવાડિયા પહેલા ઈજાના કારણે ઈંગ્લેન્ડ પ્રવાસથી બહાર થયો હતો અને હવે તે ભારત પરત આવ્યો છે. બીસીસીઆઈએ શુભમન ગિલની જગ્યાએ બીજા કોઈ પણ ખેલાડીને ઈંગ્લેન્ડ મોકલવાનો ઈનકાર કરી દીધો હતો, પરંતુ હવે એ જોવું રસપ્રદ બનશે કે વોશિંગ્ટન સુંદર અને આવેશ ખાનને ઈજાઓ થયા બાદ બોર્ડ શું કરશે. ભારતીય ટીમમાં વિકલ્પોની અછત નથી. શ્રીલંકામાં પૃથ્વી શો, દેવદત્ત પડિક્કલ, ભુવનેશ્વર કુમાર, દિપક ચહર ફોર્મમાં જોવા મળી રહ્યા છે. શક્ય છે કે બીસીસીઆઈ શ્રીલંકાથી ૨-૩ ખેલાડીઓને ઈંગ્લેન્ડ મોકલશે.

સંસ્કાર સૌરભ

જે કાંઈ વીતી ગયું છે તેના માટે અફસોસ ન કરો; અને જે કાંઈ બાકી છે તેની ચિંતા ન કરો.
- હદીસ બોધ

બોધ વચન

આપણે ઈચ્છતા હોઈએ એ મેળવવું સમૃદ્ધિ છે; પણ એના વિના ચલાવી લેવું એ સત્તા છે.
- જ્યોર્જ મેકડોનાલ્ડ

આજની આરસી

૨૩ જુલાઈ શુક્રવાર ૨૦૨૧
૧૨ ઝિલહજ હિજરી ૧૪૪૨
અષાઢ સુદ ચૌદસ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૪-૩૭
ખત્મે ઝવાલ ૧૨-૪૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૬

મુસ્કુરાયું

રમેશ : કેટલી વખત કીધું કે જમવાનું બનાવતા સમયે મોબાઈલ ના ચલાવ. શાકમાં મરચું, મીઠું કંઈ જ નથી.
ચંપા : તમને કેટલી વખત કીધું કે જમતા હોય તે સમયે મોબાઈલ ના ચલાવો. શાકના બદલે પાણીમાં રોટલી બોળીને ખાઈ રહ્યા છો.

શ્રીલંકાને વ્હાઈટવોશ કરવાના ઈરાદે ટીમ ઈન્ડિયા આજે મેદાનમાં ઊતરશે

કોલંબો,તા.૨૨

ટીમ ઈન્ડિયાના યુવા ખેલાડીઓના દમ પર વન-ડે સીરીઝ મેળવી લીધી છે. ત્રણ મેચોની સીરીઝની બીજી મેચમાં શિખર ધવનની કેપ્ટનશીમાં મેજબાન શ્રીલંકાને ૩ વિકેટે હરાવ્યું હતું. ટીમની સીરીઝમાં ૨-૦થી અજેય લીડ મેળવી લીધી છે. ટીમને શ્રીલંકા સામે સતત ૯મી સીરીઝમાં જીત મેળવી છે. સીરીઝની અંતિમ મેચ ૨૩ જુલાઈના દિવસે રમાશે અને શ્રીલંકાને વ્હાઈટવોશ કરવાના ઈરાદે ટીમ ઈન્ડિયા આજે મેદાનમાં ઉતરશે. ત્યાર બાદ બંન્ને દેશોની વચ્ચે ત્રણ ટી-૨૦ મેચ આયોજીત થવાની છે. ભારત અને શ્રીલંકાની વચ્ચે અંતિમ ૯ સીરીઝમાં વાત કરીએતો ટીમ ઈન્ડિયાએ તમામ ૩૦ મેચોમાં જીત મેળવી છે. જયાર ૭ મેચમાં શ્રીલંકાને પણ જીત મળી છે. એટલે કે ટીમ ઈન્ડિયા લંકા કરતા ચાર ગણી મેચમાં જીત મેળવી છે. આ દરમિયાન બે વાર ૫-૦ અને ૫-૦થી ક્લિન સ્વિપ પર કરી છે. જો આ ટીમ અંતિમ મેચમાં જીત મેળવી લે છે તો તે છેલ્લી ૯ મેચોમાં ૩ સીરીઝ પર ક્લિન સ્વિપ કરી શકે છે. હાલની સીરીઝ માટે ટીમ ઈન્ડિયાની કમાન શિખર ધવનને કમાન સોપવામાં આવી છે. બંન્ને મેચમાં ભારતે જોરદાર જીત મેળવી લીધી છે. અને જો ભારત અંતિમ મેચ પણ જીતી લે છે તો શ્રીલંકા સામે મેચો જીતવાની બાબતમાં શિખર ધવન સેહવાગની બરાબરી કરી શકે છે. વીરેન્દ્ર સેહવાગે શ્રીલંકા સામેની ૪ મેચોમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી છે. જેમાં ૩મેચોમાં ભારતે જીત મેળવી અને એકમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ટીમ ઈન્ડિયા શ્રીલંકા સામે સૌથી વધુ ૯૨ વન-ડે મેચ જીતનારી પ્રથમ ટીમ બની ગઈ છે. ભારતે પાકિસ્તાનને પણ પાછળ છોડી દીધું છે. પાકિસ્તાનને ૯૨ મેચોમાં જીત મળી છે. શ્રીલંકા સામે ભારતીય કેપ્ટન એમએસ ધોનીએ સૌથી વધારે વન-ડે મેચોમાં જીત મેળવી છે. તેમણે ૪૧ મેચોમાં કેપ્ટનશીપ કરી હતી અને ૨૫ મેચોમાં જીત મેળવી હતી જ્યારે ૧૩ મેચોમાં હારનો સામનો કરવો પડ્યો હતો. મોહમ્મદ અજરુદ્દીન (૧૭), વિરાટ કોહલી (૧૨) ત્રીજા સ્થાને કપિલ દેવ (૧૦) ચોથા નંબરે રાહુલ દ્રવિડ (૮) છે. રાહુલ દ્રવિડને શ્રીલંકાના પ્રવાસ પર કોચ બનાવવામાં આવ્યો છે.

ભારતીય કિસાન સંઘની રજૂઆત, કૃષિ તજજ્ઞોની ટીમે ખેતરોની મુલાકાત લીધી

વાગરા, ભરૂચ, આમોદ અને જંબુસરના અનેક ગામમાં ઉગેલા પાકના પાનમાં વિકૃતિ આવતાં ખેડૂત ત્રાહિમામ

છેલ્લા ૧૦ વર્ષથી પાકના પાનમાં આવતી વિકૃતિથી ખેડૂતો આર્થિક પાયમાલી તરફ

વાગરા, તા.૨૨

વાગરા, ભરૂચ, આમોદ અને જંબુસર તાલુકાના અનેક ગામની સીમમાં ચાલુ વર્ષે ઉભા પાકના પાનમાં તેમજ વૃક્ષોમાં વિકૃતિ આવતા ખેડૂત મૂંઝવણમાં મુકાઈ ગયો છે. ભરૂચ જિલ્લા ખેતીવાડી વિભાગને ભારતીય કિસાન સંઘે પત્ર પાઠવતા કૃષિ તજજ્ઞોની ટીમે ખેતરોની મુલાકાત લીધી હતી. કપાસ અને તુવેરના છોડવા નિરીક્ષણ ટીમે લઈ સંશોધન હાથ ધર્યું હતું. પાકમાં આવતી વિકૃતિનો કાયમી નિકાલ લાવી ખેડૂતોને આર્થિક પાયમાલીથી રક્ષિત કરવાની માંગ બુલંદ થવા પામી છે. ખેડૂત અને સમસ્યા એક સિક્કાની બે બાજુ હોય એમ પ્રતીત થઈ રહ્યુ છે. કુદરતના પ્રકોપથી બચવામાં સફળ રહેલ ખેડૂતને માનવ સર્જિત આપદા સામે પણ લડવું પડે છે. વાગરા તાલુકામાં સેંકડો ઉદ્યોગો પ્રસ્થાપિત થયા છે. અને ઉદ્યોગો દ્વારા નિયત માત્રા કરતા વધુ પ્રમાણમાં પ્રદૂષણ ઓકવામાં આવતા તેની વ્યાપક અસર માનવ સ્વાસ્થય સાથે ખેતી પાકોને પણ થઈ રહી છે.જેમાં અંતે નુકશાન તો જગતના તાતને જ થાય છે. વાગરા તાલુકાના અનેક ગામમાં છેલ્લા દશ વર્ષથી કપાસ તેમજ અન્ય પાકો અને વૃક્ષોના પાનમાં આવતી વિકૃતિનો

સામનો કરવા સાથે આર્થિક નુકશાન વેઠી રહ્યા છે. જિલ્લા ખેતીવાડી અધિકારીની અધ્યક્ષતામાં કૃષિ નિષ્ણાતો દ્વારા અગાઉ અગાઉ ૨૦૧૫-૧૬માં પાનમાં ૨-૪ડી નામના રસાયણથી વિકૃતિ આવી હોવાનું ગઠિત કમિટીએ તારણ કાઢ્યું હતું. તેમ છતાંયે હજુસુધી કસૂરવાર કંપની સામે ઉચિત પગલાં નહિ લેવાતા ચાલુ વર્ષે પણ પાકોમાં વિકૃતિ દેખાતા ખેડૂતોની ચિંતામાં અનેક ઘણો વધારો થવા પામ્યો છે. સાથે આ વર્ષે વાગરા તાલુકા ઉપરાંત ભરૂચ, આમોદ અને જંબુસર તાલુકાના અનેકવિધ ગામોમાં પણ પણ વિકૃતિ દેખાતા ભારતીય કિસાન સંઘ દ્વારા જિલ્લા ખેતીવાડી અધિકારીને લેખિતમાં જાણ કરવામાં આવી હતી. જેને પગલે નવસારી અને સુરતથી કૃષિ તજજ્ઞોની ટીમ મંગળવારના રોજ વાગરાના ભેંસલી કલાદરા, જણીયાદરા, સુતરેલ સહિતના અન્ય ગામોના ખેતરોની મુલાકાત લીધી હતી. ખેતરોમાંથી કપાસ, તુવેર અને બીજા પાકમાં આવેલ વિકૃત છોડને સંશોધન અર્થે લેવામાં આવ્યા હતા.

સંશોધનના અંતે જ ખબર પડશે કે પાકના પાનમાં વિકૃતિ આવવાનું કારણ શું છે. ગમે તેમ હાલતો છેલ્લા દસ વર્ષથી ચાલી આવતી સમસ્યાનું સરકાર દ્વારા નિરાકરણ નહીં લેવાતા ખેડૂતોને માનસિક અને આર્થિક નુકશાન વેઠવાનો વારો આવી રહ્યો છે. ખેડૂતોની આય ને બમણી કરવાના લક્ષ્યાંક સાથે ચાલતી આવતી જગતના તાતની સમસ્યાનો કેન્દ્ર સરકાર કાયમી ઉકેલ લાવે એવી માંગ ખેડૂત આલમમાંથી ઉઠવા પામી છે.

તો વાગરા પંથકમાં કપાસની ખેતી લુપ્ત થઈ જશે...

વાગરા તાલુકા કપાસ અને અન્ય પાકોમાં છેલ્લા દસ વર્ષથી પાન લાંબા થવાની ઘટનાઓ સામે આવી રહી છે અને ચાલુ વર્ષે અન્ય ત્રણ તાલુકામાં આવી અસર વર્તાઈ છે. સરકારી તંત્રમાં પણ લેખિત રજૂઆતોને અંતે અધિકૃત સમિતિના રિપોર્ટ આવ્યા બાદ પણ સમસ્યા ઠેરની ઠેર જ છે. ખેડૂતોને ઉત્પાદન ઓછું થતા ભારે આર્થિક બેહાલી થઈ રહી છે. સરકારી તંત્રની જે તે ઉદ્યોગ સામે લાલ આંખ કરવાને બદલે આજ ઉદ્યોગને વધુ ઉત્પાદન કરવાની મંજૂરી આપી હોવાનો આક્ષેપ ભારતીય કિસાન સંઘના અજીતસિંહ રાજે કર્યો હતો અને વધુમાં જણાવ્યું હતું કે ખેડૂતને વળતર આપવાનું તો ઠીક પણ તેના પ્રાણ પ્રશ્ને કોઈ ચોક્કસ પરિણામ આવ્યું નથી. જો આમને આમ જ ચાલતું રહેશે તો તો વાગરા પંથકમાં કપાસની ખેતી લુપ્ત થશે એમાં કોઈ બે મત નથી. વૃક્ષો અને અન્ય પાક પર જો આટલી ભારે અસર થતી હોય તો માનવ જીવન પર કેવી અસર થતી હશે...???

મુસ્લિમો વિશે અભદ્ર ટિપ્પણી કરવા મુદ્દે 'આપ' નેતાનો વિરોધ

મુસ્લિમ સમાજની માફી માંગવા જૂનાગઢના મુસ્લિમ એકતા મંચની અપીલ

જૂનાગઢ, તા.૨૨

આમ આદમી પાર્ટીમાં જોડાયેલા ઈશુદાન ગઢવીએ એક પ્રેસ કોન્ફરન્સમાં એવું જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા આપ પ્રદેશ અધ્યક્ષ ગોપાલ ઈટાલિયાની તસવીર મોર્ફ કરીને તેનો ચહેરો દાઢીધારી અને માથે મુસ્લિમ ટોપી પહેરાવી દેવામાં આવી છે. ત્યારે તેમણે ગોપાલ ઈટાલિયાની આ મોર્ફ તસવીર માટે થઈને મુસ્લિમ શબ્દના બદલે આતંકવાદી શબ્દ પ્રયોજયો હતો, જેને લઈને મુસ્લિમ એકતા મંચ દ્વારા ઈશુદાન ગઢવીનો વિરોધ કરવામાં આવ્યો છે. મુસ્લિમ એકતા મંચના અધ્યક્ષ ઈમ્તિયાઝ પઠાણ દ્વારા એક વીડિયો નિવેદન જારી કરીને એવું જણાવવામાં આવ્યું છે કે, શું દાઢી અને માથે ટોપી પહેરેલો વ્યક્તિ જ આતંકવાદી હોય ? ઈમ્તિયાઝ પઠાણે આ બાબતને લઈને આપ નેતા ઈશુદાન ગઢવીને જાહેર ખુલાસો કરી મુસ્લિમ સમાજની માફી માંગવા માટે જણાવ્યું છે અને જો એવું નહીં થાય તો આગામી દિવસોમાં મુસ્લિમ સમાજ પણ આમ આદમી પાર્ટીનો વિરોધ કરશે.

જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, હિંમતનગર
જાહેર નિવિદા નંબર- ૦૩ સને ૨૦૨૧ - ૨૨

યુનિટ મેનેજરશ્રી જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, ત્રીજો માળ જલ ભવન, નવા સર્કિટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર દ્વારા એજન્સીઓ પાસેથી સાબરકાંઠા જિલ્લાની પાણી સમિતિની લોકભાગીદારીથી હાથ ધરવાની થતી યોજનાઓમાં બોર અને કૂવો, ભૂગર્ભ સંપ, જમીન તળની ટાંકી, ઊંચી ટાંકી, પી.વી.સી. પાઈપ ખરીદી અને મજૂરી કામ, ઘરજોડાણ, હયાત ઘટકો રીપેરીંગ કામ, પમ્પિંગ મશીનરી તથા ડિસ્પ્લે બોર્ડ તથા સ્લોગનના કામોના ટેન્ડર "ઈ" ટેન્ડરીંગ પદ્ધતિથી માંગવામાં આવે છે. જેના ટેન્ડર આઈ.ડી.નં.૪૭૩૪૬૪, ૪૭૩૪૬૮ (બીજો પ્રયત્ન), ૪૭૩૪૭૧, ૪૭૩૪૭૩, ૪૭૩૪૭૯, ૪૭૩૪૮૭, ૪૭૩૪૯૦, ૪૭૩૪૯૭, ૪૭૩૫૦૦, ૪૭૩૫૦૨(બીજો પ્રયત્ન), ૪૭૩૫૧૦, ૪૭૩૫૧૩, ૪૭૩૫૧૫, ૪૭૩૫૨૦, ૪૭૩૫૨૨, ૪૭૩૫૨૫, ૪૭૩૫૩૧, ૪૭૩૫૩૬, ૪૭૩૫૩૯, ૪૭૩૫૪૭, ૪૭૩૫૬૦, ૪૭૩૫૭૩, ૪૭૩૫૮૩, ૪૭૩૫૯૧, ૪૭૩૫૯૭, ૪૭૩૬૦૧, ૪૭૩૬૦૮, ૪૭૩૬૨૦ (બીજો પ્રયત્ન), ૪૭૩૬૩૨(બીજો પ્રયત્ન), ૪૭૩૬૪૦ (બીજો પ્રયત્ન), ૪૭૩૬૪૩(બીજો પ્રયત્ન), ૪૭૩૬૫૦ (બીજો પ્રયત્ન), ૪૭૩૬૫૬ (બીજો પ્રયત્ન), ૪૭૩૬૬૦, ૪૭૩૬૬૪, ૪૭૩૬૬૫, ૪૭૩૬૬૬, ૪૭૩૬૬૭૦, ૪૭૩૬૭૪, ૪૭૩૬૭૫, ૪૭૩૬૭૯, ૪૭૩૬૯૭, ૪૭૩૬૯૯ ભાવો ભરવાની છેલ્લી તા.૦૯/૦૮/૨૦૨૧, ૧૮:૦૦ કલાક સુધી છે તેમજ ટેન્ડરના ફિઝિકલ દસ્તાવેજો તા.૧૦/૦૮/૨૦૨૧ને સમય : ૧૫:૦૦ કલાક સુધી આર.પી.એડી./સ્પીડપોસ્ટ/કુરીયર કચેરીમાં પહોંચાડવાના રહેશે. આ કામોની અંદાજિત કિંમત ૧૩૯૦૮૯૫.૫૨ રૂા.૧૯૭૫૨૨૬૯.૪૮ સુધીના છે. ઉક્ત કામો માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઈ પણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર સંબંધિત ગામની પાણી સમિતિને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતિ http//www.wasmo.nprocure.com ઉપર મૂકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો માટે કચેરી સમય દરમ્યાન યુનિટ મેનેજરશ્રી જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, બાયપાસ રોડ, હિંમતનગર મો.-૮૪૧૩૦૬૧૧૫ પાસેથી મેળવી શકાશે. હવે પછીના જો સુધારા હશે તો વેબસાઈટ ઉપર જોવા મળશે.

ગ્રામ્ય વિસ્તારના પાણીને લગતા કોઈ પણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઈન નં.૧૯૧૬નો સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૨૧૪/૨૦૨૧

વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન(વાસ્મો) અમરેલી

જાહેર નિવિદા નં.૨, વર્ષ ૨૦૨૧-૨૨(બીજો પ્રયત્ન)

ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ વિભાગના કોન્ટ્રાકટરોની માન્ય યાદી યોગ્ય શ્રેણીમાં યુનિટ મેનેજરશ્રી, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) અમરેલી, બટુક સ્મૃતિ, દેના બેંક સોસાયટી, સ્ટેશન રોડ, અમરેલી -૩૬૫૬૦૧ ફોન/ફેકસ નં.૦૨૭૮૨-૨૨૮૧૨૦, દ્વારા લાગુ પડતા વર્ગ ધરાવતી એજન્સી પાસેથી નીચેની વિગતેના કામો ટુ બીડ સિસ્ટમથી ઓનલાઈન ટેન્ડર પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. કામની વિગત નીચે મુજબ છે.

ટેન્ડર આઈ.ડી.	કામનું નામ	અંદાજીત રકમ રૂા. લાખમાં
૪૭૩૩૭૦	ગામ- ગૌપાલગ્રામ તા. ધારી ગામે આર.સી.સી. સંપ ૨.૫૦ લાખ લીટર, જળ વિતરણ પાઈપલાઈન, ઘર કનેકશન, પંપરૂમ, પમ્પીંગ મશીનરી, એન્ક્રેસિંગ પાઈપલાઈન આઈ.ઈ.સી. પેઈન્ટીંગનું કામ.	૧૭,૦૩,૬૫૬/-
૪૭૩૩૮૭	ગામ જૂની જીકાદ્રી તા.જાફરાબાદ ગામે આર.સી.સી. સંપ ૫૦ હજાર લીટર, જળ વિતરણ પાઈપલાઈન, ઘર કનેકશન, પમ્પીંગ મશીનરી, આઈ.ઈ.સી. પેઈન્ટીંગનું કામ.	૪,૯૩,૪૪૨/-

આ કામની વિગતવાર નોટિસ આ કચેરીના નોટિસ બોર્ડ ઉપરાંત ઈન્ટરનેટ સાઈટ www.statetenders.gujarat.gov.in તથા http://nprocure.com ઉપર તા.૦૩/૦૮/૨૦૨૧થી મેળવી શકાશે. ઓનલાઈન ટેન્ડરો તા.૦૩/૦૮/૨૦૨૧થી તા.૨૦/૦૮/૨૦૨૧ના રોજ ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે. હવે પછીના કોઈપણ સુધારા માત્ર ઓનલાઈન કરવામાં આવશે. કોઈ એક અથવા બધા ટેન્ડરો કારણ આપ્યા સિવાય રદ કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે. ટેન્ડરને લગતી અન્ય શરતો તેમજ વિગતો ઓનલાઈન ડોકયુમેન્ટ પરથી મેળવી શકાશે.

માહિતી/અમર/૧૨૪/૨૧-૨૨

વરાછામાં યુવતીએ પાપ છૂપાવવા નવજાત બાળકને ગટરમાં ફેંકી દેતાં ઊહાપોહ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૨

પૂણા બોમ્બે માર્કેટ રોડ પર આવેલ વિવેકાનંદ સોસાયટીમાં રહેતા ધીરૂ જિંજાળા એસ્ટેટ બ્રોકર તરીકે કાર્યરત છે, તેઓ વરાછા સ્થિત કુબેરનગરના પોપડા પાસેથી ચાલતા-ચાલતા પસાર થઈ રહ્યા હતા. આ સમયે તેમણે જોયું કે, કેટલાક કુતરાઓ કુબેરનગરના પોપડાની પાસે આવેલ ગટરના નાળામાંથી મૃત બાળકના મૃતદેહને રસ્તા પર ખેંચી લાવી ખાતા હતા. આ જોઈ તેઓએ તાત્કાલિક કુતરોને ભગાડી વરાછા પોલીસને જાણ કરી હતી. વરાછા માતાવાડી પોલીસ ચોકીના પીએસઆઈ પી.બી.જોઝા તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા, તેઓએ એફએસએલ ટીમને જાણ કરવાની સાથે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. વરાછા પોલીસે અજાણી મહિલા સામે નવજાત બાળકને ત્યજી દેવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પશ્ચિમ રેલવે બાન્દ્રા ટર્મિનસ ⇆ ચંડીગઢ વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવી રહ્યું છે

ટ્રેન નં.	પ્રસ્થાન અને ગંતવ્ય સ્ટેશન	શરૂ થવાની	સેવાના દિવસો	પ્રસ્થાન	આગમન
04539	બાન્દ્રા - ટર્મિનસ - ચંડીગઢ સુપરફાસ્ટ સ્પેશિયલ એક્સપ્રેસ (દ્વિ-સાપ્તાહિક)	26.07.2021	સોમવાર અને ગુરૂવાર	12:00 કલાકે	14.20 કલાકે (બીજા દિવસે)
04540	ચંડીગઢ - બાન્દ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ એક્સપ્રેસ (દ્વિ-સાપ્તાહિક)	25.07.2021	બુધવાર અને રવિવાર	05:35 કલાકે	07.35 કલાકે (બીજા દિવસે)

રોકાણના સ્ટેશનો : બોરીવલી, સુરત, ભરૂચ જં., વડોદરા જં., આણંદ જં., અમદાવાદ જં., મહેસાણા જં., પાલનપુર જં., આબુ રોડ, ફાલના, મારવાડ જં., અજમેર, કુલેરા જં., રિંગાસ જં., શ્રી માધોપુર, નીમકા થાન, નારનોલ, રેવારી, ગુરગાંવ, દિલ્હી કેન્ટ., પાણીપત જં., કરનાલ અને અંબાલા કેન્ટ. જં., સ્ટેશનોની બન્ને દિશામાં.

સંરચના : એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર કલાસ અને સેકન્ડ કલાસ સીટીંગ કોચીસ.

આ ટ્રેન આગળના આદેશ સુધી દોડશે. રોકાણના સમય સંબંધિત વિસ્તૃત માહિતી માટે મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ઉપર મુલાકાત કરો.

ફક્ત આરક્ષિત ટિકિટ ધરાવતા યાત્રીઓને આ ટ્રેનમાં ચઢવાની અનુમતિ આપવામાં આવશે. યાત્રીઓને સૂચન છે કે તેઓ ચઢતી વખતે યાત્રા દરમિયાન અને ગંતવ્ય સ્ટેશને કોવિડ-૧૯ સંબંધિત એસઓપીના તમામ નિયમોનું પાલન કરે.

ટ્રેન નં.04539 માટે 24/ 07/ 2021થી નિર્દિષ્ટ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ ઉપરથી બુકિંગ શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન સંપૂર્ણપણે આરક્ષિત રહેશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો facebook.com/WesternRly
અમને ફોલો કરો twitter.com/WesternRly

મહેરબાની કરીને તમામ આરક્ષિત ટિકિટ સાથે આઈ.ડી. પ્રૂફ સાથે રાખવું.

સંસ્કાર સૌરભ

જે કાંઈ વીતી ગયું છે તેના માટે અફસોસ ન કરો; અને જે કાંઈ બાકી છે તેની ચિંતા ન કરો.
- હદીસ બોધ

બોધ વચન

આપણે ઈચ્છતા હોઈએ એ મેળવવું સમૃદ્ધિ છે; પણ એના વિના ચલાવી લેવું એ સત્તા છે.
- જ્યોર્જ મેકડોનાલ્ડ

આજની આરસી

૨૩ જુલાઈ શુક્રવાર ૨૦૨૧
૧૨ ઝિલહજ હિજરી ૧૪૪૨
અષાઢ સુદ ચૌદસ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૪-૩૭
ખત્મે ઝવાલ ૧૨-૪૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૦૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૨૬

ગુસપુસિયું

રમેશ : કેટલી વખત કીધું કે જમવાનું બનાવતા સમયે મોબાઈલ ના ચલાવ. શાકમાં મરચું, મીઠું કંઈ જ નથી.
ચંપા : તમને કેટલી વખત કીધું કે જમતા હોય તે સમયે મોબાઈલ ના ચલાવો. શાકના બદલે પાણીમાં રોટલી બોળીને ખાઈ રહ્યા છો.

સાદગીપૂર્વકના ઉદ્‌ઘાટન સમારોહમાં જાપાનના સૌંદર્યની ઝલક જોવા મળશે

કોરોનાના ભય વચ્ચે ટોક્યો ઓલિમ્પિકનો આજથી પ્રારંભ

જાપાનના રાજા નારૂ હિતોના હસ્તે આજે ઓલિમ્પિકનો પ્રારંભ થશે : ૧૫ દેશના નેતાઓ હાજર રહે તેવી સંભાવના

ટોક્યો,તા.૨૨

અમુક વર્ષો પહેલા ઓલિમ્પિક રમતોત્સવનો શુભારંભ જોરશોરથી કરવામાં આવતો હતો અને તેને એક ઉત્સવની જેમ ઉજવવામાં આવતો હતો. હજારોની સંખ્યામાં કલાકારો મહિના અગાઉ પ્રેક્ટીશ શરૂ કરી દેતા હતા. ખેલગાંવને રોશનીની ઝગમગાટથી ઝળહળી ઉઠતો હતો. પરંતુ આ વખતે કોરોનાની મહામારીના લીધે ટોકયો ઓલિમ્પિકનો ઉદઘાટન સમારોહ ખુબ જ સાદગીપુર્વક કરવામાં આવશે.ગત વર્ષે જ ટોકયોમાં ઓલિમ્પિકનું આયોજન થવાનું હતુ. પરંતુ મહામારીના પગલે એક વર્ષ પાછુ એટલે કે આ વર્ષે આયોજન થયું છે.

આજથી ઓલિમ્પિકનો ઉદઘાટન સમારોહ છે ત્યારે ઓપનીંગ સેરેમની પાછળ ૪.૮૪ અરબ રૂપિયાનો ખર્ચ થશે. ૧૦ હજારથી વધુ એથ્લેટ પરેડમાં ભાગ લેવાના છે. ભારતના ૬ ખેલાડીઓ ભાગ લેવાના છે. જેમાં બોકસર મેરીકોમ અને હોકી ટીમના કેપ્ટન હરમનપ્રિતસિંહ ધ્વજારોહક બનશે.

ટોકયો ઓલિમ્પિકનો પ્રારંભ જાપાનના રાજા નારૂ હિતોના હસ્તે થનાર છે. નારૂહિતો જાપાનના ૧૨૬માં રાજા છે. જેઓએ ૨૦૧૯માં રાજગાદી સંભાળી હતી.

અમેરીકી રાષ્ટ્રપતિ જો બાઈડનના પત્નિ પણ ઓપનીંગ સેરેમનીમાં ભાગ લઈ શકે છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમૈનુઅલ મૈકરોન પણ હાજરી આપશે કારણ કે ૨૦૨૪માં ફ્રાન્સમાં ઓલિમ્પિક યજમાન કરી રહયું છે.

પ્રથમ વખત તમામ દેશોના દળની ઓપનીંગ સેરેમનીમાં એન્ટ્રી જાપાનની ભાષામાં હશે એવુ પ્રથમ વખત બનશે કે ઓલિમ્પિકમાં અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવામાં આવશે નહિ. આ સમારોહ કોરોના વોરીયર્સને સમર્પિત કરવામાં આવશે.

આયોજકનું કહેવુ છે, ઓપનીંગ સેરેમનીનું આયોજન જાપાની સંસ્કૃતિથી કરવામાં આવશે. ટોકયો ઓલિમ્પિક રમતોત્સવ એકઝીકયુટીવ પ્રોડયુસર માર્કો બાલીચનું કહેવુ છે કે કોરોનાના કહેર વચ્ચે સમારોહ એકદમ સાદગીપૂર્વક યોજાશે. જેમાં જાપાનના સૌંદર્યની ઝલક જોવા મળશે.

દરેક ઓલિમ્પિકમાં યજમાન દેશના ત્રણ લોકો, એક ખેલાડી, એક કોચ અને એક જજ તમામ સ્પર્ધાઓ વતી શપથ લેતા હોય છે. પરંતુ આ વખતે માત્ર ૬ લોકો જ હાજર રહેશે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ દ્વારા આ વખતે બદલાવ કરવામાં આવ્યો છે.

કોરોનાની મહામારીથી પ્રભાવિત ટોક્યો ગેમ્સના આજથી થનારા ઉદઘાટન સમારંભમાં લગભગ ૧૫ દેશના નેતાઓ હાજર રહે તેવી સંભાવના છે. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમાનુએલ મેક્રોન, મંગોલિયાના લુવસાનામસરાઈ ઓયુન એર્ડેન તથા અમેરિકાના ફર્સ્ટ લેડી જિલ બાઈડેન સહિત વિશ્વના કેટલાક નેતાઓ હાજરી આપશે.

ઓલિમ્પિક વિલેજમાં બે એથ્લિટ્સ કોરોના પોઝિટિવ

વધુ ૧૨ નવા કોરોના કેસ ઓલિમ્પિકમાં નોંધાયા, કુલ કેસની સંખ્યા ૮૭ થઈ

ટોક્યો, તા.૨૨

ટોકિયો ઓલિમ્પિક ઓર્ગેનાઈઝન દ્વારા ગુરુવારે જણાવવામાં આવ્યું છે કે બે ખેલાડીઓ ઓલિમ્પિક વિલેજમાં કોરોના પોઝિટિવ આવ્યા છે. ઓલિમ્પિકમાં કોરોનાના પ્રસરે તે માટે પાછલા વર્ષે ઈવેન્ટ રદ્દ કરવામાં આવી હતી જોકે, આ વર્ષે રસીકરણના લીધે સ્થિતિ કાબૂમાં આવતા ઓલિમ્પિકનું આયોજન કરવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ટોકિયો ઓલિમ્પિકમાં કુલ કોરોના પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૮૭ પર પહોંચી ગઈ છે. જેમાં વધુ ૧૨ નવા કેસ ઉમેરાયા છે, જેમાં બે એથલિટનો પણ સમાવેશ થાય છે. જાપાનમાં ફરી કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે, જેમાં પાછલા ૬ મહિનાના સૌથી વધુ ૧,૮૩૨ કેસ નવા કેસ નોંધાયા છે. હવે રમત શરુ થવાના માત્ર બે દિવસ બાકી છે ત્યારે કોરોનાના કેસ વધવાના કારણે ખેલાડીઓ સહિત આયોજકોની પણ ચિંતા વધી છે. ઓલિમ્પિક વિલેજમાં કોરોના પ્રસરે નહી તે માટે ખાસ કાળજી રાખવામાં આવી રહી છે આમ છતાં જાપાનમાં વધતા કેસની અસર ઓલિમ્પિકમાં પણ જોવા મળી રહી છે. જાપાનમાં ચાર રાજ્યોમાં ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે જેમાં ટોકિયોનો પણ સમાવેશ થાય છે. જે ૨૨ ઓગસ્ટ સુધી રહેશે. નોંધનીય છે કે શુક્રવારે ઓલિમ્પિકનો પ્રારંભ થઈ રહ્યો છે અને તે ૮ ઓગસ્ટ સુધી ચાલશે.

શ્રીલંકાને વ્હાઈટવોશ કરવાના ઈરાદે ટીમ ઈન્ડિયા આજે મેદાનમાં ઊતરશે

કોલંબો,તા.૨૨

ટીમ ઈન્ડિયાના યુવા ખેલાડીઓના દમ પર વન-ડે સીરીઝ મેળવી લીધી છે. ત્રણ મેચોની સીરીઝની બીજી મેચમાં શિખર ધવનની કેપ્ટનશીમાં મેજબાન શ્રીલંકાને ૩ વિકેટે હરાવ્યું હતું. ટીમની સીરીઝમાં ૨-૦થી અજેય લીડ મેળવી લીધી છે. ટીમને શ્રીલંકા સામે સતત ૯મી સીરીઝમાં જીત મેળવી છે. સીરીઝની અંતિમ મેચ ૨૩ જુલાઈના દિવસે રમાશે અને શ્રીલંકાને વ્હાઈટવોશ કરવાના ઈરાદે ટીમ ઈન્ડિયા આજે મેદાનમાં ઉતરશે. ત્યાર બાદ બંન્ને દેશોની વચ્ચે ત્રણ ટી-૨૦ મેચ આયોજીત થવાની છે. ભારત અને શ્રીલંકાની વચ્ચે અંતિમ ૯ સીરીઝમાં વાત કરીએતો ટીમ ઈન્ડિયાએ તમામ ૩૦ મેચોમાં જીત મેળવી છે. જયાર ૭ મેચમાં શ્રીલંકાને પણ જીત મળી છે. એટલે કે ટીમ ઈન્ડિયા લંકા કરતા ચાર ગણી મેચમાં જીત મેળવી છે. આ દરમિયાન બે વાર ૫-૦ અને ૫-૦થી ક્લિન સ્વિપ ૫ર કરી છે. જો આ ટીમ અંતિમ મેચમાં જીત મેળવી લે છે તો તે છેલ્લી ૯ મેચોમાં ૩ સીરીઝ પર ક્લિન સ્વિપ કરી શકે છે. હાલની સીરીઝ માટે ટીમ ઈન્ડિયાની કમાન શિખર ધવનને કમાન સોપવામાં આવી છે. બંન્ને મેચમાં ભારતે જોરદાર જીત મેળવી લીધી છે. અને જો ભારત અંતિમ મેચ પણ જીતી લે છે તો શ્રીલંકા સામે મેચો જીતવાની બાબતમાં શિખર ધવન સેહવાગની બરાબરી કરી શકે છે. વીરેન્દ્ર સેહવાગે શ્રીલંકા સામેની ૪ મેચોમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરી છે. જેમાં ઉમેચોમાં ભારતે જીત મેળવી અને એકમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ટીમ ઈન્ડિયા શ્રીલંકા સામે સૌથી વધુ ૯૨ વન-ડે મેચ જીતનારી પ્રથમ ટીમ બની ગઈ છે. ભારતે પાકિસ્તાનને પણ પાછળ છોડી દીધું છે. પાકિસ્તાનને ૯૨ મેચોમાં જીત મળી છે. શ્રીલંકા સામે ભારતીય કેપ્ટન એમએસ ધોનીએ સૌથી વધારે વન-ડે મેચોમાં જીત મેળવી છે. તેમણે ૪૧ મેચોમાં કેપ્ટનશીપ કરી હતી અને ૨૫ મેચોમાં જીત મેળવી હતી જ્યારે ૧૩ મેચોમાં હારનો સામનો કરવો પડ્યો હતો. મોહમ્મ્દ અજરુદ્દીન (૧૭), વિરાટ કોહલી (૧૨) ત્રીજા સ્થાને કપિલ દેવ (૧૦) ચોથા નંબરે રાહુલ દ્રવિડ (૮) છે. રાહુલ દ્રવિડને શ્રીલંકાના પ્રવાસ પર કોચ બનાવવામાં આવ્યો છે.

ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ટેસ્ટ સિરીઝ પહેલાં ભારતીય ટીમને મોટો ઝટકો, ૩ ખેલાડીઓ થયા બહાર

લંડન, તા.૨૨

ઈંગ્લેન્ડ વિરુદ્ધ ટેસ્ટ સિરીઝ ૪ ઓગસ્ટથી શરૂ થવાની છે, પરંતુ તે પહેલા ભારતીય ક્રિકેટ ટીમના ત્રણ ખેલાડીઓ પ્રવાસની બહાર થઈ ચૂક્યા છે. શુભમન ગિલ અને આવેશ ખાન ઈજાગ્રસ્ત થયા બાદ હવે વોશિંગ્ટન સુંદર પણ ઈજાગ્રસ્ત થયો છે અને તે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝ રમી શકશે નહીં. વોશિંગ્ટન સુંદર અને આવેશ ખાન બંને ડરહામમાં પ્રેક્ટિસ મેચ રમી રહ્યા હતા. આ બંને ખેલાડીઓને કાઉન્ટી સિલેક્ટ ઈલેવનની પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવામાં આવ્યા હતા, પરંતુ હવે સુંદર અને આવેશ ખાન બંનેને આંગળીમાં ઈજા થવાને કારણે ઈંગ્લેન્ડ પ્રવાસમાંથી બહાર થઈ ગયો છે. વોશિંગ્ટન સુંદરનું ઈંગ્લેન્ડ પ્રવાસમાંથી બહાર થવુ એ મોટો ફટકો છે. વોશિંગ્ટન સુંદર એક સારો બોલર છે સાથે સાથે સારી ટેકનીકનો બેટ્સમેન પણ છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર ગાબા ટેસ્ટની પ્રથમ ઈનિંગ્સમાં ૬૨ રન બનાવીને તેણે ટીમ ઈન્ડિયાની જીતમાં મહત્વનું યોગદાન આપ્યું હતું.

શુભમન ગિલ બે અઠવાડિયા પહેલા ઈજાના કારણે ઈંગ્લેન્ડ પ્રવાસથી બહાર થયો હતો અને હવે તે ભારત પરત આવ્યો છે. બીસીસીઆઈએ શુભમન ગિલની જગ્યાએ બીજા કોઈ પણ ખેલાડીને ઈંગ્લેન્ડ મોકલવાનો ઈનકાર કરી દીધો હતો, પરંતુ હવે એ જોવું રસપ્રદ બનશે કે વોશિંગ્ટન સુંદર અને આવેશ ખાનને ઈજાઓ થયા બાદ બોર્ડ શું કરશે. ભારતીય ટીમમાં વિકલ્પોની અછત નથી. શ્રીલંકામાં પૃથ્વી શો, દેવદત્ત પડિક્કલ, ભુવનેશ્વર કુમાર, દિપક ચહર ફોર્મમાં જોવા મળી રહ્યા છે. શક્ય છે કે બીસીસીઆઈ શ્રીલંકાથી ૨-૩ ખેલાડીઓને ઈંગ્લેન્ડ મોકલશે.

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના તાજા રિપોર્ટમાં ખુલાસો કરાયો

ડેલ્ટા વેરિઅન્ટનો કહેર, ભારત સહિત વિશ્વના દેશોમાં ૨૮ દિ'માં ૭૫% કેસ

ડેલ્ટા વેરિઅન્ટથી પ્રભાવિત થતાં દેશોની યાદીમાં સતત ઉમેરો થઈ રહ્યો છે, સાત દિવસમાં સૌથી વધુ ૩,૫૦,૨૭૨ કેસ ઈન્ડોનેશિયામાંથી સામે આવ્યા

(એજન્સી) જિનેવા, તા.૨૨

ભારતમાં ઘાતક નીવડેલી કોરોના વાયરસની બીજી લહેર માટે જવાબદાર ડેલ્ટા વેરિયંટ દુનિયાભરના દેશો પર કહેર વર્તાવી રહ્યો છે. વિશ્વ સ્વાસ્થ સંગઠન (ડબલ્યુએચઓ)ના તાજેતરમાં સામે આવેલા રિપોર્ટમાં ખુલાસો કરાયો છે કે, વિશ્વના મોટાભાગના દેશોમાં રસીકરણ અભિયાન અસરકારક રીતે ચાલી રહ્યું હોવા છતાં ડેલ્ટા વેરિયંટના કેસો વધી રહ્યા છે. ડેલ્ટા વેરિયંટના ઝડપથી ફેલાવાને લીધે ભારત, ચીન, રશિયા, ઈઝરાયેલ અને બ્રિટન સહિત અનેક દેશોમાં વિતેલા ૨૮ દિવસમાં ૭૫%થી વધુ કેસમાં ડેલ્ટા વેરિયંટથી સંક્રમણ સામે આવ્યું છે.

૨૦ જુલાઈએ વિશ્વ સ્વાસ્થ સંગઠનની વૈશ્વિક મહામારી પર સામે આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ડેલ્ટા વેરિયંટથી પ્રભાવિત થતાં દેશોની યાદીમાં સતત ઉમેરો થઈ રહ્યો છે. જેમાં ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, બોત્સવાના, ચીન, ડેનમાર્ક, ભારત, ઈન્ડોનેશિયા, ઈઝરાયેલ, પોર્ટુગલ, ચીન, ડેનમાર્ક, રશિયા, સિંગાપુર, દક્ષિણ આફ્રિકા અને બ્રિટન સહિતના અનેક દેશો સામેલ છે. રિપોર્ટ દર્શાવે છે કે, વિતેલા સાત દિવસમાં સૌથી વધુ ૩,૫૦,૨૭૨ કેસ ઈન્ડોનેશિયામાંથી સામે આવ્યા છે, અહી કેસના પ્રમાણમાં ૪૪ ટકાનો વધારો નોંધાયો છે. બ્રિટનમાં પણ આવી જ ગંભીર સ્થિતિ છે જ્યાં સાત દિવસમાં ડેલ્ટા વેરિયંટના ૨,૯૬,૪૪૭ નવા કેસ ૪૧%ના વધારા સાથે સામે આવ્યા છે. જ્યારે મહાસત્તા અમેરિકામાં ૨,૧૬,૪૩૩ નવા કેસ ૬૮%ના વધારા સાથે સામે આવ્યા છે. આ સિવાય બ્રાઝીલમાં ૨,૮૭,૬૧૦ નવા કેસ ૧૪%ના ઘટાડા સાથે અને ભારતમાં ૨,૬૮,૮૪૩ નવા કેસ ૮%ના ઘટાડા સાથે સામે આવ્યા છે.

આ પહેલા ડબલ્યુએચઓએ આશંકા વ્યક્ત કરી હતી કે, દુનિયાભરમાં ડેલ્ટા વેરિયંટના કેસ વાયરસના અન્ય વેરિયંટની સરખામણીએ વધારે ઝડપથી વધી શકે છે. સંસ્થાના જણાવ્યા મુજબ ૧૮૦ દેશોમાંથી વાયરસના આલ્ફા વેરિયંટના કેસ જયારે ૧૩૦ દેશોમાં બીટા વેરિયંટના કેસ સામે આવી ચૂક્યા છે. ગામા વેરિયંટના કેસ ૭૮ દેશ અને ડેલ્ટા વેરિયંટના કેસ ૧૨૪ દેશોમાં જોવા મળ્યા છે. ડબલ્યુએચઓના રિપોર્ટ મુજબ અન્ય વેરિયંટની સરખામણીએ ડેલ્ટા વેરિયંટથી સંક્રમત દર્દીઓની હોસ્પિટલમાં દાખલ થવાની સંભાવના ૧૨૦%, આઈસીયૂમાં દાખલ થવાની સંભાવના ૨૮૭% અને મૃત્યુ થવાની સંભાવના ૧૩૭% રહેલી છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, ૧૨ થી ૧૮ જુલાઈની વચ્ચે દુનિયાભરમાં સંક્રમણના ૩૪ લાખ નવા કેસ સામે આવ્યા જે આગળના અઠવાડિયાની સરખામણીએ ૧૨ ટકા વધારે હતા. જોકે રિપોર્ટ મુજબ ભારત અને શ્રીલંકા માટે રાહતની વાત એ છે કે બંને દેશોમાં અઠવાડિયે સામે આવી રહેલા કેસ અને મૃત્યુનું પ્રમાણ વધી રહ્યું છે.

જોધપુરની સફાઈ કામદાર મહિલા બનવા જઈ રહી છે ડેપ્યુટી કલેક્ટર

(એજન્સી) તા.૨૨

આશા કાંદરા કે જે જોધપુરની સફાઈ કામદાર છે તેણે રાજસ્થાન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ પરીક્ષા પાસ કરી. આશા કાંદરાને બે બાળકો છે તેને તેના પતિએ આઠ વર્ષ પહેલાં છોડી દીધી હતી. પતિના છોડ્યા બાદ બાળકોનો ઉછેર કરવા સાથે તેણે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું. તેના મેરેજ ૧૯૯૭માં થયા હતા પરંતુ કેટલાક કારણોસર તે લાંબો સમય ટકી શક્યા નહીં. લગ્ન વિચ્છેદ બાળકોની જવાબદારી આશાના સિરે આવી ગઈ. જો કે, આશા પોતાની આ સફળતા મળવાનું કારણ પોતાના કુટુંબને માને છે જેઓએ તેને હિંમત અને આગળ વધવાનું સાહસ આપ્યું.

કાંદરાએ ૨૦૧૮માં સિવિલ સેવા સર્વિસ આપી પરંતુ કોવિડ-૧૯ના કારણે પરિણામોની તારીખ લંબાઈ. ૧૩ જુલાઈએ જ્યારે પરિણામ ઘોષિત થયું ત્યારે પરીક્ષા પાસ થવાના સમાચારે તે વધુ ખુશ થઈ. સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કર્યા બાદ તેણે સ્વીપરની નોકરીમાં અરજી કરતા તેને સ્વીપરની નોકરી મળી. પોતાની આર્થિક સ્થિતિ સારી બનાવવા નોકરીની સાથે તે મેઈનની પરીક્ષા આપવા માટે અભ્યાસની તૈયારી કરવા લાગી અને પાસ થઈ.

કાંદરા જણાવે છે કે, તેણે સમાજમાં જે ભેદભાવનો સામનો કર્યો તેના લીધે તેને આગળ વધી સન્માનજનક કાર્ય કરવાની પ્રેરણા મળી, તે વધુમાં જણાવે છે કે, તે શરૂઆતમાં આઈએએસ ઓફિસર બનવા માંગતી હતી પરંતુ વય સંબંધિત મર્યાદાને લીધે પરીક્ષા આપી શકાઈ નહીં. હાલમાં મળેલ સફળતા બદલ તે બહુ ખુશ છે પરંતુ આ સફળતા અનેક સંઘર્ષો વેઠીને પ્રાપ્ત થઈ છે મેં ઘણું સહન કર્યું છે તેવું આશા કહે છે. હવે હું એવા સ્તર પર છું જ્યાં હું અન્યાયનો ભોગ બનેલા ભેદભાવનો સામનો કરી રહેલ લોકો માટે કંઈક કરી શકું. સફળતાની કોઈ સીમા હોતી નથી અને શીખવાની કોઈ ઉંમર હોતી નથી. કોઈપણ વ્યક્તિ જો ઈચ્છે તો પોતાના દ્રઢ સંકલ્પ વડે પોતાનું ઈચ્છિત સ્થાન હાંસલ કરી શકે છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે આશા કાંદરા કે જે સ્વીપરમાંથી ડેપ્યુટી કલેક્ટર બનવા જઈ રહી છે.

વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન(વાસ્મો) અમરેલી

WASMO

જાહેર નિવિદા નં.૨, વર્ષ ૨૦૨૧-૨૨(બીજો પ્રયત્ન)

ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ વિભાગના કોન્ટ્રાકટરોની માન્ય યાદી યોગ્ય શ્રેણીમાં યુનિટ મેનેજરશ્રી, વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન (વાસ્મો) અમરેલી, બટુક સ્મૃતિ, દેના બેંક સોસાયટી, સ્ટેશન રોડ, અમરેલી -૩૬૫૬૦૧ ફોન/ફેકસ નં.૦૨૭૯૨-૨૨૮૧૨૦, દ્વારા લાગુ પડતા વર્ગ ધરાવતી એજન્સી પાસેથી નીચેની વિગતેના કામો ટુ બીડ સિસ્ટમથી ઓનલાઈન ટેન્ડર પધ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. કામની વિગત નીચે મુજબ છે.

ટેન્ડર આઈ.ડી.	કામનું નામ	અંદાજીત રકમ રૂા. લાખમાં
૪૭૩૩૭૦	ગામ- ગૌપાલગ્રામ તા. ધારી ગામે આર.સી.સી. સંપ ૨.૫૦ લાખ લીટર, જળ વિતરણ પાઈપલાઈન, ઘર કનેક્શન, પંપરૂમ, પમ્પીંગ મશીનરી, એન્કેસિંગ પાઈપલાઈન આઈ.ઈ.સી. પેઈન્ટીંગનું કામ.	૧૭,૦૩,૬૫૬/-
૪૭૩૩૮૭	ગામ જૂની જીકાદ્રી તા.જાફરાબાદ ગામે આર.સી.સી. સંપ ૫૦ હજાર લીટર, જળ વિતરણ પાઈપલાઈન, ઘર કનેક્શન, પમ્પીંગ મશીનરી, આઈ.ઈ.સી. પેઈન્ટીંગનું કામ.	૪,૯૩,૪૪૨/-

આ કામની વિગતવાર નોટિસ આ કચેરીના નોટિસ બોર્ડ ઉપરાંત ઈન્ટરનેટ સાઈટ www.statetenders.gujarat.gov.in તથા http://nprocure.com ઉપર તા.૦૩/૦૮/૨૦૨૧થી મેળવી શકાશે. ઓનલાઈન ટેન્ડરો તા.૦૩/૦૮/૨૦૨૧થી તા.૨૦/૦૮/૨૦૨૧ના રોજ ૧૮:૦૦ કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે. હવે પછીના કોઈપણ સુધારા માત્ર ઓનલાઈન કરવામાં આવશે. કોઈ એક અથવા બધા ટેન્ડરો કારણ આપ્યા સિવાય રદ કરવાની સત્તા સક્ષમ અધિકારીશ્રીને અબાધિત રહેશે. ટેન્ડરને લગતી અન્ય શરતો તેમજ વિગતો ઓનલાઈન ડોકયુમેન્ટ પરથી મેળવી શકાશે.

માહિતી/અમર/૧૨૪/૨૧-૨૨

જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, હિંમતનગર

જાહેર નિવિદા નંબર- ૦૩ સને ૨૦૨૧ - ૨૨

યુનિટ મેનેજરશ્રી જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, ત્રીજો માળ જલ ભવન, નવા સર્કિટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર દ્વારા એજન્સીઓ પાસેથી સાબરકાંઠા જિલ્લાની પાણી સમિતિની લોકભાગીદારીથી હાથ ધરવાની થતી યોજનાઓમાં બોર અને કૂવો, ભૂગર્ભ સંપ, જમીન તળની ટાંકી, ઊંચી ટાંકી, પી.વી.સી. પાઈપ ખરીદી અને મજૂરી કામ, ઘરજોડાણ, હયાત ઘટકો રીપેરીંગ કામ, પમ્પિંગ મશીનરી તથા ડિસ્પ્લે બોર્ડ તથા સ્લોગનના કામોના ટેન્ડર “ઈ” ટેન્ડરીંગ પદ્ધતિથી માંગવામાં આવે છે. જેના ટેન્ડર આઈ.ડી.નં.૪૭૩૪૬૪, ૪૭૩૪૬૮ (બીજો પ્રયત્ન), ૪૭૩૪૭૧, ૪૭૩૪૭૩, ૪૭૩૪૭૯, ૪૭૩૪૮૭, ૪૭૩૪૯૦, ૪૭૩૪૯૭, ૪૭૩૫૦૦, ૪૭૩૫૦૨(બીજો પ્રયત્ન), ૪૭૩૫૧૦, ૪૭૩૫૧૩, ૪૭૩૫૧૫, ૪૭૩૫૨૦, ૪૭૩૫૨૨, ૪૭૩૫૨૫, ૪૭૩૫૩૧, ૪૭૩૫૩૬, ૪૭૩૫૩૯, ૪૭૩૫૪૭, ૪૭૩૫૬૦, ૪૭૩૫૭૭, ૪૭૩૫૮૩, ૪૭૩૫૯૧, ૪૭૩૫૯૭, ૪૭૩૬૦૧, ૪૭૩૬૦૮, ૪૭૩૬૨૦ (બીજો પ્રયત્ન), ૪૭૩૬૩૨ (બીજો પ્રયત્ન), ૪૭૩૬૪૦ (બીજો પ્રયત્ન), ૪૭૩૬૪૩(બીજો પ્રયત્ન), ૪૭૩૬૫૦ (બીજો પ્રયત્ન), ૪૭૩૬૫૬ (બીજો પ્રયત્ન), ૪૭૩૬૬૦, ૪૭૩૬૬૪, ૪૭૩૬૬૬, ૪૭૩૬૭૦, ૪૭૩૬૭૪, ૪૭૩૬૭૫, ૪૭૩૬૭૯, ૪૭૩૬૯૭, ૪૭૩૬૯૯ ભાવો ભરવાની છેલ્લી તા.૦૯/૦૮/૨૦૨૧, ૧૮:૦૦ કલાક સુધી છે તેમજ ટેન્ડરના ફિઝિકલ દસ્તાવેજો તા.૧૦/૦૮/૨૦૨૧ને સમય : ૧૫:૦૦ કલાક સુધી આર.પી.એડી./સ્પીડપોસ્ટ/કુરીયર કચેરીમાં પહોંચાડવાના રહેશે. આ કામોની અંદાજિત કિંમત ૧૩૯૦૮૯૫.૫૨ રૂા.૧૯૭૫૨૨૬૯.૪૮ સુધીના છે. ઉક્ત કામો માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઈ પણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર સંબંધિત ગામની પાણી સમિતિને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતિ http//www.wasmo.nprocure.com ઉપર મૂકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો માટે કચેરી સમય દરમ્યાન યુનિટ મેનેજરશ્રી જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, બાયપાસ રોડ, હિંમતનગર મો.-૮૧૪૧૩૦૬૧૧૫ પાસેથી મેળવી શકાશે. હવે પછીના જો સુધારા હશે તો વેબસાઈટ ઉપર જોવા મળશે.

ગ્રામ્ય વિસ્તારના પાણીને લગતા કોઈ પણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઈન નં.૧૯૧૬નો સંપર્ક કરવો.

નામાનિ/હિંમત/૨૧૪/૨૦૨૧

ખુરસી ઉપર બેસવાથી નારાજ થયેલ પૂર્વ ધારાસભ્યના કુટુંબીજનોએ મહાદલિતોને મૂઢમાર માર્યો, ૮ દિવસ પછી પણ ધરપકડ નથી થઈ

(એજન્સી) પટણા, તા.૨૨

બિહારના આરા જિલ્લાના જગદીશપુર પ્રખંડના દુલ્હનગંજ ગામમાં મહાદલિત જૂથમાં થયેલ સંઘર્ષનો મામલો ધીમે ધીમે વકરી રહ્યો છે. આરોપો છે કે અહીના નટ સમુદાયના મહાદલિત વિસ્તારમાં રહેનાર લોકોને અન્ય પક્ષના લોકોને માર મારી ગંભીર રીતે ઈજાઓ પહોંચાડી હતી. આ ઘટનામાં કેટલીક મહિલાઓ સહિત ૧૫ લોકો ઘવાયા હતા. આ ઘટના ૧૧મી જુલાઈના રોજ રાત્રે બની હતી. આ મામલામાં નામ ધરાવતા આરોપીઓની ધરપકડ નહિ થવાથી ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીએ આંદોલનની ચીમકી આપી છે. પાર્ટીના ધારાસભ્યે કહ્યું કે દુલ્હનગંજમાં મહાદલિતો ઉપર થયેલ હુમલા અને મારી સાથે થયેલ દુર્વ્યવહારની બિહાર વિધાનસભાની એસસીએસટી કમિટી તપાસ કરશે. એમણે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં લેખિત નિવેદન આપ્યું છે. એમણે પૂર્વ મંત્રી ભગવાનસિંહ કુશવાહાના કુટુંબના લોકોની સામે દુર્વ્યવહારના આક્ષેપો મૂક્યા હતા. જોકે જેડીયુના નેતાઓ આ ઘટનાને બે પક્ષો વચ્ચેનો વિવાદ જણાવે છે અને આ ઘટનાને રાજકીય બાબત બનાવવાના પ્રયાસો જણાવે છે. અગીઆંવના પૂર્વ ધારાસભ્ય પ્રભુનાથ રામે કહ્યું કે દુલ્હનગંજમાં નટ સમુદાયના લોકો અને દીપુ કુશવાહા અને એમના સાથીઓ વચ્ચે મારામારીની ઘટના બની છે. આમાં એસસીએસટી એક્ટની કોઈ વાત જ નથી. ધારાસભ્ય મનોજ મંજિલ સરકારને બદનામ કરવા માટે ઘટનાને રાજકીય રંગ આપી રહ્યા છે.

પશ્ચિમ રેલવે બાન્દ્રા ટર્મિનસ ⇆ ચંડીગઢ વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવી રહ્યું છે

ટ્રેન નં.	પ્રસ્થાન અને ગંતવ્ય સ્ટેશન	શરૂ થવાની	સેવાના દિવસો	પ્રસ્થાન	આગમન
04539	બાન્દ્રા - ટર્મિનસ - ચંડીગઢ સુપરફાસ્ટ સ્પેશિયલ એક્સપ્રેસ (દ્વિ-સાપ્તાહિક)	26.07.2021	સોમવાર અને ગુરૂવાર	12:00 કલાકે	14.20 કલાકે (બીજા દિવસે)
04540	ચંડીગઢ - બાન્દ્રા ટર્મિનસ સુપરફાસ્ટ સ્પેશિયલ એક્સપ્રેસ (દ્વિ-સાપ્તાહિક)	25.07.2021	બુધવાર અને રવિવાર	05:35 કલાકે	07.35 કલાકે (બીજા દિવસે)

રોકાણના સ્ટેશનો : બોરીવલી, સુરત, ભરૂચ જં., વડોદરા જં., આણંદ જં., અમદાવાદ જં., મહેસાણા જં., પાલનપુર જં., આબુ રોડ, ફાલના, મારવાડ જં., અજમેર, ફુલેરા જં., રિંગાસ જં., શ્રી માધોપુર, નીમકા થાન, નારનોલ, રેવારી, ગુરગાંવ, દિલ્હી કેન્ટ., પાણીપત જં., કરનાલ અને અંબાલા કેન્ટ. જં., સ્ટેશનોની બન્ને દિશામાં.

સંરચના : એસી-૨ ટાયર, એસી-૩ ટાયર, સ્લીપર કલાસ અને સેકન્ડ કલાસ સીટીંગ કોચીસ.

આ ટ્રેન આગળના આદેશ સુધી દોડશે. રોકાણના સમય સંબંધિત વિસ્તૃત માહિતી માટે મહેરબાની કરીને www.enquiry.indianrail.gov.in ઉપર મુલાકાત કરો.

ફક્ત આરક્ષિત ટિકિટ ધરાવતા યાત્રીઓને આ ટ્રેનમાં ચઢવાની અનુમતિ આપવામાં આવશે. યાત્રીઓને સૂચન છે કે તેઓ ચઢતી વખતે યાત્રા દરમિયાન અને ગંતવ્ય સ્ટેશને કોવિડ-૧૯ સંબંધિત એસઓપીના તમામ નિયમોનું પાલન કરે.

ટ્રેન નં.04539 માટે 24/ 07/ 2021થી નિર્દિષ્ઠ PRS કાઉન્ટરો અને IRCTCની વેબસાઈટ ઉપરથી બુકિંગ શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન સંપૂર્ણપણે આરક્ષિત રહેશે.

પશ્ચિમ રેલવે
www.wr.indianrailways.gov.in
અમને લાઈક કરો facebook.com/WesternRly
અમને ફોલો કરો twitter.com/WesternRly

મહેરબાની કરીને તમામ આરક્ષિત ટિકિટ સાથે આઈ.ડી. પ્રૂફ સાથે રાખવું.

પેગાસસ પ્રોજેક્ટ : લીક થયેલી યાદીમાં આસામના નંબરો મોદીના નાગરિકતા સંશોધન યોજનાના પદચિહ્નોનો નિર્દેશ આપે છે

(એજન્સી) તા.૨૨

૧૬, જુલાઇ ૨૦૧૯ના રોજ ગૃહ મંત્રાલયે આસામ સમજૂતીની મહત્વની કલમ-૬નો અમલ કરવા માટે ઉચ્ચ સ્તરીય સમિતિની પુનર્રચનાની જાહેરાત કરી હતી. આ કલમનો હેતુ આસામી લોકોને બંધારણીય સુરક્ષા પૂરી પાડવાનો છે અને આસામમાં સેટલ થયેલા બાંગ્લાદેશી હિંદુ હિજરતીઓ માટે ભારતના નાગરિક બનવાનું વધુ સરળ બનાવવા નાગરિકતા કાયદો સુધારવાની મોદી સરકારની ઇચ્છાના સંદર્ભમાં તેનું મહત્વ જોવામાં આવી રહ્યું છે. પુનર્ગઠીત સમિતિના નવા ચેરમેન ગુવાહાટી હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયમૂર્તિ બિપલબકુમાર શર્મા છે અને સભ્યોની સંખ્યા ૯થી વધારીને ૧૨ની કરાઇ છે. નવા સભ્યોમાં ૧૯૮૫માં કેન્દ્ર સરકાર સાથે સમજૂતી કરનાર ઓલ આસામ સ્ટુડન્ટ યુનિયનના (આસુ) સલાહકાર સમુજલ ભટ્ટાચાર્યજી હતાં. આ સમજૂતીને કારણે આસામમાં ભારતના અન્ય ભાગોથી અલગ એટલે કે સિટીઝન્સશીપ કટ ઓફ ડેટ ૨૪, માર્ચ ૧૯૭૧ રાખવામાં આવી હતી અને તેના આધારે ઓગસ્ટ,૨૦૧૯માં રાજ્યમાં એનઆરસી અપડેટ કરાયું હતું. ભૂતકાળમાં એનએસઓ ગ્રુપે આ યાદીની

પ્રમાણભૂતતા સામે વાંધો ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે તેના ડેટા બેઝને કંપની સાથે કોઇ નિસ્બત નથી. નરેન્દ્ર મોદી સરકાર દ્વારા ગઠીત કરવામાં આવેલ નવી સમિતિમાં માત્ર ભટ્ટાચાર્યજી જ નહીં પરંતુ આસુના તત્કાલીન મહામંત્રી લુરીન જ્યોતિ ગોગોઇ અને પ્રમુખ દિપાંકાનાથનો પણ સમાવેશ કરાયો હતો. હવે પેગાસસની સંભવિત સ્પાયવેર નિશાનની લીક થયેલી યાદીમાં આસામની બે અગ્રણી રાજકીય હસ્તીઓ એક તો સમુજલ ભટ્ટાચાર્યજી અને બીજા ઉલ્ફાના વાટાઘાટ તરફી જૂથના અનૂપ ચેટીયાના નામો ચમક્યાં છે. અનૂપ ચેટીયા ઉલ્ફાના વાટાઘાટ તરફી નેતા છે જેમનો ફોન નંબર લીક્ડ ડેટા બેઝમાં જોવા મળે છે. ૨૦૧૮ના અંતમાં જાસૂસી માટેના સંભવિત ઉમેદવારો તરીકે પસંદગી કરાયેલા લોકોની યાદીમાં ચેટીયાનો પણ ફોન નંબર હોવાનું બહાર આવ્યું છે. આમ યાદીમાં આસામના જે ફોન નંબરો જોવા મળ્યાં છે તેમાં મોદીના નાગરિકતા સુધારા પ્લાનના પદચિહ્નો જોવા મળે છે. ચેટીયાનો ફોન નંબર ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીઓ પૂર્વે જાહેર થયેલી યાદીમાં ચૂંટણીઓના અંત સુધી જોવા મળ્યો હતો કારણ કે ભાજપ આસામના છ સમુદાયને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાના પોતાના વચનનો અમલ કરે તેવી માગણી કરવામાં તેઓ સક્રિય અને મોખરે હતા.

શું મમતા બેનરજી વિપક્ષની એકતા માટે એક ધરીની ભૂમિકા ભજવી શકશે ?

સતત ત્રીજી વખત વિધાનસભા ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કર્યા બાદ મમતા બેનરજીએ બુધવારે હવે સક્રિય રાષ્ટ્રીય ભૂમિકા ભજવવા માટે પોતાના વક્તવ્યમાં ખુલ્લા મને વાત કરી હતી

(એજન્સી) તા.૨૨

આજથી ૮૦ વર્ષ પૂર્વે એક માત્ર બંગાળી રાજકીય નેતા સુભાષચંદ્ર બોઝે ખરા અર્થમાં રાષ્ટ્રીય સંકલ્પના કરીને 'દિલ્હી ચલો'નું સૂત્ર આપ્યું હતું. હવે મમતા બેનરજીએ પોતાના પક્ષ તૃણમૂલ કોંગ્રેસના પુનઃ લોંચ કરાયેલા મુખપત્ર જાગો બાંગ્લામાં સહી કરેલા એક લેખમાં અને પાછળથી એક ભાષણમાં મમતા બેનરજીએ વિરોધ પક્ષના નેતાઓને દિલ્હી ચલોનો અનુરોધ કર્યો હતો. સતત ત્રીજી વખત વિધાનસભા ચૂંટણીમાં જીત પ્રાપ્ત કર્યા બાદ અને ભાજપના વિજયરથને અટકાવી દેનારા આ અસાધારણ નેતા મમતા બેનરજીએ બુધવારે વધુ સક્રિય રાષ્ટ્રીય ભૂમિકા ભજવવા અંગે ખુલ્લેઆમ વાત કરી છે. સુભાષચંદ્ર બોઝના અપવાદને બાદ કરતાં હવે મમતા બેનરજી બિધાનચંદ્ર રોય અને જ્યોતિ બસુ જેવા બંગાળના નેતાઓ જે બાબત સિદ્ધ કરી શક્યાં ન હતાં તે સિદ્ધ કરવાની મહત્વાકાંક્ષા મમતા બેનરજી ધરાવે છે. બુધવારે મમતા બેનરજીએ વિપક્ષી નેતાઓને સંગઠિત થવા અને જો તેઓ ખરેખર ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને હરાવવા માગતાં હોય તો અત્યારથી જ ગઠબંધનને ઓપ આપવા અપીલ કરી છે. તેમણે આ મહિનાના અંતે દિલ્હીની પોતાની મુલાકાત દરમિયાન એક

બેઠક યોજવા વિપક્ષી નેતાઓને જણાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે તેમનો પક્ષ સોનિયા ગાંધીથી શરદ પવાર અને અન્ય સુધીના તમામ વિપક્ષી નેતાઓને એક જ મંચ પર એકત્ર કરવા કોલકાત્તામાં શિયાળાના મહિનામાં એક જંગી જાહેર સભાનું આયોજન કરશે. તૃણમૂલ કોંગ્રેસે ભારે જહેમત ઉઠાવીને એવું પ્રોજેક્ટ કરવાનો પ્રયાસ કર્યો છે કે તેઓ એક માત્ર નેતા છે કે જેઓ ભાજપ વિરોધી તમામ દળોને એક જ પ્લેટફોમ પર સંગઠીત કરી શકે છે. મમતા બેનરજીએ જ્યારે ઓનલાઇન વક્તવ્ય આપ્યું હતું ત્યારે તૃણમૂલ કોંગ્રેસે કેટલાય બિન એનડીએ પક્ષોને નવી દિલ્હીમાં સ્ક્રિન પર તેમનું વક્તવ્ય નિહાળવા માટે એકત્ર કર્યા હતાં. આ પ્રસંગ હતો તૃણમૂલ દ્વારા વાર્ષિક શહીદી દિનની ઉજવણીનો. મમતા બેનરજી માત્ર બંગાળીમાં જ નહી પરંતુ ઇંગ્લીશમાં અને હિંદીમાં પણ બોલ્યાં હતાં. મમતા બેનરજીએ જણાવ્યું હતું કે દેશમાં લોકશાહી ખતરામાં છે. તેમણે સુપ્રીમ કોર્ટને જાસૂસીકાંડમાં સ્પેશિયલ ઇન્વેસ્ટીગેશન ટીમની રચના કરીને તપાસ કરવા અપીલ કરી હતી. આમ હવે સૌકોઇની મીટ મમતા બેનરજી પર છે અને આજકાલ એક જ પ્રશ્ન ચર્ચાઇ રહ્યો છે કે શું મમતા બેનરજી વિપક્ષોની એકતા માટે જરુરી ધરી બની રહેશે?

પેગાસસ પ્રોજેક્ટ : જાસૂસી સોફ્ટવેરના બિઝનેસ અને વેચાણને રોકવાનો એક માત્ર ઉપાય : એડવર્ડ સ્નોડેન

અમેરિકન વ્હિસલ બ્લોવર સ્નોડેને જણાવ્યું છે કે જો તમે સ્પાયવેર ટેકનોલોજીના વેચાણ પર તેમજ સ્પાયવેર સોફ્ટવેર પર પ્રતિબંધ નહીં મૂકો તો કોઇ મોબાઇલ સુરક્ષિત રહેશે નહીં અને અત્યારે ૫૦,૦૦૦ મોબાઇલને નિશાન બનાવાયા છે પરંતુ હવે ૫ કરોડ મોબાઇલ નિશાન બનતા વાર નહીં લાગે

(એજન્સી) તા.૨૨

વર્ષ ૨૦૧૩માં અમેરિકામાં નાગરિકોની વ્યાપક જાસૂસીનો ઘટસ્ફોટ કરનાર વ્હિસલ બ્લોવર એડવર્ડ સ્નોડેને જાસૂસીના સોફ્ટવેરને આંતરરાષ્ટ્રીય બિઝનેસ પર પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે. ઇઝરાયેલી કંપની એનએસઓના પેગાસસ સોફ્ટવેરથી દુનિયાભરમાં થયેલી જાસૂસીથી મચી ગયેલા હડકંપ વચ્ચે એડવર્ડ સ્નોડેને એક ખાસ વાતચીતમાં જણાવ્યું છે કે જો પેગાસસ જેવા જાસૂસી સોફ્ટવેરના વેચાણ પર પ્રતિબંધ નહીં મૂકવામાં આવે તો પછી દુનિયાનો કોઇ પણ મોબાઇલ સુરક્ષિત નહીં રહે. સ્નોડેને જણાવ્યું છે કે નફો કમાવા માટે માલવેર (જાસૂસી સોફ્ટવેર) બનાવનાર ઉદ્યોગનું જ અસ્તિત્વ રહેવું જોઇએ નહીં. એડવર્ડ સ્નોડેને ગાર્ડિયન સાથેની એક મુલાકાતમાં આ ટિપ્પણીઓ કરી હતી. દુનિયાના જે મોટા મીડિયાગૃહો એનએસઓના માલવેર દ્વારા થયેલ જાસૂસીના રિપોર્ટ પ્રકાશિત કરી રહ્યાં છે તેમાં ધ ગાર્ડિયન મોખરે છે. આ ખુલાસા અનુસાર એનએસઓ કંપનીના બનાવવામાં આવેલ માલવેરને હજારો મોબાઇલ ફોનમાં ફીડ કરી દેવામાં આવેલ છે. ત્યાર બાદ તે ફોનમાં રહેલી તમામ માહિતી માલવેર ઇમ્પ્લાન્ટ કરનાર એજન્સી પાસે પહોંચવા લાગી હતી. તેમાં



ઇમેઇલ, ટેક્સ્ટ મેસેજ, કોન્ટેક્ટ બુક, લોકેશન ડેટા, ફોટો અને વિડિયો સામેલ છે. એનએસઓના માલવેરમાં એક ક્ષમતા પણ છે કે તેના દ્વારા નિશાન બનાવવામાં આવેલ ફોનના માઇક અને કેમેરાને ઓન યા ઓફ કરી શકાય છે. એનએસઓ ગ્રુપ પેગાસસ બ્રાન્ડના અદ્યતન સ્પાયવેર સરકારોને વેચે છે કે જે ગુમપણે મોબાઇલ ફોનને હેક કરે છે અને તેની માહિતી મેળવી લે છે. કન્સોર્ટીયમે ૫૦૦૦૦ ફોન નંબરના લીક થયેલા ડેટાનું વિશ્લેષણ કર્યુ હતું અને તેમાં એવું જાણવા મળ્યું હતું કે આ બધા એનએસઓના ગ્રાહકો હતાં. સ્નોડેને જણાવ્યું હતું કે કેટલાક વ્યાપારી હેતુથી બનાવવામાં આવેલ માલવેર દ્વારા સરમુખત્યાર સરકારો પોતાના લોકોની વોચ રાખી શકે છે અને તેમની પ્રાઇવસીમાં દખલ કરી શકે છે. સ્નોડેને જણાવ્યું છે કે જો આ ટેકનોલોજીનું વેચાણ રોકવામાં નહીં આવે તો તેના દ્વારા માત્ર ૫૦૦૦૦ લોકોને નહીં પરંતુ પાંચ કરોડ લોકોને પણ નિશાન બનાવી શકાશે અને હવે આવું ખુબ જલ્દી થશે. સ્નોડેને આઇફોનના એ દાવા સામે પણ સવાલ ઉઠાવ્યો છે કે આ ફોનની સિક્યોરિટી બ્રિચ કરી શકાતી નથી. તેમણે જણાવ્યું છે કે તમે જ્યારે આઇફોન જેવી કોઇ વાત કરી રહ્યાં હો તો આ કંપનીના ફોન સમગ્ર દુનિયામાં એક જ સોફ્ટવેર તેમાં છે. જો એક આઇફોનને હેક કરી શકાતો હોય તો તેનો અર્થ એ થયો કે તમામ આઇફોનને હેક કરવાની પદ્ધતિ શોધી કાઢી છે.

રાષ્ટ્રીય સ્તરે જવાની મમતા બેનરજીની યોજનાને દિલીપ ઘોષે વખોડી કાઢી

પ.બંગાળમાં એવી પરંપરા છે કે જ્યારે શાસક પક્ષ સુશાસન આપવામાં નિષ્ફળ જાય છે ત્યારે તે વિસ્તરણ અને રાષ્ટ્રીય ઉપસ્થિતિની વાતો કરવાનું શરૂ કરી દે છે. CPIMએ પણ અગાઉ આવું જ કર્યું હતું. પરંતુ CPIMના પ્રયાસો જ્યોતિ બસુને વડાપ્રધાન બનાવવામાં નિષ્ફળ રહ્યા હતા

(એજન્સી) તા.૨૨

પ.બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ શહીદ દિને રાષ્ટ્રીય સ્તરે આગળ વધવાની પોતાના વક્તવ્યમાં ખુલ્લા મને વાત કરી હતી ત્યારે રાજ્યના ભાજપના વડા દિલીપ ઘોષે બુધવારે આઇએએનએસને જણાવ્યું હતું કે રાજ્યમાં એક પરંપરા જોવા મળી છે કે જ્યારે સરકાર નિષ્ફળ જાય છે ત્યારે શાસક પક્ષ વિસ્તરણ અને રાષ્ટ્રીય ઉપસ્થિતિની વાતો કરવા લાગે છે. આગામી સામાન્ય ચૂંટણીઓ પૂર્વે તૃણમૂલ કોંગ્રેસના વિસ્તરણ માટેના મમતા બેનરજીના પ્લાનનો ઉલ્લેખ કરીને દિલીપ ઘોષે જણાવ્યું હતું કે તેઓ લાંબા સમયથી તૃણમૂલ કોંગ્રેસને રાષ્ટ્રીય પક્ષ બનાવવા માટે પ્રયાસો કરી રહ્યાં છે પરંતુ તેઓ તેમના અગાઉના તમામ પ્રયાસોમાં નિષ્ફળ ગયાં છે. પ.બંગાળમાં એક પરંપરા રહી છે કે જ્યારે શાસક પક્ષ સુશાસન કરવામાં નિષ્ફળ જાય છે ત્યારે તે રાષ્ટ્રીય પક્ષ બનવાની કોશિશ કરે છે. જ્યોતિ બસુ જ્યારે મુખ્ય પ્રધાન હતા ત્યારે સીપીઆઇએમ દ્વારા પણ આવી કોશિશ કરવામાં આવી હતી. મમતા બેનરજી પણ હવે આવું જ કરી રહ્યાં છે. આમ આ કોઇ નવી વાત નથી પરંતુ પરંપરાનો એક ભાગ છે. તત્કાલીન મુખ્ય પ્રધાન જ્યોતિ બસુને વડાપ્રધાન બનાવવાના સીપીઆઇએમના પ્રયાસો અંગે વાત કરતાં દિલીપ ઘોષે જણાવ્યું હતું કે સીપીઆઇએમે જ્યોતિ બસુને વડાપ્રધાન બનાવવા માટે સખત પ્રયાસો કર્યા હતાં પરંતુ તેમાં નિષ્ફળતા મળી હતી. હરકિશનસિંહ સુરજીતજીએ પણ સીપીએમની રાષ્ટ્રીય ભૂમિકા માટે ખૂબ જ પ્રયાસો કર્યા હતાં અને તેઓ તેમના નેતાને દેશના વડાપ્રધાન બનાવવા માગતાં હતાં.

તેમણે અન્યો સાથે બ્રેકફાસ્ટ, લંચ અને ડિનર પણ કર્યા હતાં પરંતુ તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યાં હતાં અને હવે સીપીઆઇએમની હાજરી અગાઉ જે ત્રણ રાજ્યોમાં હતી તે હવે ઘટીને માત્ર એક જ રાજ્ય કેરળમાં છે. દિલીપ ઘોષે એવો દાવો કર્યો હતો કે મમતા બેનરજી પણ સીપીઆઇએમની જેમ નિષ્ફળ શાસનની સમસ્યાનો સામનો કરી રહ્યાં છે. તેઓ જવાબદારીમાંથી છટકવાની કોશિષ કરી રહ્યાં છે. પ.બંગાળમાં આજે રાજકીય હિંસા અને ભ્રષ્ટાચારનું નવું પીક જોવા મળી રહ્યું છે અને લાખો લોકો રાજ્યમાંથી આજીવિકા કમાવવા સ્થળાંતર કરી ગયા છે. આ બધા મુદ્દાઓથી ધ્યાન બીજે દોરવા માટે મમતા બેનરજી પોતાના પક્ષ માટે વિસ્તરણની અને પોતાના માટે રાષ્ટ્રીય ભૂમિકાની વાત કરી રહ્યા છે.

પેગાસસ પર જનઆક્રોશનો અભાવ એ આજના ભારત અંગે ઘણું બધું કહી જાય છે

(એજન્સી) તા.૨૨

આ પ્રથમ વખત નથી કે પેગાસસ લીક દ્વારા ભારતીય બળવાખોરો, પત્રકારો અને વિપક્ષી રાજકારણીઓની જાસૂસી કરવામાં આવી હોય. ભારતમાં પ્રથમવાર ફોન ટેપ કરવામાં આવ્યાં છે એવું પણ નથી અને કેન્દ્ર સરકારની એજન્સીઓ સામે શંકાની સોય તાકવામાં પ્રથમવાર આવી છે એવું પણ ચોક્કસપણે નથી, તેમ છતાં તેને એક નવી અને ચિંતાજનક ઘટના તરીકે ગણવામાં આવે છે. શ્રીમતી ગાંધીથી ચૂંટાયેલા આપખુદોએ પોતાના હરીફો વિરુદ્ધ જાસૂસી કરવા માટે ઇન્ટેલિજન્સ સેવાનો દુરુપયોગ કર્યો છે. ૧૯૯૧માં સીબીઆઇના એક રિપોર્ટમાં એવો પર્દાફાશ કરાયો હતો કે રાજીવ ગાંધીની સરકારે આરીફ મોહંમદખાન અને કે સી પંત જેવા માત્ર પોતાના જ પ્રધાનોના કેટલાક ફોન ટેપ કરાવ્યા ન હતા, પરંતુ અનેક વિપક્ષી નેતાઓના પણ ફોન ટેપ કરાવાયાં હતાં. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન તરીકે એ આર અંતુલેએ વિરોધ પક્ષના નેતાઓના ફોન ટેપ કરવાનો આદેશ કર્યો હતો અને કેન્દ્ર સરકારે એ આર અંતુલેનો ફોન ટેપ કરાવ્યો હતો. એમ જી રામચંદ્રન માત્ર એમ કરુણાનિધિ અને એમ કે સ્ટાલીનના જ નહીં પરંતુ પોતાના ખાસ સાથી એવા જે જયલલિતાનો પણ ફોન ટેપ કરાવતાં હતાં. કેન્દ્ર સરકારની મલ્ટિપલ એજન્સીઓને ફોન ટેપ કરવાની સત્તા હોય છે અને યુપીએ સરકાર હેઠળ આપણે જાણીએ છીએ કે કેટલીક વાતચીત ચુનંદી રીતે મીડિયામાં પ્રસિદ્ધ કરાઇ હતી કે જેથી આ વાતચીત કરનારાઓની પ્રતિભાને ખરડી શકાય. અગાઉ જ્યારે ફોન ટેપિંગ થતાં હતા ત્યારે ભારે ઊહાપોહ થતો હતો પરંતુ હવે ચિત્ર બદલાઇ ગયું છે. પેગાસસ લીક્સની પ્રતિક્રિયા જોતાં એવું લાગે છે કે છેલ્લા કેટલાક દાયકાઓમાં પબ્લિક મૂડ સંપૂર્ણપણે બદલાઇ ગયો છે. હરીફો અને વિરોધ પક્ષોની જાસૂસી કરવી એ હવે સ્વીકાર્ય છે એવું માની લેવામાં આવે છે અને કમસેકમ તેના પર આશ્ચર્ય વ્યક્ત થતું નથી. તેનું મુખ્ય કારણ એ છે કે અહીં તમામ અસંમતિ કે પ્રતિકારને રાષ્ટ્ર વિરોધી કે દેશદ્રોહી ગણી લેવામાં આવે છે. કેન્દ્રીય ગૃહપ્રધાને ટ્વીટર પર એવી દલીલ કરી હતી કે જાસૂસીના આક્ષેપો ભારતના વિકાસને અસ્થિર કરવાની સાઝીશ સમાન છે. આમ આવી હરકતોને સત્તાનો દુરુપયોગ તરીકે લેખવામાં આવતી નથી પરંતુ સત્તાના સદાચારી રાષ્ટ્રભક્તિ અને યોગ્ય ઉપયોગ તરીકે જોવામાં આવે છે અને તેથી આ પ્રકારના આક્ષેપોનો કેન્દ્ર સરકારનો પ્રતિસાદ પણ એક પ્રહસન જેવો જોવા મળે છે કારણ કે તેમને હવે રદિયો આપવો પડતો નથી. તેના બદલે સાઝીશની થિયરી તરીકે રજૂ કરવામાં આવે છે. આમ પેગાસસ પર જનઆક્રોશનો અભાવ એ આજના ભારત અંગે ઘણું બધું કહી જાય છે.

(સૌ. : એનડીટીવી)

આંબેડકરવાદીઓથી શ્રમ કર્મશીલો અને ઉમર ખાલીદ તેમજ JNUના વિદ્યાર્થીઓ જાસૂસીની યાદીના નિશાન પર

સંભવિત જાસૂસીના નિશાન જેમને બનાવવામાં આવ્યા હતા તે લીક થયેલી યાદી પરથી એવો નિર્દેશ મળે છે કે સરકારની નીતિનો વિરોધ અને આલોચના કરનાર લોકો પર જાસૂસી કરવાના પ્રયાસો થયા હતા

(એજન્સી) તા.૨૨

ઇઝરાયેલ સ્થિત એનએસઓ ગ્રુપના સ્પાયવેર પેગાસસ દ્વારા જ્ઞાતિ વિરોધી નેતા અને કેટલાય અગ્રણી કર્મશીલોના ટેલિફોન નંબરોના ડેટા પણ લીક કરવામાં આવ્યાં છે. લીક કરાયેલા રેકોર્ડમાં જે કર્મશીલોના ફોન નંબરો દેખાય છે તેમાં આંબેડકરવાદી કર્મશીલ અશોક ભારતી, જેએનયુના પૂર્વ વિદ્યાર્થીઓ ઉમર ખાલીદ, અનિર્બાન ભટ્ટાચાર્ય અને બાન જ્યોત્સના લાહિરી, શિક્ષણવિદ અને નક્સલ પ્રભાવિત પ્રદેશના જીવનને આલેખનાર બેલા ભાટીયા, રેલવે યુનિયન નેતા શિવગોપાલ મિશ્રા, દિલ્હી સ્થિત શ્રમ અધિકાર કર્મશીલ અંજનીકુમાર, એનટી કોલ માઇનિંગ કર્મશીલ આલોક શુક્લા, દિલ્હી યુનિવર્સિટીના પ્રો.સરોજગિરી, બસ્તાર સ્થિત શાંતિ કર્મશીલ સુધાંશુ ચૌધરી અને બિહાર સ્થિત કર્મશીલ ઇપ્સા શતાક્ષીનો સમાવેશ થાય છે. ડિજીટલ ફોરેન્સિક વગર તેમના ફોન હેક કે ઇન્ફેક્ટ થયાં છે કે કેમ તે નિશ્ચયપૂર્વક પ્રસ્થાપિત કરવું શક્ય નથી પરંતુ યાદીમાં તેમના નંબરો છે એ વાત દર્શાવે છે કે તેઓ એનએસઓ ગ્રુપના અજાણ્યા ક્લાયન્ટ માટે રસ ધરાવતી

વ્યક્તિઓ હતી. એનએસઓ જણાવે છે કે તે લશ્કરી ગ્રેડની જાસૂસી ટેકનોલોજી પેગાસસ સ્પાયવેર માત્ર સરકારોને જ વેચે છે. મોદી સરકારે તે એનએસઓની ક્લાયન્ટ છે કે કેમ તે જાહેર કરવા સતત ઇનકાર કર્યો છે. ઓલ ઇન્ડિયા આંબેડકર મહાસભાના અધ્યક્ષ અશોક ભારતીએ એસટી-એસસી એક્ટને નબળો પાડતાં સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા સામે ૨, એપ્રિલ ૨૦૧૮ના રોજ આપવામાં આવેલ રાષ્ટ્રવ્યાપી ભારત બંધનું નેતૃત્વ સંભાળ્યું હતું. ધ વાયર દ્વારા અશોક ભારતીનો સંપર્ક કરતાં જણાવ્યું હતું કે મને સહેજપણ આશ્ચર્ય થયું નથી કારણ કે હું કોઇ પણ કાયદાને મંદ પાડવા સામે સક્રિય ઝુંબેશ ચલાવતો હતો. આ ઉપરાંત ૨૦૧૯માં સરોજગિરી, બેલા ભાટિયા, આલોક શુક્લા અને શુભ્રાંશુ ચૌધરી એ ચારેય કર્મશીલો પેગાસસ એટેકથી પ્રભાવિત થયાં હતાં. જેએનયુના વિદ્યાર્થીઓ અનિર્બાન અને ઉમર ખાલીદ પણ જાસૂસીની જાળમાં નિશાન બનાવાયાં હતાં. છત્તીસગઢ બચાઓ આંદોલનના કન્વિનર આલોક શુક્લા પણ સંભવિત સ્પાયવેર નિશાનની યાદીમાં હતાં. તેમણે ખાણ વિરોધી ઝુંબેશ ચલાવી હતી. ખાસ કરીને તેમણે રાજ્યમાં અદાણી ગ્રુપ સંચાલિત કોલસાની ખાણના પ્રોજેક્ટનો વિરોધ કર્યો હતો અને આથી તેમને જાસૂસીના નિશાન બનાવવામાં આવ્યા હોવાનું કહેવાય છે.

યુજીવીસીએલ દ્વારા લેવાયેલ ભરતી પ્રક્રિયામાં

હિંમતનગર ખાતે પોલ કલાઈમબીંગ પરીક્ષામાં ગેરરીતી આચરવામાં આવી હોવાનો અરજદારનો આક્ષેપ

મોડાસા, તા.૨૨

યુજીવીસીએલની વધુ એક ભરતી પ્રક્રિયામાં અન્યાય થયો હોવાની બૂમો ઉઠી રહી છે યુજીવીસીએલ દ્વારા વિદ્યુત સહાયકની જાહેરાત બહાર પાડવામાં આવી છે જેમાં પોલ કલાઈમબીંગ તરીકે લેવાતી પ્રેક્ટિકલ પરીક્ષામાં ભારે ગેરરીતી આચરવામાં આવી હોવાનો આક્ષેપ અનેક અરજદારોએ કર્યો છે જેમાં હિંમતનગર વર્તુળ દ્વારા લેવાયેલ પોલ કલાઈમબીંગ પરીક્ષામાં પોલ પર નિયત કરેલ સમયમર્યાદામાં અરજદારો ચઢી ગયા હોવા છતાં નાપાસ કરવામાં આવ્યા હોવાની સાથે વધુ સમય દર્શાવી ઓછા માર્ક આપી તેમજ પરીક્ષા લેનાર અધિકારીઓએ તેમના મળતિયા યુવકોને પોલ પર ચઢવા માટે બીજો પ્રયત્ન પણ આપવામાં આવ્યો હોવાનો એક અરજદારે આક્ષેપ કર્યો છે સમગ્ર પ્રેક્ટિકલ પરીક્ષાની વીડિયોગ્રાફીનું હેડ ઓફિસ દ્વારા તપાસ કરવામાં આવે તો મસમોટું કૌભાંડ બહાર આવી શકે છે.

હિંમતનગર સર્કલ ઓફિસ દ્વારા થોડા સમય અગાઉ યુજીવીસીએલની પોલ કલાઈમબીંગ પરીક્ષા યોજાઈ હતી જેમાં ધવલ કુમાર જે પ્રણામી નામના યુવકે પ્રેક્ટિકલ પરીક્ષામાં હાજર રહી સમયમર્યાદામાં પોલ પર ચઢી ગયો હોવા છતાં તેને નાપાસ કરતા આઘાતમાં સરી પડ્યો હતો આખરે યુવાને અન્યાય થયો હોવાનો અહેસાસ થતા હિંમતનગર વર્તુળ કચેરીના જવાબદાર અધિકારીઓને લેખિત રજૂઆત કરતા અને વીડિયોગ્રાફી જોવાની માંગ કરતા અધિકારીઓએ યુવકને મહેસાણા હેડ ઓફિસે ધક્કો મારતા યુવક હક્કની લડાઈ માટે મહેસાણા હેડ ઓફિસ એમડીને રજુઆત કરવા પહોંચતા એમડીનો સંપર્ક ન થતા અન્ય અધિકારીએ યુવકની રજૂઆત સાંભળી હિંમતનગર વર્તુળ કચેરીના અધિકારીઓ સાથે વાત કરી હિંમતનગર વીડિયોગ્રાફી જોવા મળશેનું જણાવતા યુવક હાલ વીડિયોગ્રાફી અને ન્યાયની માફક ફંગોળાઈ રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

૧૫મી ઓગસ્ટે વાઘા સરહદે પહોંચશે

ડીસામાં સીમા સુરક્ષા દળના સાયકલ યાત્રી જવાનોનું ભવ્ય સ્વાગત

ડીસા, તા.૨૨

કચ્છ-ભૂજથી સીમા સુરક્ષા દળના ૪૦ જવાનો બીએસએફના યુનિટના "ગોલ્ડન જયુબિલી વર્ષ"ની ઉજવણી નિમિત્તે સાયકલ યાત્રા સ્વરૂપે "બેટી બચાવ-બેટી પઢાઓ"ના વિષયે જાગૃતિ લાવવાના અભિયાન સાથે ૨૫૦૦ કિલોમીટરનો પ્રવાસ કરી આગામી ૧૫મી ઓગસ્ટના રોજ વાઘા બોર્ડર પહોંચશે.

બીએસએફના આ ૪૦ જવાનો અને ડેપ્યુટી કમાન્ડર - રોહિત કુમાર અને સબ ઈન્સ્પેક્ટર પંકજકુમાર ડીસા ખાતે આવી પહોંચતા રાયકા ટાઈમ્સ- ઈન્ડિયા અને કલા સૃષ્ટિ ફાઉન્ડેશનના કાર્યકર્તા દ્વારા જવાનોને રાષ્ટ્રધ્વજ અર્પણ કરી, ફૂલછડી આપી સન્માન કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે બળદેવભાઈ રાયકા - ડીસા, ચંદુભાઈ એ.ટી.ડી. (રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષક અને - પ્રમુખ-કલા સૃષ્ટિ ફાઉન્ડેશન), મહેશભાઈ મનવર, વિજયભાઈ ખત્રી, રવિભાઈ ઠક્કર (કોર્પોરેટર- ડીસા નગરપાલિકા), ચિરાગભાઈ મનવર વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. વિશેષમાં વિજયભાઈ ખત્રી અને રવિભાઈ ઠક્કર દ્વારા ૪૦ બીએસએફના જવાન સાયકલ યાત્રીઓની રહેવા, જમવા અને ચા-પાણી અને નાસ્તાની વ્યવસ્થા કરી હતી. **(તસ્વીર : જમીલ મેમણ, ડીસા)**

ધોળકામાં મામલતદાર કચેરીમાં અરજદારોને વિવિધ દાખલાઓ કઢાવવામાં ભારે હાલાકી

એજન્ટોનો રાફડો ફાટ્યો કેબિનેટ મંત્રી ચુડાસમાને રજૂઆત કરાઈ

ધોળકા, તા.૨૨

ધોળકા નગપાલિકાના કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલર અને અમીના સાર્વજનિક ઈન્ડિયા ટ્રસ્ટના ટ્રેઝર અલ્તાફ હુસેન વાય. મલેક એ ધોળકાના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને લેખિત રજૂઆત કરી છે. આ રજૂઆતમાં જણાવાયું છે કે ધોળકા મામલતદાર કચેરીમાં અરજદારો આવકના દાખલા, વૃદ્ધ સહાય, વિધવા સહાય, જાતિના દાખલા, હયાતીના દાખલા, નવા રેશનીંગ કાર્ડના દાખલા કઢાવવા માટે આવે છે. પરંતુ આ દાખલા કઢાવવામાં અરજદારોને ભારે હાલાકી વેઠવી પડે છે. લોકો ધક્કા ખાઈને થાકી જાય છે. હાલ મામલતદાર કચેરી આસપાસ અમુક લેભાગુ એજન્ટોનો રાફડો ફાટ્યો છે. આસાનીથી લોકોના કામોના થતાં ના છૂટકે અરજદારોએ આવા એજન્ટોને નાણાં આપવા મજબૂર થવું પડે છે. તલાટી કચેરીમાં પંચનામુ બનાવવામાં પણ લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. આ બાબતને ગંભીરતાથી લઈને મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તાત્કાલિક કાર્યવાહી કરી ધોળકામાં અરજદારોને સરળતાથી વિવિધ દાખલા મામલતદાર કચેરીમાંથી મળી રહે તેવી સૂચના આપે તેવી માંગણી છે.

બનાસ ડેરીએ ૧૪.૧૮ ટકાનો ભાવ વધારો જાહેર કરતાં પશુપાલકોમાં ખુશી

પાનલપુર, તા.૨૨

બનાસડેરીની ૫૩મી વાર્ષિક સાધારણ સભા ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને બનાસ મેડિકલ કોલેજ, મોરિયા ખાતે યોજાઈ હતી. કોરોના ગાઈડલાઈન મુજબ વર્ચ્યુઅલી(ઓનલાઈન) યોજાયેલી સભા દ્વારા ચેરમેને બનાસના પશુપાલકોને ૧૪.૧૮ ટકા સાથે ૧૧૩૨ કરોડ રૂપિયાનો ભાવફેર (નફો) જેમાંથી ૧૨૫ કરોડના મંડળીઓને ડિબેન્ચર અને ૧૦૦૭ કરોડ રૂપિયા પશુપાલકોને રોકડ ભાવફેર તરીકે જાહેર કરતા સમગ્ર જિલ્લાના પશુપાલકો માટે કોરોના કાળમાં દિવાળી જેવો માહોલ સર્જાયો હતો.

ચેરમેને સભામાં ત્રણ મહત્વની જાહેરાતો કરતા જણાવ્યું હતું કે જિલ્લાના દૂધ ઉત્પાદક ભાઈ-બહેનોને આકસ્મિક સંજોગોમાં ૧ લાખ રૂપિયાનું વીમા સુરક્ષા કવચ આપીને તેનું પ્રીમિયમ બનાસડેરી થકી ભરવાનો નિર્ણય લેવાયો છે. સાથે સાથે જિલ્લામાં બનાસડેરી અને જિલ્લાની દૂધ મંડળીઓના વર્ષે દહાડે ૨૦૦ કરોડ રૂપિયા જેટલા વીજબીલ ઘટાડી શકાય તે માટે એક સોલાર ઉત્પાદક સહકારી સંસ્થા બનાવીને સુર્ય ઉર્જાનો વ્યાપક ઉપયોગ કરીને ગ્રીન એનર્જીની દિશામાં જિલ્લો અગ્રેસર બને તે માટેનું પણ આયોજન થઈ રહ્યું છે. વધુમાં ચેરમેને જણાવ્યું હતું કે જિલ્લામાં ઉત્પન્ન થતા પાકો માટે વેલ્યુએડીશન થકી તેના પોષણક્ષમ ભાવો મળે અને ખેડૂતોને ઘર આંગણે બજાર વ્યવસ્થા મળે તે માટે પણ એક સ્વાયત સંસ્થા હેઠળ એગ્રો પ્રોડ્યુસર કંપની બનાવીને પાકોની વેચાણ વ્યવસ્થા ઉભી કરવાનું આયોજન છે.

આ પ્રસંગે જિલ્લાની ૯૮ જેટલી સૌથી વધુ દૂધ ઉત્પાદક બહેનોને "શ્રેષ્ઠ બનાસ લક્ષ્મી" અને "બનાસ લક્ષ્મી" એવોર્ડ થકી રોકડ ઇનામ અને પ્રમાણપત્ર આપીને તેમજ દેશી ગાય, ભેંસ અને એચ.એફ ગાય વિભાગમાં પશુ દીઠ વધુ દૂધ ઉત્પાદન હરીફાઈ યોજનામાં એકથી ત્રણ નંબરે આવેલ ૮૫ બહેનોને રોકડ રકમના ઇનામ અને પ્રમાણપત્રો આપીને ચેરમેન અને નિયામક મંડળના સભ્યોના હસ્તે સન્માનિત કરવામાં આવી હતી.

શહેરા તાલુકામાં સફેદ પથ્થરોના ચાલતા કાળા કારોબારમાં ખાણ ખનીજ વિભાગના દરોડા

બે જેસીબી ત્રણ ટ્રકોને પકડી ૭૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

શહેરા, તા.૨૨

શહેરાના જંગલોમાં જમીનના પેટાળમાં સફેદ પથ્થરોનું અપાર ભંડાર ભરેલ છે ત્યારે શહેરાના ખનન માફિયાઓ આવા સફેદ પથ્થરોનો ધોળા દિવસે કાળો કારોબાર કરતા હતા. ત્યારે ખાણ ખનીજ તંત્ર દ્વારા ઘોર નિંદ્રા માંથી જાગીને આજે વહેલી સવારે છોગાળા ગામની પાનમ ડેમના પટમાંથી આ ગેરકાયદે સફેદ પથ્થરો ભરેલી ત્રણ ટ્રકોને પકડી પડી હતી. મળતી માહિતી મુજબ આ ત્રણ ટ્રકો કે જે પાસ પરમીટ વગર શહેરા તાલુકામાંથી સફેદ કોર્ટઝ પથ્થર ભરીને ગોધરામાં આવેલ પથ્થર પીસવાના કારખાનાઓમાં ખાલી કરવા જવાની છે તેવી માહિતી ખાણ ખનીજ વિભાગને મળતા તે ટ્રકોને સ્થળ પર જઈને પકડી પાડીને કાયદેસર કાર્યવાહી કરતા ખનન માફિયાઓમાં ફફડાટ ફેલાય ગયો હતો. જેમાં ત્રણ ટ્રક અને બે જેસીબી મળી અંદાજિત ૭૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી શહેરા સેવાસદન ખાતે સોંપવામાં આવ્યો હતો.

કાપોદ્રામાં યુવક પાસેથી ૨૦ હજારની સામે ૭૫ હજારની ઉઘરાણી કરતા વ્યાજખોરો સામે ગુનો દર્જ

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૨૨

કાપોદ્રામાં બરોડા પ્રિસ્ટેજ પાસે રહેતા લેબર કોન્ટ્રાકટરે વ્યાજે લીધેલા ૫૦ હજારની સામે ૩૦ હજાર ચૂકવી દીધા હોવા છતાંયે બાકીના ૨૦ હજારના બદલામાં ૭૫ હજારની ઉઘરાણી કરી બેઈઝ બોલના ફટકાથી ઢોર મારમાર્યો હતો તેમજ ચિઠ્ઠી બનાવી બળજબરીપૂર્વક સહી કરાવી હતી.

કાપોદ્રા પોલીસના જણાવ્યા મુજબ કાપોદ્રા બરોડા પ્રિસ્ટેજની સામે મહેશ્વરી સોસાયટીમાં રહેતા લેબર કોન્ટ્રાકટર દિનેશ રવજી ઈટાલીયાએ પૈસાની જરૂર પડતા અગાઉ તેની સોસાયટીમાં રહેતા કિશોર પાવસીયા પાસેથી માર્ચ મહિનામાં ત્રણ ટકાના વ્યાજે ૫૦ હજાર લીધા હતા. અને એક ચિઠ્ઠી બનાવી હતી. દિનેશભાઈએ ત્રણ મહિના સુધી વ્યાજ ચૂકવ્યા બાદ મુદ્દલ રકમ ૫૦ હજારમાંથી ૩૦ હજાર ચૂકવી આપ્યા હતા. અને ૨૦ હજાર ચૂકવવાના બાકી હતા. દરમ્યાન પૈસાની માંગણી કરતા દિનેશ સાત વાગ્યે પૈસા લેવા માટે ઘરે બોલાવ્યો હતો. જો કે દિનેશભાઈને ઘરે આવતા સાડા દસ વાગી ગયા હતા. અને દિનેશભાઈ જેવા ઘરે આવતા જ કિશોર અને તેના માણસ સંદિપને બેઈઝ બોલના ફટકાથી ઢોર મારમારી રૂપિયા ૨૦ હજારની સામે ૭૫ હજારની ઉઘરાણી કરી ચિઠ્ઠી બનાવી બળજબરીપૂર્વક સહી કરાવી લીધી હતી. પોલીસે દિનેશભાઈની ફરિયાદ લઈ કિશોર પાવસીયા અને સંદિપ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

કોડીનારમાં વેપારીઓ માટે કોરોના વેક્સિન કેમ્પ યોજાયો

કોડીનાર, તા.૨૨

કોડીનાર ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા તાલુકા હેલ્થ ઓફીસરના સૌજન્યથી વેપારીઓ અને ધંધાર્થીઓ માટે કોરોના વેક્સિન કેમ્પનું સોરઠીયા વંડી ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા વેપારીઓ અને ધંધાર્થીઓ માટે ૩૧ જુલાઈ સુધી કોરોના વેક્સિનનો ડોઝ ફરજીયાત કરવામાં આવતા કોડીનારના વેપારીઓ અને ધંધાર્થીઓની મુશ્કેલી ધ્યાને લઈ કોડીનાર ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ હરીકાકા વિઠલાણી એ તાલુકા હેલ્થ ઓફીસર સાથે મળી આજે સોરઠીયા વંડીમાં ફક્ત દુકાનદારો, વેપારીઓ, ડેરી સંચાલકો, વાણંદ અને શાકભાજી અને બીજા અન્ય ધંધા સાથે સંકળાયેલા કે જેઓને સરકારના નિયમોનુસાર સુપર સ્પ્રેડર તરીકે ગણવામાં આવે છે તેઓ માટે સ્પેશ્યલ વેક્સિન કક્સનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં મોટા પ્રમાણમાં ધંધાર્થીઓએ વેક્સિનેશન કર્યું હતું. કેમ્પમાં શાકભાજીના ધંધા સાથે સંકળાયેલી મહિલાઓએ પણ મોટી સંખ્યામાં રસી મુકાવી હતી. કેમ્પમાં આરોગ્ય વિભાગના તેજસભાઈ લાલાણી, નર્સ રમીલાબેન વાળા અને નાજીમભાઈ શેખે સેવાઓ આપી હતી.

આ તકે કોડીનાર ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખે જણાવ્યું હતું કે સરકાર અને તંત્ર દ્વારા વેપારીઓને ધંધા રોજગાર ચાલુ રાખવા માટે ૩૧/૭ સુધીમાં વેક્સિનનો ફર્સ્ટ ડોઝ લઈ લેવાનું ફરજીયાત કરતા અને હાલમાં વેક્સિનનો પૂરતો જથ્થો ફાળવાતો ન હોવાના કારણે વેપારીઓમાં ભારે દુવિધા ફેલાઈ રહી હોય સરકાર અને આરોગ્ય તંત્ર દ્વારા વેપારીઓ માટે હજુ વધુ વેકસીનેશન કેમ્પનું આયોજન કરવા માંગણી કરી હતી.

ચોટીલાના પીપળીયા ગામની પરિણીતા ગુમ થતા ફરિયાદ

સુરેન્દ્રનગર, તા.૨૨

ચોટીલાના પીપળીયા (ઢોરા) ગામની ૬ સંતાનો ધરાવતા પતિએ પોતાની પત્ની ગામના કોઈ અન્ય વ્યક્તિની વાડીએ નિંદામણ કરવાની મજૂરી કામ માટે ગયેલ તે પરત ન ફરતા નાનીમોલડી પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી હતી. પીપળીયા (ઢોરા) ગામે રહેતા ૨ પુત્ર અને ૪ પુત્રીના પિતા એવા અશોકભાઈ કાઠળભાઈ ઉઘરેજીયાએ પોતાની પત્ની ઉમર વર્ષ ૩૫ વિલાસબેન તેમના ગામના ગભરૂભાઈ નામની વ્યક્તિની વાડીએ નિંદામણ કરવાની મજૂરી કામ કરવા માટે ગયેલ હતી ત્યારે એ પરત ન ફરતા નાનીમોલડી પોલીસ મથકે ફરિયાદ દાખલ કરેલ હતી અને પોલીસ સૂત્રોએ જણાવેલ કે આ ૩૫ વર્ષીય વિલાસબેનની કોઈને ભાળ કે પત્તો મળે તો નાનીમોલડી પોલીસ મથક ૦૨૭૫૧૨૮૧૩૪૦ અથવા મોબાઈલ નંબર ૯૭૧૪૦ ૪૭૧૪૨ પર સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો.

કાપોદ્રામાં શ્રમજીવી પરિવારનો ૭ વર્ષનો બાળક ગુમ થતાં ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૨૨

કાપોદ્રા પોલીસના જણાવ્યા મુજબ બરોડા પ્રિસ્ટેજ પાસે બ્રીજ નીચે રહેતા અને કચરા તેમજ ભંગાર વળવાની મજૂરી કામ કરતા મગનભાઈ દેવીપૂજકના સાત વર્ષનો માસુમ પુત્ર પ્રકાશ ગુમ થયો હતો. પરિવારે પહેલા પોતાની રીતે આજુબાજુમાં બાળકની શોધખોળ કરી હતી પરંતુ તેનો કોઈ ભાળ નહી મળતા આખરે ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો દાખલ કર્યો હતો. બનાવની ગંભીરતાથી લઈને પીઆઈ એ.જે.ચૌધરીએ બાળકને શોધી કાઢવા માટે અલગ-અલગ ત્રણ ટીમો બનાવી છે. અને બાળકના ફોટા સાથેના પોસ્ટરો છપાવી રીક્ષાની પાછળ સહિતના નજીકના જાહેર સ્થળો ઉપર ચોંટાડાયા છે. તથા અલગ-અલગ ટીમો દ્વારા બાળકના પોસ્ટરો સાથે બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, બરોડા પ્રિસ્ટેજથી ગરનાળા સુધીના તમામ રોડ રસ્તા તેમજ બ્રીજ નીચે રહેતા લોકોને પોસ્ટર બતાવી તેની શોધખોળ કરી રહ્યા છે. વધુમાં સીસી કેમેરામાં બાળક બરોડા પ્રિસ્ટેજથી વરાછા મીનીબજાર તરફ ચાલતો જતો જાવા મળ્યો હતો. સફેદ કલરનું શર્ટ અને ચડ્ડી પહેરેલ છે. અને હાથના કાંડાના ભાગે 'ઓમ'નું છુંદણુ કરેલ છે. ભારે શોધખોળ કરવા છતાંયે હાલમાં બાળકની કોઈ ભાળ મળી નથી.

ખેડા જિલ્લામાં અકસ્માતના બે બનાવોમાં ત્રણની જિંદગી હોમાઈ

નડિયાદ, તા.૨૨

ખેડા જિલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવોમાં ત્રણ લોકોના જીવ હોમાઈ ગયા છે. આ બન્ને અકસ્માતો સંદર્ભે હદ ધરાવતા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ જવા પામી છે. મળતી માહિતી મુજબ ખેડામાં દલાલ ટેકરા વિસ્તારમાં રહેતા ૪૨ વર્ષિય પંકજભાઈ ભગુભાઈ વાઘેલા અને તેમનો પુત્ર પરેશ બન્ને પિતા-પુત્ર એકજ મોટરસાયકલ પર કડીયા કામે જાય છે. ગતરોજ પંકજભાઈ અને પરેશ કડીયા કામે મોટર સાઇકલ નં.GJ07CA 6272 ચલાવીને આવતા હતા. ત્યારે ગાંધીપુરા પાસે સામેથી આવતાં કોઈ અજાણ્યા વાહનની ટક્કરે મોટરસાયકલ અથડાઈ ફંગોળાઈ ગયું હતું. આથી પિતા-પુત્ર બન્ને રોડ પર પટકાતાં બન્નેને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ લોકોના ટોળેટોળા ભેગા થઈ જતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે બન્નેને સારવાર અર્થે ખસેડાયા હતા. જે પૈકી ગંભીર રીતે ઘવાયેલા પરેશ વાઘેલાનું સારવાર દરમિયાન ગતમોડી રાત્રે મૃત્યુ થયું છે.

બીજા બનાવમાં સુરેન્દ્રનગર જિલ્લાના પાટડીથી મીઠું ભરી વડોદરા ડિલીવરી કરવા જતી ટ્રક નં.GJ13X0007 ગતમોડી રાત્રે મહેમદાવાદના વાંઠવાળી પાસેના અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પરથી પસાર થઈ રહી હતી. ત્યારે એકાએક આ ટ્રકનો જોઈન્ટ તૂટી જતાં ટ્રક ચાલક અમરસિંહ કાનજીભાઈ સાટોના (રહે. જાંજુવાડા)એ ટ્રકને રોડની સાઈડની પ્રથમ લેનમાં ઉભી કરી હતી. અમરસિંહ અને ટ્રક ક્લીનર બન્ને નીચે ઉતરી ચેક કરતાં આ સમયે પાછળથી પુરપાટે આવતી ટ્રક નં. RJ04GC1011ના ચાલકને આ ઉભી રહેલી ટ્રક નહી દેખાતાં તેની પાછળ જોરથી અથડાવી હતી.

આ ટક્કર એટલી ખરાબ હતી કે આગળ ઉભેલી ટ્રક રોડની કીનારીની રેલીંગમાં અથડાઈ પડી હતી. જયારે પાછળની ટ્રકના કેબીનનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માતમાં લોચો વળેલા ટ્રકના ડ્રાઈવરના મૃતદેહને કેબીનનો ભાગ કાપી બહાર કાઢવામાં આવ્યો હતો. જયારે ક્લીનરનો જીવ રહેતા તેને સારવાર માટે હાઈવેની એમ્બ્યુલન્સ મારફતે લઈ જવામાં આવ્યો છે. જોકે ક્લીનરનું પણ ટૂંકી સારવાર બાદ મોત નીપજયું છે. મહેમદાવાદ પોલીસે અકસ્માતનો ગુનો નોંધ્યો છે.

ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ દ્વારા

કોડીનાર ખાતે તૌકતે વાવાઝોડામાં ખેતીવાડીના નુકસાનની સહાય અંગે આવેદન પત્ર પાઠવાયું

કોડીનાર, તા.૨૨

આજરોજ ગીર સોમનાથ જિલ્લા કોંગ્રેસ સોશિયલ મીડિયા દ્વારા કોડીનાર ખાતે તાઉતે વાવાઝોડામાં ખેતીવાડીને થયેલ નુકશાનને સહાય મળવા અંગે મુખ્યમંત્રીને મામલતદાર મારફત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં અસરગ્રસ્ત ખેડૂતોને વહેલી તકે સહાય પુરી પાડવા માંગ કરવામાં આવી હતી. આ તકે જિલ્લા સોશિયલ મીડિયાના પ્રમુખ ગૌતમભાઈ વાળા, શહેર કોંગ્રેસ પ્રમુખ કૌશિકભાઈ ઉપાધ્યાય, ગીરસોમનાથ જિલ્લાના ઉપપ્રમુખ પિન્ટુ ભાઈ બારૂ, જિલ્લાપંચાયત સદસ્ય મહિપતસિંહ ડોડીયા, તાલુકા પંચાયતના સદસ્યો અસ્વીનભાઈ ચુડાસમા, મહેશભાઈ રામ, જશુભાઈ વંશ, ડાયાભાઈ વાઢેળ, કાળાભાઈ ચાવડા, નગર પાલિકાના સદસ્ય રમેશભાઈ ચુડાસમા, મહેશભાઈ કામળિયા, ભરતભાઈ કાતીરા, કિસાન એકતા સમિતિના સુરપાલસિંહ બારડ, અજીતસિંહ ડોડિયા, તેમજ ગોવિંદભાઈ મોરી, જગુભાઈ મોરી, માલાભાઈ વાઢેળ, બાબુભાઈ વાંઝા, ભાવસિંહભાઈ ચૌહાણ, માંડણભાઈ વંશ, ધીરૂભાઈ મોરી, પાલાભાઈ કામળિયા, હિરેનભાઈ વાળા, રણજીતસિંહ પરમાર વગેરે કાર્યકરો તેમજ ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. **(તસવીર : અલ્તાફ મુગલ, કોડીનાર)**

અંકલેશ્વરના અંદાડા ગામ નજીક

ગેરકાયદે બાયોડિઝલના જથ્થા સાથે ટેન્કર ચાલક ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વર વિસ્તારમાંથી બે દિવસ અગાઉ બાયોડીઝલના વેપલાનો જથ્થો પકડાયો હતો અને ગતરોજ પણ અંકલેશ્વરના અંદાડા ગામ નજીક નેશનલ હાઈવે ૪૮ પર આવેલ હોટલ શિવ કૃપાની સામે ટેન્કર નંબર GJ ૧૨ BV ૯૪૪૬ના આરોપી ડ્રાઈવર હિતેશકુમાર રામનિવાસ શર્મા આરોપી દેવજીભાઈ આહીર માધવ ટ્રાન્સપોર્ટના કહેવાથી કંડલા અંબાજી ઈમ્પોર્ટ કંપની પર જઈને બાયોડીઝલ પ્રવાહી આશરે ૪૦,૦૦૦/- લીટર જેની કુલ કિંમત ૨૪,૦૦,૦૦૦/-નું ભરી અંકલેશ્વર અજય નામના માણસને સંપર્ક કરી ખાલી કરવાનું જણાવેલ હતું. જેમાં ડ્રાઈવરે ટેન્કરમાં કોઈ પરવાનગી વગર પેટ્રોલિયમ પદાર્થનો જથ્થો જવલનશીલ હોવાનું જાણવા છતાં ગેરકાનૂની રીતે સંગ્રહ કરી જાહેર રોડ પર અવરજવર કરતા વાહનો અને માણસોની જિંદગી જોખમમાં મૂકાય અથવા હાની પહોંચે તે રીતે નિયમો અનુસાર ફાયર સેફટીના સાધનો ઉપલબ્ધ ન રાખી ગુનો કર્યો હતો જેની અંકલેશ્વર શહેર પોલીસે ધરપકડ કરી હતી.

ધોળકાના દમારવાડા, ગડીતવાડા તથા બાબુડી ચોકમાં લો વોલ્ટેજની સમસ્યા

ધોળકા, તા.૨૨

ધોળકા નગરમાં આવેલ કસાઈવાડા વીજ ડીપીમાંથી દમારવાડા, ગડીતવાડા, બાબુડી ચોક વિસ્તારમાં વીજ પ્રવાહ પૂરો પાડવામાં આવે છે. આ વિસ્તારોમાં છેલ્લા ઘણાં સમયથી વીજ લોડ વધી ગયો છે. આથી દરરોજ રાત્રે જ્યારે મેનાબેન ટાવર ચાર રસ્તા ખાતે આવેલ ન્યુનસિપલ બોરમાંથી પાણી વિતરણ શરૂ કરવામાં આવે છે. ત્યારે લોકો એક સાથે ઈલેક્ટ્રીક મોટરો ચાલુ કરે છે. આ વખતે અમુક ઘરોમાં એ.સી. પણ ચાલુ હોય છે. જેથી વીજ લોડ વધી જાય છે. કેપેસિટી કરતાં વધુ વીજ પ્રવાહ ખેચાતા લો વોલ્ટેજ થતાં ડીમ લાઈટ થઈ જાય છે. ટ્યુબ લાઈટો , પંખા, ઈલેક્ટ્રિક મોટરો સહિતના વીજ ઉપકરણો બંધ થઈ જાય છે. ધોળકા વીજ કચેરીના ડેપ્યુટી એન્જિનિયર લોકોની આ સમસ્યા ધ્યાને લઈને વીજ કર્મચારીઓની ટીમ આ વિસ્તારોમાં મોકલી સર્વે કરાવી વીજ લોડ વધારવા કાર્યવાહી કરે તેવી દમારવાડા, ગડીતવાડા અને બાબુડી ચોક વિસ્તારમાં વીજ ગ્રાહકોની લાગણી અને માંગણી છે.

વલસાડ-ડાંગના મેઘરાજા મહેરબાન સુરત-તાપીમાં ઝરમરીયા છાંટા પડ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૨૨

દક્ષિણ ગુજરાતના વલસાડ અને ડાંગ જિલ્લામાં વિતેલા ૨૪ કલાક દરમિયાન નોંધપાત્ર વરસાદ નોંધાયો છે જ્યારે સુરત નવસારી અને તાપી જિલ્લામાં છુટોછવાયો હળવો વરસાદ વરસ્યો છે દમણ ગંગા નદી પર આવેલા મધુબન ડેમના કેચમેન્ટ એરિયામાં સારો એવો વરસાદ પડી રહ્યા છે જેથી તંત્ર દ્વારા ગતરોજથી ડેમનું લેવલ મેઈન્ટેન કરવા માટે દમણગંગા નદીમાં ૧.૩૦ લાખ ક્યુસેક જેટલો વિપુલ માણમાં પાણીનો જથ્થો છોડવામાં આવી રહ્યા છે તેમજ નદી કિનારાના ગામોને સલામતીના ભાગરૂપે સાવચેત કરાયા હોવાનું જાણવા છે.

વલસાડ જિલ્લામાં ગત ૨૪ કલાકમાં ઉમરગામ ૧૯ મી.મી.કપરાડા ૧૩૫ મી.મી. ધરમપુર ૪૭ મી.મી.પારડી ૨૦ મી.મી.વલસાડ ૧૦ મી.મી. જ્યારે વાપીમાં ૧૧ મી.મી. વરસાદ વરસ્યો હતો કુદરતી સૌંદર્યથી ભરપુર દેશ સમા ગુજરાતની બોર્ડર પર આવેલા વનાચ્છાદિત ડાંગ જિલ્લાને ચોમાસાની ઋતુના આગમન સમયે રાહ જાવડાવ્યા બાદ મોડે મોડે પણ મેઘરાજા મહેર વરસાવી રહ્યા છે અને નદી નાળા તથા ચેકડેમો છલકાવી દીધા છે વીતેલા ૨૪ કલાક દરમિયાન ડાંગ જિલ્લામાં મુખ્ય મથક આહવામાં ૪૬ મી.મી.વઘઈ ૩૭ મી.મી. સુબીરમાં ૫૨ મી.મી. તેમજ હિલ સ્ટેશન સાપુતારામાં બે ઈંચથી વધુ એટલે કે ૫૪ મી.મી. પાણી વરસાવ્યું છે. તાપી જિલ્લાના ઉચ્છલમાં ૦૨ મી.મી. કુકરમુંડા ૦૨ મી.મી. ડોલવણમાં એક ઈંચ (૨૪ મી.મી.)નિઝર ૦૧ મી.મી. વ્યારા ૧૮ મી.મી. વાલોડ ૧૨ મી.મી. સોનગઢ ૦૮ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે નવસારી જિલ્લામાં પણ મેઘરાજાની બે તાલુકામાં મહેર યથાવત રહેવા પામી છે તથા સુરત અને તાપી જિલ્લામાં ઝરમરીયા છાંટા પડ્યા હતા.

નવસારી અને વલસાડના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો તો વલસાડ જિલ્લામાંથી પસાર થતી દમણગંગા નદીના ઉપરવાસમાં કેચમેન્ટ એરિયામાં સારો એવો વરસાદ વરસી રહ્યા છે જેથી દમણગંગા નદી પર બાંધવામાં આવેલા મધુબન ડેમની ૭૨.૯૦ મીટર સપાટી નોંધાઈ છે. ડેમમાં પાણીની આવક ૪૩,૨૪૭ ક્યુસેક આને ડેમના ૯ ગેટ ૪ મીટર ખોલીને ૧,૩૦,૩૫૦ ક્યુસેક પાણીનો જથ્થો દમણ ગંગા નદીમાં છોડવામાં આવી રહ્યો છે. નોંધનીય છે જેથી દમણગંગા નદી કિનારેના નામધા. તંદોર, લવાછા સહિતના ગામોને સાવચેત કરવામાં આવ્યા હતા આ ઉપરાંત વાપી નગરપાલિકા કપરાડા અને વાપી મામલતદાર તંત્રને સાવચેતીના પગલારૂપે એલર્ટ રાખવામાં આવ્યું છે.

મીડિયા હાઉસ પર આઈટીના દરોડા મુદ્દે કોંગ્રેસે સરકારની ઝાટકણી કાઢી; ભારતીય લોકશાહી પર કલંક ગણાવ્યું

આજે થયું એને શું કહેવાય ? સર્વાધિકારવાદ, અત્યાચારી શાસન, સરમુખત્યારશાહી, ફાસીવાદ, સરમુખત્યારવાદ, નિરંકુશ શાસન, તાનાશાહી, નિરંકુશ રાજ્ય સિદ્ધાંત, એકહથ્થું શાસન અને ઘણું બધું : અભિષેક મનુ સિંઘવી

(એજન્સી)

નવી દિલ્હી, તા. ૨૨

મીડિયા હાઉસો પર આવકવેરા વિભાગના દરોડા મુદ્દે કોંગ્રેસે સરકારની ઝાટકણી કાઢી હતી અને કહ્યુ કે, દેશની સુરક્ષા કરવાને બદલે કેન્દ્રીય એજન્સીઓ એ વ્હીસલબ્લોઅર્સને ડરાવવા માટે શિકારીઓ તરીકેની ભૂમિકા ભજવવાનું શરૂ કર્યું છે. પત્રકાર પરિષદને સંબોધતા સિનિયર કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવીએ દૈનિક ભાસ્કર પર આઈટીના દરોડા ભાજપ સરકારના ભયાનક, ફગાવાયેલા અને કઠોર ચરિત્રને દેખાડે છે. આપણે કઈ રીતે નક્કી કરી શકીએ કે આજે શું થયું હશે? અનેક શબ્દો છે જેમાં સર્વાધિકારવાદ, અત્યાચારી શાસન, સરમુખત્યારશાહી, ફાસીવાદ, સરમુખત્યારવાદ, નિરંકુશ શાસન, તાનાશાહી, નિરંકુશ રાજ્ય સિદ્ધાંત, એકહથ્થું શાસન અને હજુ પણ ઘણા શબ્દો કહી શકાય.

સિંઘવીએ કહ્યું કે, અખબાર સામે એ માટે તવાઈ લવાઈ કારણ કે, તેણે ઉત્તરપ્રદેશ અને બિહારમાં ગંગામાં કોવિડ પીડિતોના મૃતદેહો અને તેમાં તણાઈ ગયેલી લાશોની દર્દનાક તસવીરો દેખાડી હતી, એવું કદાચ એ માટે થયું કે, આ લોકોના મૃતદેહોના અંતિમ સંસ્કાર માટે વ્યવસ્થા ન હતી. અખબારના અહેવાલમાં દર્શાવાયું હતું કે, આ મૃતદેહો ગંગાના કિનારે આવેલી માટીમાં દફનાવાયા હતા. કોંગ્રેસ નેતાએ મીડિયા હાઉસો તથા મીડિયા સાથે સંકળાયેલા લોકોને હેરાન કરવા માટે કેન્દ્રીય એજન્સીઓના દુરૂપયોગના ઘણા ઉદાહરણ આપ્યા હતા જેમાં તેઓ કાંતો સરકારની ટીકા કરતા હતા અથવા સરકાર દ્વારા રચાયેલા પ્રોપેગન્ડાથી વિરૂદ્ધ હકીકતો દર્શાવતા હતા.

ઉત્તરપ્રદેશની ટીવી ચેનલ ભારત સમાચાર પર પણ દરોડા પડ્યા હતા. આઈટીના અધિકારીઓએ ચેનલની લખનઉ ઓફિસ પર દરોડા પાડ્યા હતા સાથે જ ડોક્યુમેન્ટ તપાસવા માટે એડીટરના ઘરે પણ દરોડા પડાયા હતા. ભારત સમાચારે તાજેતરમાં જ યુપી સરકારની ટીકા કરતાં અહેવાલો પ્રદર્શિત કર્યા હતા. જાન્યુઆરી ૨૦૨૧માં ઈડીએ ન્યૂઝ ક્લિકની ઓફિસ, તેના એડીટર તથા અન્ય લોકોના ઘરો પર પણ દરોડા પાડ્યા હતા. ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં મુસ્લિમ વ્યક્તિ પર હુમલા મામલે ટ્વિટ બદલ ઓનલાઈન ન્યૂઝ પ્લેટફોર્મ ધ વાયર સામે ફરિયાદ દાખલ થઈ હતી. પોલીસે બારાબંકીમાં પણ તેની સામે ફરિયાદ દાખલ કરી હતી. ૨૦૧૭માં સીબીઆઈએ એનડીટીવીના પ્રમોટર પ્રણવ રોયના ઘરે પણ દરોડા પાડ્યા હતા.

વડોદરા કેસરબાગ સોસાયટીમાં બાંધકામની મંજૂરી આપ્યા બાદ અચાનક મ્યુ. કોર્પોરેશને નવેસરથી પ્રોપર્ટી કાર્ડ રજૂ કરવાનું કહેતાં હાઈકોર્ટની નોટિસ

પહેલાં મંજૂરી અપાયા બાદ મનપાના વલણમાં બદલાવ થતાં અરજીકર્તા દ્વારા નિર્ણયને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો

અમદાવાદ, તા.૨૨

વડોદરાની કેસરબાગ સોસાયટી મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ મામલે અરજીકર્તા દ્વારા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન સામે અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, વડોદરા મનપાએ તમામ દસ્તાવેજોની ચકાસણી બાદ બાંધકામની મંજૂરી આપી હતી. છતાં અચાનક વડોદરા મનપાના વલણમાં બદલાવ જોવા મળ્યો હતો. અને કોર્પોરેશન દ્વારા ગુજરાત પ્રદેશ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯, સેક્શન ૨૬૭(૨) હેઠળ અરજીકર્તાને નિર્દેશ કરવામાં આવ્યો હતો કે, તેઓ નવેસરથી પ્રોપર્ટી કાર્ડ રજૂ કરે. અરજીકર્તાના એવોકેટ તરફથી રજૂઆત કરાઈ હતી કે, જવાબદાર કોર્પોરેશન દ્વારા ૦૫-૧૧-૨૦૧૫ના હુકમથી અરજીકર્તાઓનો પ્રવેશ રદ કર્યો હતો. જો કે આ મામલે અદાલતે કાર્યવાહીનો નિકાલ કરી દીધો હતો, છતાં મનપા દ્વારા આવું વલણ અપનાવવામાં આવ્યું હતું. અરજીકર્તાઓની તરફેણમાં પ્રવેશ પરિવર્તન કરવાને બદલે સીટી સર્વેની કચેરીએ પ્રોપર્ટી કાર્ડમાં સમગ્ર આદેશને પુનઃપ્રસ્તુત કર્યો હતો. એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અરજીકર્તાઓએ પ્રવેશના પરિવર્તન માટે વિનંતી કરતાં તારીખ ૧૭-૦૬-૨૦૨૦ના રોજ અરજી દાખલ કરી હતી પણ હજુ સુધી આ મામલે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. એવી પણ રજૂઆત કરવામાં આવી હતી કે, એક તરફ જવાબદાર કોર્પોરેશન અરજદારોની અરજી અંગે કોઈ સુનાવણી નથી કરતું અને બીજી તરફ પ્રોપર્ટી કાર્ડ રજૂ કરવાનો આગ્રહ કરે છે. કોર્ટે આ મામલે રજૂઆતોને ધ્યાન પર લેતાં નોટિસ જારી કરી હતી અને આ મામલાની વધુ સુનાવણી ૨૭-૦૭-૨૦૨૧ના રોજ નક્કી કરી હતી. કોર્ટે કોર્પોરેશનને જણાવ્યું હતું કે, આગામી સુનાવણીની તારીખે ૧૭-૦૬-૨૦૨૦ની અરજીને અનુલક્ષીને કોઈ આદેશ પસાર કરવામાં આવ્યો હતો તે રજૂ કરે. આ કેસમાં અરજીકર્તા દ્વારા તારીખ પ્રમાણે સર્જાયેલા ઘટનાક્રમના તમામ દસ્તાવેજ પુરાવા પણ રજૂ કરવામાં આવ્યા હતા.

વડોદરાની સમર્પણ સોસયટી ગેટ અતિક્રમણ મુદ્દે ગુજરાત હાઈકોર્ટનો અરજીકર્તાની તરફેણમાં નિર્દેશ : કોર્પોરેશને સમય માંગ્યો

વડોદરાની સમર્પણ સોસયટીમાં ગેટ અતિક્રમણ મુદ્દે ચાલી રહેલા વિવાદમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા અરજીકર્તાની તરફેણમાં ચુકાદો અપાયો હતો પણ આ મામલે સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સમય માંગવામાં આવ્યો હતો. વડોદરાના તાંદલજામાં સ્થિત સમર્પણ સોસયટીના રસ્તા તરફના ગેટ ખાતે અતિક્રમણ મુદ્દે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. આ કેસ અંગે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જવાબદાર કોર્પોરેશનના વકીલે રિપોર્ટ દાખલ કરવા અંગે સમય માંગ્યો હતો. વડોદરા કોર્પોરેશનના વકીલે કોર્ટને વિનંતી કરી હતી કે, આ એક સંવેદનશીલ મુદ્દો છે માટે કોર્પોરેશનને પોલીસ રક્ષણની જરૂર છે. જેથી કોર્ટ દ્વારા આ હુકમના પાલન માટે પોલીસ કમિશ્નર કાર્યાલયને નિર્દેશ આપવામાં આવે કે, તે કોર્પોરેશનને પૂરતું રક્ષણ પૂરું પાડે. પ્રતિવાદી માટે સહાયક સરકારી વકીલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી છે કે પોલીસ કમિશ્નરની કચેરીમાં જરૂરી સૂચનાઓ મોકલવામાં આવશે. આ મામલાની વધુ સુનાવણી ૩૦-૦૭-૨૦૨૧ના રોજ હાથ ધરવામાં આવશે.

જાસૂસીના આરોપોની તપાસની માંગ કેન્દ્રએ ફગાવી IT મંત્રીએ રિપોર્ટને ઓવર ધ ટોપ ગણાવ્યો

(એજન્સી) તા.૨૨

દેશમાં એક આંતરરાષ્ટ્રીય મીડિયા સંસ્થા તરફથી ફોન ટેપિંગ અને જાસૂસીના મામલા અંગે રિપોર્ટ પ્રકાશિત કરવામાં આવ્યા પછી તેને લઈને ઘમાસાણ મચી ગયું છે. સંસદના ચોમાસુ સત્રના પહેલાં જ દિવસે આ રિપોર્ટ પર ગૃહમાં મોટાપાયા પર શોરબકોર થયો અને કેન્દ્રીય દૂરસંચાર મંત્રી અશ્વિની વૈષ્ણવે તેના અંગે સ્પષ્ટતા કરવી પડી. તેમણે ફોન ટેપિંગ દ્વારા જાસૂસીના આરાપને ખોટા ગણાવ્યા છે. અશ્વિની વૈષ્ણવે લોકસભામાં જણાવ્યું હતું કે, ડેટાનો જાસૂસી સાથે કોઈ સંબંધ નથી. આ અંગે જે અહેવાલ રજૂ કરવામાં આવ્યા છે તે ગેરમાર્ગે દોરનારા છે. આ પ્રકારના આરોપોનો કોઈ આધાર નથી. આ પ્રકારના આરોપો પહેલાં પણ લગાવવામાં આવી ચૂક્યા છે. એનએસઓ આ પ્રકારના આરોપોને પહેલાં જ ફગાવી ચૂક્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આ અહેવાલ સનસનીખેજ છે. આ ઉપરાંત તેમાં કોઈ દમ નથી. કેન્દ્રીય સંચારમંત્રીએ જણાવ્યું હતું કે, ભારતમાં આ રીતે કોઈપણ બાબતને ઈન્ટરસેપ્ટ કરવાની સ્પષ્ટ પ્રક્રિયા છે. ઉલ્લેખનીય છે કે, આંતરરાષ્ટ્રીય મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે પેગાસસ સોફ્ટવેરના ઉપયોગ દ્વારા ભારતના ઘણા પત્રકારો, નેતાઓ અને અન્ય લોકોના ફોન હેક કરવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ જાસૂસી સરકારે કરાવી હતી. સંસદના ચોમાસુ સત્રના પહેલાં આવેલા રિપોર્ટના લીધે ગૃહમાં મોટાપાયા પર હંગામો મચે તેવી સંભાવના તો હતી જ. વિપક્ષ તરફથી લોકસભા અને રાજ્યસભામાં તેના પર ચર્ચા કરવા માટે માંગ કરવામાં આવી હતી. સીપીઆઈ નેતા વિનય વિશ્વમ, આરજેડી નેતા મનોજ ઝા અને આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહ સહિત ઘણા સાંસદોએ આ મુદ્દો ઉઠાવ્યો. બીજી બાજુએ કોંગ્રેસના ભૂતપૂર્વ વડા રાહુલ ગાંધીએ ટ્વિટ કરીને સરકાર પર કટાક્ષ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય મીડિયા દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે, ૪૦થી વધારે પત્રકારોના ફોન હેક કરવામાં આવ્યા છે તેના પર હવે બબાલ મચે તેવી સંભાવના છે, આ ફોન હેકિંગનો મામલો છે. રવિવારે રાત્રે આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઈઝરાયેલના સોફ્ટવેર પેગાસસની મદદથી ભારતના ૩૦૦ જેટલા લોકોના ફોન હેક કરવામાં આવ્યા હતા. તેમા પત્રકાર, મંત્રી, નેતા, બિઝનેસમેન અને જાહેર જીવન સાથે જોડાયેલા અન્ય લોકો સામેલ છે. આ અહેવાલ વોશિંગ્ટન પોસ્ટ સહિત વિશ્વની ૧૬ મીડિયા કંપની દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો છે.

મહારાષ્ટ્રમાં મેઘ તાંડવ યથાવત્ : ટ્રેન સેવાને અસર થતાં છ હજાર લોકો અટવાયા

(એજન્સી) મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્રમાં મેઘરાજાએ તાંડવ મચાવતા ચિપલૂણ ટાઉન અને તેની આસપાસના વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. રત્નાગીરી અને સિંધુદુર્ગમાં સતત પડી રહેલા વરસાદને કારણે અહીં જળબંબાકાર સ્થિતિ સર્જાઈ છે. ૨૦૦૫માં થયેલા વરસાદને કારણે જેવી સ્થિતિ સર્જાઈ હતી તેનાથી પણ ખતરનાક સ્થિતિ ચિપલૂણમાં હાલ સર્જાઈ છે. જેના કારણે મુંબઈ-ગોવા વચ્ચેનો રોડ ટ્રાફિક અને કોંકણ રેલવે સર્વિસ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. ચિપલૂણ સાઉથ કોંકણ બેલ્ટનું બિઝનેસ અને ઈન્ડસ્ટ્રીયલ હબ ગણાય છે. સ્થિતિની ગંભીરતાને જોતા પુણેથી એનડીઆરએફની ટીમોને પૂરગ્રસ્ત વિસ્તારોમાં દોડાવવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરેએ રત્નાગીરીના કલેક્ટર તેમજ એસપી સાથે વાત કરીને સ્થિતિની સમીક્ષા કરી છે. હાલ કોંકણમાંથી પસાર થતી વશિષ્ઠી નદીમાં પણ ઘોડાપૂર આવ્યા હોવાથી લોકોને નદીથી દૂર રહેવા ચેતવણી અપાઈ છે. નદીમાં પાણીનું લેવલ વધી ગયું હોવાથી સુરક્ષાના કારણોને ધ્યાનમાં રાખતા કોંકણ રેલવેને પણ અટકાવી દેવાઈ છે. રત્નાગીરી-સિંધુદુર્ગના સાંસદ તેમજ ધારાસભ્યએ સરકારને વિનંતી કરી છે કે પૂરમાં ફસાયેલા લોકોને બચાવવા માટે કોસ્ટ ગાર્ડને પ્રભાવિત વિસ્તારોમાં મોકલવામાં આવે. સ્થાનિક ધારાસભ્ય ભાસ્કર જાધવનું કહેવું છે કે ચિપલૂણની ભૂગોળ રકાબી જેવી છે, અહીંથી પાણીને કુદરતી રીતે બહાર જવાની જગ્યા નથી મળતી જેથી સ્થિતિ વધારે ગંભીર બની છે. કેટલીક જગ્યાએ તો સોસાયટીમાં પાણી ઘૂસવાની જગ્યાએ ઘરોના પહેલા માળ પણ ડૂબી ગયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મહાબળેશ્વરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫ ઈંચથી વધુ વરસાદ ખાબકી ચૂક્યો છે. ભારે વરસાદને કારણે મોદકસાગર ડેમ ઓવરફ્લો થઈ ચૂક્યો છે, અને તેના દરવાજા ખોલીને પાણી છોડવામાં આવી રહ્યું છે. ભારે વરસાદને લીધે અનેક જગ્યાએ રેલવે ટ્રેક પાણીમાં ગરકાવ થઈ ચૂક્યા છે. મુંબઈની આસપાસના કલ્યાણ, ભિવંડી, ઉલ્હાસનગર, બદલાપુરમાં પણ ગુરુવાર સવારથી જ પડી રહેલા ભારે વરસાદથી ચારે તરફ પાણી ભરાઈ ગયા છે. ઉલ્હાસ અને વાલધુની નદીઓમાં પણ ઘોડા પૂર આવતા કેટલાક વિસ્તારો પાણીમાં ડૂબી ગયા છે. હાલ પ્રવર્તી રહેલી જળબંબાકાર સ્થિતિ વચ્ચે હવામાન વિભાગે કોંકણ, ગોવામાં અતિભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરતા જણાવ્યું છે કે વેસ્ટર્ન ઘાટ અને મધ્ય મહારાષ્ટ્ર તેમજ કર્ણાટકના દરિયાકાંઠના વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત રહેશે.

વર્ષાઋતુમાં પાચનશક્તિ નબળી પડતા ખોરાક પચતો નથી, રોગપ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે

● આ ઋતુમાં બહારનો, મેંદાવાળો, વાસી ખોરાક ન ખાવા તથા પાણી ઉકાળીને પીવા સલાહ ● રોજ રાત્રે એક ચમચી હળદર ફાંકી દૂધ પીવું અને હળદરવાળું દૂધ પીવું અને ઉકાળો પણ પીવો

અમદાવાદ, તા.૨૨

કોઈપણ ઋતુના સંધિકાળમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે આ સમયે બિમાર થવાની શક્યતાઓ પણ વધી જાય છે ત્યારે ખાસ કરીને વર્ષાઋતુ દરમિયાન શું કાળજી રાખવી જોઈએ અને શું કરવું-શું ના કરવું એ સંદર્ભે આયુષ નિયામક દ્વારા માર્ગદર્શિકા જાહેર કરાઈ છે જેને અનુસરી રોગમુકત રહેવા સૌને અનુરોધ પણ કરાયો છે. ભારતીય સંસ્કૃતિ મુજબ ચાતુર્માસની શરૂઆત થઈ ગઈ છે, એટલે કે સામાન્ય ભાષામાં ચોમાસાની ઋતુની શરૂઆત થઈ છે. વરસાદની આ ઋતુમાં વાતાવરણ મનમોહક હોય છે પણ આજ સમય હોય છે કે જેમાં નાની મોટી બિમારીના લીધે દવાખાના ઉભરાતા હોય છે, જેનું સાચું કારણ વર્ષાઋતુમાં શું શું કરવું તેની યોગ્ય જાણકારીનો અભાવ હોય છે. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની આયુષ કચેરી દ્વારા વર્ષાઋતુમાં શું ખાવું? શું ન ખાવું એ માટે જાણકારી આપતમાં જણાવાયું છે કે, આ ઋતુમાં પાચન શક્તિ નબળી પડે છે. વાદળો અને ભેજને કારણે શરીરમાં અસંતુલન થાય છે, જેના લીધે રોગ પ્રતિકારક શકિતમાં ઘટાડો થાય છે, સામાન્ય રીતે આપણે ખોરાકમાં કાયમ લેતાં હોઈએ તે ખોરાક આ ઋતુમાં પણ લઈએ છીએ, પરંતુ વર્ષાઋતુમાં પાચનશક્તિ નબળી હોવાના લીધે ખોરાકને બરાબર પચાવી ના શકવાને કારણે વિવિધ નાની- મોટી બિમારી અને સમસ્યાઓ ઊભી થાય છે. અત્યારે આમ તો ચોમાસાની શરૂઆત હોવાથી આ સમય ઋતુસંધિકાળ ગણાય એટલે કોઈપણ ઋતુ સંધિકાળમાં રોગ પ્રતિકારક ક્ષમતા ઘટી જાય છે. અને આ સમયે બિમાર થવાની શક્યતાઓ વધી જાય છે ચોમાસામાં તંદુરસ્ત રહેવા માટે બહારનો ખોરાક, મેંદા વાળો ખોરાક જેમ કે પિત્ઝા, પાંઉભાજી, દાબેલી વગેરે અને વાસી ખોરાક ન ખાવાં. જયારે પાણી ઉકાળીને પીવું. હળદર એ એન્ટિ-ઈન્ફલેમેટરી ગુણધર્મ ધરાવે છે એટલે આયુષ મંત્રાલય, ભારત સરકારની કોરોનાની ગાઈડલાઈન મુજબ એક ચમચી હળદર રોજ રાત્રે ગરમ દૂધ સાથે લેવી અથવા હળદરવાળું દુધ પીવું જયારે તુલસીનાં ૧૦-૧૨ પાંદડાં અને ચપટી સૂંઠ સાથેનો ઉકાળો પીવો. સાકર, સંચળ, મરી નાંખીને બનાવેલ તાજા લીબુંનું શરબત રોજ પી શકાય કારણ કે લીબુંથી પાચનશકિતમાં વધારો થશે અને લીંબુમાં વિટામિન સી હોવાથી તે આપણી રોગપ્રતિકારક શક્તિને જાળવી રાખવામાં મદદ કરે છે. આ અંગે વધુ માહિતી માટે ગુજરાત સરકારની આયુષની website https://ayush.gujarat.gov.in/ પર મુલાકાત લઈને રોગમુકત રહેવા અપીલ કરવામાં આવી છે.

અમદાવાદ-પૂણે અને વેરાવળ-પૂણે સ્પેશિયલ ટ્રેનો અસરગ્રસ્ત રહેશે

અમદાવાદ,તા.૨૨

મધ્ય રેલવેના મુંબઈ ડિવિઝનના ઈગતપુરી-કલ્યાણ અને લોનાવાલા સેકશન પર લેન્ડ સ્લાઈડ થવાને કારણે અમદાવાદ-પૂણે, વેરાવળ-પૂણે અને જોધપુર-કે એસઆર બેંગ્લુરૂ સ્પેશિયલ ટ્રેનો અસરગ્રસ્ત રહેશે. જે મુજબ તારીખ ૨૩ જુલાઈ ૨૦૨૧ના રોજ અમદાવાદથી ચાલનારી ટ્રેન નંબર ૦૨૨૯૭ અમદાવાદ-પૂણે સ્પેશિયલ ટ્રેન પેરિંગ રેકની ઉપલબ્ધતા ન હોવાને કારણે રદ રહેશે. જયારે તારીખ ૨૪ જુલાઈ ૨૦૨૧ના રોજ વેરાવળથી ચાલનારી ટ્રેન નંબર ૦૧૦૮૭ વેરાવળ-પૂણે સ્પેશિયલ ટ્રેન પેરિંગ રેકની ઉપલબ્ધતા ન હોવાને કારણે રદ રહેશે. તેમજ તારીખ ૨૨ જુલાઈ ૨૦૨૧ના રોજ જોધપુરથી ચાલનારી ટ્રેન નંબર ૦૬૫૦૭ જોધપુર-કે.એસ.આર. બેંગ્લુરૂ સ્પેશિયલ ટ્રેન સુરત-જલગાંવ-મનમાડ-દૌંડ કોડ લાઈન-પૂણે થઈને દોડી હતી.

“જળ એ જ જીવન”ના માર્ગે રેલવે ડિવિઝન

અમદાવાદમાં ટ્રેન ધોયા બાદ વહી જતું પાણી હવે બચાવાશે

કાંકરિયા યાર્ડમાં વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ કરાયો : ટ્રીટ થયેલ પાણીનો ઉપયોગ ટ્રેનના કોચ ધોવા માટે કરાશે

અમદાવાદ તા.૨૨

હાલના સમયમાં જ્યારે પાણીનું મહત્વ ખૂબ જ વધી રહ્યુ છે અને તમામ લોકો પોતાનાથી બનતા પ્રયત્નો પાણીના બચાવ માટે કરતા હોય છે. ત્યારે ભારતીય રેલ્વે દ્વારા વેસ્ટ વોટરને શુદ્ધ કરી તેના પુનઃ વપરાશ માટેનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ વિચાર હેઠળ અમદાવાદ રેલવે ડિવિઝન દ્વારા શહેરના કાંકરિયા યાર્ડમાં ૨૦૦ કેએલડી (કિલો લિટર પ્રતિ દિવસ) ની ક્ષમતાનો વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે. ટ્રીટ થયેલા પાણીનો ઉપયોગ ટ્રેનના કોચ ધોવા માટે કરાશે.

ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ફાયટો રેમિડિએશન સિસ્ટમથી પાણી ટ્રીટ કરી રોજના ૧૬૦ કેએલડી ફ્રેશ પાણીની બચત કરવામાં આવશે. અમદાવાદમાં રોજની ૨૦૦થી વધુ પેસેન્જર ટ્રેનોનું સંચાલન કરવામાં આવે છે. આ તમામ ટ્રેનો અમદાવાદ યાર્ડમાં પહોંચે ત્યારે તેને ધોવામાં આવે છે. આ ટ્રેનો ધોવા માટે રોજ ૧૬૦ કેએલડીથી વધુ પાણીની જરૂર પડે છે. ટ્રેન ધોવા માટે અત્યાર સુધી ચોખ્ખા પાણીનો ઉપયોગ કરવામાં આવતો હતો. પરિણામે એક વાર ટ્રેન ધોયા બાદ પાણી ગટરમાં વહી જતાં મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થતો હતો. પરંતુ પાણીની બચત થાય તેમજ પર્યાવરણ પણ જળવાઈ રહે, તે હેતુથી કાંકરીયા યાર્ડમાં જ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે.

અમવા દ્વારા જુહાપુરા ખાતે મહિલા જાગૃતિ શિબિર યોજાઈ

અમવા જુહાપુરા આયોજિત મહિલા જાગૃતિ શિબિરમાં એલ.જે. ફેકલ્ટીના ઈન્ટર્નશીપ કરતા વિદ્યાર્થીઓ સાક્ષી, પુર્વ ગોળીબાર, આકાશ અને મુબિન પઠાણે જુદા-જુદા વિષયો જેવા કે સ્વચ્છતા, માનવતા રસીકરણ વગેરે પણ માર્ગદર્શન આપ્યું હતું. “ધ મહેર કેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ.” દ્વારા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટેની માઈક્રોફાયનાન્સ સ્કીમ હેઠળ રૂા.૩,૨૯,૨૦૦ની વગર વ્યાજની લોનનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડૉ. મહેરૂન્નિસા દેસાઈ (પ્રમુખ-અમવા) અને એમ.યુ. દેસાઈ (પ્રમુખ ધી મહેર કેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી લિ.)એ પ્રેરક વક્તવ્ય દ્વારા મહિલાઓને પ્રોત્સાહિત કરી હતી. સંસ્થાના ઝાકેરાબેન, રિઝવાનાબેન અને તેમની ટીમે કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જહેમત ઉઠાવી હતી.

પશ્ચિમ રેલવે દ્વારા ૮ અધિકારીઓ અને ૧૫ કર્મીઓ જનરલ મેનેજર એવોર્ડથી સન્માનિત

૬૬મા રેલવે સપ્તાહ દરમિયાન મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર આલોક કંસલ દ્વારા અમદાવાદ મંડળના ૮ અધિકારીઓ અને ૧૫ રેલ કર્મચારીઓને પ્રશસ્તિપત્રો, મેડલ અને રોકડ ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. અમદાવાદ મંડળના ડીઆરએમ દીપકકુમાર ઝાએ તમામ એવોર્ડ વિજેતાઓને બિરદાવ્યા હતા અને ભવિષ્યમાં પણ આ પ્રકારનું સ્તર જાળવવા પ્રેરણા આપી હતી.

ગુજરાત એનસીસીના કેડેટ્સે

કારગીલ યુદ્ધના નાયકોને પોતાની સર્જનાત્મકતા સમર્પિત કરી

અમદાવાદ,૨૨

ઉત્તરીય કમાન્ડના હેડક્વાર્ટર ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં ઉત્તરીય કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ ઈન ચીફ લેફ્ટેનન્ટ જનરલ વાય.કે. જોશી, UYSM, AVSM, VrC, SM, ADCએ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર તેમજ લદ્દાખમાં લાઈન ઓફ કન્ટ્રોલ, લાઈન ઓફ એકચ્યુઅલ કન્ટ્રોલ અને અંતરિયાળ પ્રદેશોમાં નિયુકત કરવામાં આવેલા જવાનોને પ્રેરિત કરવા માટે દેશભકિતની ભાવના સાથે ગુજરાત એનસીસીના કેડેટ્સ દ્વારા તૈયાર કરવામાં આવેલા લગભગ ૩૦,૦૦૦ કાર્ડ મેળવ્યા હતા. આ કાર્ડ્સ ૨૦ જુલાઈ ૨૦૨૧ના રોજ ગુજરાત એનસીસીના કર્મીઓના એસ્કોર્ટ સાથે ઉધમપુર ખાતે આવ્યા હતા અને ઉત્તરીય સૈન્ય કમાન્ડર સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કાર્ડ પ્રસ્તુતિ કાર્યક્રમ દરમ્યાન સંબોધન આપતી વખતે લેફ્ટેનન્ટ જનરલ વાય.કે. જોશીએ ગુજરાતના સમાન્ય લોકો અને ખાસ કરીને એનસીસીના કેડેટ્સે નવતર અને આવિષ્કારી શૈલીમાં સરહદ પર તૈનાત જવાનોના સમર્થનમાં સમગ્ર દેશ દિલ અને આત્માથી તેમની સાથે જ છે તેવી ભાવના વ્યકત કરીને દેશભકિતની લાગણી દર્શાવી તે બદલ સૌની પ્રશંસા કરી હતી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાત એનસીસી નિર્દેશાલયના એનસીસી કેડેટસે અધિક મહાનિર્દેશક મેજર જનરલ અરવિંદ કપુરના સમર્થ નેતૃત્વમાં તૈયાર કરેલા લગભગ ૩૦,૦૦૦ કાર્ડ્સનો જથ્થો રવાના કર્યો હતો આ કાર્ડ્સ કારગીલ યુદ્ધના શહીદોની સ્મૃતિમાં તેમને સમર્પિત કરવામાં આવ્યા છે.

ગ્રાહકથી ગ્રાહક એક્સપ્રેસ પાર્સલ સેવાની શરૂઆત

અમદાવાદ, તા.૨૨

ભારતની અગ્રણી સપ્લાય ચેઈન સર્વિસ પ્રોવાઈડર ડેલ્હીવરીએ તેની ગ્રાહકથી ગ્રાહક એક્સપ્રેસ પાર્સલ સેવા શરૂ કરી છે, કંપનીએ જણાવ્યું. નવું ઉત્પાદન વ્યક્તિઓને તેમના ઘરની સુવિધાથી ભારતમાં ૧૯૦૦૦+ પિનકોડ અને ૨૫૦૦+ શહેરોમાં મિત્રો અને કુટુંબને પાર્સલ મોકલવા માટે સક્ષમ બનાવે છે. direct.delhivery.com પર સરળતાથી સુલભ, ગ્રાહકો સ્ટોરની મુલાકાત લેવા અને રાહ જોવાની જગ્યાએ તેમના પાર્સલને ઓનલાઈન બૂક કરી શકે છે.

તાત્ત્વિક એનાલિટિક્સ અને ડેટાઆઈકુ વચ્ચે ભાગીદારી

અમદાવાદ, તા.૨૨

તાત્ત્વિક એનાલિટિક્સ અને ડેટાઆઈકુએ તાત્ત્વિકના ઈન્ડસ્ટ્રીમાં અગ્રણી માર્કેટિંગ અને ડેટા એનાલિટિક્સ સોલ્યુશન્સનું વિશ્વની સૌથી અત્યાધુનિક ઈન્ડસ્ટ્રી અને યુઝ કેસ-એગ્નોસ્ટિક એન્ટરપ્રાઈઝ એઆઈ પ્લેટફોર્મ ડેટાઆઈકુ સાથે જોડાણ કરી વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી કરી છે. તાત્ત્વિક અને ડેટાઆઈકુ વચ્ચે સાધવામાં આવેલ આ સહયોગનો ઉદ્દેશ્ય તેમના વેચાણ અને માર્કેટીંગની કામગીરીને વધુ સુદૃઢ બનાવવાની સાથે સાથે તેમના ગ્રાહકોને પરિવર્તનકારી પ્રભાવ પાડવા માટે સક્ષમ બનાવવાનો છે.

આફ્રમીનો ઈસ્લામિક હેરિટેજ પ્રોજેક્ટ

ભારતમાં તમે જ્યાં પણ મુસાફરી કરો, ત્યાં તમને મુસ્લિમો સાથે સંકળાયેલ ખંડેર અથવા બિલ્ડિંગ મળે છે અને તેમના નિર્માણ અને જાળવણીમાં હિન્દુઓએ ભાગ લીધો હોય છે. આ સ્થળો ભારતની રાષ્ટ્રીય ધરોહર છે, જેમ કે તે મુસ્લિમોની ધરોહર છે

(એજન્સી) તા.૨૨

મસ્જિદો, બગીચાઓ, દરગાહો, શાળાઓ, હોસ્પિટલો, મંદિરો, ચર્ચ અને સ્મારકો જેવા ઐતિહાસિક સ્થળો, ભારતમાં મુસ્લિમોની એક હજાર વર્ષથી વધુની હાજરી દરમિયાન માતૃભૂમિ પ્રત્યેના તેમના પ્રેમના જીવંત પૂરાવા આપે છે. ભારતમાં તમે જ્યાં પણ મુસાફરી કરો, ત્યાં તમને મુસ્લિમો સાથે સંકળાયેલ ખંડેર અથવા બિલ્ડિંગ મળે છે અને તેમના નિર્માણ અને જાળવણીમાં હિન્દુઓએ ભાગ લીધો હોય છે. આ સ્થળો ભારતની રાષ્ટ્રીય ધરોહર છે, જેમ કે તે મુસ્લિમોની ધરોહર છે. ભારત અને ભારતના મુસ્લિમો એક બીજાથી અવિભાજ્ય નથી. આપણે લાલ કિલ્લો, તાજમહલ, લોધી ગાર્ડન, આગ્રા કિલ્લો, અકબર અને જહાંગીર હેઠળ બનાવેલા મથુરાના મંદિરો, કુતુબ મીનાર અને આખા દેશમાં બનાવેલ શીશમહેલ વિશે જાણીએ છીએ. હજી પણ, આપણે મુસ્લિમો દ્વારા જાહેર સેવા પ્રદાન કરવા બનાવેલી લાખો અન્ય ઈમારતો વિશે ઘણું ઓછું જાણીએ છીએ. આ ઈમારતો અથવા તેના અવશેષો તમામ ૨૯ રાજ્યોમાં, નવ કેન્દ્રશાસિત પ્રદેશો અને ૭૦૦ જિલ્લાઓમાં ફેલાયેલા છે. તેમાંથી કેટલાકનું વર્ણન પુસ્તકો, હસ્તપ્રતો અથવા રાજ્ય ગેઝેટિયર્સમાં ઉપલબ્ધ છે. જો કે, આ માહિતી છૂટાછવાયા ટુકડાઓના રૂપમાં છે. એવી કોઈ પણ પુસ્તક અથવા સાઇટ નથી કે જે આના વિશે વ્યાપક માહિતી પ્રદાન કરે. નવું શરૂ કરવામાં આવેલું અમેરિકન ફેડરેશન ઓફ મુસ્લિમ્સ ઓફ ઈન્ડિયા (આફ્મી) પ્રોજેક્ટ, ધ ઈંડિયન ઈસ્લામિક હેરિટેજ, વિખરાયેલી માહિતીને એકીકૃત કરવા અને ઇન્ટરનેટ દ્વારા દરેક સ્મારકને ડિજિટલી સાચવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ એક પ્રગતિશીલ પ્રોજેક્ટ છે કારણ કે તેને સતત અપડેટ્સ અને નવી એન્ટ્રીઓની જરૂર પડશે.આફ્મી એ ભારતીય મૂળના અમેરિકન મુસ્લિમો દ્વારા ૧૯૮૯માં રચાયેલ એક પરોપકારી સંસ્થા છે. આફ્મી, શિક્ષણ દ્વારા વંચિત ભારતીય મુસ્લિમ લઘુમતીઓની સામાજિક-આર્થિક સ્થિતિમાં સુધારો લાવવાનો પ્રયત્ન કરે છે. તેની સ્થાપનાના સમયથી, આફ્મી ભારતીય મુસ્લિમોમાં ૧૦૦% સાક્ષરતા પ્રાપ્ત કરવા માટે પ્રતિબદ્ધ છે. આફ્મીએ આ હેતુ માટે વેબસાઇટ બનાવી છે. આ ઉપરાંત, કેટલીક સેમ્પલ એન્ટ્રી પહેલાથી જ નવા સાહસનો ભાગ છે, દરેક એન્ટ્રી સાથે તેનો ટૂંકો ઈતિહાસ,

સરનામું, રેખાંશ, અક્ષાંશ માહિતી, એક ચિત્ર અને વિડિઓ છે. આફ્મીને આશા છે કે આવી સાઇટ્સને જોવામાં રસ ધરાવતા લોકો તેમની એન્ટ્રી સબમિટ કરીને પ્રોજેક્ટમાં ભાગ લેશે. વેબસાઇટ પર ફોટોગ્રાફ્સ અને વીડિયો સાથે લોકોની રજૂઆતો સ્વીકારવાની જોગવાઈ છે. આ ઉપરાંત, સાઇટમાં કેવી રીતે સબમિટ કરવું તેની વિગતો ઉપલબ્ધ છે. સામૂહિક સ્તરે ઉપલબ્ધ ટેક્નોલોજીથી સામાન્ય વ્યક્તિ સ્વયંભૂ આ પ્રોજેક્ટમાં જોડાઈ શકે છે. આફ્મીને આશા છે કે આ પ્રોજેક્ટ એક દિવસ ભારતમાં મુસ્લિમ છાપવાળી કોઈપણ સાઇટને સાચવવાનું પોતાનું લક્ષ્ય પૂર્ણ કરશે. આ પ્રોજેક્ટનાં અનેકગણા હેતુઓ છે. તે ભારતના મુસ્લિમો સાથે સંકળાયેલ, ભૂતકાળ અને વર્તમાનની દરેક બાબતોનું દસ્તાવેજીકરણ કરશે. તે ઈતિહાસ સાચવશે. એટલું જ નહીં, પરંતુ તે આવી સાઇટ્સ પર માહિતી આપવા માટે શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓને સંસાધનોની ઓફર કરશે. તદુપરાંત, તે લોકોને તેમના વિસ્તારોમાં ઐતિહાસિક સ્થળોથી વાકેફ થવા માટે મદદ કરશે. તેઓ આ સાઇટ્સ પર ઈતિહાસ પ્રવાસને પણ પ્રોત્સાહન આપશે. માહિતીના આધારે, વધુ સંશોધન માટે તે લોકોની રૂચિમાં વધારો કરી શકે છે. જો તે જર્જરિત સ્થિતિમાં હોય તો લોકોને આ સ્મારકોની જાળવણી કરવામાં પણ મદદ કરશે. જે લોકો સાઇટ્સની મુલાકાત લેવાનું વિચારે છે તેમના માટે વેબસાઇટ પર હલાલ રેસ્ટોરાં અને હોટલની સૂચિ પણ છે. બ્રિટિશ વસાહતી શાસનમાંથી ભારતને આઝાદી મળ્યાના દિવસે એટ્લે કે ૧૫ ઓગસ્ટના રોજ આફ્મી આ સાઇટનું ઉદ્ઘાટન કરશે. આ સંગઠન ૮ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ પ્રોજેક્ટની વધુ વિગતો સાથે ઉદ્ઘાટનનો સમય અને ઝૂમ એડ્રેસને અપડેટ કરશે.

મુંબઈમાં વરસાદી આફત : દરિયાની ઊંચી ભરતીએ મરિન ડ્રાઈવને ધમરોળ્યું : ભારે વર્ષાથી રહેણાક ઈમારતો પાણીમાં

અવિરત વરસાદને પગલે માયાનગરી બેહાલ : અનેક વિસ્તારોમાં એલર્ટ જાહેર

(એજન્સી) મુંબઈ, તા.૨૨

મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં મૂશળધાર વરસાદને પગલે જન-જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ગઈ મોડી રાત્રે ભારે વરસાદને પગલે ઠાણે જિલ્લાની ભિવંડી શાકમાર્કેટમાં પાણી ભરાઈ જતાં ભારે નુકસાન થયું હતું. મુંબઈ સહિત મહારાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં બુધવારે પણ ભારે વરસાદ પડ્યો હતો. ત્યારે આજે પણ ભારે વરસાદની આશંકાને પગલે ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઈ શહેરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે મહારાષ્ટ્રના જલના, બીડ, નાંદેડ, લાતુર, પરભણી, હિંગોલી, સતારા, પુના, રત્નાગીરી, સિંધુદુર્ગ સહિતના વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મુંબઈમાં અવિરત વરસાદને પગલે શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ઉપરાંત રસ્તાઓ પણ વરસાદી પાણીમાં ગરકાવ થઈ જતાં લોકોએ ભારે હાલકીનો સામનો કરવો પડ્યો હતો. ઉપરાંત, ભારે વરસાદને પગલે ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ હતી. શહેરમાં ઉંબરમાળી રેલવે સ્ટેશન અને કસારા વચ્ચેની લોકલ ટ્રેન સેવા થોડા સમય માટે સ્થગિત કરવાની ફરજ પડી હતી. ભારતીય હવામાન વિભાગ દ્વારા મુંબઈ સહિત મહારાષ્ટ્રના ઘણા જિલ્લાઓમાં વરસાદની સંભાવના વ્યક્ત કરી છે અને અનેક શહેરોમાં એલર્ટ આપવામાં આવ્યું છે. ભારતીય હવમાન વિભાગના જણાવ્યા મુજબ, ગુરૂવારે મુંબઈમાં ભારે વરસાદની આગાહીને પગલે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. જે દર્શાવે છે કે, શહેરના કેટલાક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરે છે. ઉલ્લેખનીય છે કે, બુધવારે ભારે વરસાદને કારણે ઉંબરમાળી રેલવે સ્ટેશન અને કસારા વચ્ચેની લોકલ ટ્રેન સેવા સ્થગિત કરી દેવામાં આવી હતી. રેલવે ટ્રેક પર પાણી ભરાવાને કારણે રેલવે સેવા સ્થગિત કરવાની ફરજ પડી હતી. રેલવે પ્રવક્તાએ જણાવ્યું હતું કે, રેલવે ટ્રેક પર વચ્ચે પાણી ભરાવાના કારણે મધ્ય રેલવેના ખારડી અને ઈગતપુરી સ્ટેશનો વચ્ચેની રેલવે સેવા પણ સ્થગિત કરવામાં આવી હતી. બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ જણાવ્યું હતું કે, બુધવારે દસ કલાકમાં મુંબઈમાં ૬૮.૭૨ મીમી જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં ૫૮.૭૫ મીમી અને ૫૮.૨૪ મીમી વરસાદ નોંધાયો હતો.

UGCના ઈતિહાસના અભ્યાસક્રમ માળખામાં કાશ્મીરની સદંતર ઉપેક્ષા કરાઈ છે : વિદ્વાનો

(એજન્સી) તા.૨૨

પુરાતનકાળથી કાશ્મીરનો વિવાદી દરજ્જો ચર્સ્પદ રહ્યો છે ખાસ કરીને કાશ્મીરને વિશિષ્ટ દરજ્જો બક્ષતા બંધારણના અનુચ્છેદ ૩૭૦ની નાબૂદી બાદ આ ચર્ચા વધુ તેજ બની છે. ભારતભરમાં ઘણા કાશ્મીરી અધિકારીઓએ અનુભવ્યું છે કે કાશ્મીરના ઈતિહાસની ઉપેક્ષા કરવામાં આવી રહી છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના નવા અભ્યાસક્રમ માળખામાં સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટેના ઈતિહાસના અભ્યાસક્રમ બદલ તેનું ભગવાકરણ કરવાના પ્રયાસો અને રાષ્ટ્ર નિર્માણના પ્રોજેક્ટને અનુકૂળ આવે એ રીતે ઈતિહાસને તરોડી મરોડીને રજૂ કરવા બદલ ચોમેરથી આલોચના થઈ છે. યુજીસીના અભ્યાસક્રમના માળખામાં કાશ્મીરનો ઈતિહાસ પાંચ પ્રકરણમાં ચર્ચવામાં આવ્યો છે. આ પાંચ પ્રકરણમાં કાશ્મીરમાં સૂફીવાદ અને શીખવાદ, રજવાડાના સંદર્ભમાં કાશ્મીરની રચના અને સ્વાતંત્ર બાદ કાશ્મીરની રાજકીય ઘટનાઓ વગેરેનો સમાવેશ થાય છે. અઝીમ પ્રેમજી યુનિવર્સિટી ખાતેના ઈતિહાસના પ્રોફેસર જણાવે છે કે આ કોઈ તાજેતરની સમસ્યા નથી. આપણે જમણેરી પાંખના વિચારોને એક બાજુ મૂકીએ તો પણ કાશ્મીરનો ઈતિહાસ વિશાળ રાજકીય પ્રોજેક્ટની આવશ્યકતાને સુસંગત રાખીને પોકળ રીતે રજૂ કરાયો છે. જેમ કે ઉદારવાદી ભારતીય ઈતિહાસકારો પણ કાશ્મીરમાં મોગલના પ્રવેશની ચર્ચા કરશે નહીં કારણ કે એવા કિસ્સામાં તેમણે એ હકીકત પણ દર્શાવવી પડશે કે સમ્રાટ અકબરે કાશ્મીરના રાજાને જેલમાં ધકેલ્યાં હતાં અને તેના કારણે આ ઈતિહાસકારો ક્ષોભજનક સ્થિતિમાં મૂકાય છે. જ્યારે સિયાસતડોટકોમ દ્વારા

કાશ્મીરના કેટલાક વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરતાં કાશ્મીરની બહાર અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ પોતાની વ્યથા વ્યક્ત કરી હતી. હૈદરાબાદ યુનિવર્સિટીમાં ઈતિહાસ વિષયમાં માસ્ટર્સનો અભ્યાસ કરતાં વિદ્યાર્થી ઈનાયતુલ્લા દિને જણાવ્યું હતું કે મને હંમેશા એવું લાગ્યું છે કે ઈતિહાસનું કોમવાદીકરણ કરવાના પ્રયાસો કાશ્મીરી મુસ્લિમોના હિતને નુકસાનકર્તા છે. યુનિવર્સિટીઓ પોતાના રાજકીય એજન્ડાઓને અનુકૂળ કાશ્મીરનો ઈતિહાસ ભુંસી કાઢે છે. હૈદરાબાદ યુનિવર્સિટીના કોમ્યુનિકેશનના વિદ્યાર્થી મરીયમ ચૌધરી કહે છે કે લોકો આ ઈતિહાસ વાંચીને એવું અનુમાન લગાવે છે કે કાશ્મીરમાં માત્ર બંદૂકધારી પુરુષો જ ફરતાં જોવા મળે છે. આમ યુજીસીના ઈતિહાસના અભ્યાસક્રમના માળખામાં કાશ્મીરની ખરા અર્થમાં ઉપેક્ષા કરવામાં આવી છે એવો સ્કોલર્સનો મત છે.

વિપક્ષ રહિત સરકારની દિશામાં આગળ વધતું નાગાલેન્ડ

નાગાલેન્ડમાં હવે સર્વપક્ષીય સરકારની રચના કરવાની હિલચાલે જોર પકડ્યું છે

(એજન્સી) તા.૨૨

નાગાલેન્ડની રાજનીતિમાં મોટી ઊથલપાથલ જોવા મળી રહી છે. વાસ્તવમાં નાગાલેન્ડ હવે વિપક્ષ રહિત સરકાર તરફ આગળ વધી રહ્યું છે કારણ કે વિરોધ પક્ષ નાગા પીપલ્સ ફ્રંટના મુખ્ય પ્રધાન નેફ્યુ રિયોના નેતૃત્વવાળી પીપલ્સ ડેમોક્રેટીક્સ અલાયન્સમાં જોડાવાની સૌથી વધુ શક્યતા છે. જો કે પીડીપી સરકારના સાથી પક્ષ ભાજપે હજુ સુધી સર્વપક્ષીય સરકાર અંગે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી નથી. પૂર્વોત્તર રાજ્યમાં મુખ્ય વિરોધ પક્ષ એનપીએફ ૨૫ ધારાસભ્ય સાથે નાગાલેન્ડમાં સૌથી મોટો રાજકીય પક્ષ છે. તેમણે સ્પષ્ટ રીતે કેન્દ્ર અને નાગા રાજકીય સમુહો વચ્ચે ચર્ચાસ્પદ નાગા રાજકીય મુદ્દાને આગળ વધારવા માટે પીડીપી સરકારમાં સામેલ થવાનો નિર્ણય કર્યો છે. રિયોના નેતૃત્વમા ૨૦ સભ્યોવાળી નેશનાલિસ્ટ ડેમોક્રેટીક પ્રોગ્રેસીવ પાર્ટી (એનડીપીપી) અને ૧૨ ધારાસભ્યોવાળી ભાજપ પણ પીડીએ સરકારના સાથી પક્ષો છે. બે અપક્ષ સભ્યો પણ સરકારનું સમર્થન કરી રહ્યાં છે જ્યારે ૬૦ સભ્યોના રાજ્ય વિધાન ગૃહમાં એક ધારાસભ્યના અવસાન બાદ એક સીટ ખાલી હતી. ૧૬, જૂને રિયો (કન્વિનર)ના નેતૃત્વમાં નાગા રાજકીય મુદ્દા પર કોર કમિટીના (સીસીઓએનપીઆઈ) ગઠન બાદ રાજ્યમાં લગભગ તમામ પક્ષો એક સાથે આવ્યાં બાદ નવા રાજકીય વિકાસને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. મુખ્ય પ્રધાને વિપક્ષી નેતા ટી આર જેલીયાંગે પીડીપી સરકારમાં સામેલ થવાનું જણાવ્યું અને મંગળવારે આ પ્રસ્તાવને સ્વીકારી લેવામાં આવ્યો હતો. પક્ષના સૂત્રોએ જણાવ્યું હતું કે એનપીએફના પીડીપી સરકારમાં વિધિવત રીતે સામેલ

થવાની પ્રક્રિયા થોડા દિવસોમાં જ સંપન્ન થઈ જશે. પીડીપી સૂત્રોએ જણાવ્યું છે કે રિયો હવે એનપીએફના સરકારમાં સામેલ થવાના મુદ્દે પોતાના જુનિયર સાથી પક્ષ ભાજપ સાથે ચર્ચા કરશે કે જેમણે હજુ સર્વપક્ષીય સરકાર અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરવાનું છે. ભાજપના સૂત્રોએ જણાવ્યું હતું કે રાજકીય ઘટનાક્રમ જોતાં ભાજપના કેન્દ્રીય નેતૃત્વએ પોતાના નાગાલેન્ડના પ્રભારી નલીન કોહલીને આ મુદ્દે ચર્ચા માટે રાજ્યમાં આવવાનું કહ્યું છે. ભાજપના એક નેતાએ પોતાનું નામ જાહેર નહીં કરવાની શરતે જણાવ્યું હતું કે સર્વપક્ષીય સરકાર એનડીપીપીનો એક રાજકીય ગેમ પ્લાન છે. ભાજપ હંમેશા એનડીપીપીને પછાડીને પોતાના પૂર્વ સાથી પક્ષ એનપીએફ સાથે સરકાર બનાવવાની કોશિશ કરી રહ્યો છે.

મોદીની ઐતિહાસિક નાગાલેન્ડ સમજૂતી છતાં NSCNના કેટલાક ટોચના નેતાઓના નામો જાસૂસી લક્ષ્ય યાદીમાં જાહેર થયા

(એજન્સી) તા.૨૨

૪, ઓગસ્ટ ૨૦૧૫ના રોજ નેશનલ સોશિયાલિસ્ટ કાઉન્સિલ ઓફ નગાલીંગ (NSCN-ઈશાક મુઈવા) સાથે ઐતિહાસિક શાંતિ સમજૂતી પર હસ્તાક્ષર થયાં ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સરાહનાના સૂરમાં જણાવ્યું હતું કે આ સમજૂતી એ એ બાબતનું એક ચમકતું ઉદાહરણ છે કે જ્યારે આપણે એક બીજા સાથે સમાનતા અને આદર, વિશ્વાસ અને ભરોસાની ભાવનાથી કામ લઈએ ત્યારે આપણે શું સિદ્ધ કરી શકીએ છીએ તે તેનું આ સમજૂતી એ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. આ સમજૂતીને આજે હજુ બે વર્ષ પણ પૂરા થયાં નથી ત્યાં ઈઝરાયેલી સ્પાયવેર કંપનીના એક ભારતીય ક્લાયન્ટ દ્વારા તૈયાર કરવામાં આવેલ રસપ્રદ વ્યક્તિઓના ફોન નંબરોની યાદીમાં NSCN (આઈ-એમ)ના ટોચના કેટલાય નેતાઓના ફોન નંબરો

ઉમેરવામાં આવ્યાં હતાં. આ ફોન નંબરો પેગાસસ સ્પાયવેરના માધ્યમથી સંભવિત જાસુસી માટેના ડેટા બેઝમાં જોડવામાં આવ્યાં હતાં. એનસીએન (આઈ-એમ) દ્વારા ૧૯૯૭માં યુદ્ધ વિરામ જાહેર કરવામાં આવ્યો તે પહેલા તેણે દાયકાઓ સુધી ભારત સરકાર સામે બંડ પોકારીને લડત આપી હતી. એનસીએન (આઈ-એમ)ના જે ટોચના નેતાઓના ફોન નંબરો લીકડ ડેટા બેઝમાં જોવા મળ્યાં છે તેમાં તેમ વાસુમ, અપમુ મૂઈવા, એન્થોની સીમરે અને ફુનથિંગ સીમરનનો સમાવેશ થાય છે. એનએસઓ ગ્રુપે જો કે આ યાદીની પ્રમાણભૂતતા સામે વાંધો ઉઠાવ્યો છે અને જણાવ્યું છે કે આ યાદીને કંપની કે તેના ક્લાયન્ટ સાથે કોઈ નિસ્બત નથી. પરંતુ પેગાસસ પ્રોજેક્ટ કન્સોર્ટીયમને એવું માનવા માટે કારણ છે કે યાદીમા જે લોકોના નામોનો સમાવેશ કરવામાં આવે છે એ લોકો એનએસઓ ક્લાયન્ટ માટે રસ ધરાવતા લોકો છે ભલે પછી યાદીમાં તેમના નંબર માત્રની હાજરી એવો નિર્દેશ આપતી નથી કે તેમના ફોન નિશાન બનાવવામાં આવ્યાં છે અથવા તો સ્પાયવેર દ્વારા ઈન્ફેક્ટ થયેલા છે. લીક થયેલા રેકોર્ડમાં નાગા નેશનલ પોલિટીકલ ગ્રુપ (એનએનપીજી)ના કન્વીનર કિટોવીઝિનોમીનું પણ નામ છે કે જેની સાથે ૨૦૧૭ના અંતથી નાગા મુદ્દે એક ઉકેલ લાવવા માટે મોદી સરકાર વાટાઘાટો યોજી રહી છે. પરંતુ ૨૦૧૭માં તેમનું નામ પણ આ યાદી સાથે જોડવામાં આવ્યું છે.

RSSના વડા કાંતો નિખાલસ અભિપ્રાય આપી રહ્યા હતા અથવા તો આંતરરાષ્ટ્રીય આલોચના પરથી ધ્યાન બીજે વાળવાનો પ્રયાસ કરી રહ્યા હતા

હિંદુ અને મુસ્લિમોના DNA એક સરખા છે એવા ભાગવતના નિવેદનના જવાબમાં કટ્ટરવાદી હિંદુઓએ તેમના પર આકરા પ્રહારો કર્યા છે

(એજન્સી) તા.૨૨

એવું જણાય છે કે આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવતને સમાન વંશાવલિના કારણે ડીએનએ એક જ છે એવી દલીલ કરીને હિંદુ અને મુસ્લિમોને નિકટ લાવવાના પોતાના આદેશનો અમલ કરવામાં મુશ્કેલી પડી રહી છે. કટ્ટર હિંદુત્વવાદીઓને આ ફોર્મ્યુલા મૂળભૂત રીતે અસ્વીકાર્ય છે. જમણેરી કટ્ટરવાદીઓ માટે આ ફોર્મ્યુલા આરએસએસના વડપણ હેઠળ સંઘે મુસ્લિમો અને ખ્રિસ્તીઓ વિરુદ્ધ જે પ્રકારની લઘુમતી વિરોધી સંવેદનાઓ દાયકાઓથી ઊભી કરી છે તેની સામે બળવો પોકારે છે. આ લાઈન છોડી દેવાથી અત્યાર સુધી સંઘ પરિવારે જેની હિમાયત કરતું આવ્યું છે તેને સંપૂર્ણપણે નકારે છે અને બીજી બાજુ તેમને સેક્યુલર વલણ સ્વીકારવું પડશે. આ ઉપરાંત ભાજપ અને બિનભાજપ પક્ષો વચ્ચે જે વિભાજક રેખા છે તેને પણ આ વલણ ભૂંસી નાખે છે. જેમ કે ભાજપના સાંસદ સાધ્વી પ્રજ્ઞાએ જણાવ્યું છે કે હિંદુઓને ગૌમાંસ ખાતા લોકો જેવા એક જ ડીએનએ હોઈ શકે નહીં. ભગવા બ્રિગેડના બીજા એક પ્રખર નેતા અને મંદિરના પૂજારી આહૂજા જયસ્વાલે ભાગવતને ઔરંગઝેબના ડીએનએ હશે પરંતુ અમારી પાસે આવા ડીએનએ નથી એવું કહીને આરએસએસના વડા પર સીધા પ્રહારો કર્યા છે. આમ ભાગવતે હિંદુ અને મુસ્લિમોના ડીએનએ એક જ પ્રકારના છે એવું કહીને વિવાદનો મધપૂડો છંછેડ્યો છે. મોહન ભાગવતે હિંદુ અને મુસ્લિમોના ડીએનએ એક સરખા છે એવું કહીને કાંતો તેઓ નિખાલસ છે એવું દેખાય છે અથવા તો સંઘ પરિવારની જે આંતરરાષ્ટ્રીય સ્તરે જે આલોચના થઈ રહે છે

તેની હવા કાઢીને તેને તેઓ વધુ મંદ બનાવી દેવા માગે છે. ભાગવત કદાચ આવું કહીને મુસ્લિમોના લિંચિંગનું પ્રમાણ ઘટાડી શકે છે. પરંતુ તેના કારણે ભગવા બ્રિગેડની હિંદુ રાષ્ટ્ર તરફી કૂચ ધીમી પડશે નહીં. મુસ્લિમોને નિશાન બનાવતાં કાયદાઓ ઘટવાનું ચાલુ જ રહેશે. એ જ રીતે આંતરધર્મીય લગ્નો અને ગૌહત્યા અંગેના નવા નવા કાયદાઓ ઘડાતાં રહેશે. આમ ભાગવતનું આ નિવેદન અરણ્ય રુદન જેવું હતું કે જેને તેઓ કે તેમના સમર્થકો ગંભીરતાથી અનુસરશે નહીં. તેના બદલે ભગવા બ્રિગેડમાં મોટા ભાગના લોકો ભાગવતના સૂચનને પાયાની વાસ્તવિકતાથી સંપર્ક ગુમાવી ચૂકેલા પરિવારના વયોવૃદ્ધ સભ્યના એક નિર્દોષ અને નિખાલસ અભિપ્રાય તરીકે જોશે.

ઈન્કમટેક્સ વિભાગના અધિકારીઓ વિરૂદ્ધ લાંચ રૂશ્વત અને નાણાકીય ગેરરીતિઓનો આક્ષેપ કરતી એક ફરિયાદ વડાપ્રધાનને મોકલવામાં આવી

(એજન્સી) તા.૨૨

આ તબક્કે પોતાની ઓળખ જાહેર નહીં કરવા ઈચ્છતા એક અંદરની વ્યક્તિએ વડા પ્રધાનને પત્ર લખીને ઈન્કમટેક્સ વિભાગના દિલ્હી સ્થિત કેટલાક અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા આચરવામાં આવતી નાણાકીય ગેરરીતિઓના આક્ષેપો કર્યા છે. આ પત્રમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે ડાયરેક્ટોરેટ ઓફ સિસ્ટમ્સમાં તૈનાત કેટલાક કર્મચારીઓએ કેટલાક અધિકારીઓ સાથે સંતલસ કરીને કમ્પ્યુટરને લગતી ચીજવસ્તુઓ અને સેવાઓની ખરીદીમાં દલાલી લીધી છે. આ પત્રની નકલ ડીજીઆઈપી (ઈન્વેસ્ટીગેશન), સીબીઆઈ અને સીવીસીને પણ મોકલવામાં આવેલ છે. જુલાઈના પ્રથમ સપ્તાહમાં વડા પ્રધાનને લખવામાં આવેલ આ પત્રમાં પત્ર લખનારે એવો આક્ષેપ કર્યો છે કે લાંચ લેનાર આ કર્મચારીએ કેટલાક વરિષ્ઠ આઈટી

અધિકારીઓ સાથે સંતલસ રચીને કેટલીક ખરીદી કરી હતી. વાસ્તવમાં આ ખરીદી કરવા માટે ટેન્ડર ઈસ્યૂ કરવા પડે. પરંતુ નિયમોની ઉપેક્ષા કરીને આ ખરીદી કરાઈ હતી જેના કારણે સરકારી તિજોરીઓને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. તેમણે પત્રમાં છ વેન્ડર્સના નામો પણ દર્શાવ્યાં છે કે જેમણે કમિશન મેળવવા માટે ખોટા અને ઊંચા બિલો જનરેટ કર્યા હતાં. ખોટા બિલો ઊભા કરવા માટે ૭૫ ટકા હિસ્સો લાંચ તરીકે આપવામાં આવ્યો હતો. ઊંચા બિલો ઊભા કરવા માટે ૨૫ ટકા અને રેગ્યુલર બિલો માટે ૧૦ ટકા લાંચ અપાઈ હતી. આઈટી વિભાગ સાથે સંકળાયેલ ખાનગી કંપનીઓ દ્વારા આ લાંચ આપવામાં આવી હતી એવું પત્રમાં ફરિયાદ કરવામાં આવી છે. ઉચ્ચાપતખોર તરીકે દર્શાવીને પત્રમાં જણાવાયું હતું કે ડાયરેક્ટોરેટ ઓફ ઈન્કમટેક્સ (ઈન્વેસ્ટીગેશન) ફેબ્રુ. ૨૦૨૧ સુધી ફાળવેલ બજેટના ૯૦ ટકાનો ઉપયોગ કરી શક્યું ન હતું. પરંતુ નાણાકીય ૨૦૨૦-૨૧ના પાંચ સપ્તાહમાં આ વિભાગે બાકી રહેલ ૯૦ ટકા બજેટ તો વાપરી જ નાખ્યું હતું. આ ઉપરાંત કરોડો રૂપિયાના વધારાના બજેટ-નાણાં ભંડોળ મંજૂર કરાવવામાં આવ્યું હતું. આ અંગે એક પ્રશ્નાવલિ ડીજીઆઈટી (ઈન્વેસ્ટીગેશન) એચબીએસ ગીલને મોકલીને આ ફરિયાદ અંગે તેમની ટિપ્પણી માગવામાં આવી હતી, પરંતુ તેમણે આ અહેવાલ પ્રસિદ્ધ થયો ત્યાં સુધી જવાબ આપ્યો નથી.

ભરૂચ LCBએ ૭.૨૭ લાખનો મુદ્દામાલ સીલ કર્યો

પાનોલી GIDCમાં સુપ્રીમ પેટ્રોકેમમાંથી જ્વલનશીલ ઓઈલનો જથ્થો ઝડપાયો

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં આવેલ સુપ્રીમ પેટ્રોકેમ કંપનીમાંથી ભરૂચ એલસીબી પોલીસે ગેરકાયદેસર રીતે સંગ્રહ કરેલ જ્વલનશીલ ઓઈલ, સલ્ફ્યુરીક એસિડ અને સફેદ પાવડરનો જથ્થો ઝડપી લીધો હતો અને કંપનીના ત્રણ ભાગીદારો વિરૂદ્ધ ગુનો નોંધીને કુલ રૂા.૭ લાખ ૨૭ હજાર ઉપરાંત નો મુદ્દામાલ સીલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રીય માહિતી મુજબ ભરૂચ એલસીબીની ટીમ અંકલેશ્વરના પાનોલી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, તે દરમ્યાન તેમને માહિતી મળી હતી કે, પાનોલી જીઆઈડીસીમાં આવેલ સુપ્રીમ પેટ્રોકેમ કંપનીમાં ગેરકાયદેસર રીતે જ્વલનશીલ બળેલું ઓઈલ, સ્ટોરેજ ટેન્ક ફિલ્ટર ઓઈલ,સલ્ફ્યુરિક એસિડ અને સફેદ પાઉડરની માટીનો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો છે, જે માહિતીના આધારે એલસીબી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવતા મોટી માત્રામાં જથ્થો મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં અધિકૃત પરવાના વગર અને ફાયર સેફ્ટીના ઉપકરણો વગર ઓઈલ સહિતનો જથ્થો કંપનીમાં સંગ્રહ કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે કંપનીના ત્રણ ભાગીદારોમાં અંકલેશ્વરના અમરનાથ યાદવ, સુરત જિલ્લાના કિમના અમીન ઈકબાલ તેલી અને કિમના હનીફ સલીમ મેમણ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે અને કંપનીમાંથી ૪ લાખ રૂપિયા ૫૨ કિંમતનું બળેલા ઓઈલનો જથ્થો, ૨ લાખ ૪૦ હજારનું સ્ટોરેજ ટેન્ક ફિલ્ટર ઓઈલનો જથ્થો અને રૂા.૫ હજાર ૩૨૦ની કિંમતનું સલ્ફ્યુરિક એસિડ ભરેલ કરાબા તેમજ ૩૦ હજારની કિંમતની સફેદ પાવડર માટીની ૩૦૦ નંગ બેગ મળી કુલ ૭ લાખ ૨૭ હજારનો મુદ્દામાલ સીલ કરી તેઓ વિરૂદ્ધ અંકલેશ્વર રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી, પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

(તસવીર :- અયાઝ શેખ, અંકલેશ્વર)

અમરેલી LCBની કાર્યવાહી

દુકાનદાર પર ફાયરિંગ કરનાર STના ડ્રાઈવર સહિત ત્રણ શખ્સો ઝડપાયા

અમરેલી, તા.૨૨

અમરેલીના મણિનગરમાં રહેતા અને રામજી મંદિર પાસે દરજીની દુકાન ધરાવતા બિપીનભાઈ મનસુખભાઈ જેઠવા (ઉ.વ.૫૨)ના ગત તા.૪/૭/૨૧ના રોજ પરિવાર સાથે અમરેલીથી સોમનાથ પ્રવાસે ગયેલ હતા, જેમાં ડ્રાઈવર બસ વ્યવસ્થિત ચલાવતો બિપીનભાઈએ બસ વ્યવસ્થિત ચલાવા એસટી ડ્રાઈવરને કહેતા અને ઉપરા અધિકારીને ફરિયાદ કરવાનું કહેતા ડ્રાઈવરએ બિપીનભાઈને ભડાકે દેવાની ધમકી આપી હતી, જેથી બીજા દિવસે સવારે તા.૫/૭ના રોજ બસ ડ્રાઈવર તેમજ તેની સાથેના બે શખ્સોએ બુલેટ ઉપર બિપીનભાઈની દુકાને આવી બિપીનભાઈ સાથે માથાકૂટ કરી બસના ડ્રાઈવરે તમંચામાંથી બે રાઉન્ડ ફાયરિંગ કરી અન્ય બે શખ્સોએ પાઈપ અને લોખંડના પાટા વડે બિપીનભાઈ ઉપર હુમલો કર્યો હતો, જેમાં તેને ઈજા થઈ હતી. બાદમાં ત્રણેય આરોપીઓ ભાગી ગયેલ હતા અને બિપીનભાઈ આ શખ્સો ડ્રાઈવર (૧) રઘુભા ભનુભાઈ ધાધલ તેમજ (૨) રાજભાઈ જયમલભાઈ ગોહિલ અને (૩) દેવાંગ યશવંતગીરી ગોસ્વામી સામે સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા એલસીબી પોલીસે ત્રણેય આરોપીને બોટાદ નજીક આવેલ તુરખા ગામની સીમમાંથી પકડી લીધા હતા, પોલીસે આરોપી પાસેથી તમંચો તેમજ બુલેટ પણ કબજે લીધેલ હતું.

પડાયેલ એસટીના ડ્રાઈવર રઘુભા સામે અગાવ બગસરા પોલીસમાં બે લોકોને બસની અડફેટે લઈ મોત નિપજાવાનો સહિત અમરેલી સીટી સહિત પાંચ ગુના નોંધાયેલ છે. જ્યારે દેવાંગ સામે પણ ધારી પોલીસમાં વાહન અડફેટે લઈ મોત નિપજાવાના ગુના અમરેલી સીટીમાં નોંધાયેલ છે.

શિવરાજપુર બીચની મુલાકાત લઈ વિકાસકાર્યોની સમીક્ષા કરતા મુખ્યમંત્રી

રૂા.૨૦ કરોડના ખર્ચે ફેઈઝ-૧ના કાર્યો પ્રગતિ હેઠળ : સમગ્ર ત્રણ કિ.મી.નો બીચ અત્યાધુનિક સુવિધાથી સજ્જ કરાશે

શિવરાજપુર બીચ ગોવાને ટક્કર મારે તેવો બનશે, રોજગારીની તકો વધશે : સીએમ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગઈકાલે બીચના વિકાસની ચાલી રહેલ કામગીરીનું નિરીક્ષણ બાદ પત્રકાર પરિષદને સંબોધતા શિવરાજપુર બીચના વિકાસ કાર્યોની ચર્ચાની સાથે સાથે આ બીચનો ગોવાને ટક્કર મારે તેવો વિકાસ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. પત્રકારો સાથેની વાતચીત દરમિયાન મુખ્યમંત્રીએ હાલમાં શિવરાજપુર બીચને સાથે સાથે ઓખા-બેટ દ્વારકા વચ્ચે સીગ્નેચર બ્રીજ શિવરાજપુરમાં ચાલી રહેલ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ્સ, બેટમાં ડેવલોપમેન્ટ પ્રોજેક્ટસની જાહેરાત બાદ આગામી સમયમાં સમગ્ર ક્ષેત્રમાં ડેવલોપમેન્ટની સાથે સાથે ટુરીઝમ વધવાને લીધે રોજગારીની પણ વિપુલ તકો ઉભી થશે. હોટલ, ઉદ્યોગ, હોસ્પિટાલીટી, ફૂડ, રેસ્ટોરાં, ટ્રાન્સપોર્ટેશન, ગાઈડ વગેરે ક્ષેત્રે ટુરીઝમના વિકાસની સાથે રોજગારીની પણ વિવિધ તકો ઊભી થશે તેમ જણાવ્યું હતું.

જામનગર, તા.૨૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ શિવરાજપુર બિચની મુલાકાત લઈ ત્યાં થઈ રહેલા વિકાસ કાર્યોની સમીક્ષા કરતા જણાવ્યું હતું કે, રાજય સરકારે સમુદ્ર, વન, પહાડો, રણ તથા પવિત્ર દેવસ્થાનોનો સર્વાંગી વિકાસ કર્યો છે. જેના થકી પ્રવાસન ક્ષેત્રે ગુજરાત આજે હરણફાળ ભરી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બ્લુ ફ્લેગનો દરજ્જો પામેલ શિવરાજપુર બિચનો અત્યાધુનિક સુવિધાઓ થકી વિકાસ કરવામાં આવશે. જે દેશ-વિદેશના અનેક પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે અને દ્વારકા મંદિરે દર્શનાર્થે આવતા લાખો શ્રધ્ધાળુઓને પણ આ બિચનો વિશેષ લાભ મળશે. મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજય સરકારે ૧૬૦૦ કિ.મી.ના વિશાળ દરીયાકાંઠા માંથી વિકાસ માટે શિવરાજપુર બિચની પસંદગી કરી છે. જેના ૨૦ કરોડના ખર્ચે ફેઈઝ-૧ના વિકાસ કામો હાલ પ્રગતિ હેઠળ છે. તેમજ ટુંક સમયમાં ફેઈઝ-૨ ના કામો રૂા.૮૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે. જેની ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે. ફેઈઝ-૧ ના કામો આગામી માર્ચ મહિનામાં પુર્ણ થશે. જયારે ફેઈઝ-૨ ની આગામી ઓગષ્ટ માસથી અમલવારી શરૂ થશે. આ બિચ ખાતે વોક-થ્રુ, ચેન્જીગ રૂમ, પીવાના પાણીની વ્યવસ્થા, ખાણી-પીણીના સ્ટોલ, પ્રવાસીઓની સુરક્ષા માટેના વોચ ટાવર, એન્ટરન્સ પ્લાઝા સહિતની સુવિધાઓ સમગ્ર ત્રણ કિ.મી.ના બિચ પર ઉભી કરી બિચને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.

ધોળકામાં દાવતે ઈસ્લામી દ્વારા વૃક્ષારોપણ કરાયું

ધોળકા ખાતે મામલતદાર કચેરી પાછળ છેલ્લા સિગ્નલ વિસ્તારમાં આવેલ ધોળકા જામિયતુલ મદીના ફૈઝાને હસન ખતીબની આસપાસ દાવતે ઈસ્લામી દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો.

(તસવીર :- મોહંમદી કાંટાવાલા, ધોળકા)

હિંમતનગરના વડાલી અને ઈડરમાંથી કેબલ વાયર ચોરી કરતી ગેંગ ઝડપાઈ

હિંમતનગર, તા.૨૨

વડાલી પંથકમાં છેલ્લા કેટલાક દિવસથી બોરકૂવા પરથી કેબલ વાયરોની ચોરી થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી ત્યારે વડાલી પોલીસે પેટ્રોલીંગ દરમિયાન સાબરમતી નદીના પ્રવાહ પાસે જતા કેટલાક શંકાસ્પદ શખ્સોની પૂછપરછ કરી હતી પરંતુ પૂછપરછ કરતા કોઈ જવાબ આપેલ નહિ અને થેલીમાં જોતા એક ઈલેકટ્રીક કેબલ વાયર થેલામાં સંતાડીને રાખ્યો હોવાનું જણાયુ હતું. જેથી આ શંકાસ્પદ શખ્સોને પૂછપરછ માટે લાવ્યા હતા. જેમાં આ ત્રણેય શખ્સોએ કેબલ વાયર ચોરી કબૂલાત કરી હતી. જેમાં વડાલી તાલુકાના મહોર ગામની સીમમાંથી, ઈડર તાલુકાના મશાલ ગામની સીમમાં ખેડૂતોના ખેતરમાંથી કેબલ વાયર ચોરી કરી મુદ્દામાલ કાંતિભાઈ લક્ષ્મણભાઈ દેવીપૂજકને વેચાણ કર્યો હોવાની કબૂલાત કરતા પોલીસે કેબલ વાયર ચોરી કરતી ગેંગ પાસેથી રૂા.૨૫,૬૨૫ નો મુદ્દામાલ કબજે કરી કેબલ ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

ઉધનામાં ભાજપના કાર્યકર્તાએ યુવતીને પ્રેમજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૨

ઉધના વિસ્તારમાં આવેલ ગાંધી કુટીર સોસાયટીમાં રહેતા એક પરિવારની દીકરી ૨૦૨૦માં લોકડાઉન સમયગાળા દરમિયાન વતનથી સુરત રહેવા માટે આવી હતી. આ સમયે યુવતીના ઘરની સામે જ રહેતા અને ભાજપના કાર્યકર્તા વિશાલ ઉર્ફે ભૂષણ વિજય પાટીલે યુવતી પર દાનત બગાડી હતી. એક વર્ષ અગાઉ વિશાલે આ યુવતી સાથે મિત્રતા કરી હતી, પ્રેમજાળમાં ફસાવી હતી. આ દરમિયાન વિશાલએ યુવતી પાસે તેના ફોટા અને વીડિયો મંગાવ્યા હતા. યુવતીએ વિશાલને તેના ફોટા અને વીડિયો આપતા આખરે વિશાલે મોબાઈલના સ્ક્રીનશોટ પાડી દીધા હતા. ત્યારબાદ આ યુવતીને બદનામ કરવાની ધમકી આપી તેની સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. આ ઉપરાંત યુવતીના પરિવાર સાથે ઝઘડો કરી જાતિ વિષયક અપશબ્દો બોલી અપમાનિત કર્યા હતા. વિશાલે યુવતીને ધમકી આપી તેની પાસેથી ૨૦ હજાર રૂપિયા પણ પડાવી લીધા હતા. બનાવને પગલે આખરે યુવતીએ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભાજપના કાર્યકર્તા વિશાલ પાટીલ સામે બળાત્કાર અને એટ્રોસિટીનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગ્રામમાં વધુ એક પોઝિટિવ કેસ

જામનગરની જી.જી. હોસ્પિટલમાં કોરોનાને લીધે મહિલા દર્દીનું મોત

જામનગર, તા.૨૧

જામનગર શહેર અને જિલ્લામાં કોરોના ની બીજી લહેર ધીમે ધીમે સમાપ્તિ તરફ જઈ રહી છે, ત્યારે બે દિવસના વિરામ પછી આજે પરોઢીયે વધુ એક મહિલા દર્દીનું કોરોનાની સારવાર દરમિયાન જી.જી. હોસ્પિટલના બિછાને મૃત્યુ નિપજયું છે. સતત બીજા દિવસે જામનગર શહેરનો એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી, જ્યારે ગ્રામ્ય વિસ્તારના બે પોઝિટિવ કેસ નોંધાયા છે. હાલ જી.જી.હોસ્પિટલમાં ૧૧ કોરોના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જામનગરની સરકારી જી.જી હોસ્પિટલ માં દાખલ થયેલા જામનગરના ધરાનગર-૧ વિસ્તારમાં રહેતા અમીનાબેન મકરાણી નામના ૭૦ વર્ષના વયોવૃદ્ધ મહિલાનું આજે પરોઢીયે જી.જી.હોસ્પિટલના કોવિડ વોર્ડમાં સારવાર દરમિયાન મૃત્યુ નીપજયું હતું. જી.જી હોસ્પિટલના કોવિડ વોર્ડમાં ૧૧ દર્દીઓ કોરોનાની સારવાર મેળવી રહ્યા છે.જામનગરની સરકારી જી.જી હોસ્પિટલના મ્યુકોર્માઈકોસિસના વોર્ડમાં વધુએક દર્દી દાખલ થયા છે અને હાલ આ વોર્ડમાં કુલ ૨૧ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. જોકે તમામની હાલત સુધારા પર છે.

માંગરોળ વેરાવળ રોડ પર મુસ્લિમ યુવકનું વીજ શોક લાગતા મોત

પીજીવીસીએલની બેદરકારીથી ઈદના દિવસે મુસ્લિમ યુવકના મોતથી રોષ

માંગરોળ, તા.૨૨

માંગરોળના ઘચુંમલા વિસ્તારમાં રહેતા નિઝામુદ્દીન હનીફ મથ્થા (ઉ.વ. ૨૦) આજે બપોરે મજૂરી કામ સબબ વેરાવળ રોડ પર નાળિયેર ભરેલી ટ્રકમાં નાળિયેરના કોથળા ચડાવવતો હતો ત્યારે ટ્રકની બાજુમાં રહેલી ૧૧ કેવી વિજ લાઈનમાંથી શોક લાગતા વાયર સાથે યુવક ચોટી ગયો હતો. એમની સાથે અન્ય ત્રણ મજૂર પણ કોથળા ચડાવતા હતા. જેમાંનો એક યુવક નિચે પડી જતા તેનો બચાવ થયો હતો. જ્યારે નિઝામુદ્દીન વિજ વાયર સાથે ચોટી ગયો હતો. નીચે રહેલા બે મજૂરોનો પણ બચાવ થયો હતો. લોકો તાત્કાલિક ધોરણે સારવાર માટે હોસ્પિટલમાં લઈ દોડી ગયેલા પરંતુ સરકારી હોસ્પિટલમાં ડોક્ટરે યુવકને મૃત જાહેર કર્યો હતો. ઈદના દિવસે જ ૨૦ વર્ષીય મુસ્લિમ નવયુવાનનું મોત થતા શહેરમાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાને પગલે પાલિકા પ્રમુખ મો. હુસેન ઝાલા, દાઉદ ચુડલી સહિતના આગેવાનો સરકારી હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. માંગરોળ પીજીવીસીએલની ઘોર બેદરકારીના પગલે આ બનાવ બન્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે . ગમે ત્યાં પીજીવીસીએલના જોખમી વાયરો લટકતા હોય, આ બાબતે અગાઉ પણ અનેક ફરિયાદો ઉઠવા છતા પીજીવીસીએલ દ્વારા કોઈ સુધારો કરવામાં આવેલ નથી. આ પહેલા એક ટ્રક પર જીવતો વાયર પડતા ટ્રક સળગી ગયા હોવાનું પણ સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. આજના બનાવથી પીજીવીસીએલ પ્રત્યે પણ લોકોમાં રોષ ફેલાયો છે. આ બનાવ અંગે માંગરોળ પોલીસે તપાસ હાથ ધરી છે.

(તસવીર : યુસુફ ચુડલી, માંગરોળ)

પ્રાંતિજ ખાતે ઓડિયો ચેનલની દુકાનમાં આગ

પ્રાંતિજ વ્હોરાવાડ વિસ્તારમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગતાં એફ.એમ. મોબાઈલ તથા ઓડિયો ચેનલની દુકાન આગમાં સ્વાહા થઈ જવા પામી છે. ગીચ વિસ્તારમાં આગે દેખા દેતા સ્થાનિક યુવાનો તથા રહિશોએ મસ્જિદોના ફાયર સિલિન્ડરોની મદદથી આગને નિયંત્રણમાં રાખી હતી. દરમિયાન પ્રાંતિજ તથા હિંમતનગરના ફાયર જવાનોએ જહેમત ઉઠાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો. આ આગમાં એફ.એમ. મોબાઈલની એસેસરીઝ તથા ઓડિયો ચેનલની મ્યુઝિક સિસ્ટમ તથા ફર્નિચર મળીને રૂા.૭ લાખનું નુકસાન થવા પામ્યું છે.

(તસવીર :- એમ. ઉમર મુન્શી, પ્રાંતિજ)

ભિલોડામાં મહિલા પોલીસકર્મીએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

ભિલોડા, તા.૨૨

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ફરજ બજાવતા મંગુબેન નિનામાએ પોલીસ ક્વાર્ટરમાં પંખા સાથે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવતા ચકચાર મચી છે. રાજયમાં આપઘાત કરવાના બનાવો વધવા પામ્યા છે. અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં મહિલા પોલીસકર્મીના આપઘાતનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ૨૯ વર્ષીય મંગુબેન નિનામા નામની મહિલા પોલીસકર્મી અરવલ્લી જિલ્લાના ભિલોડા પોલીસ મથકમાં ફરજ બજાવે છે. જેમણે ભિલોડા પોલીસ લાઈનમાં ક્વાર્ટર્સમાં પંખા સાથે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. સાથે જ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે મહિલા પોલીસકર્મીનો આપઘાત મામલો પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે. આ મહિલા પોલીસકર્મીના મૃતદેહને હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડાયો છે. બીજી બાજુ પતિ સાથે ઘર કંકાસમાં મહિલા પોલીસકર્મીએ આપઘાત કર્યાનું તારણ પણ જાણવા મળ્યું છે.અને પતિ એસઆરપીએફ જવાન તરીકે ફરજ બજાવે છે. પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે માવજી દેસાઈ બિનહરીફ

ડીસા, તા.૨૨

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી ડીસા એપીએમસીના ચેરમેન પદની ચૂંટણી ડીસા માર્કેટયાર્ડના સભાખંડમાં ચૂંટણી અધિકારી અને ભૂજ જિલ્લા રજિસ્ટ્રાર ડી.વી.ગઢવી દ્વારા ચેરમેન પદ માટેની ચૂંટણી પક્રિયા હાથ ધરી હતી. ચેરમેન પદ માટે માવજીભાઈ દેસાઈએ ઉમેદવારી ફોર્મ રજૂ કર્યું હતું. જો કે અન્ય કોઈ ઉમેદવારી પત્ર રજૂ ન થતાં ચૂંટણી અધિકારી ડી.વી.ગઢવી દ્વારા ચેરમેન તરીકે માવજીભાઈ દેસાઈને બિન હરીફ વિજેતા જાહેર કર્યા હતાં.

પાનોલી GIDCની સોલ્વે સ્પેશિયાલિટી ઈન્ડિયા પ્રા.લિ. દ્વારા

શ્રી સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટને અદ્યતન ૩ વેન્ટિલેટર અર્પણ કરાયા

અંકલેશ્વર, તા.૨૨

અંકલેશ્વરના પાનોલી જીઆઈડીસી સ્થિતિ અગ્રગણ્ય સોલ્વે સ્પેશિયાલિટી ઈન્ડિયા પ્રા. લિમિટેડ કંપની દ્વારા શ્રી સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અદ્યતન ૩ વેન્ટિલેટર અર્પણ કરાયા છે. જીઈયુએસએના આર-૮૬૦ ઓપ્ટિમા વેન્ટિલેટર અંદાજે રૂા.૩૮ લાખની કિંમત હોસ્પિટલને આપવામાં આવ્યા હતા.

પાનોલી જીઆઈડીસીની સોલ્વે સ્પેશિયાલિટી ઈન્ડિયા પ્રા. લિમિટેડ કંપની દ્વારા પોતાની સીએસઆર પ્રવૃત્તિ અંતર્ગત અત્યંત આધુનિક જીઈયુએસએના આર-૮૬૦ ઓપ્ટિમા વેન્ટિલેટરના ૩ નંગ અંદાજિત રૂા.૩૮ લાખ રૂપિયાની કિંમતના યુએસએથી મગાવવામાં આવ્યા હતા. શ્રી સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટને આજરોજ અર્પણ કરવામાં આવ્યા હતા સરદાર પટેલ હોસ્પિટલ ખાતે યોજવામાં આવેલા કાર્યક્રમમાં કંપનીના સાઈટ હેડ હિમાંશુભાઈ ગોંડલિયા, આશિષ નાયક હેડ એચએસઈ હેડ આશિષ નાયક, મેડિકલ ઓફિસર ડૉ.એન.સી.ચૌહાણની ઉપસ્થિત હોસ્પિટલના ટ્રસ્ટી કમલેશ ઉદાણી તથા જયેશભાઈ અને હરીશ મહેતાએ સ્વીકાર કર્યો હતો. આ પ્રસંગે હોસ્પિટલના ટ્રસ્ટી અજય શાહ, યુનિટ હેડ સંજય પટેલ, ફિઝિશિયન ડૉ.સૌરભભાઈ દશેડા તથા ગ્રામ વિકાસ ટ્રસ્ટના રમેશભાઈ કસુંદ્રા ઉપસ્થિત રહ્યા હતા. હોસ્પિટલ દ્વારા કંપનીની આ સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી અને કંપની વિશેષ આભાર માન્યો હતો. છેલ્લા ૫ વર્ષ ઉપરાંત અંકલેશ્વરમાં તેમજ જિલ્લામાં આરોગ્ય ક્ષેત્રે અગ્રણી હોસ્પિટલ બની રહેલ હોસ્પિટલની સુવિધામાં વધારો થતાં જેનો લાભ જિલ્લા આરોગ્ય લક્ષી દર્દીઓને મળી રહેશે.

(તસવીર :- મુનીર શેખ, અંકલેશ્વર)

ભાવનગરની ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટનો ચુકાદો

પાલિતાણા : મારામારીના બનાવમાં આરોપીને દસ વર્ષની સખ્ત કેદ

ભાવનગર, તા.૨૨

બે વર્ષ પૂર્વે પાલિતાણામાં થયેલી મારામારી અને જીવલેણ હુમલા કેસમાં સંડોવાયેલા આરોપીને દસ વર્ષની સખ્ત કેદની સજા ફટકારાઈ છે. ગત તા.૭/૩/૨૦૧૯ના રોજ ફરિયાદી પ્રવિણભાઈ શિવપ્રસાદ દવે (ઉ.વ.૬૦) (રહે.સર્વોદય સોસાયટી, પાલિતાણા)વાળાએ પાલિતાણા ટાઉન પો.સ્ટે.માં ફરિયાદ આપેલ કે આ કામના આરોપી દિલુભાઈ કનુભાઈ લાંગાવદરા (ગઢવી) (ઉ.વ.૩૬, રહે.ગોરીજીની વાડી, પાલિતાણા વાળાને તેની દીકરી સાથે આડો સંબંધ હોય જેથી ફરિયાદીના ઘરે આરોપી આવતો જતો હોય જેથી ફરિયાદીએ આરોપીને ઘરે આવવાની ના પાડતા આરોપીએ બનાવના દિવસે ફરિયાદીને ગાળો આપેલી અને તેના દીકરા વિવેક ઉર્ફે વિક્કી પ્રવિણભાઈ દવે (ઉ.વ.૩૪)ને પેટના ભાગે તથા છાતીના ભાગે તથા મોંઢાના ભાગે છરીના ત્રણ ઘા મારી જીવલેણ ગંભીર ઈજા કરી ખૂન કરવાની કોશિશ કરી હતી. તેમજ બીજા દીકરા નિહાર પ્રવિણભાઈ દવે (ઉ.વ.૨૮)ને આરોપીએ પગના ભાગે તથા મોંઢાના ભાગે છરી વડે ઈજા કરેલી તથા ફરિયાદીની બાજુમાં રહેતા કુમુદભાઈ શંકરભાઈ દવે (ઉ.વ.૫૧) દેકારો સાંભળી વચ્ચે પડતા તેને પણ આરોપીએ છરીનો એક ઘા પેટના ભાગે મારી ગંભીર ઈજા કરી ગાળો આપેલી અને ફરિયાદી તથા સાહેદોને મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ફરિયાદ પ્રવિણભાઈ શિવપ્રસાદ દવેએ પાલિતાણા પો.સ્ટે.માં દિલુભાઈ કનુભાઈ લાંગાવદરા સામે નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધ્યો હતો. આ અંગેનો કેસ આજરોજ ભાવનગરના પ્રિન્સિપાલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજ આર.ટી. વચ્છાણીની અદાલતમાં ચાલી જતા અદાલતે જિલ્લા સરકારી વકીલ દલીલો, આધાર-પુરાવા, સાક્ષીઓ વગેરે ધ્યાને લઈ આરોપી સામે ગુનો સાબિત માની આરોપીને ઈપીકો કલમ ૩૦૭ના ગુના સબબ આરોપીને તક્સીરવાન ઠરાવી દસ વર્ષની સખ્ત કેદની સજા તથા ઈપીકો કલમ ૪૫૦ મુજબના ગુનામાં સાત વર્ષ, ઈપીકો કલમ ૩૨૬ મુજબના ગુનામાં પાંચ વર્ષ તથા અલગ-અલગ કલમોમાં રોકડ રકમનો દંડ અદાલતે ફટકાર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ મારામારી સબબ આરોપી દિલુભાઈ કનુભાઈ લાંગાવદરાએ પણ પોતે સામે પોલીસ ફરિયાદ નોંધાવેલી હતી, જે કામમાં સામેવાળા તમામને અદાલતે શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો હતો.

સીએનજી ઓટોરિક્ષાની ટાંકીનો ટેસ્ટીંગ રિપોર્ટ ન હોય તેઓને સીએનજી ગેસ ભરી આપવો નહીં એવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે રિક્ષાચાલકોની સલામતી માટે સારૂં છે. પરંતુ છેલ્લા દોઢ વર્ષથી કોરોના સંક્રમણને લીધે મધ્યમવર્ગની રોજી છીનવાઈ ગઈ છે. ત્યારે રિક્ષાચાલકો ટેસ્ટીંગ કરાવવા જાય તો વેઈટીંગ લીસ્ટમાં લાઈનો લાગે છે. જેમાં દસથી પંદર દિવસનો સમય જાય છે. જેથી વડોદરા ઓટોરિક્ષા પ્રગતિ યુનિયને માગણી કરી છે કે ગેસ ટેસ્ટીંગ રીપોર્ટ રાબેતા મુજબ થાય ત્યાં સુધી શહેરના તમામ ગેસ સ્ટેશનો રિક્ષાચાલકોને ગેસ ભરી આપે. **(તસવીર : શરીફ કાપડિયા, વડોદરા)**

ઉના કોંગ્રેસ સમિતિ દ્વારા

પેટ્રોલ-ડીઝલના ગેસના ભાવ વધારાના વિરોધમાં રેલી નીકળી : આવેદન પાઠવ્યું

ઉના, તા.૨૨

ઉના-ગીરગઢડા તાલુકામાં તૌકતે વાવાઝોડાએ ભારે તબાહીના મચાવેલી અને બાગાયતી બગીચામાં આંબા-નાળિયેરી સાફ થયા ગયા છે. બાગાયતી-બગીચા દશ વર્ષ સુધી ખેડૂતો ઊભા કરી શકે નહીં તેવી સ્થિતિ ઊભી થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. માલઢોર તેમજ ઘરવખરી નુકસાન મિલ્કત નુકસાન પશુઓના મોતની સહાય ચુકવણીમાં વિસંગતતા રાખી અસરગ્રસ્ત પરિવારોને અન્યાય કરાતા ધારાસભ્ય પુંજાભાઈ વંશની આગેવાની હેઠળની કોંગ્રેસ સમિતિ દ્વારા શહેર કોંગેસ પ્રમુખ ગુણવંતભાઈ તલાવિયા, યુવા કોંગ્રેસ પ્રમુખ કમલેશભાઈ બાંભણિયા, હરીભાઈ ચોહાણ, પ્રમુખ લુભાઈ હિરપરા, રામભાઈ ડાભી તાલુકા પંચાયત સભ્યો સરપંચો અને વિવિધ સંગઠનના હોદ્દેદારો આગેવાનો સાથે બેનર અને પોસ્ટરો દ્વારા રેલી કાઢી ભાજપ સરકાર વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કરી પેટ્રોલ-ડીઝલ, ગેસમાં ભાવ વધારાના કારણે લોકો મોંઘવારીનો માર સહન કરી રહ્યાં છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રુડ ઓઈલના ભાવો ઘટી ગયા હોવા છતાંય સરકાર આ ભાવો ઘટાડવાના બદલે વધારીને મોંઘવારી બેકાબૂ બનાવીને પ્રજાને લાચાર બનાવી લૂંટી સરકારના તિજોરી ભરવાનું કામ કરતી હોવાનાં આક્ષેપ સાથે રેલી સમગ્ર ઉનાના મુખ્ય બજારો માંથી નાયબ કલેક્ટર કચેરીએ મહિલાઓ અને કોંગ્રેસ કાર્યકરોએ આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી. ધારાસભ્ય પુંજાભાઈ વંશે અસરગ્રસ્ત પરિવારોને સહાય ચુકવણીમાં વિસંગતતા ઊભી કરી પરેશાનીઓ ઊભી કરાતાં સહાયથી વંચિત રહેલાં લોકોની આવેલ અરજીઓ અંગે કાર્યવાહી કરી તમામ અસરગ્રસ્ત પરિવારો સમાન ધોરણે સહાય ચુકવવા માંગણી કરી હતી.

ધાર્મિક કાર્યક્રમ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર મુકામે દાવતે ઈસ્લામી હિન્દના એક ડિપાર્ટમેન્ટ 'શોબા એ તાલીમના તહત વિદ્યાર્થી, 'ભાઈઓ માટે સાત દિવસનો ફૈઝાને નમાઝ કોર્સનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો છે. જેમાં નમાઝનો અમલી તરીકો, નમાઝના અઝકાર, નમાઝના ફરાઈઝ અને ઘણું બધું શીખવાડવામાં આવશે. આ કોર્સ હિંમતનગરની તાકિયા મસ્જિદ, રેલવે સ્ટેશન પાસે તા.૨૫/૭/૨૦૨૧થી શરૂ કરવામાં આવશે.

હું આ અઠવાડિયા બાદ કદાચ મુખ્યમંત્રી નહીં રહું : બી.એસ. યેદિયુરપ્પા

(એજન્સી) તા.૨૨

કર્ણાટકમાં ફરી એક વખત રાજકીય નાટક શરૂ થવાના સંકેત મળી રહ્યા છે. રાજ્યમાં નેતૃત્વ પરિવર્તનની ચર્ચાઓ વચ્ચે મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પાએ કહ્યું કે, ભાજપ હાઈકમાન તરફથી ૨૫ જુલાઈએ નિર્ણય લેવામાં આવશે, તેમણે કહ્યું કે, ભાજપ નેતૃત્વ તરફથી જે પણ નિર્ણય થશે, હું તેને માનવા માટે તૈયાર છું. તેમણે કહ્યું કે, કદાચ આગામી અઠવાડિયે હું મુખ્યમંત્રી પદે નહીં રહું. બી.એસ. યેદિયુરપ્પાએ કહ્યું રાજ્યમાં ૨૬ જુલાઈએ અમારી સરકારના બે વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ પ્રસંગે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે, તે બાદ હું રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા જે કહેશે, હું તેનું પાલન કરીશ. ભાજપને સત્તામાં પરત લાવવુ મારૂ કર્તવ્ય છે. હું તમામ પાર્ટી કાર્યકર્તાઓ અને પોતાના સહયોગી નેતાઓને અપીલ કરૂં છું કે આ મિશનમાં મારો સાથ આપો. બી.એસ. યેદિયુરપ્પાના નિવેદનથી અટકળો લાગી રહી છે અને એમ પણ કહેવામાં આવી રહ્યું છે કે, ભાજપની સેન્ટ્રલ લીડરશિપ રાજ્યમાં નેતૃત્વ પરિવર્તનને લઈને વિચાર કરી રહી છે. છેલ્લા કેટલાક મહિનાથી કર્ણાટકમાં ધારાસભ્યોનું એક જૂથ અને યેદિયુરપ્પા વચ્ચે મતભેદના સમાચાર સામે આવ્યા હતા. કેટલાક નેતાઓએ દિલ્હી જઈને યેદિયુરપ્પાની ફરિયાદ સેન્ટ્રલ લીડરશિપને કરી હતી. યેદિયુરપ્પાના નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું કે કર્ણાટકમાં મોટું રાજકીય ફેરબદલ થવા જઈ રહ્યું છે. ભાજપના સૂત્રોનું કહેવું છે કે, યેદિયુરપ્પા સાથે નેતાઓના મતભેદ સિવાય તેમની ઉંમરને કારણે પણ નવી લીડરશિપ ઊભી કરવા પર વિચાર ચાલી રહ્યો છે. મહત્ત્વપૂર્ણ છે કે, ભાજપ તરફથી ૭૫ વર્ષથી વધુ ઉંમર ધરાવતા નેતાઓને સક્રિય રાજકારણમાંથી હટાવવાનો ફોર્મૂલા તૈયાર કરવામાં આવ્યો હતો. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં આ ફોર્મૂલાને કારણે કેટલાક નેતાઓને ટિકિટ પણ નહતી મળી પરંતુ જ્યારે યેદિયુરપ્પાને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા તો સવાલ ઊભા થયા કે અંતે ૭૫ પ્લસ નેતાઓને સીએમ કેમ બનાવવામાં આવ્યા. એવામાં માનવામાં આવી રહ્યું છે કે, ઉંમરના ફેક્ટરને કારણે પણ કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તન પર કેન્દ્રીય લીડરશિપ વિચાર કરી રહી છે.

પરીક્ષકો તણાવમાં હોવાથી CBSEએ શાળાઓ માટે ધો.૧૨ બોર્ડની પરીક્ષાનું પરિણામ તૈયાર કરવાની સમયમર્યાદા લંબાવી

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૨

પરીક્ષા નિયામક સંયમ ભારદ્વાજે કહ્યું હતું કે, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)એ શાળાઓ માટે ધો.૧૨નું પરિણામ જમા કરાવવાની સમયમર્યાદા ૨૫ જુલાઈ સુધી વધારી દીધી છે. આ પહેલા પરિણામ જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૨ જુલાઈ હતી. ભારદ્વાજે કહ્યું હતું કે પરિણામ તૈયાર કરવામાં સામેલ શિક્ષકો તણાવમાં હોવાથી બોર્ડે આ નિર્ણય લીધો હતો. તેમણે કહ્યું હતું કે પરિણામ જમા કરાવવાની છેલ્લી તારીખ નજીક આવી રહી હોવાથી શિક્ષકો ભૂલો કરી રહ્યા છે અને ત્યાર બાદ સીબીએસઈને ભૂલો સુધારવાની વિનંતીઓ કરી રહ્યા છે. સીબીએસઈ શાળાઓ અને શિક્ષકોની પરેશાનીઓથી વાકેફ છે આથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ભારદ્વાજે કહ્યું હતું. કે આ બધી સમસ્યાઓને ધ્યાનમાં રાખી પરિણામ જમા કરાવવાની છેલ્લી તારીખ ૨૨ જુલાઈને બદલે ૨૫ જુલાઈ કરવામાં આવી છે. જો સંજોગવશાત કેટલીક શાળાઓ પરિણામ જમા નહીં કરાવી શકે તો તે શાળાઓનું પરિણામ જુદું જાહેર કરવામાં આવશે. નોંધનીય છે. કે કોવિડ મહામારીના પગલે ધો.૧૨ની પરીક્ષાઓ રદ થયા પછી શાળાઓને સીબીએસઈ દ્વારા તૈયાર કરવામાં આવેલી વૈકલ્પિક મુલ્યાંકન પધ્ધતિ દ્વારા પરિણામ તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું જો કે સીબીએસઈએ આ સ્પષ્ટતા કરી નથી કે શાળાઓ માટે પરિણામ જમા કરાવવાની સમયમર્યાદા વધારી દેવામાં આવતા પરિણામ જાહેર કરવામાં પણ વિલંબ થશે કે નહીં ઉલ્લેખનીય છે કે સીબીએસઈ ધો.૧૨નું પરિણામ ૩૧ જુલાઈ સુધીમાં જાહેર કરે તેવી શકયતા છે.

મુસ્લિમ વિસ્તારોમાં વસ્તી નિયંત્રિત કરવા માટે યુવાનોની 'સેના' તૈયાર કરવામાં આવશે : આસામના મુખ્યમંત્રી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ સોમવારે વિધાનસભામાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર વસ્તી સેનાનું ગઠન કરવાની યોજના બનાવી રહી છે. જે મુસ્લિમોનું પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં વસ્તી નિયંત્રણ અંગે જાગૃતિ ફેલાવશે તેમજ ગર્ભનિરોધકોનું વિતરણ કરશે. એક ન્યૂઝ ચેનલના અહેવાલ મુજબ શર્માએ કહ્યું હતું કે, લગભગ ૧૦૦૦ જેટલા યુવાનોને વસ્તી નિયંત્રણ અંગે જાગૃતિ ફેલાવવાનું કામ સોંપવામાં આવશે. આ સાથે તેઓ ગર્ભનિરોધકોનું વિતરણ પણ કરશે. આ ઉપરાંત આમે આશાવર્કરોને પણ આ કામ આપીશું. શર્માએ દાવો કર્યો હતો કે, ૨૦૦૧થી ૨૦૧૧ દરમ્યાન આસામમાં હિંદુઓની વસ્તીમાં ૧૦ ટકા વૃદ્ધિ નોંધાઈ હતી. જ્યારે મુસ્લિમોની વસ્તીમાં ૨૯ ટકા વૃદ્ધિ નોંધાઈ હતી. નોંધનીય છે કે, ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે આસામમાં મુસ્લિમોની સંખ્યા રાજ્યની વસ્તીના ૩૪.૨૨ ટકા છે.

કેન્દ્ર સરકારની મંજૂરી વગર પેગાસસ હુમલો શક્ય નથી : શિવસેના

(એજન્સી) મુંબઈ, તા.૨૨

ઈઝરાયેલના પેગાસસ સ્પાયવેર દ્વારા જાસૂસી અંગે થયેલા ઘટસ્ફોટ મુદ્દે કેન્દ્ર સરકારને ઘેરતાં શિવસેનાએ બુધવારે કહ્યું હતું કે, પેગાસસ કેટલાક પસંદગીના ભારતીયો પર કરવામાં આવેલો સાયબર હુમલો છે અને આ પ્રકારનો હુમલો કેન્દ્ર સરકારની મંજૂરી વગર શક્ય નથી. એક સમાચારપત્રના અહેવાલ મુજબ શિવસેનાના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં કહેવામાં આવ્યું હતું કે, પેગાસસ હુમલો ઈમરજન્સી કરતાં પણ વધુ ગંભીર છે. પેગાસસનો વાસ્તવિક જનક આપણા દેશમાં છે અને તેના વિશે તપાસ થવી જોઈએ. આ તંત્રીલેખમાં કહેવામાં આવ્યું હતું કે, પેગાસસ કેટલાક પસંદગીના ભારતીયો પર કરવામાં આવેલો એક સાયબર હુમલો છે અને આ પ્રકારનો હુમલો સરકારની પરવાનગી વગર શક્ય નથી. આ જાસૂસીની જવાબદારી કોણ સ્વીકારશે. સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા આ સમગ્ર પ્રકરણની તપાસ થવી જોઈએ અથવા તો સુપ્રીમ કોર્ટે તેની સુઓમોટો નોંધ લઈ એક સ્વતંત્ર તપાસ સમિતિનું ગઠન કરવું જોઈએ. રાષ્ટ્રહિતમાં આ જરૂરી છે. સામનાના તંત્રીલેખમાં આ પણ કહેવામાં આવ્યું હતું કે, પ્રશ્ન એ છે કે, રાજકીય વિરોધીઓ પર જાપ્તો રાખવા માટે ભારતમાં પેગાસસની સેવાઓ કોણે ખરીદી હતી. આપણા દેશના ઈતિહાસમાં આવું પ્રથમવાર થયું છે.

દેખાવકાર ખેડૂત નેતાઓએ કહ્યું, સરકાર અમારી પર જાસૂસી કરાવી રહી છે તેવી શંકા

(એજન્સી) તા.૨૨

દેખાવકારી ખેડૂતોએ સરકાર પર જાસૂસી કરાવવાની આશંકા વ્યક્ત કરી છે. કેન્દ્રના ત્રણેય વિવાદિત કૃષિ કાયદા વિરૂદ્ધ દેખાવ કરી રહેલા ખેડૂત નેતાઓએ ગુરૂવારે આ આશંકા વ્યક્ત કરી હતી. તેમણે શંકા વ્યક્ત કરી કે એવું લાગે છે કે, સરકાર ઈઝરાયેલી સોફ્ટવેર પેગાસસના માધ્યમથી તેમની જાસૂસી કરાવી રહી છે. ખેડૂત નેતા શિવકુમાર કક્કાએ કહ્યું કે, આ એક અનૈતિક સરકાર છે. અમને આશંકા છે કે, અમારા નંબર એ લોકોની યાદીમાં સામેલ છે જેમની જાસૂસી કરાવાઈ રહી છે. તેમણે આરોપ મૂક્યો કે જાસૂસી પાછળ સરકાર જવાબદાર છે. આ સ્પષ્ટ છે અને આ મુદ્દો જોર પકડી રહ્યો છે. અમે જાણીએ છીએ કે તેઓ અમારા પર નજર રાખી રહ્યા છે. સ્વરાજ ઈન્ડિયાના અધ્યક્ષ યોગેન્દ્ર યાદવે કહ્યું કે, ખેડૂત નેતાઓના ફોન નં. ૨૦૨૦-૨૧ના આંકડામાં મળશે. યાદવે કહ્યું કે, જ્યારે આ આંકડા જાહેર કરાશે નક્કીરૂપે અમારા પણ નંબરો બહાર આવશે. યાદવે કહ્યું કે, દેખાવકાર ખેડૂતો સરકારને એ બતાવવા માટે જંતર-મંતર પર આવ્યા છે કે ખેડૂતો મૂર્ખ નથી. બ્રિટનની સંસદમાં ખેડૂતો મુદ્દે ચર્ચા થઈ પણ ભારતની સંસદમાં નહીં. યાદવે પત્રકાર સંમેલનને સંબોધતા કેન્દ્રીય કાયદાઓના વિરોધમાં ખેડૂતો તરફથી ઊઠાવાયેલા મુદ્દાઓ પર ચર્ચા માટે ભાર મૂક્યો હતો. ખેડૂત નેતા હન્નાન મુલ્લાએ કહ્યું કે, તેમણે તમામ સાંસદોને તેમની માંગ ઊઠાવવા પત્ર લખ્યો હતો પણ આરોપ મૂક્યો કે સંસદ તેમના મુદ્દાઓ પર ધ્યાન આપી રહી નથી. સંસદના મોનસૂન સત્ર દરમિયાન કેન્દ્રએ ત્રણેય વિવાદિત કૃષિ કાયદાઓના વિરોધમાં ૨૦૦ ખેડૂતોના એક સમૂહને ગુરૂવારે મધ્ય દિલ્હીના જંતર-મંતર ખાતે દેખાવોની છૂટ આપી હતી.

અન્નદાતાઓ માટે આવું નિવેદન યોગ્ય નહીં : રાકેશ ટિકૈત

કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી મીનાક્ષી લેખીએ ખેડૂતોને મવાલી કહ્યા

નવી દિલ્હી,તા.૨૨

કેંદ્રીય વિદેશ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખીએ ત્રણ નવા કૃષિ કાયદા પર વિરોધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતોને મવાલી ગણાવ્યા હતા. ગુરુવારે આયોજિત પત્રકાર પરિષદમાં તેમના તરફથી મવાલી નિવેદનને ભારતીય ખેડૂત યુનિયનના નેતા રાકેશ ટિકેતે અયોગ્ય ગણાવ્યું છે. રાકેશ ટિકેતે કહ્યું ખેડૂતો માટે આ પ્રકારની ટિપ્પણી કરવી અયોગ્ય. અમે ખેડૂતો છીએ મવાલી નહી. તેમણે આગળ કહ્યું ખેડૂત અન્નદાતા છે. આ પહેલા, મીડિયાકર્મી પર થયેલા કથિત હુમલા પર વિદેશ રાજ્યમંત્રી મીનાક્ષી લેખીએ કહ્યું, તેઓ ખેડૂત નથી, તે મવાલી છે. આ આપરાધિક ગતિવિધિઓ છે. જે કંઈ ૨૬ જાન્યુઆરીએ થયું તે શરમજનક હતું. તે આપરાધિક ગતિવિધિઓ હતી. તેમાં વિપક્ષ તરફથી આ વસ્તુને હવા આપવામાં આવી છે. પેગાસસ જાસૂસીને લઈને સંસદમાં થયેલા હંગામા પર ભાજપ તરફથી પત્રકાર પરિષદ કરવા આવેલા મીનાક્ષી લેખીએ એક સવાલના જવાબમાં કહ્યું સૌથી પહેલા તેને ખેડૂત કહેવાનું બંધ કરો, કારણ કે તે ખેડૂત નથી, તે ષડયંત્રકારી લોકોના હાથો બનેલા લોકો છે, જે સતત ખેડૂતોના નામ પર આ હરકતો કરી રહ્યાં છે. ખેડૂતોની પાસે સમય નથી, જંતર-મંતર પર આવીને બેસે, તે પોતાના ખેતરમાં કામ કરી રહ્યાં છે. આ આતંકીઓ દ્વારા ચઢાવવામાં આવેલા લોકો છે, જે ઈચ્છતા નથી કે ખેડૂતોને ફાયદો મળે. ટીએમસી સાંસદ શાંતનુ સેન તરફથી આઈટી મંત્રી અશ્વિની વેષ્ણવના હાથમાંથી પેપર લઈ ફાડી નાખવાના મામલે મીનાક્ષી લેખીએ કહ્યું વિપક્ષ ખાસ કરીને ટીએમસી અને કૉંગ્રેસના સદસ્યો આટલા નીચે ઉતરશે કે તેઓ રાજકીય વિરોધી હોવા છતા દેશની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનું કામ કરશે. આજે સદનમાં એક સદસ્યએ નિવેદન આપનારા મંત્રી પાસેથી કોપી છિનવી લીધી. ટીએમસી સાંસદોનું આ વર્તન શરમજનક છે.

TMC સામે શિંગડા ભેરવતા સુવેન્દુ : રાજ્યમાં ચૂંટણી બાદની હિંસાએ ૧૯૪૬માં થયેલ કલકત્તા નરસંહારને ઢાંકી દીધા

અમને આશા છે કે, ન્યાયતંત્ર માનવ અધિકાર પંચના અહેવાલને પગલે મમતા સરકાર સામે પગલાં ભરશે : ભાજપના નેતા સુવેન્દુ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

ભાજપના નેતા અને બંગાળમાં વિરોધ પક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ રાજ્યમાં શાસક તૃણમૂલ કોંગ્રેસ સામે શિંગડા ભેરવતા જણાવ્યું હતું કે, ચૂંટણી બાદની હિંસાએ ૧૯૪૬માં થયેલ કલકત્તા નરસંહારને ઢાંકી દીધા છે. સુવેન્દુએ આરોપ લગાવ્યો હતો કે, ગત પાંચમી મે બાદ બંગાળમાં ઓછામાં ઓછા ૩૦ ભાજપ સભ્યોની હત્યા કરવામાં આવી છે. મમતા બેનરજીએ રાજ્યમાં સતત ત્રીજી વખત સત્તા સંભાળ્યા બાદ બંગાળમાં વ્યાપક પ્રમાણમાં રાજકીય હિંસા થઈ હતી, એમ સુવેન્દુએ જણાવ્યું હતું. સુવેન્દુએ દાવો કર્યો હતો કે, રાજ્યમાં ચૂંટણી બાદની હિંસા એટલી ભયાનક હતી તેણે ૧૯૪૬માં થયેલ કલકત્તા નરસંહાર અને ભૂતકાળમાં થયેલી અન્ય હિંસાને ઢાંકી દીધી છે. શહીદ શ્રદ્ધાંજલિ દિવસ પ્રસંગે ચૂંટણી બાદની હિંસામાં માર્યા ગયેલા પોતાના સભ્યોને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા ભાજપ દ્વારા ચૂંટણી કાર્યાલય ખાતે પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુવેન્દુએ ઉક્ત આરોપો લગાવ્યા હતા. ટીએમસીના શહીદ દિવસના કાર્યક્રમનો વિરોધ કરવા ભાજપ દ્વારા આ પ્રકારનો જ વિરોધ પ્રદર્શનો દિલ્હી ખાતે પણ યોજાયા હતા. સુવેન્દુએ આરોપ લગાવ્યો હતો કે, ટીએમસીના કાર્યકરો દ્વારા ભાજપના સભ્યોની નિર્મમ હત્યા કરવામાં આવી છે. ચૂંટણીની હિંસા બાદ રાષ્ટ્રીય માનવ અધિકાર પંચને તપાસ સોંપવામાં આવી હતી. જેના રિપોર્ટમાં પણ મમતાની સરકારની ટીકા કરવામાં આવી હતી. અમને આશા છે કે, ન્યાયતંત્ર પંચના આ અહેવાલને પગલે રાજ્યની મમતા સરકાર સામે પગલાં ભરશે. બંગાળમાં છેલ્લા બે માસમાં જે કંઈપણ થયું છે તેણે ભૂતકાળમાં થયેલી તમામ હિંસાઓનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. આ હિંસા નોખલી રમખાણો અને શીખોની હત્યા કરતાં પણ ભયાનક હતી. ભાજપના સૂત્રોએ દાવો કર્યો હતો કે, છેલ્લા કેટલાક વર્ષોમાં રાજ્યમાં ભાજપના ૧૭૫ જેટલા સભ્યોની હત્યા કરવામાં આવી છે.

પ.બંગાળમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ TMC સમર્થકોની હત્યાથી ચકચાર

કોલકાત્તા,તા.૨૨

પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી ભલે ભારે બહુમતીથી ફરી સીએમ બન્યા હોય પણ ચૂંટણી બાદ ચાલી રહેલી હિંસાને રોકવામાં તેઓ નિષ્ફળ ગયા છે. જેના પગલે હજી પણ રાજ્યમાં રાજકીય હિંસામાં લોકોનુ લોહી રેડાઈ રહ્યુ છે. લેટેસ્ટ મામલામાં ૨૧ જુલાઈના રોજ શહીદ દિવસની ઉજવણી વચ્ચે ઉત્તરી પરગણા જિલ્લામાં એક ટીએમસી કાર્યકરની ગોળીઓ મારીને હત્યા કરી દેવાઈ છે. ૩૯ વર્ષીય કાર્યરની ઓળખ શુભ્રાજીત દત્ત તરીકે થઈ છે. દરમિયાન હત્યામાં સ્થાનિક બિઝનેસમેન બાબૂલાલનુ નામ આવી રહ્યુ છે. બુધવારે રાતે આ કાર્યકર પાર્ટી કાર્યાલય પરથી પાછો ફરી રહ્યો હતો ત્યારે બે બાઈક પર આવેલા યુવકોએ પાછળથી તેના પર અંધાધૂધ ફાયરિંગ કર્યુ હતુ. જેના પગલે શુભ્રાજીતનુ સ્થળ પર જ મોત થયુ હતુ. લોકો તરત જ સ્થળ પર દોડી આવ્યા હતા અને તેને હોસ્પિટલ લઈ આવ્યા હતા. જોકે ડોકટરોએ તેને મરેલો જાહેર કર્યો હતો. મળતી વિગતો પ્રમાણે સ્થાનિક કાર્યકરોનો બિઝનેસમેન બાબુલાલ સાથે ઝઘડો થયો હતો. જેમાં તેને ઈજા થઈ હતી અને હાલમાં તે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. ટીએમસી દ્વારા હત્યામાં તેનો હાથ હોવાનો આરોપ લગાવાઈ રહ્યો છે.

ઉદ્ધવ ઠાકરેના પૂર્વ સાથી અજોય મહેતા દ્વારા ખરીદાયેલ ફ્લેટ ટેક્ષ રડારમાં

(એજન્સી) મુંબઈ, તા.૨૨

આવકવેરા વિભાગે પૂણેના બિલ્ડરને કારણ દર્શાવો નોટિસ મોકલાવી છે. બિલ્ડરે નરીમાન પોઈન્ટ ઉપર આવેલ ફ્લેટ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના પૂર્વ મુખ્ય સચિવ અજોય મહેતાને ૫.૩૩ કરોડ રૂપિયામાં ગયા ઓક્ટોબર મહિનામાં બેનામી વહેવારો હેઠળ વેચ્યો હતો. મહેતા હાલમાં મહારાષ્ટ્ર રેરાના ચેરમેન છે. એમણે પૂણે આધારિત અનામિત્ર પ્રોપર્ટીઝ કથિત બનાવટી કંપની પાસેથી ખરીદ કર્યું હતું જે કંપની કોઈ ધંધો કરતી નથી. આવકવેરા વિભાગે ૭મી જુલાઈએ અનામિત્રને નોટિસ મોકલાવી હતી જેમણે સમતા હાઉસિંગ સોસાયટીમાં મહેતાને ફ્લેટ વેચ્યો હતો. આ નોટિસ બેનામી મિલકતના કાયદા હેઠળ મોકલવામાં આવી છે. એમાં જણાવાયું છે કે, અનામિત્રએ આ ફ્લેટ મે ૨૦૦૯માં ૪ કરોડમાં ખરીદ્યો હતો જે એક બેનામી સોદો હતો. કારણ કે, એમના બે શેરધારકો ખૂબ જ ગરીબ લોકો છે જે ચાલીઓમાં રહે છે. મહેતા ૧૯૮૪ની બેચના આઈએએસ અધિકારી છે તેઓ જુલાઈ ૨૦૨૦ સુધી ઠાકરેના મુખ્ય સલાહકાર હતા. એ પછી એમની નિમણૂક રેરાના ચેરમેન તરીકે ફેબ્રુઆરી ૨૦૨૧માં થઈ હતી. એમણે મે ૨૦૧૯થી જૂન ૨૦૨૦સુધી મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવી હતી અને ૨૦૧૫થી ૨૦૧૯ સુધી તેઓ બીએમસીમાં કમિશનર હતા.

UPના પ્રોફેસરને કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની વિરૂદ્ધ અશ્લીલ ફેસબૂક પોસ્ટ કરતાં જેલ મોકલાયા : અહેવાલ

(એજન્સી) તા.૨૨

બંધારણની કલમ ૧૯(૧)(એ) હેઠળ તમામ નાગરિકોને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપવામાં આવી છે. ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાએ આને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવી છે. જો કે, અભિવ્યક્તિની આ સ્વતંત્રતાની મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે જેમાં દરેક વ્યક્તિએ સરકાર દ્વારા બનાવાયેલા કાયદાનું પાલન કરવાનું રહે છે. તેમજ તમારા દ્વારા અન્યને નુકસાન ન થાય તે પણ ધ્યાન રાખવાનુ હોય છે. સોશિયલ મીડિયામાં તમારી કોઈપણ પોસ્ટથી કોઈની લાગણી દુભાય અથવા કોઈ સમુદાયો વચ્ચે નફરત ફેલાઈ તો તમારે જેલની હવાનો ખાવી પડી શકે છે. ભારતીય સંસદે સાયબર ક્રાઈમ અટકાવવા માટે વર્ષ ૨૦૦૦માં ઈન્ફોર્મેશન એક્ટ એટલે કે આઈટી એક્ટ બનાવ્યો હતો. આ કાયદા હેઠળ, જો તમે ફેસબૂક, ટ્વિટર, ટિક ટોક, શેર ચેટ, યુટ્યૂબ અને અન્ય સોશિયલ મીડિયા પર કોઈપણ વાંધાજનક પોસ્ટ કરો છો, તો તમને જેલ થઈ શકે છે. તેમજ દંડ ભરવો પડી શકે છે આવો જ એક કિસ્સો ઉત્તરપ્રદેશમાં પ્રકાશમાં આવ્યો છે. ઉત્તર પ્રદેશમાં એક પ્રોફેસરે ફેસબૂક પર કેન્દ્રીય પ્રધાન સ્મૃતિ ઈરાની વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી અને પ્રોફેસરને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. ફિરોઝાબાદ પોલીસે માર્ચમાં કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ પ્રધાન સ્મૃતિ ઈરાની વિરૂદ્ધ એસઆરકે કોલેજમાં ઈતિહાસ વિભાગના વડા તરીકે ફરજ બજાવતાં શહરિયરઅલી પર અશ્લીલ ફેસબૂક પોસ્ટ મૂકવાનો કથિત આરોપ મૂક્યો હતો. ત્યારબાદ કોલેજે તેને સસ્પેન્શન નોટિસ પણ મોકલી હતી. પ્રોફેસર શહરિયારઅલીએ મંગળવારે એડિશનલ સેશન્સ જજ અનુરાગકુમાર પાસે શરણાગતિ સ્વીકારી હતી અને મંગળવારે વચગાળાના જામીન માટે અરજી કરી હતી. જો કે, ન્યાયાધીશે આ જામીન અરજીને ફગાવી દીધી હતી, ત્યારબાદ પ્રોફેસરને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો, એવું એક ન્યૂઝ એજન્સીના અહેવાલમાં જાણવા મળ્યું છે. ભાજપ સાંસદ અને કેન્દ્રીય મંત્રી વિરૂદ્ધ અશ્લીલ પોસ્ટ કરનાર શહરિયરઅલી એસઆરકે કોલેજમાં પ્રોફેસર તેમજ ઈતિહાસ વિભાગના વડા તરીકે ફરજ બજાવે છે. આ અશ્લીલ પોસ્ટ કરવાની ઘટનામાં પ્રોફેસર વિરૂદ્ધ ભાજપ જિલ્લામંત્રીએ રામગઢ પોલીસ સ્ટેશનમાં ૭ માર્ચ, ૨૦૨૧એ એફઆઈઆર નોંધાવી હતી. પ્રોફેસરેના વકીલે એવી દલીલ કરી હતી કે, પ્રોફેસરનું ફેસબૂક એકાઉન્ટ કોઈએ હેક કર્યું હતું અને કોઈ હેકરે આ પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટ સાથે પ્રોફેસરને કંઈ લેવા-દેવા નથી. પરંતુ મે મહિનામાં અલ્હાબાદ હાઈકોર્ટે આગોતરા જામીનની આ અરજી ફગાવી હતી અને ન્યાયાધીશ જે.જે. મુનિરે કહ્યું કે, એકાઉન્ટ હેક થયું હોય એ વાતમાં તથ્ય નથી કારણ કે, એકાઉન્ટ હેક થયું છે એવા પૂરાવા રજૂ કરી શક્યા નથી માટે આ પોસ્ટ પ્રોફેસર દ્વારા જ કરવામાં આવી છે. માટે પ્રોફેસરની ધરપકડ રોકી શકાય નહીં.

જામીનના મામલાઓમાં કાયદાની જોગવાઈઓની ચર્ચા ન કરવી જોઈએ, વિદ્યાર્થી કર્મશીલોના કેસમાં સુપ્રીમ કોર્ટે કહ્યું

આજના દિવસોમાં સમય માર્યાદિત છે, અપીલો માટે ફક્ત કલાકો જ ફાળવી શકીએ એનાથી વધુ નહીં : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને મૌખિક કહ્યું હતું કે, દિલ્હી હાઈકોર્ટ દ્વારા ત્રણ કર્મશીલો દેવાંગના કલીતા, નતાશા નરવાલ અને આસીફ ઈકબાલ તન્હાને દિલ્હી રમખાણોના ષડ્યંત્રના કેસમાં અપાયેલ જામીન રદ કરવા માટે અમને કરાયેલ વિનંતી ખૂબ જ વિપરીત છે. એમણે વધુમાં કહ્યું કે, અમને એમાં પણ વાંધો છે કે, જામીનના કેસો માટે કાયદાની જોગવાઈઓની વિગતવાર ચર્ચાઓ કરવામાં આવે છે. સુપ્રીમ કોર્ટની બેંચ દિલ્હી પોલીસ દ્વારા દાખલ કરાયેલ અપીલની સુનાવણી કરી રહી હતી, જેમાં હાઈકોર્ટના આદેશને રદ કરવા માગણી કરાઈ હતી, હાઈકોર્ટે આરોપીઓને જામીન આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે, શું પોલીસ જામીન આપવાના ચુકાદાથી નારાજ છે અથવા અર્થઘટન અને ચુકાદાના અવલોકનથી નારાજ છે. દિલ્હી પોલીસ તરફે રજૂઆત કરતા તુષાર મહેતાએ કહ્યું કે, અમે બંને મુદ્દાઓ માટે નારાજ છીએ અને સુપ્રીમ કોર્ટને આ બાબતો માટે સમજાવવા પ્રયાસો કરી રહ્યા છીએ. જજ કૌલે કહ્યું કે, ખૂબ જ વિપરીત છે પણ તમે પ્રયાસ કરી જુઓ અને કહ્યું કે, જામીનના લાંબા ચુકાદાઓ અને કાયદાની જોગવાઈની ચર્ચાઓથી અમને મુશ્કેલી છે. જામીનના મામલાઓમાં કાયદાની જોગવાઈની ચર્ચા ન થવી જોઈએ. ત્રણ વિદ્યાર્થીઓ સામે યુએપીએની કલમો લાગુ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આજના દિવસમાં સમય મર્યાદિત છે અને અમે અપીલો માટે ફક્ત કલાકો જ ફાળવી શકીએ એનાથી વધુ નહીં. આ પહેલાં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટ દ્વારા જામીનના ચુકાદામાં યુએપીએની વિસ્તૃત ચર્ચા સામે અણગમો વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે, આ ચુકાદાને પૂર્વ નિર્ણયની જેમ ગણવામાં નહીં આવે અને પક્ષકારોએ આગામી કેસોની સુનાવણીઓમાં આના ઉપર આધાર નહીં રાખવો.

પત્રકારત્વ એ કોઈ આરામદાયક વ્યવસાય નથી : ઝારખંડના પત્રકાર રૂપેશકુમાર સિંહ

તાજેતરમાં લીક થયેલ પેગાસસના ડેટાબેઝમાં ચમકેલા ઝારખંડના આ પત્રકાર રૂપેશકુમાર જણાવે છે કે આદિવાસીઓ વિરૂદ્ધ પોલીસ હિંસા પરના મારા રિપોર્ટને કારણે મને જાસૂસી દ્વારા નિશાન બનાવાયો છે

(એજન્સી) તા.૨૨

માત્ર સરકારોને જ વેચવાનો દાવો કરનાર ઈઝરાયેલી કંપનીના પેગાસસ હેકિંગ સોફ્ટવેરના ઉપયોગ દ્વારા સંભવિત સાયબર જાસૂસીના નિશાનની લીક થયેલી યાદીમાં લગભગ ૪૦ જેટલા ભારતીય પત્રકારોના ફોન નંબરો પણ હોવાનું બહાર આવ્યું છે. મોટા ભાગના પત્રકારોમાં દિલ્હીમાં અંગ્રેજી ભાષાના રાષ્ટ્રીય મીડિયામાં કામ કરતાં પત્રકારો અને તંત્રીઓનો યાદીમાં સમાવેશ થાય છે પરંતુ કેટલાક પત્રકારો પાટનગરથી ઘણા દૂરના વિસ્તારોમાં નાના પ્રકાશનો માટે કામ કરે છે. આમાંના એક પત્રકાર રૂપેશકુમાર સિંહ છે કે જેઓ ઝારખંડમાં પત્રકાર તરીકે કામ કરે છે. લીક થયેલા ડેટા બેઝમાં તેમના ત્રણ ફોન નંબરો જાહેર થયાં હતાં. ખાસ કરીને ૨૦૧૭માં ઝારખંડ પોલીસ દ્વારા એક નિર્દોષ આદિવાસીની હત્યા અંગે રિપોર્ટ કર્યા બાદ તેમનું નામ જાસૂસીની યાદીમાં ચમક્યું હતું. જો કે ૩૫ વર્ષના પત્રકાર રૂપેશકુમાર સિંહને આ વાતનું સહેજપણ આશ્ચર્ય થયું નથી. તેઓ ૨૦૧૨માં ફ્રીલાંસ પત્રકાર બન્યા તે પહેલા ૨૦૦૩થી ૨૦૦૬ વચ્ચે કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા લીબરેશનની વિદ્યાર્થી પાંખ ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ એસોસિએશન માટેની સ્ટેટ કાઉન્સિલમાં હતા અને ૨૦૦૬થી ૨૦૧૨ વચ્ચે તેઓ ભાગલપુરમાં પક્ષની જિલ્લા સમિતિના સભ્ય હતાં. રૂપેશકુમાર સિંહ ૨૦૧૪થી ઝારખંડના રામગઢ જિલ્લામાં રહે છે. તેઓ છેલ્લા સાત વર્ષથી આદિવાસી સમુદાય વિરુદ્ધ સરકારી હિંસા અંગે રિપોર્ટીંગ કરી રહ્યાં છે. તેમના રિપોર્ટ સમયાંતર અને દસ્તક નામના હિંદી સામયિકોમાં તેમજ મીડિયા વિજીલ, ગૌરી લંકેશ ન્યૂઝ અને જન ચોક જેવા ઓનલાઈન ન્યૂઝ પોર્ટલમાં પણ પ્રસિદ્ધ થાય છે. તેમણે જણાવ્યું હતું કે પોતાની જાસૂસી અંગેના સંકેતો તેમને ૨૦૧૭માં મળ્યાં હતાં. જૂનમાં તેણે સીઆરપીએફ હેઠળના સ્પેશિયલ યુનિટ કમાન્ડો બટાલિયન ફોર રેઝોલ્યુટ એક્શન (કોબ્રા) દ્વારા ગિરીદીહ જિલ્લામાં મોતીલાલ બાસ્કે નામના એક આદિવાસીની હત્યા અંગે રિપોર્ટીંગ કર્યુ હતું. પોલીસે એવો દાવો કર્યો હતો કે બાસ્કે માઓવાદી હતાં. પરંતુ રૂપેશકુમાર સિંહ જણાવે છે કે અમારી પાસે એવા પુરાવા છે કે બાસ્કે એક સામાન્ય ગ્રામીણ હતા અને માઓવાદી સાથે તેમને કોઈ નિસ્બત ન હતી. ૨૦૧૭ની આ ઘટનાથી રૂપેશકુમાર સિંહને એવી શંકા ગઈ હતી કે તેનો ફોન ટેપ કરવામાં આવી રહ્યો છે.પરંતુ તેમને તેનું કન્ફર્મેશન ગત સપ્તાહે મળ્યું કે જ્યારે ધ વાયરે લીક ડેટા બેઝમાં તેમનો નંબર જાહેર થયાં બાદ સંપર્ક કર્યો હતો. એટલું જ નહીં તેમના પત્ની ઈત્સા અને તેમના બહેન દ્વારા ઉપયોગમાં લેવાતાં ફોન નંબરો પણ આ યાદીમાં હતાં. તેમણે જણાવ્યું હતું કે લીક થયેલ ડેટા બેઝ એ પત્રકારો માટે એક એવી હાકલ છે કે તેઓ સરકારની ફાસીવાદી પ્રયુક્તિઓ વિરુદ્ધ એક રિપોર્ટ તૈયાર કરે. તેમણે જણાવ્યું હતું કે પત્રકારત્વ એ કોઈ આરામદાયક વ્યવસાય નથી. તમારે કાટાળા માર્ગ પર ચાલવું પડે છે.

ફ્રાન્સમાં કોરોનાની ચોથી લહેર, જાણો કેવી રીતે પ્રતિક્રિયા આપી રહ્યું છે

(એજન્સી) તા.૨૨

વિશ્વના મોટાભાગના દેશો કોરોના મહામારીની બીજી અને ત્રીજી લહેર સામે લડી રહ્યાં છે ત્યારે ફ્રાન્સમાં કોરોના મહામારીની ચોથી લહેર પણ ત્રાટકી ચૂકી છે અને તે ખૂબ જ ઝડપે ફેલાઈ રહી છે. ફ્રાન્સ સરકારના પ્રવક્તા ગેબ્રિયલ એટલે કહ્યું છે કે કોરોનાની ચોથી લહેરનો સામનો કરવા માટે કોરોના સંબંધિત કડક ગાઈડલાઈનનું કડક રીતે પાલન કરવા માટે દિશા-નિર્દેશો જારી કરી દેવામાં આવ્યા છે. ફ્રાન્સમાં બુધવારથી કડક પ્રતિબંધો લગાવાયા છે અને જે લોકોને રસી આપવામાં આવી નથી તેવા લોકોને વહેલી તકે રસી અપાઈ રહ્યા છે. નોંધપાત્ર વાત એ છે કે ફ્રાન્સમાં કોરોના વાઈરસના ડેલ્ટા વેરિયન્ટના ઝડપથી ફેલાવાને કારણે ચોથી લહેર આવી છે. ફ્રાન્સના મનોરંજન ઉદ્યાનો, સ્વિમિંગ પુલો અને જીમમાં મુલાકાત લેવા ઈચ્છતા કોઈપણને રસીકરણનું પ્રમાણપત્ર બતાવવું આવશ્યક છે. આ સાથે, કોરોના ટેસ્ટનો નેગેટિવ રિપોર્ટ પણ બતાવવા પડશે. આ સિવાય રસીકરણને પ્રોત્સાહન આપવા લોકોને રેસ્ટોરન્ટ્સ, બાર વગેરેમાં અથવા લાંબા અંતરની ટ્રેન અથવા હવાઈ મુસાફરી દરમિયાન રસીકરણ પાસ પણ બતાવવા પડશે. તેમ છતાં શૈક્ષણિક વર્ષ સપ્ટેમ્બરમાં શરૂ થઈ શકે છે, જેમાં કોઈ દસ્તાવેજો બતાવવાની જરૂર રહેશે નહીં. દરમિયાન, ફ્રાન્સના વડાપ્રધાન જીન કેસ્ટેક્સે બુધવારે જણાવ્યું હતું કે આપણે ચોથી લહેરમાં પ્રવેશ કર્યો છે અને ડેલ્ટા વેરયઅન્ટ વધુ ચેપી છે. તેમણે પોતાનાટેલિવિઝન સંબોધનમાં કહ્યું કે કોરોનાવાઈરસના કુલ કેસોમાં એક અઠવાડિયામાં ૧૪૦ ટકાનો વધારો થયો છે. તેમણે જણાવ્યું હતું કે, આગામી કેટલાક દિવસોમાં કોરોના રસીકરણ ઝડપી કરવામાં આવશે.

આસામ પશુ સંરક્ષણ બિલનો સામનો કરવા કોંગ્રેસે નવા કાયદાની ભલામણ કરી

વિપક્ષી દળ કોંગ્રેસે મેઘાલય સરકાર માટે ભલામણ કરી છે કે તે આ મામલે પશુઓની બેરોકટોક અવર-જવર માટે પોતાનો નવો કાયદો ઘડે

(એજન્સી) તા.૨૨

આસામ દ્વારા પસાર કરવામાં આવેલ પશુ સંરક્ષણ બિલ ૨૦૨૧ મેઘાલય જેવા દેશ માટે પણ મુશ્કેલ સર્જી રહ્યું છે. તેનું મોટું કારણ આ કાયદામાં રહેલી જોગવાઈઓ છે. આ દરમિયાન વિપક્ષી દળ કોંગ્રેસે મેઘાલય સરકાર માટે ભલામણ કરી છે કે તે આ મામલે પશુઓની બેરોકટોક અવર-જવર માટે પોતાનો નવો કાયદો ઘડે. કોંગ્રેસના ધારાસભ્ય અમરીન લિંગદોહે મંગળવારે કહ્યું હતું કે જો મેઘાલયની સરકાર આ મામલે કોઈ નવો કાયદો નહીં ઘડે તો ભવિષ્યમાં તેને અનેક મોટા પડકારો ઝિલવા પડી શકે છે. તેમણે વધુમાં કહ્યું કે અહીં ચિંતાની વાત એ છે કે પાડોશી રાજ્યનો કાયદો સીધો મેઘાલયની પ્રજાની ખાણી-પીણી પર અસર કરે તેમ છે. મારા મતે તો મેઘાલય સરકારે પણ પોતાના માટે એક નવા કાયદાની રચના કરી લેવી જોઈએ. અમે તમામ રાજકીય પક્ષોની ધાર્મિક ભાવનાઓને માન આપીએ છીએ અને તમામ નાગરિકોને માન આપીએ છીએ. પરંતુ આ આપણા જીવનનો ભાગ છે અને જો તેના પર કોઈપણ પ્રકારના પ્રતિબંધ મૂકવામાં આવશે તો તેની અનેક પ્રતિકૂળ અસરો જોવા મળી શકે છે.

રાષ્ટ્ર-વિરોધી, એમ્નેસ્ટી પર પ્રતિબંધ, નકારાત્મક વાતાવરણ : મુદ્દે લાગેલ આરોપોનો કેવી રીતે ભાજપના પૂર્વ અને વર્તમાન મંત્રીએ આપ્યો જવાબ

(એજન્સી) તા.૨૨

ભાજપના અનેક મુખ્યમંત્રીઓએ મંગળવારે પેગાસાસ કાંડ મુદ્દે સરકારનો બચાવ કરતા કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, તેઓ સંસદની કાર્યવાહી પર ખલેલ પંહોચાડી રહ્યા છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સરકારનો બચાવ કરતા કહ્યું કે, વિપક્ષી પાર્ટી પેગાસાસ કાંડ પર એક નકારાત્મક વાતાવરણ ઊભું કરી રહી છે અને સંસદ કાર્યવાહી ઠપ કરી રહી છે, તેઓએ વિપક્ષી પાર્ટીઓને આ મુદ્દે માફી માંગવાની માંગ કરી. વિપક્ષના નકારાત્મક વલણના કારણે સામાન્ય નાગરિકો પોતાની સમસ્યા રજૂ કરી શકતા નથી. ગુજરાતના મુખ્યમંત્રી વિજયરૂપાણીએ કહ્યું કે, ચોમાસુ સત્રની શરૂઆત પૂર્વે જ પેગાસાસ સ્પાઈવેર વિવાદ ઉત્પન્ન કરવા માટે વિપક્ષી પાર્ટી કોંગ્રેસની ટીકા કરતા તેમની માનસિકતાને રાષ્ટ્ર વિરોધી માનસિકતા ગણાવી. મુખ્યમંત્રી કાર્યાલય તરફથી કરવામાં આવેલ એક અપીલમાં રૂપાણી કહે છે કે, વિદેશી હાથોની કઠપૂતળી બનનાર કોંગ્રેસ દેશી પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી રહી છે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્ય વિધાનસભામાં વિપક્ષ નેતા દેવેન્દ્ર ફડણવીસ મંગળવારે સરકારનો બચવા કરતા કહે છે કે, ભાજપ નેતૃત્વ ધરાવતી સરકાર છે જેણે ૨૦૧૪થી ૨૦૧૯ સુધી રાજ્યનું નેતૃત્વ કર્યું છે અને ક્યારેય પણ એનએસઓ ગ્રુપની સેવાઓનો ગેરલાભ ઊઠાવ્યો નથી. સ્પાઈવેર પેગાસાસની પાછળ ઈઝરાયેલની ફર્મ છે. ફડણવીસે કોંગ્રેસ અને એનસીપી દ્વારા લગાવેલ આરોપોને બેબુનિયાદ ગણાવતા કહ્યું કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી તરીકે મેં મારા કાર્યકાળ દરમિયાન ક્યારે પણ એનએસઓની સેવાનો લાભ લીધો નથી. અસમના મુખ્યમંત્રી હિંમત બિસ્વા સરમા પેગાસાસ મુદ્દે સરકારનો બચાવ કરતા કહ્યું કે, પેગાસાસ વિવાદમાં પોતાની ભૂમિકા અંગે ભારતમાં માનવાધિકાર સમૂહ એમ્નેસ્ટી ઈન્ટરનેશનલની ગતિવિધ પર પ્રતિબંધ લગાવવા માંગ કરી. તેમણે એ દાવો પણ કર્યો કે, સમગ્ર વિવાદ કેન્દ્રને બદનામ કરવા માટેનું 'એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ સહિત વામપંથી સંગઠનો દ્વારા એક આંતરરાષ્ટ્રીય કાવતરૂં છે.'

જમ્મુ-કાશ્મીરની મૂળ નિવાસી મહિલાઓના પતિઓ હવે ડોમિસાઈલ સર્ટિફિકેટ મેળવી શકશે : અહેવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨

જમ્મુ-કાશ્મીર વહીવટે જાહેરાત કરી છે કે, અમે જમ્મુ-કાશ્મીરની મૂળ નિવાસી મહિલાના પતિને ડોમિસાઈલ સર્ટિફિકેટ આપીશું. ૨૦૨૦ના વર્ષમાં કેન્દ્રીય કેબિનેટે જમ્મુ-કાશ્મીર સેકન્ડ ઓર્ડર ૨૦૨૦ને મંજૂરી આપી હતી. જે જમ્મુ-કાશ્મીર રિ-ઓર્ગેનાઈઝેશન એક્ટ ૨૦૧૯ની કલમ ૯૬ હેઠળ જારી કરવામાં આવ્યો હતો. આદેશમાં ડોમિસાઈલની શરતોમાં ફેરફાર કરવામાં આવ્યો હતો જેમાં જમ્મુ-કાશ્મીરમાં નોકરીના બધા સ્તરોને લાગુ કરવામાં આવ્યો હતો. નિયમો મુજબ જમ્મુ-કાશ્મીરમાં ઓછામાં ઓછા ૧૫ વર્ષ રહેલ વ્યક્તિને કેન્દ્રશાસિત પ્રદેશનો ડોમિસાઈલ માનવામાં આવશે. કેન્દ્રીય વિસ્તારના રાહત અને પુનર્વસન કમિશનમાં નોંધાયેલ માઈગ્રેન્ટો પણ ડોમિસાઈલ સર્ટિફિકેટ મેળવવા પાત્રતા ધરાવશે. કેન્દ્ર સરકારના અધિકારીઓ, અખિલ ભારતીય સેવા અધિકારીઓ, પીએસયુના અધિકારીઓ અને કેન્દ્ર સરકારની સ્વાયત્ત સંસ્થા, જાહેર ક્ષેત્રની બેંકો, વૈધાનિક સંસ્થાઓના અધિકારીઓ, કેન્દ્રીય યુનિવર્સિટીઓના અધિકારીઓ અને કેન્દ્ર સરકારના માન્ય સંશોધન સંસ્થાઓ, જેમણે જમ્મુ-કાશ્મીરમાં ૧૦ વર્ષ સુધી ફરજ બજાવી હોય અથવા માતા-પિતાના બાળકો કે જે કોઈપણ વિભાગની શરતોને પૂર્ણ કરે છે તેઓ કેન્દ્રશાસિત પ્રદેશના ડોમિસાઈલ માનવામાં આવે છે. કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિંઘે ડોમિસાઈલના નવા નિયમોને કેન્દ્રીય પ્રદેશમાં એક નવા યુગની શરૂઆત ગણાવી હતી. માર્ચ ૨૦૨૧માં કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, ડોમિસાઈલ સર્ટિફિકેટ મેળવવા માટે કુલ ૩૫,૪૪,૯૩૮ અરજીઓ આવી હતી જેમાંથી ડિસેમ્બર ૨૦૨૦ સુધી ૩૨,૩૧,૩૫૩ ડોમિસાઈલ સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા.

રાજ્યભરમાં ઈદ-ઉલ-અઝહાની સાદગીપૂર્ણ ઉજવણી

મુસ્લિમ બિરાદરો દ્વારા બુધવારના રોજ રાજ્યભરમાં ઈદ-ઉલ-અઝહાની સાદાઈથી ઉજવણી કરવામાં આવી હતી. સતત બીજા વર્ષે પણ કોરોનાની ગાઈડલાઈનનું પાલન કરવાનું હોવાથી મુસ્લિમ બિરાદરોએ પોતપોતાની મહોલ્લાની કે નજીકની મસ્જિદમાં ઈદની ખાસ નમાઝ અદા કરી એક-બીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી અને કુરબાની અદા કરી હતી.

રાજકોટના જય ગોવાણીની ધરપકડ બાદ ખુલાસો : જયના પિતા ફરાર

મેડિકલ કોલેજમાં પ્રવેશ અપાવવાના બહાને છેતરપિંડી આચરવાનું રાષ્ટ્રવ્યાપી કૌભાંડ ખુલ્યું

રાજકોટના શખ્સ પાસેથી નાણાં પડાવ્યાની ફરિયાદ બાદ પોલીસ તપાસમાં અનેક નામો ખુલ્યા

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૨

મેડિકલ કોલેજમાં મેનેજમેન્ટ ક્વોટાની બેઠક પર પ્રવેશ અપાવવાના બહાને રાજકોટના ચાર શખ્સો સામે લાખોની છેતરપિંડીના કેસમાં રાજકોટના જ પિતા-પુત્ર વિરૂદ્ધ ગુનો નોંધાયા બાદ રાજકોટ એસ.ઓ.જી.એ મુંબઈમાં રહેતા જય ગોવાણીની ધરપકડ કરી તેના પિતા ગોપાલ ગોવાણીની શોધખોળ શરૂ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ કૌભાંડ દેશ વ્યાપી હોવાનું બહાર આવ્યું છે.

રાજકોટ શહેરના સાધુ વાસવાણી રોડ પરના ગોપાલ ચોકમાં આદિત્ય હાઈટસ બિલ્ડીંગમાં રહેતા શૈલેષ મગનભાઈ મણવરે નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે અગાઉ રાજકોટના મવડીપ્લોટમાં ૧૫૦ફૂટ રીંગ રોડ ઉપર આવેલ હરિદ્વાર એપાર્ટમેન્ટ ૨૦૧ હાલ મુંબઈમાં સાઈમિલન એપાર્ટમેન્ટ ૭૦૨ વર્લીનાકામાં રહેતા જય ગોપાલ ગોવાણી અને તેના પિતા ગોપાલ ગોકળદાસ ગોવાણીના નામ આપ્યા હતા. ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમની પુત્રી માનસીનો મેડીકલમાં પ્રવેશ માટે કાર્યવાહી કરી હતી પુત્રી ક્વોલિફાય થયા છતાં સરકાર દ્વારા ભરવામાં આવતી મેડીકલની સીટમાં તેનો નંબર લાગ્યો ન હતો.

શૈલેષ મણવર તે દમિયાન તેની જ્ઞાતિના ગોપાલના પરીચયમાં આવ્યા હતા. ગોપાલે કહ્યું કે તેનો પુત્ર જય એડમીશનનું કામકાજ કરે છે. મેડીકલમાં મેનેજમેન્ટ કવોટાને લગતા એડમીશન પણ કરાવી આપે છે તેમ કહી પુત્ર જયનો તેની સાથે પરીચય કરાવી આપ્યો હતો. પુત્રી માનાસીને મેડિકલ ફેકલ્ટીમાં પ્રવેશ અપાવવાની ખાતરી આપી જય અને તેના પિતાએ શૈલેષભાઈ મણવર પાસેથી પુત્રીનું મેડીકલના મેનેજમેન્ટ ક્વોટામાં એડમિશન થઇ જશે તેવી ખાતરી આપી તે સમયે ૩.૧૦ લાખ આપવાની અને એડમિશન બાદ અન્ય રકમ આપવાની વાત કરતા ૨૦ લાખ ચૂકવી દીધા હતા. પુત્રીના પ્રવેશ બાબતે પંદરેક દિવસ પછી જયનો સંપર્ક કરતાં તેણે કહેલું કે આપણે મોડા થયા છીએ, એટલે એડમિશન નહિ થાય. તેમ કહી તેણે ૩. ૪ લાખ પાછા આપ્યા હતાં. બાકીના પોતે પછી આપી જશે તેમ વાત કરી હતી.એ પછી ૨૨/૬/૧૮ના રોજ દોઢ લાખ રૂપિયા મારા ઘરે આપી ગયો હતો. ત્યારબાદ ૧૩/૭/૧૮ના રોજ દોઢ લાખ શૈલેષભાઈના બેંક ખાતામાં જમા કરાવ્યા હતાં. ત્યારે જયએ કહેલું કે તમારા ૩ લાખ મારી પાસે છે. ૨૦૧૯માં માનસી નીટની પરિક્ષા આપે એટલે હું ચોક્કસ એડમિશન કરાવી આપીશ. ત્યાર પછી મારી

મુંબઈની નામાંકિત મેડિકલ કોલેજના ડીનની પણ સંડોવણી હોવાનો ખુલાસો

દિકરીએ પરિક્ષા આપી હતી. સી. યુ. શાહ મેડિકલ કોલેજમાં એડમિશનના નામે ૨કમ ટ્રાન્સફરથી મંગાવીએ પછી જયએ શૈલેષભાઈને ફોન કરેલો કે તમારી દિકરીનું સુરેન્દ્રનગર સી. યુ. શાહ મેડિકલ કોલેજમાં એડમિશન મેનેજમેન્ટ કવોટામાં કન્ફર્મ થઇ ગયું છે. તમારે ૯ લાખ આપવા પડશે.શૈલેષભાઈને વિશ્વાસ બેસતાં ૬/૬/૧૯ના રોજ ૩ લાખ, ૭/૬ના રોજ ૩ લાખ, ૮/૬ના રોજ ૨ લાખ અને ૧૪/૬ના રોજ ૧ લાખ આપ્યા હતાં. ત્યારબાદ જય ફરી મારી પાસે આવ્યો હતો અને એડમિશન એલોટમેન્ટ લેટર કોલેજ તરફથી આવી ગયો છે, જે મારી પાસે છે. હવે પ્રથમ વર્ષની ફી પેટે રૂ. ૫ લાખ ૭૫ હજાર ભરવાના છે તેમ કહેતાં મેં તેના ખાતામાં ૨કમ ટ્રાન્સફર કરી હતી. શૈલેષભાઈએ થોડા દિવસ બાદ જયનો સંપર્ક કરી પુત્રીના એડમિશન બાબતે પુછતાં તેણે પોતે બહારગામ છે, થોડા દિવસમાં થઇ જશે તેવી વાત કરી હતી. લાંબો સમય વીતી જવા છતાં માનસીને એલોટમેન્ટ લેટર નહીં મળતાં શૈલેષ મણવરે સુરેન્દ્રનગરની મેડીકલ કોલેજમાં તપાસ કરતાં પુત્રી માનસીનું એડમિશન નહીં થયાનું સ્પષ્ટ થયું હતું. શૈલેષભાઈ મગનભાઈ મણવરે સાથે છેતરપિંડી થયાનું સ્પષ્ટ થતાં અંતે બંને સામે ફરિયાદ નોંધાવી હતી, પ્રવેશના નામે છેતરપીંડી કર્યાનું જાણવા મળ્યું હતું. ઉપરાંત શૈલેષભાઈ પાસેથી રૂ.૨૦,૫૦,૦૦૦,પરેશ પટેલ પાસેથી રૂ.૧૬,૫૦,૦૦૦ તથા અશોક બાબુભાઈ પાસેથી રૂ.૧૦,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૪૭,૦૦,૦૦૦ લાખની છેતરપીંડી કરી હોવાનું બહાર આવ્યું છે. એસઓજીના પીઆઈ આ.વાય.રાવલ અને તેમની ટીમે તપાસ કરી આ પ્રકરણમાં સંડોવાયેલા જય ગોપાલ ગોવાણીને ઝડપી લીધો છે. તેના વિરુદ્ધ અમદાવાદ સોલા,નિકોલ અને હૈદરબાદમાં ગુના નોંધાયા છે. જયારે તેના પિતા ગોપાલ ગોવાણીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળતી માહિતી મુજબ ઝડપાયેલા જય ગોપાલ ગોવાણીએ રાજકોટ અને ગુજરાતમાં અલગ અલગ અનેક શહેરોમાં મેડીકલમાં પ્રવેશના નામે લાખોની છેતરપીંડી કરી છે. આ કૌભાંડ આંતર રાજ્યનહી પરંતુ દેશ વ્યાપી હોવાનો ઘટસ્ફોટ થયો છે જેમાં જય ગોપાલ ગોવાણી ઉપરાંત ઈરફાન અને મુંબઈની નામાંકિત મેડીકલ કોલેજના ડીનની પણ સંડોવણીનો ખુલાસો થયો છે.

પેગાસસ જાસૂસી કાંડનો રેલો ગુજરાત આવતા કોંગ્રેસ રાજ્યપાલને રજૂઆત કરશે

ફોન ટેપિંગ અને ફોન કોલ ડીટેઈલ મામલે કોંગ્રેસ દ્વારા શ્વેતપત્ર બહાર પાડવા માંગ

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ,તા.૨૨

પેગાસસ ફોન ટેપિંગનો રેલો ગુજરાત સુધી પહોંચતા આ જાસૂસી કાંડના કારણે ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. કોંગ્રેસે આ જાસૂસી કાંડનો ઉગ્ર વિરોધ નોંધાવી આક્રમક વલણ અપનાવ્યું છે. આ મામલે રાજ્યપાલને રજૂઆત કરવાના ચક્રોગતિમાન કર્યા છે. રાજ્યપાલને મળી તેઓ ન્યાયિક તપાસની માંગ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડિયાએ ગુજરાતમાં ફોન ટેપિંગ અને ફોન કોલ ડીટેઈલ મેળવવાની ઘટના બાબતે રાજ્ય સરકાર શ્વેતપત્ર બહાર પાડે અને સમગ્ર ઘટનાઓના તપાસ હાઈકોર્ટની નિગરાનીમાં કરાવવા માંગ કરી હતી. આ સાથે તેમણે ૨૦૧૦માં ગુજરાતની ભાજપ સરકારના મહાનુભાવોના ઈશારે વિરોધીઓના મોબાઈલ ફોન હેક કે ટેપ થતા હોવાની શંકાઓ વ્યકત કરી હાલના પેગાસસ જાસૂસીનું અમદાવાદ કનેકશન છે કે કેમ ? તેની, ગુજરાતની રાજયસભાની ૨૦૧૭ અને ૨૦૨૦ની ચૂંટણી વખતે ધારાસભ્યોની ખરીદી કરવાના ચકોગતિમાન કર્યા હતા, ગુજરાતમાં ૨૦૦૨માં ભાજપના આગેવાન હરેન પંડયા તથા કોંગ્રેસના આગેવાનોના ટેલિફોન ટેપ કરવાની સુચનાઓ જે તે વખતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આપી હતી તે રેકોર્ડ ઉપર મૌજુદ છે, ૨૦૦૯માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની સુચનાથી યુવતીની જાસૂસી કરવા બાબતની સુચના અપાયાની ફોન ઓડિયો ટેપ એક આઈપીએસ અધિકારી દ્વારા સીબીઆઈમાં સુપરત કરાઈ હતી. ૨૦૧૨માં આઈપીએસ અધિકારી સંજીવ ભટ્ટને ફસાવવા માટે અર્જુન મોઢવાડિયાના મોબાઈલ ફોનની કોલ ડીટેઈલ ગેરકાનૂની રીતે મેળવાઈ હતી. આજે પણ ભાજપ કોંગ્રેસ તથા અધિકારીઓ તથા પત્રકારોના ફોન કોલ ડીટેઈલ મેળવવામાં આવી રહી છે. આ તમામ બાબતો પત્રકારો સમક્ષ જણાવી ફોન હેક કરીને કોઈ વ્યકિતના જીવનની જાસૂસી કરવી તે માણસના સ્વતંત્ર જીવન જીવવાના બંધારણીય હકકનો ભંગ છે. આ બાબતે સુપ્રીમકોર્ટની નિગરાની હેઠળ તપાસ કરવા માંગ કરી હતી. દરમ્યાન પેગાસસનો રેલો ગુજરાત પહોંચતા કોંગ્રેસના નેતાઓ હવે આ ઘટનાની સંપૂર્ણ ન્યાયિક તપાસ કરાવવાની માંગ સાથે રાજ્યપાલને રજૂઆત કરવાના હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડાને ધ્યાનમાં લઈ સરકારે કરી જાહેરાત

રાજ્યની શાળાઓમાં ધોરણ-૯થી ૧૧ના વર્ગો તા.૨૬ જુલાઈથી શરૂ કરવા નિર્ણય

૫૦ ટકા કેપેસિટી સાથે વર્ગો શરૂ કરાશે : હાજરી મરજિયાત રહેશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં કોરોના મહામારીને લઈ શાળા-કોલેજો લાંબા સમય સુધી બંધ રહ્યા બાદ છેલ્લા ઘણા સમયથી કોરોનાના કેસોમાં ભારે ઘટાડો થતાં સરકારે ફરી એકવાર શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. રાજ્યભરની શાળાઓમાં ધો.૯થી ૧૧ના વર્ગો તા.૨૬ જુલાઈથી શરૂ કરવાની જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોર કમિટીના આ બેઠકમાં રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિ અને ઉત્તરોત્તર ઘટતા જતાં કોવિડ કેસોની સંખ્યાને ધ્યાનમાં લઈ દૈનંદીની પ્રવૃત્તિઓ શાળા વર્ગો વગેરે રાબેતા મુજબ પૂર્વવત કરવા અંગે વિસ્તૃત સમીક્ષા અને ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ તદઅનુસાર સમગ્ર રાજ્યમાં આગામી ૨૬ તારીખ જુલાઈ ૨૦૨૧થી શાળાઓના ધો.૯થી ૧૧ના વર્ગો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ વર્ગો ૫૦ ટકા ક્ષમતા સાથે ફરી શરૂ કરી શકાશે. એટલું જ નહીં વિદ્યાર્થીઓની હાજરી મરજિયાત રાખવામાં આવી છે. શાળા વર્ગોમાં અભ્યાસ માટે આવનારા વિદ્યાર્થીઓએ પોતાના વાલીનું સંમતિપત્રક પણ લાવવાનું રહેશે. આ સાથે ઓનલાઈન એજયુકેશન સિસ્ટમ પણ યથાવત્ ચાલુ રાખવામાં આવશે તેવો નિર્ણય પણ કોર કમિટીમાં કર્યો છે. ધો.૯થી ૧૧ના વર્ગો આગામી ૨૬ જુલાઈ ૨૦૨૧થી શાળાઓમાં શરૂ થાય ત્યારે કોરોના સંક્રમણ નિયંત્રણની ગાઈડલાઈન્સ-SOPનું પાલન થાય તે પણ શિક્ષણ વિભાગે સુનિશ્ચિત કરાવવાનું રહેશે.

રાજ્ય સરકારે આ અગાઉ તા.૯ જુલાઈથી ઉચ્ચત્તર-માધ્યમિક ધો.૧૨ના વર્ગો તેમજ ડિપ્લોમા-ડિગ્રીના કોલેજ વર્ગો ૫૦ ટકા કેપેસિટીથી શરૂ કરાવેલા છે.

હવે, ધો.૯થી ૧૧ના શાળા વર્ગો પણ ભૌતિક રીતે આગામી તા.૨૬ જુલાઈથી શરૂ થશે. કોર કમિટીના આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત અન્ય મંત્રીઓ તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સેશન્સ કોર્ટે આપ્યો ચુકાદો

કાઈમ બ્રાન્ચના કોન્સ્ટેબલની હત્યા કેસમાં મનિષ બલાઈને આજીવન કેદ

આરોપી અમદાવાદ ગાયકવાડ હવેલી ખાતે ૨૦ એપ્રિલ ૨૦૧૬ના કોન્સ્ટેબલ ચંદ્રાકાન્ત મકવાણાની હત્યા કરી ફરાર થઈ ગયો હતો

અમદાવાદ, તા.૨૨

વર્ષ ૨૦૧૬માં ગાયકવાડ હવેલી ખાતે કાઈમ બ્રાન્ચના પોલીસ કોન્સ્ટેબલ ચંદ્રકાન્ત મકવાણાની થયેલી હત્યા મામલે અમદાવાદ સિટી સેસન્સ કોર્ટે મનિષ બલાઈને દોષિત જાહેર કર્યો છે. સેશન્સ કોર્ટે આરોપી મનિષ બલાઈને આજીવન કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત ૨૫ હજાર રૂપિયાનો દંડ અને આઈપીસીની કલમ ૪૦૪ પ્રમાણે ત્રણ મહિનાની સજા અને બે હજાર રૂપિયાનો દંડ ફટાકર્યો છે. આદેશ પ્રમાણે આરોપીએ આ સજા એકસાથે ભોગવવાની રહેશે.

ગત સુનાવણી વખતે કોર્ટે ચૂકાદો અનામત રાખ્યો હતો. આ કેસમાં છ વર્ષ બાદ કોર્ટે આરોપી મનિષ બલાઈને દોષી જાહેર કર્યો છે. આ મામલે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર અમિત એમ. પટેલ જણાવ્યું હતું કે, સરકાર તરફથી આ કેસ સાબિત કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે આ મામલે રજૂઆત કરી હતી કે, આ કેસને રેરેસ્ટ ઓફ રેર નહીં પરંતુ ખાસ કેસ ગણીને આરોપી જીવે ત્યાં સુધીની સજા આપવામાં આવે. જયારે બચાવ પક્ષ તરફથી આ દલીલ કરવામાં આવી હતી કે આ કેસ રેરેસ્ટ ઓફ રેર નથી. આ ઉપરાંત આરોપીને લાઈફટાઈમથી વધારે કેદની સજા ન આપવામાં આવે. આ કેસમાં ફરિયાદ પક્ષે ૬૫ સાક્ષી રજૂ કર્યા હતાં.

૨૦ એપ્રિલ, ૨૦૧૬ના રોજ અમદાવાદ કાઈમ બ્રાન્ચમાં નાર્કોટિક્સના ગુનામાં મનિષ શ્રવણકુમાર બલાઈને લાવવામાં આવ્યો હતો. કાઈમ બ્રાન્ચની ઓફિસ ખાતે મનિષની પૂછપરછ કરવામાં આવી હતી. પૂછપરછ બાદ અધિકારીઓ ઘરે ગયા હતા જયારે મોડી રાત્રે કાઈમ બ્રાન્ચના કોન્સ્ટેલબ ચંદ્રકાન્ત મકવાણા આરોપી મનિષની વોચ રાખી રહ્યા હતા. આ દરમિયાન તકનો ગેરલાભ ઊઠાવીને આરોપી મનિષે પોલીસ કોન્સ્ટેબલના માથામાં પાઈપ મારી દીધી હતી.

પાઈટનો ફટકો વાગતો પોલીસ કોન્સ્ટેબલનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જે બાદમાં આરોપી ત્યાંથી ભાગી ગયો હતો. હત્યા બાદ આરોપી ટ્રેન મારફતે વડોદરાના મિયાણી ભાગી ગયો હતો. જે બાદમાં પોલીસે મોબાઈલ ફોનના લોકેશનને આધારે તેની ધરપકડ કરી હતી. આ પહેલાંની સુનાવણી દરમિયાન પોલીસ જયારે આરોપીને કોર્ટ બહાર લઈ જતી હતી ત્યારે કેટલાક લોકોએ આરોપી મનિષને માર માર્યો હતો, પોલીસે વચ્ચે પડીને મનિષને બચાવ્યો હતો.

RTE હેઠળ રિજેક્ટ થયેલી ૩૩૬૭ જેટલી અરજીઓ પૈકી ૨૨૦૦ મંજૂર કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨૨

RTE અંતર્ગત ધો.૧માં પ્રવેશ માટે જે તે કારણસર રિજેક્ટ થયેલી અરજીઓની પુનઃ ચકાસણી કરવામાં આવ્યા બાદ નવી ૨૨૦૦ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ સાથે કુલ ૨૫,૯૨૨ અરજીઓ મંજૂર થતાં હવે ૧૩૮૬ શાળાઓમાં પ્રવેશ કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ૨૭ જુલાઈએ પ્રથમ રાઉન્ડમાં મેરિટના આધારે પ્રવેશ અપાશે. RTE હેઠળ એડમિશન પ્રક્રિયામાં બીજી તક આપવામાં આવી હતી, જેમાં ૫૫૦૦ રિજેક્ટ થયેલ અરજીઓ સામે ૩૩૬૭ અરજદારોએ ફરીથી અરજી કરી હતી, જેમાંથી ૨૨૦૦ અરજીઓ માન્ય થઈ હતી. અત્યાર સુધી કુલ ૨૫,૯૨૨ અરજીઓ માન્ય થઈ છે. જ્યારે ૩૩૩૯ અરજીઓ રિજેક્ટ કરવામાં આવી છે અને ૧૨૩૦ અરજદારોએ ફોર્મ પરત ખેંચ્યા હતા. ૨૫ જૂનથી ૫ જુલાઈ સુધી RTE હેઠળ અરજી કરવાનો સમય આપવામાં આવ્યો હતો, જેમાં ૩૦,૫૦૦ અરજીઓ થઈ હતી. જે બાદ ૬ જુલાઈથી ૧૩ જુલાઈ સુધી ચકાસણી કરવામાં આવી હતી. જે બાદ ૫૫૦૦ અરજીઓ કોઈ કારણસર રિજેક્ટ થઈ હતી, જેથી વધુ એક તક આપવામાં આવી હતી જેમાં ૫૫૦૦માંથી ૩૩૬૭ અરજદારોએ ફરીથી અરજી કરી હતી, જેમાં ૩ દિવસની ચકાસણી કરવામાં આવી હતી અને ૨૨૦૦ અરજીઓ માન્ય કરવામાં આવી હતી, આમ ૩૦,૫૦૦ અરજીઓમાંથી કુલ ૨૫,૯૨૨ અરજી માન્ય કરવામાં આવી છે અને ૩૩૩૯ અરજીઓ રિજેક્ટ કરવામાં આવી છે તથા ૧૨૩૦ અરજદારોએ ફોર્મ પરત ખેંચ્યા છે. નોડલ ઓફિસર મનહરસિંહ દાયમાએ જણાવ્યું હતું કે, ૨૭ જુલાઈએ પ્રથમ રાઉન્ડ શરૂ થશે જેમાં મેરિટ આધારે પ્રવેશ આપવામાં આવશે.

નોકરીને સળંગ ગણવા, એરિયર્સ ચૂકવવા સહિતના મુદ્દે

રાજ્યના ૩૦ હજાર શિક્ષકોએ સરકાર સામે બાંયો ચઢાવી : DEOને આવેદન

અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં આંદોલનો નવી વાત નથી જો કે, અનેક આંદોલનો સફળ થયા છે તો અનેકથી કંઈ ઉકળ્યું નથી. ત્યારે હવે ફિક્સ પગારની નોકરીને સળંગ ગણવા, સાતમા પગાર પંચનું એરિયર્સ ચૂકવવા તેમજ સીપીએફ નાબૂદ કરી જીપીએફ લાગુ કરવા સહિતના મુદ્દે શિક્ષકોએ સરકાર સામે બાંયો ચઢાવી છે. ગુજરાતના શિક્ષકોમાં ફિક્સ પગારની નોકરીને સળંગ ગણવા, સાતમા પગાર પંચનુ એરિયર્સ ચૂકવવા તેમજ સીપીએફ નાબૂદ કરીને જીપીએફને લાગુ કરવા સહિતના મુદ્દાઓને લઈને ૩૦ હજાર શિક્ષકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘે સરકાર સામે લડી લેવાનું નક્કી કર્યું છે. શિક્ષક તરીકે નોકરી શરૂ કર્યાના પ્રથમ પાંચ વર્ષ ફિક્સ પગારની નોકરી ગણવામાં આવે છે. ત્યારબાદ તેમને કાયમી લાભો શરૂ થાય છે. પરંતુ શિક્ષક સંઘની માંગ છે કે, તેમની નોકરી સંળગ ગણવામાં આવે. સાતમા પગાર પંચના એરિયર્સ ઉપરાંત ફાજલ શિક્ષકને રક્ષણ આપવાના પરિપત્રમાં પણ સુધારાની માંગ કરી છે. ફાજલ શિક્ષકને અન્ય સ્થાને નોકરી મળતાં બીજા જ દિવસે હાજર કરવાનો પરિપત્ર હોવાને લઈને શિક્ષકોને નુકસાન થઈ રહ્યું છે. ઉપરાંત જીપીએફ પેન્શન સ્કીમ પણ લાગુ કરવાની માંગ ઊઠી છે. સરકારમાં અનેક રજૂઆતો છતાં કોઈ નિરાકરણ આવતું નથી, જેથી શિક્ષકોને બઢતી સહિતના અનેક પ્રશ્નોમાં મુશ્કેલી નડી રહી છે. હાલ તો પ્રશ્ન ન ઉકેલાતા શિક્ષકોની હાલત કફોડી બની છે, જેમાં શિક્ષકોએ ડીઈઓને આવેદનપત્ર પાઠવ્યું છે. પરંતુ જો આગામી સમયમાં માંગ નહીં સંતોષાય તો શિક્ષકો ગાંધીનગર ખાતે મૌન ધરણાનો કાર્યક્રમ કરશે, આમ આગામી સમયમાં જો પ્રશ્નોનો ઉકેલ ન આવે તો શિક્ષકો આંદોલનના માર્ગે આગળ વધશે, તેવું લાગી રહ્યું છે.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily @Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ ● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS